
શાંતિ, સમૃધ્ધિ અને પ્રસન્નતાનું દાન કરતું પુસ્તક


# કલ્યાણમિત્ર




સંકલન–સંપાદન

પૂજયપાદ પં. શ્રી ચન્દ્રશેખરવિ. મ.સા.ના શિષ્યરત્ન
પૂજય પં. શ્રી મેઘદર્શનવિજયજી મ. સાહેબ


## પૂજયપાદ પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.ના શિષ્યરત્ન
## પૂ. પંન્યાસશ્રી મેઘદર્શનવિજયજી મ. સાહેબ
## લિખિત પુસ્તકો




ભાગ : ૧ – શ્રાવક જીવનને મઘમઘાયમાન કરાવતું પુસ્તક
ભાગ : ૨ – ભોજન સંબંધિત અનેક પ્રકારની માહિતીઓ દ્વારા અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરાવતું પુસ્તક





શાશ્વત મહાતીર્થ સિધ્ધગિરિયાત્રાને સાચી બનાવનારૂ પુસ્તક





જૈનશાસનના તત્વજ્ઞાનને સરળ શૈલીમાં સમજાવતું પુસ્તક




પાંચ પ્રતિક્રમણ, નવસ્મરણ સહિત આચાર સંપન્ન શ્રાવક બનાવતું પુસ્તક




જુદા જુદા પ્રશ્નપત્રો દ્વારા જૈનશાસનના અનેક વિષયો ઉપર પ્રકાશ પાથરતું પુસ્તક (ભાગ : ૧ થી ૪)




જીવન–મરણની ઘટનામાં સમાધિ અપાવતું પુસ્તક

પૂજ્યપાદ શાસન પ્રભાવક પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખર વિજયજી મ. સાહેબની
પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે
શાંતિ, સમૃદ્ધિ અને પ્રસન્નતાનું દાન કરતું પુસ્તક

# કલ્યાણમિત્ર


સંકલન-સંપાદન

પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સા.ના
શિષ્યરત્ન પૂજ્ય પંન્યાસ શ્રી મેઘદર્શન વિ. મ. સાહેબ



**: પ્રાપ્તિસ્થાન :**

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**
C/o ધારશી સંસ્કૃતિ ભવન
૬, ચંદનબાળા કોમ્પ્લેક્સ
ફતેહપુરા પો. ઓ. પાસે,
પાલડી, ભઠ્ઠા, અમદાવાદ

**કલ્યાણમિત્ર (જ્ઞાનપ્રસાર અભિયાન)**
C/o દિનેશભાઈ ચન્દ્રકાંતભાઈ શાહ
સી/૪, બીજે માળે, ઝલક કોમ્પ્લેક્સ,
ભઠ્ઠા, પાલડી, અમદાવાદ
ફોન : ૯૪૨૬૦ ૫૦૫૩૦

**વર્ધમાન સંસ્કારધામ**
ભવાનીકૃપા બિલ્ડિંગ, ૧લે માળે,
૧૧૨, જગન્નાથ શંકર શેઠ રોડ,
ગીરગામ ચર્ચ સામે, ઓપેરા હાઉસ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**
ચં. કે. સંસ્કૃતિ ભવન,
ગોપીપુરા, સુભાષ ચોક,
સુરત
ફોન : ૦૨૬૧-૨૫૯૯૩૩૭

**નવકાર ઝેરોક્ષ**
૬, પાર્વતી ચેમ્બર, વૃંદાવન શોપીંગ સેન્ટર પાસે,
નાગોરી પોળ, રતન પોળ. અમદાવાદ

પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦ નકલ, સં. ૨૦૬૩
દ્વિતીય આવૃત્તિ : ૧૦૦૦ નકલ, સં. ૨૦૬૪
તૃતીય આવૃત્તિ : ૩૦૦૦ નકલ, સં. ૨૦૬૯

**: મૂલ્ય :**
**રૂ. ૭૫.૦૦**

**અંતરમાં છે એક ઝંખના,**

**કરવી છે સમાધિ સાધના**

**સ્વ-પર સૌને કરવા પ્રસન્ન**

**બનવું છે સૌના કલ્યાણમિત્ર**

પરમ પિતા પરમાત્માની પરમ કૃપાથી પ્રાપ્ત થયેલા માનવભવ અને જૈન શાસનને હારી જવાની ભાવના કોઈને ન હોય પરંતુ સંસારનું સ્વરૂપ જ એવું છે કે જેમાં જાતજાતની ઘટનાઓ અને પ્રસંગો બન્યા કરે. સંકલેશ પેદા થવાના નિમિત્તો મળ્યા કરે. સંકલેશોના કારણે જીવનમાં પ્રસન્નતા, મસ્તી કે સમાધિ ન રહે. મરણ વખતે પણ સમાધિ જોખમમાં મૂકાય, પછી પરલોકમાં સદ્‌ગતિની આશા પણ શી રીતે રખાય ?

આ સ્થિતિમાં, સંકલેશમાં શેકાતાં આત્માને સમાધિમાં લઈ જનારા, ડિપ્રેશનમાંથી ડિવોશન તરફ નજર કરાવનારા અને અંતિમ સ્થિતિએ પહોંચેલાના મૃત્યુને મહોત્સવ બનાવનારા અને એ રીતે સમાધિ, સદ્‌ગતિ અને સિદ્ધિગતિ તરફ દોરનારા કલ્યાણમિત્રોની અત્યંત આવશ્યકતા છે. બીજાને સુસ્તીમાંથી સ્ફૂર્તિમાં, અકળામણમાંથી આનંદમાં અને સંકલેશમાંથી સમાધિમાં લઈ જનાર કલ્યાણમિત્રને જીવનમાં પ્રસન્નતા, મરણમાં સમાધિ અને પરલોકમાં સદ્‌ગતિ મળ્યા વિના શી રીતે રહે ?

પૂજ્યપાદ પરમારાધ્યપાદ ગીતાર્થમૂર્ધન્ય ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબ તથા મારા પરમોપકારી પૂજ્યપાદ પરમારાધ્યપાદ ભવોદધિતારક ગુરુદેવશ્રી પંન્યાસપ્રવર ચન્દ્રશેખર વિજયજી મ. સાહેબની આવા કલ્યાણમિત્રો તૈયાર કરવાની ભાવનાને ચરિતાર્થ કરવા તેઓશ્રીના અંતરના આશીર્વાદથી કલ્યાણમિત્રો તૈયાર થઈ રહ્યા છે.

તે કલ્યાણમિત્રોને જુદા જુદા અવસરે સ્વને, પરને, સૌને સંકલેશમાંથી સમાધિમાં લાવવા ઉપયોગી બને તેવા મનનીય લેખો, સ્તુતિઓ, સ્તવનો, સજ્ઝાયો વગેરેનો આ પુસ્તિકામાં સંગ્રહ કર્યો છે. આ પુસ્તિકામાં મારું કાંઈ જ નથી. મેં તો માત્ર સંકલન કર્યું છે. તે તે કૃતિના લેખક, રચયિતા તથા પ્રકાશકોના આપણે સૌ ઋણી છીએ. પુસ્તિકાનું કદ વધે નહિ તે માટે તે તે કૃતિમાંથી જરૂરી ભાગ જ લેવામાં આવ્યો છે. વિસ્તારથી માહિતી મેળવવાની ભાવનાવાળા ભાગ્યશાળીઓને આથી

સમાધિનો અમૃતકુંભ, પૂર્વજોની અપૂર્વ સાધના, આતમ ઝંખે છૂટકારો, સમાધિની સીડી, સમાધિનો સાથી, સમાધિ દર્શન રાસ, સમાધિ મરણ, શરણાગતિ, સમાધિમરણની ચાવી, જીવનની ઔષધિ મનની સમાધિ, જીવનનું અંતિમ માંગલ્ય, સ્તુતિવૈભવ, મુક્તિનું મંગલ દ્વાર, અંતિમ સાધના, સમાધિ જ્યોત વગેરે પુસ્તકોનું અને દિવ્યદર્શનના અંકોનું વાંચન કરવા વિનંતી છે. આ પુસ્તકોના લેખકો, પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિજી મ. સાહેબ, પૂ. આ. રાજેન્દ્રસુરજી મ. સાહેબ, પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિ. મ. સાહેબ, પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ. સાહેબ, પૂ. આ. શ્રી અજિતશેખરસૂરિજી મ. સાહેબ, પૂ. આ. શ્રી મુક્તિવલ્લભસૂરિજી મ. સાહેબ, અનેક સાધ્વીજી ભગવંતો વગેરે સર્વ તથા તેના પ્રકાશકોને પુનઃ પુનઃ ધન્યવાદ.

રત્નાકર પચ્ચીસી, અરિહંત વંદનાવલિ વગેરે પણ સમાધિ માટે ઉપયોગી છે, છતાં પ્રચલિત હોવાથી અહીં આપેલ નથી.

આ પુસ્તિકાના વારંવાર વાંચન, મનન, ચિંતન કરવા દ્વારા સૌ પ્રથમ આપણે ભાવિત બનીએ અને ભાવિત થયેલા આપણે સૌ અન્યને સમાધિમય જીવનના સ્વામી બનાવનારા કલ્યાણમિત્ર બનવા દ્વારા આપણા પોતાના આત્માના જ સાચા કલ્યાણમિત્ર બનીએ એ જ શુભભાવના.

આપણા માટે પણ પુસ્તિકા પોતે જ કલ્યાણમિત્ર બનશે, તેવી આશા છે.

આ પુસ્તિકામાં પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કાંઈપણ પ્રગટ થયું હોય તો અંતઃકરણથી ક્ષમા માંગું છું.

ગુરુપાદપદ્મરેણુ
મેઘદર્શનવિજય

## પરમાત્માને રોજ કરવાની પ્રાર્થના

અનાયાસેન મરણં, વિના દૈન્યેન જીવનં,
દેહાન્તે તવ સાન્નિધ્યં, દેહિ મે પરમેશ્વર !
હે પરમાત્મા ! અસમાધિ વિનાનું મરણ, દીનતા
વિનાનું જીવન અને મરણ વખતે
તારું સાન્નિધ્ય મને આપ.

# કલ્યાણમિત્ર પરિવારો ઠેર ઠેર ઊભા થવા જોઈએ

દરેક ગામમાં કલ્યાણમિત્ર પરિવારો ઊભા થવા જોઈએ કે જેઓ પોતપોતાના ગામ કે એરીયામાં રહેલાં થાકેલા - ત્રાસેલા - ડિપ્રેશનના દરદી બનેલા - માંદગીના બીછાને પોઢેલા કે અંતિમ સમયની નજીક પહોંચેલાને વિનામૂલ્યે સમાધિ-સ્વસ્થતા-પ્રસન્નતા આપવાનું સુંદર કાર્ય કરે.

આ માટે કલ્યાણમિત્રોમાંથી ત્રણ-ત્રણ ભાઈઓ કે ત્રણ-ત્રણ બહેનોના અલગ-અલગ ગ્રુપ બનાવવા. જે દરેક ગ્રુપમાં ૧ વક્તા, ૧ ગાયક અને ૧ લીડર કે સહાયક હોય. કલ્યાણમિત્ર પરિવારમાં બે જણને નિયામક બનાવવા. તેમના ફોન નંબર સાથેના બેનરો સમગ્ર વિસ્તારમાં ઠેર-ઠેર લગાડવા, જેથી તેના આધારે જેને જરૂર હોય તેમનો કોલ મળે. કોલ મળ્યા પછી નિયામકશ્રીએ ભાઈ માટે ભાઈઓનું અને બહેન માટે બહેનોનું ગ્રુપ તેમની અનુકૂળતા પ્રમાણે મોકલવું.

આ ગ્રુપે પાણી-પ્રકાશ-પાથરણાં સિવાય તે ઘરનાં કશાનો ઉપયોગ ન કરવો. એક પણ રૂપિયો કે બહુમાન પણ ન લેવું. માત્ર તેમને સમાધિ આપવાનો પ્રયત્ન કરવો. નિઃસ્વાર્થપણે આ કાર્યમાં જોડાવા માંગતા હોય તેમને જ કલ્યાણમિત્ર પરિવારના સભ્ય બનાવવા. સભ્યોને આઈ-કાર્ડ આપવું. જરૂરી પુસ્તક-સી.ડી. વગેરે સામગ્રી પણ આપવી.

સમાધિ માટે સંપત્તિ, સામગ્રી કે સત્તાની જરૂર નથી પણ સમજણ-સૂઝ-સમય-શબ્દો(મધુર)ની જરૂર છે. સમય આપવાની અનુકૂળતા હોય તેમણે જ કલ્યાણમિત્ર પરિવારમાં અન્યને સમાધિ આપવા માટે જોડવા.

ભૂખ્યાને ભોજન આપવાથી, તરસ્યાને પાણી આપવાથી કે જરૂરિયાતવાળાની જરૂરિયાત પૂરી કરવાથી તેને જે પ્રસન્નતા મળે તે ઔદાયિક ભાવની સમાધિ કહેવાય પણ સાચી સમાધિ ન કહેવાય. સાચી સમાધિ તો ક્ષાયોપશમિક ભાવની છે જે, સમજણ મેળવીને, મનના વિચારોનું ઉર્ધ્વીકરણ કરવાથી મળે છે. ગમે તે પરિસ્થિતિમાં મસ્ત રહેવું તે સાચી સમાધિ છે. અનુકૂળતામાં આનંદ નહિ અને પ્રતિકૂળતામાં અકળામણ નહિ તે સાચી સમાધિ છે. આવી સમાધિ મેળવવા કે આપવા સંપત્તિ-સામગ્રી કે સત્તા નહિ પણ સાચી સમજણ જોઈએ. બીજાને સમાધિ આપવા તો સમય, શબ્દો, સમજણ અને સૂઝની જરૂર છે.

સમય અને શબ્દો તો રોજ મફતમાં મળે જ છે. આ કલ્યાણમિત્ર પુસ્તક સમજણ અને સૂઝ આપશે. તેના દ્વારા આપણે સ્વયં સમાધિ પામીને બીજાને પણ સમાધિમાં જોડી શકીશું. કદાચ આપણે સમાધિમાં નહિ હોઈએ તોય બીજાને જો સમાધિ આપીશું તો આપણને પણ નિશ્ચે સમાધિ મળશે જ. માટે આજે જ સૌને સમાધિ આપવા માટે કલ્યાણમિત્ર બનીને કલ્યાણમિત્ર પરિવારના સભ્ય બની જાઓ. સૌને અંતરના આશિષ.

- પં. મેઘદર્શનવિજયના ધર્મલાભ

# : શુદ્ધિ પત્રક :

## સૌ પ્રથમ નીચેની ભૂલો સુધાર્યા પછી જ પુસ્તકનો ઉપયોગ કરવા વિનંતી છે.

| પાન નં. | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ | પાન નં. | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | ૧૦ | અણશણ | અણસણ | ૪૦ | ૨૨ | રત્નત્રયીની | રત્નત્રયીના |
| | ૧૫ | ચાલવનાર | ચલાવનાર | ૪૧ | ૨૦ | સંસારૂપી | સંસારરૂપી |
| | ૧૯ | એની | એવી | ૪૧ | ૨૩ | વિષર્યય | વિપર્યય |
| | છેલ્લી | ભાવ | ભાગ | ૪૮ | ૩ | પદપોપગમન | પાદપોપગમન |
| ૧૭ | ૧૫ | મેળેલા | મળેલા | ૫૧ | ૨ | કરાવો | કરવો |
| | ૧૭ | તે તૈયાર | તે... હું તૈયાર | | ૩ | જ્ઞાનચારને | જ્ઞાનાચારને |
| ૧૮ | છેલ્લી | સાલમત | સલામત | ૫૩ | ૧૭ | અપકાયના | અપ્કાયના |
| ૧૯ | ૧૩ | આ | એ | | ૧૭ | સ્તાત્ર | સ્નાત્ર |
| ૨૦ | ૧૬ | ઉદયમાં | ઉદયમાં | | ૨૫ | ઉપાશ્રયષ | ઉપાશ્રય, |
| ૨૧ | ૨૭ | શરણાં | ચરણો | ૫૪ | ૨૧ | શરણં | શરણ |
| | ૨૮ | કયી | કઈ | ૫૭ | ૧૨ | દેવધિદેવના | દેવાધિદેવના |
| ૨૨ | ૧૧ | જા. | લે. | ૫૯ | ૫ | એમાનું | એમાંનું |
| | ૨૮ | લેવાની | લેવાની. | | ૭ | વ્યાધિ, | આધિ, વ્યાધિ, |
| | | બને | બન. | ૬૩ | ૨ | અબ્ર | અબ્રહ્મ |
| ૨૪ | ૨૦ | હાય...શોક... | હાય...વોય..શોક... | ૬૪ | ૧૫ | શ્રધ્ધા | શ્રદ્ધા |
| | છેલ્લી | સંભાળ! | સાંભળ! | | ૧૯ | હ્યદયમાં | હૃદયમાં |
| ૨૫ | ૧ | કોમલ | કોમળ | ૬૫ | ૧૨ | ધરતા | ધરતો |
| ૨૫ | ૧૯ | મરણથી | મરણની | ૬૭ | ૫ | મુષાવાદ | મૃષાવાદ |
| ૨૬ | ૧૩ | .નથી | નથી. | ૭૦ | ૧૪ | વિષાયરસનો | વિષયારસનો |
| | ૧૯ | બીજો | બોજો | | ૨૧ | પુરો | પૂરો |
| ૨૭ | ૧ | સૂત્રક્ષર | સૂત્રાક્ષર | ૭૬ | ૧૨ | સુર્ય | સૂર્ય |
| ૨૯ | ૨૪ | મદુતા | મૃદુતા | ૭૮ | ૧૪ | સમ્રાજ્યમાં | સામ્રાજ્યમાં |
| | ૨૫ | રાગાદિ | રાગાદિ | ૮૦ | ૨૮ | કાચામમતા | કાયામમતા |
| ૩૦ | ૮ | કરવાના | કરવાના. | | છેલ્લી | સાધુભગવંતા | સાધુભગવંતો |
| | ૨૦-૨૦ | એમાં પ્રભુના, | એમાં જુદી જુદી | ૮૨ | ૧૩ | - | ટાઈટલ: |
| | | જુદી જુદી રચના, | રચના અને ઘાટના | | | | પ્રભુને પ્રાર્થના |
| | | ઘાટના બિંબ | પ્રભુના બિંબ | ૮૯ | ૧૯ | તે, | તેં |
| ૩૧ | ૨ | કરતા | કરતાં | ૯૩ | ૧૨ | ખયકાય | ખયકાય |
| | ૧૨ | ભૂલતા | ભૂલતાં | ૯૬ | ૨૪ | ભાવાથી... | ભાવોથી... |
| | ૨૫ | આકાશમાં થઈ | આકાશમાંથી | ૧૦૦ | ૧૬ | કર્યો | કર્યો? |
| | ૨૬ | કૂતરાઓથી તૂટી | કૂતરાઓ તૂટી | ૧૦૫ | ૧૧ | ઉત્તણગુણ | ઉત્તરગુણ |
| ૩૯ | ૨૧ | જીરાવાલાના | જીરાવલાના | ૧૦૬ | ૫ | ઈન્દ્ર | ઈન્દ્ર |

| પાન નં. | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| | ૨૪ | ભવમ! | ભવમાં! |
| ૧૦૭ | ૧૦ | હે!પ્રભુ! | હે પ્રભુ! |
| | ૧૫ | બૂરૂં | બુરું |
| ૧૦૮ | ૧ | નયના | નયનો |
| ૧૧૦ | ૨૫ | જંજાંલ | જંઝાલ |
| ૧૧૧ | ૨ | ક્રિચ્યા | ક્રિધા |
| | ૧૫ | દયાયિક | દયાદિક |
| ૧૧૩ | ૧૭ | જંજાળ | જંઝાળ |
| | ૧૮ | રે... | રે, જેણે લહ્યું શિવ સુવાસ રે. |
| | ૨૨ | રે, | રે, ઈમ જાણી વિચારો વિવેક રે. |
| ૧૧૯ | ૧૭ | વે કાટન કરો | વો કાટનકું કરો |
| ૧૨૨ | ૨૨ | યૌવનં | યૌવન |
| | ૨૩ | નરસુખં | નરસુખ |
| ૧૨૩ | ૬ | વિપતિ | વિપત્તિ |
| | ૧૧ | ચલ્યા, | ચાલ્યા, |
| ૧૨૫ | ૧૬ | સીર | શીર |
| ૧૨૮ | ૧૮ | જુતા | જુત્તા |
| | ૧૯ | કુતા | કુત્તા |
| ૧૩૧ | ૨૫ | શુલિભદ્રે | સ્થૂલિભદ્ર |
| ૧૩૨ | ૨ | પ્રતિવ્રત | પતિવ્રતા |
| | ૬ | સુધાર્યુ | સુધાર્યું |
| | ૭ | શૂરા | સુજ્ઞ |
| ૧૩૫ | ૧૩ | હે તરતારણ | હે તરણતારણ |
| | ૩૦ | ઉમેરવું | (૨) તેના અનંતા ભવો થઈ ગયા; તેમની પણ શરુઆત નથી, તેથી તેનો સંસાર અનાદિ છે. |
| | ૩૦ | (૨) | (૩) |
| ૧૩૬ | ૮ | તથાભવ્યત્વ | 'તથાભવ્યત્વ' |
| | ૨૫ | એકાન્ત | એકાન્તે |
| ૧૩૯ | ૨ | પોતાની | પાપોની |
| | ૧૫ | જેવા નીચ કૃત્યો | જેવા કૃત્યો |
| | ૧૮ | હાઉ | હોઉ |
| | ૨૫ | કરુ જ | કરું જ |
| ૧૪૦ | ૨૦ | સાહુકિરિ | સાહુકિરિઅં |
| ૧૪૨ | છેલ્લી | અશક્ય | અવશ્ય |
| ૧૪૪ | ૩ | સાંભળ્યુ | સાંભળ્યું |
| | ૯ | ઉઠવાં | ઉઠતાં |
| ૧૪૫ | ૧૪ | ઈન્દ્રિવાળા | ઈન્દ્રિયવાળા |
| | ૨૭ | હોય. | હોય તેને ખમાવું છું. |
| ૧૫૦ | ૪ | માંય-બાપ | માય-બાપ |
| ૧૬૭ | ૧૦ | સ્થુલ | સ્થૂલ |
| | | સ્થુલ | સ્થૂલ |
| | ૨૨ | મે | મેં |
| ૧૬૮ | ૧૪ | અંતરિંગિ | અંતરંગી |
| | ૧૭ | શબલ | સબલ |
| | | શુરા | શૂરા |
| | ૨૨ | નરસીહ | નરસિંહ |
| ૧૬૯ | ૩ | મતંગજ | માતંગજ |
| ૧૭૦ | ૨૨ | તે મે | તેને |
| | ૨૫ | સુકુન | શુકુન |
| ૧૭૧ | ૩ | જીનઘર જીનબિંબ | જિનવર જિનબિંબ |
| | ૮ | મે | મેં |
| | ૯ | મતીએ | મતિએ |
| ૧૭૩ | ૧ | સાધ | સાધુ |
| | ૭ | તિર્થ | તીર્થ |
| | ૨૪ | જીનપ્રતિમા | જિનપ્રતિમા |
| | છેલ્લી | જીનમત | જિનમત |
| ૧૭૪ | ૨ | જીનવર | જિનવર |
| | ૪ | ક્લેસ | ક્લેશ |
| | ૫ | જીન | જિન |
| | | જીન | જિન |
| | ૧૦ | જીનવર | જિનવર |
| | ૧૭ | જાતી | જાતિ |
| ૧૭૫ | ૨ | જીનગુરુ | જિનગુરુ |
| | ૬ | સત્તરી | સિત્તરી |
| | ૭ | ચ્છનાયક | ગચ્છનાયક |
| | ૧૦ | સુસાધ | સુસાધુ |
| ૧૭૬ | ૨ | જીનેન્દ્ર | જિનેન્દ્ર |
| | ૨૧ | રતી | રતિ |
| ૧૭૭ | ૧૬ | તારણ તારણ, | તરણ તારણ |
| | | નિરતિ | વિરતિ |

| પાન નં. | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| | છેલ્લી | જીનમત | જિનમત |
| | | જીન | જિન |
| ૧૭૮ | ૨ | દુરદુખ | દૂરદુઃખ |
| | ૪ | પંચઈન્દિય | પંચઈંદ્રિય |
| | ૯ | જીન | જિન |
| | ૧૧ | જીનતણી આણ | જિનતણી આણ |
| | | જીમ | જિમ |
| | ૨૭ | જીણરારે | જિણરારે |
| ૧૭૯ | ૧૮ | જીનગય | જિનરાય |
| ૧૮૦ | ૧૫ | ચુ | ચઉ |
| ૧૮૧ | ૪ | દુક્કડડં | દુક્કડં |
| | ૫ | વિજળી | વીજળી |
| ૧૮૨ | ૧૫ | પંતગ | પતંગ |
| | ૧૯ | પંચેદ્રિય | પંચેન્દ્રિય |
| | ૨૦ | પંચેદ્રિય | પંચેન્દ્રિય |
| ૧૮૩ | ૨ | જીનેસર | જિનેસર |
| ૧૮૪ | ૧૮ | સંમૂર્છિમ | સંમૂર્ચ્છિમ |
| | ૨૩ | તીર્યક્જૃંભક | તીર્યગ્જૃંભક |
| | | જીનવર | જિનવર |
| | ૨૪ | બહુવિધિનિધિને | બહુવિધનિધિને |
| | | પ્રિતે | પ્રીતે |
| ૧૮૫ | ૧૧ | નીંદા | નિંદા |
| | ૨૫ | કુવા | કૂવા |
| ૧૮૬ | ૧૫ | ચઉરિદ્વિ | ચઉરિન્દ્રિ |
| | ૨૧ | અદત્તાનના | અદત્તાદાનના |
| ૧૯૫ | ૬ | યોગે. એવા | યોગે. |
| | ૨૪ | ભગ્યવાન | ભાગ્યવાન |
| ૧૯૬ | ૫ | ચૌદપૂર્વિ | ચૌદપૂર્વી |
| | ૨૪ | પાપતિમીર | પાપતિમિર |
| ૨૦૦ | ૧૮ | મિથ્યાત્ત્વ | મિથ્યાત્વ |
| | છેલ્લી | વારવાર | વારંવાર |
| ૨૦૧ | ૨ | આપું છુ | આપું છું |
| ૨૦૨ | ૫ | કાચું અં | કાચું |
| | ૨૫ | ક્ષયા | થયા |
| ૨૦૪ | ૧ | સર્વમમમતાને | સર્વમમતાને |
| | | મિથ્યાત્ત્વઃ | મિથ્યાત્વ |
| ૨૦૮ | ૪ | કર્યં | કર્યું |
| | ૨૨ | સૂણો | સુણો |
| ૨૧૨ | ૧૨ | મિથ્યાત્ત્વથી | મિથ્યાત્વથી |
| | ૧૮ | કટુંબનું | કુટુંબનું |
| | ૧૯ | સર્વના | સર્વની |
| ૨૧૩ | ૨૨ | ઈન્દ્નું | ઈન્દ્રનું |
| ૨૧૭ | ૨૫ | સમયગ્જ્ઞાનીને | સમ્યગ્જ્ઞાનીને |
| ૨૧૮ | ૧૬ | આસકત્ત | આસક્ત |
| ૨૨૫ | ૧૫ | સુર્વણ | સુવર્ણ |
| | ૨૪ | મિચ્છમિ | મિચ્છામિ |
| ૨૨૬ | ૨૩ | કચડો | કચોડો |
| ૨૨૭ | ૨૩ | માનીના | માનીને |
| ૨૨૮ | ૨૪ | "ૐ | ૐ ૐ |
| | ૨૫ | દિં તુ" | દિંતુ સ્વાહા" |
| | ૨૬ | સ્થિર | દીવાળીમાં ચોવિહાર છઠ્ઠનો તપ કરી સ્થિર, |
| | ૨૬ | મારા | માળા |
| ૨૪૦ | ૭ | ખપાવ્ય | ખમાવ્યા |
| | ૧૨ | સમાચાર | સામાચારી |
| ૨૪૧ | ૨૭ | સમાચારીમાં | સામાચારીમાં |
| ૨૪૪ | ૧ | જીનેશ્વરે | જિનેશ્વરે |
| | ૧૯ | મંગલંલ | મંગલં |
| | | મંગલલં | મંગલં |
| | ૨૦ | પન્નતો | પન્નત્તો |
| | ૨૩ | પન્નતો | કેવલિપન્નત્તો |
| | ૨૪, ૨૫, ૨૬ | શરણં | સરણં |
| | ૨૬ | ધમ્મ | ધમ્મં |
| ૨૪૫ | ૨૧ | સમાચારી | સામાચારી |
| | ૨૬ | સમાચારીમાં | સામાચારીમાં |
| | છેલ્લી | સમાચારીમાં | સામાચારીમાં |
| ૨૪૬ | ૯ | સમાચારી | સામાચારી |
| | ૧૦ | શકય | શકાય |
| ૨૪૭ | ૧૯ | તેન | તે |
| | ૨૧ | મે | મેં |

# સમાધિના માઈલ સ્ટોન

## ખંડ-૧ સમાધિપ્રેરક સમજણ


(૧) કર્મની વિષમતા સમયે તત્ત્વ-ચિંતન . . . . . . . . . . . . ૧
(૨) મનને સ્વસ્થ કરવાનો ઉપાય . . . . . . . . . . . . ૩
(૩) વેદના વખતે શુભ ભાવના . . . . . . . . . . . . ૬
(૪) રોગ-પીડામાં સમાધિજનક ભાવના . . . . . . . . . . . . ૧૧
(૫) ગ્લાન આત્માનું ભાવ ઔષધ . . . . . . . . . . . . ૧૨
(૬) બિમાર ને પ્રેરણાનું પાવરફૂલ ઈંજેક્શન . . . . . . . . . . . . ૧૬
(૭) જીવનથી કંટાળશો નહિ, મરણથી ડરશો નહિ . . . . . . . . . . . . ૧૮
(૮) માંદગીમાં મનની માવજત . . . . . . . . . . . . ૨૦
(૯) માંદગીમાં તાજગીની ચાવી . . . . . . . . . . . . ૨૩
(૧૦) જીવનની ઔષધિ મનની સમાધિ . . . . . . . . . . . . ૨૮
(૧૧) પીડામાં સમાધિ રાખવાના ઉપાયો . . . . . . . . . . . . ૩૧
(૧૨) સમાધિની સીડી . . . . . . . . . . . . ૩૩
(૧૩) ભાવના રસાયણ . . . . . . . . . . . . ૪૦
(૧૪) બાર ભાવના . . . . . . . . . . . . ૪૧
(૧૫) વિદાય વેળાએ . . . . . . . . . . . . ૪૫
(૧૬) મહાયાત્રીનો કુટુંબીજનોને અંતિમ સંદેશો . . . . . . . . . . . . ૪૫
(૧૭) શ્રાવકના ત્રણ મનોરથો . . . . . . . . . . . . ૪૭
(૧૮) સ્વજનના વિયોગમાં આશ્વાસન . . . . . . . . . . . . ૪૮
(૧૯) સુકૃત અનુમોદના . . . . . . . . . . . . ૫૦
(૨૦) અંત સમયની આરાધના . . . . . . . . . . . . ૫૪
(૨૧) નંદનરાજર્ષિની અંતિમ આરાધના . . . . . . . . . . . . ૫૮
(૨૨) યુગબાહુની અંતિમ આરાધના . . . . . . . . . . . . ૬૧


## ખંડ-૨ સમાધિપ્રેરક સ્તુતિઓ અને સ્તવનો


(૧) પ્રભુ પ્રાર્થના . . . . . . . . . . . . ૬૪
(૨) શ્રી આદેશ્વરદાદાને વિનંતી . . . . . . . . . . . . ૬૬
(૩) સાહેબ સાંભળો રે . . . . . . . . . . . . ૬૮
(૪) વિહરમાન જિન સ્તવન . . . . . . . . . . . . ૬૯
(૫) સુણો શાંતિ જિણંદ સોભાગી . . . . . . . . . . . . ૭૦
(૬) ગુણસ્થાનક્રમારોહની ભાવના . . . . . . . . . . . . ૭૧
(૭) આત્મનિંદા બત્રીશી . . . . . . . . . . . . ૭૨

(૮) ભાવે ભજીયે શ્રી અરિહંત . . . . . . . . . . . . . . . . . ૭૪
(૯) જય જય જયશ્રી સિદ્ધ ભગવાન . . . . . . . . . . . . . . . ૭૫
(૧૦) આત્મ-નિંદા દ્વાત્રિંશિકા . . . . . . . . . . . . . . . . . . ૭૬
(૧૧) જગદ્‌ગુરુની અંતિમ આરાધના . . . . . . . . . . . . . . . ૮૦

## ખંડ-૩ સમાધિ ગીતો

(૧) એ મહાસંતને વંદન અમારા . . . . . . . . . . . . . . . . . ૮૩
(૨) આપજે મુજને સમાધિ સારી . . . . . . . . . . . . . . . . . ૮૪
(૩) આટલું આપજે છેલ્લી ઘડી . . . . . . . . . . . . . . . . . ૮૪
(૪) પ્રભુ ! આટલું મને આપજે . . . . . . . . . . . . . . . . . ૮૫
(૫) આટલું તો આપજે . . . . . . . . . . . . . . . . . . . . . ૮૬
(૬) અબ સોંપ દીયા . . . . . . . . . . . . . . . . . . . . . . ૮૬
(૭) ઐસી દશા હો ભગવન્ . . . . . . . . . . . . . . . . . . . ૮૭
(૮) જબ પ્રાણ તન સે નિકલે . . . . . . . . . . . . . . . . . . ૮૭
(૯) ભગવાન તુમ્હારે શરણો મેં . . . . . . . . . . . . . . . . . ૮૮
(૧૦) અવસર, બેર બેર નહિ આવે . . . . . . . . . . . . . . . . ૮૮
(૧૧) આતમ ઝંખે છૂટકારો . . . . . . . . . . . . . . . . . . . ૮૮
(૧૨) હું તો આપદાઓને . . . . . . . . . . . . . . . . . . . . ૮૯
(૧૩) વાવે તેવું લણે . . . . . . . . . . . . . . . . . . . . . . ૮૯
(૧૪) આ દુઃખ તે એવું કયું દુઃખ છે ! . . . . . . . . . . . . . . ૯૦
(૧૫) મરણ જ્યારે મારું થવાનું . . . . . . . . . . . . . . . . . ૯૦
(૧૬) આફત જ્યારે આવે . . . . . . . . . . . . . . . . . . . . ૯૧
(૧૭) મારા મૃત્યુને સ્વામી ! સુધારજો . . . . . . . . . . . . . . ૯૧
(૧૮) સમતાથી દર્દ સહું . . . . . . . . . . . . . . . . . . . . ૯૨
(૧૯) આજ કહી દે પ્રભુને બધું . . . . . . . . . . . . . . . . . ૯૩
(૨૦) અંત સમયમાં આપો સમાધિ . . . . . . . . . . . . . . . . ૯૩
(૨૧) માંગુ પ્રભુ તારી પાસ . . . . . . . . . . . . . . . . . . . ૯૪
(૨૨) બનવું તારા જેવું . . . . . . . . . . . . . . . . . . . . . ૯૫
(૨૩) મારે એવા સ્થાને જાવું છે . . . . . . . . . . . . . . . . . ૯૫
(૨૪) મને શક્તિ આપજે એવી . . . . . . . . . . . . . . . . . . ૯૬
(૨૫) ખમાવું છું તમોને હું . . . . . . . . . . . . . . . . . . . ૯૬
(૨૬) માંગુ ક્ષમા હું . . . . . . . . . . . . . . . . . . . . . . ૯૭
(૨૭) સાધવી છે મૈત્રી ઉપાસના . . . . . . . . . . . . . . . . . ૯૭
(૨૮) ચાર દિવસનાં ચાંદરડાં પછી . . . . . . . . . . . . . . . . ૯૭

(૨૯) ભક્તિ કરતાં છૂટે . . . . . . . . . . . . . . . . . . . . . ૯૮
(૩૦) ગૂઢ તત્વનો વિચાર કરો ! . . . . . . . . . . . . . . . . . ૯૮
(૩૧) બાદશાહ સીકંદરના ફરમાનો . . . . . . . . . . . . . . . ૧૦૦
(૩૨) પ્રભુને કદી ભૂલશો નહીં. . . . . . . . . . . . . . . . . . ૧૦૧
(૩૩) આલોચના ભાવ ગીત. . . . . . . . . . . . . . . . . . . . . ૧૦૨
(૩૪) સ્વદોષ-દર્શન (રત્નાકર પચ્ચીસી અનુવાદ) . . . . . . . . . ૧૦૬

## ખંડ-૪ સમાધિપ્રેરક સજ્ઝાયો

(૧) શ્રી અમૃતવેલની સજ્ઝાય . . . . . . . . . . . . . . . . . ૧૧૦
(૨) શ્રી સહજાનન્દીની સજ્ઝાય . . . . . . . . . . . . . . . . ૧૧૨
(૩) પ્રાણી ! કર્મ સમો નહિ કોય. . . . . . . . . . . . . . . . ૧૧૩
(૪) તનનો ભરોસો નથી રે. . . . . . . . . . . . . . . . . . . ૧૧૫
(૫) આ ભવ રત્નચિંતામણી સરિખો . . . . . . . . . . . . . . ૧૧૬
(૬) કોના રે સગપણ કોની રે માયા . . . . . . . . . . . . . . ૧૧૭
(૭) સુખ દુઃખ સરજ્યા પામીયે રે . . . . . . . . . . . . . . . ૧૧૮
(૮) આપ સ્વભાવમાં રે. . . . . . . . . . . . . . . . . . . . ૧૧૯
(૯) આતમ ધ્યાનથી રે. . . . . . . . . . . . . . . . . . . . . ૧૧૯
(૧૦) અહો અહો કર્મ પ્રધાન. . . . . . . . . . . . . . . . . . ૧૨૦
(૧૧) જબ લગે સમતા ક્ષણ નહીં આવે . . . . . . . . . . . . . ૧૨૧
(૧૨) મુંઝ મા મુંઝ મા . . . . . . . . . . . . . . . . . . . . ૧૨૨
(૧૩) ચોથી ભાવના ભવિયણ મન ધરો . . . . . . . . . . . . . ૧૨૩
(૧૪) સંસાર ભાવનાની સજ્ઝાય . . . . . . . . . . . . . . . . ૧૨૩
(૧૫) સંવરભાવનાની સજ્ઝાય . . . . . . . . . . . . . . . . . ૧૨૪
(૧૬) ધન ધન તે દિન કયારે આવશે . . . . . . . . . . . . . . ૧૨૪
(૧૭) વિનાશી આ જગત જાણો . . . . . . . . . . . . . . . . ૧૨૫
(૧૮) જગતમાં એકલો આતમ . . . . . . . . . . . . . . . . . ૧૨૬
(૧૯) દુનિયા દોરંગી દેખી . . . . . . . . . . . . . . . . . . . ૧૨૭
(૨૦) શાને કરે તું મારું મારું . . . . . . . . . . . . . . . . . ૧૨૭
(૨૧) તારી કાળ ઘુઘરી વાગે. . . . . . . . . . . . . . . . . . ૧૨૮
(૨૨) જંજાળી જીવડા જાગ તું . . . . . . . . . . . . . . . . . ૧૨૯
(૨૩) કો નવિ શરણં કો નવિ શરણં . . . . . . . . . . . . . . ૧૩૧
(૨૪) જુઓ રે જુઓ જૈનો . . . . . . . . . . . . . . . . . . . ૧૩૧
(૨૫) જગત હૈ સ્વાર્થકા સાથી . . . . . . . . . . . . . . . . ૧૩૨
(૨૬) રાય સેવક કહે તવ. . . . . . . . . . . . . . . . . . . . ૧૩૨

## ખંડ-૫ સમાધિ પ્રેરક આરાધના


(૧) વીતરાગ સ્તોત્ર શરણ સ્તવ . . . . . . . . . . . . . . . . . . ૧૩૪
(૨) પંચસૂત્ર . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૩૫
(૩) ચાર ગતિના ખામણાં . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૪૪
(૪) શ્રી સીમંધર જિન વિનંતિ . . . . . . . . . . . . . . . . . . . ૧૪૭
(૫) આલોચના સ્તવન . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૪૯
(૬) સમાધિ વિચાર . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૫૨
(૭) શ્રી અમૃતપદ આરાધના સ્તવન . . . . . . . . . . . . . . . ૧૫૪
(૮) પ્રાચીન આરાધના સ્તવન . . . . . . . . . . . . . . . . . . . ૧૬૫
(૯) પદ્માવતીની આરાધના . . . . . . . . . . . . . . . . . . . . . ૧૮૬
(૧૦) સમાધિ સ્તોત્ર . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૮૮
(૧૧) શ્રી સમાધિદર્શન રાસ . . . . . . . . . . . . . . . . . . . . ૧૯૧
(૧૨) ચઉસરણ-પયન્ના-સુવાસ . . . . . . . . . . . . . . . . . . ૧૯૩
(૧૩) આઉર પચ્ચક્ખાણ પરિમલ . . . . . . . . . . . . . . . . . ૧૯૯
(૧૪) પર્યન્તઆરાધના સૌરભ . . . . . . . . . . . . . . . . . . . ૨૦૮
(૧૫) સમાધિમય મૃત્યુ મહોત્સવ . . . . . . . . . . . . . . . . . ૨૧૪
(૧૬) પર્યન્તારાધના . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૨૪
(૧૭) મરણ વખતે સમાધિ પ્રાપ્ત થાય તે માટે કરવાનો જાપ . . . . . . . ૨૨૮
(૧૮) પુણ્ય પ્રકાશનું સ્તવન . . . . . . . . . . . . . . . . . . . . ૨૨૯


## ખંડ-૬ અંતિમ સાધના


(૧) અંતિમ આરાધના . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૩૭
(૨) સાગારી અણસણ . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૩૮
(૩) સાધુ-સાધ્વીજી માટે અંતિમ સાધના વિધિ . . . . . . . . . ૨૪૦
(૪) શ્રાવક-શ્રાવિકા માટે અંતિમ સાધના વિધિ . . . . . . . . . ૨૪૫
(૫) જૈનેતર માટે અંતિમ સાધના વિધિ . . . . . . . . . . . . . ૨૪૭
(૬) પશુ-પંખીને માટે અંતિમ સાધના વિધિ . . . . . . . . . . . ૨૪૮
(૭) મને આવતો ભવ એવો આપજે . . . . . . . . . . . . . . . . ૨૪૯

# ખંડ - ૧

# સમાધિ પ્રેરક સમજણ

## ૧. કર્મની વિષમતા સમયે તત્ત્વ-ચિંતન

જીવના બાંધેલા અશુભ કર્મો અબાધાકાળ પૂરો થતાં ઉદયમાં આવે છે, ત્યારે જીવને અણધારી આફતો તકલીફો ઊભી થાય છે. આર્થિક પરિસ્થિતિ નબળી બને, કૌટુંબિક મોટી તકલીફ આવે, શરીરમાં અસાધ્ય રોગ થાય, નાની વયની વ્યક્તિનું મૃત્યુ થાય... વિગેરે અનેક મુંઝવણો-આપત્તિઓ ઊભી થાય, દુઃખોના વાદળો વરસે ત્યારે મનનું કોઈને કોઈ સમાધાન કરી લઈને પરમ શાંતિથી તે પાપકર્મને ભોગવી લેવું એજ સાચું ડહાપણ છે. તે વખતે રડારોળ, ચીસાચીસ, કે આવેશ-રોષ પેદા થાય તો ફરી નવું અશુભ કર્મ બંધાય. ફરી તેના ઉદયે વિશેષ દુઃખવાળી સ્થિતિ થવાની. આવું પુનઃ પુનઃ ન બને માટે જ્ઞાની પુરુષો આપણને સમતા રાખવા, મનને સમજાવી લેવાનું જણાવે છે. અનુબંધની પરંપરા તોડવા ચતુઃશરણ, દુષ્કૃત ગર્હા, અને સુકૃત અનુમોદનનો રામબાણ ઉપાય દર્શાવે છે. જેનો વારંવાર અભ્યાસ કરીને ચિત્તને વજ્ર જેવું દૃઢ કરીને સમભાવમાં સ્થિરતા કેળવતાં રહેવાનું છે. તે માટે વિવિધ શુભ ચિંતનોથી આત્માને ભાવિત કરો.

સમાધિ એટલે મનનું સમાધાન, તે અનેક પ્રકારે તત્ત્વની વિચારણાથી થઈ શકે છે.

(૧) મેં જે કર્મ રાગ-દ્વેષ, અજ્ઞાનવશ કલુષિત ચિત્તાદિથી બાંધ્યા છે તે મારે ભોગવવા જ રહ્યા. મેં જે ગુન્હો કર્યો છે માટે મારે દંડ ભોગવીને કર્મના દેવામાંથી છૂટા થવાનું છે. મેં અજ્ઞાનવશ હસતાં બાંધ્યા કર્મ, હવે રોતા ય છૂટે તેવા નથી. માટે હસતાં જ તેને વેઠવા રહ્યાં. દોષ બીજા કોઈનો નથી, મારો જ છે. માટે જીવ ! તું સમતા રાખ, ધીરજથી સહી લે તેમાં જ તારું ખરેખર આત્મહિત છે.

(૨) મને જે દુઃખ આવ્યું છે એનાથીય ઘણું વધું દુઃખ નારકોને, નિગોદના જીવને, કતલખાનામાં કપાતાં જીવોને, ભયંકર કેન્સરના દર્દીઓને છે.એમની અપેક્ષાએ તો મારું દુઃખ કોઈ વિસાતમાં નથી. આનાથી મન હળવું રહેશે. ધૈર્યપૂર્વક દુઃખ સહી લેતાં શુભધ્યાનથી અપૂર્વ નિર્જરાનો લાભ મળશે.

(૩) મેં પાપો તો એટલા બધા કર્યાં છે કે એની અપેક્ષાએ મને દુઃખની સજા બહુ ઓછી છે. મને તો એક જ કેન્સરની ગાંઠ થઈ પણ મારે થવી જોઈતી હતી

સાત સાત ગાંઠ ! કેમકે મેં કરેલા વિષય-કષાયના પાપ, ધંધામાં કરેલા વિશ્વાસઘાત, ભેળસેળ, ધર્મની નિંદા-અવગણના, કઠોરતા-નિષ્ઠુરતા, રૌદ્ર-કષાયવાળા પરિણામ, કરેલી જીવહિંસા.... વગેરે વિચારતાં મને તેના ઉપર ધિક્કાર છૂટી જાય છે કે હું કેવો પાપી ! અધમ ! હવે તેની દુષ્કૃત ગર્હા કરી સહન કરી લે. આત્માને ધર્મી અને ઉત્તમ બનાવવા અરિહંતનું આલંબન લે. જેથી ફરીથી કદી પણ દુઃખી થવું ન પડે.

(૪) હું આવી પડેલા દુઃખોને મન ઉપર લઉં તો જ તે દુઃખ મને દુઃખી કરશે; કાયર-દીન બનાવશે. તેના કરતા તત્ત્વદષ્ટિથી મારે મારું દુઃખ મન ઉપર લાવવું જ નથી. આ તો મારા આત્માનું દેવું દૂર કરનારું છે. દેહદષ્ટિ છોડી આત્મદષ્ટિને સજાગ કરવાથી ગમે તેવા દુઃખ પણ હળવા બની જશે... સહન કરવાની શક્તિ ખીલી ઉઠશે.

(૫) મેં જ મોહના અંધાપામાં ખોટા કામ કરીને દુઃખદાયી કર્મ બાંધ્યા છે. હે જીવ! હવે ક્રમશઃ તે ઉદયમાં આવેલા છે. તેમાં કોઈ ફેરફાર... ભાવિભાવ બદલી શકાય તેમ નથી. મેં જ કરેલી અવળી રમતનું આ કર્મપરિણામ છે. માટે સાવધાન બન ! રજ જેવડા પાપનું પરિણામ મહા દુઃખદાયી છે. જે દરેક જીવને ભોગવવું પડે છે. રાજા હોય કે રંક ! કર્મને શરમ છે જ નહિ. માટે જ્ઞાનીઓ પોકારી પોકારીને કહે છે કે 'બંધ સમયે ચિત્ત ચેતીએ ઉદયે શો સંતાપ ?' ભૂલ મારી તેમાં બીજાને શું દોષ દેવો'તો, માટે કોઈના ઉપર રોષ કરવાની જરૂર નથી... ખરેખર ! તો પોતાના ભૂતકાળના પાપમય આત્માની જ નિંદા કરવા જેવી છે. માટે જૈન શાસનમાં સર્વ દુઃખોથી મુક્ત થવા, સર્વ પાપમય આરંભમય સંસારના ત્યાગની વાત કરવામાં આવી છે. માનવે તે ધ્યેય માટે પ્રચંડ પુરુષાર્થ કરવાનો છે. પાપમય આશ્રવ રોકો તો દુઃખમય પીડાઓ-મુંઝવણો સ્વાભાવિક અટકી જશે. જીવને બધાજ પ્રકારના પાપ કરવા છે અને સજા એક પણ જોઈતી નથી તે નીતિ કર્મસત્તાને ત્યાં માન્ય નથી. દુઃખનો દંડ ન જોઈતો હોય તો ગુન્હેગાર ન બનો. આત્માને જાગતો રાખો. કર્મના ઉદયે આવેલા દુઃખોને સહી લેવા. હે જીવ ! મજબૂત મનવાળો બન, સસ્મિત સહી લેવામાં આત્માની શુદ્ધિનો મહાન લાભ છે. અનેક મહાપુરુષો આ રીતે સમતાથી સહીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત થયા છે... તારે, મારે, સૌને માટે પણ આજ માર્ગ છે.

(૬) આ જગતમાં કર્મના નિશ્ચિત ગણિત પ્રમાણે બની રહ્યું છે. મારો એકનો એક ચોવીસ વર્ષનો કમાઉ દીકરો અકસ્માતમાં મરી ગયો... તે પણ કર્મના ગણિત પ્રમાણે થયું છે. બધું બરોબર છે.

(૭) આપણે ભારતીય પ્રજાજનો. અતિથિ સત્કારમાં ખૂબ માનનારા. હવે દુઃખ નામનો અતિથિ ઘેર આવે તો સુસ્વાગતમ્ જ કહેવાનું હોય. સુખ નામનો અતિથિ વિદાય થાય ત્યારે તેને 'પધારજો' કહીને કમ્પાઉન્ડના દરવાજા સુધી સપ્રેમ વિદાય આપવી જ રહી. એકે વખત મુખનો ભાવ દિવેલ પીધા જેવો કરાય નહિ. Salute the life that Comes, Salute the life that goes.

(૮) નાની નાની આપત્તિ આવે ત્યારે Let go કરવું, અને મોટી આફતો આવે Let God કરવું એમાં જ મનની સમાધિ છે.

(૯) વળી આપત્તિઓ-દુઃખો એ કોઈ શાશ્વત નથી. આવે છે ને જાય છે. ઉલ્ટુ પ્રતિકુળતામાં આત્માની શક્તિ બહાર આવે છે. જે શક્તિને નિર્જરાનું સાધન બનાવી દેતા કર્મક્ષય અને દુઃખક્ષય થઈ જશે. આત્મા પરમપદને પામી જશે.

આવા વિવિધ પ્રકારના તત્ત્વચિંતન વડે ઉદયગત કર્મોને સમાધિથી=ચિત્તની પ્રસન્નતા રાખીને સહન કરવા જોઈએ. આપણાં પૂર્વજોએ કેવું સત્ત્વ-પરાક્રમ ફોરવ્યું તે આંખ સામે લાવો અને વિચારો :-

(૧) ભયંકર કોટિના સોળ રોગોને લાગટ સાતસો વર્ષ સુધી સનત્કુમાર ચક્રી મુનિએ કેવા સહન કર્યા ! (૨) પરમાત્મા મહાવીરદેવે ૧૨ાા વર્ષ સુધી કેવા કેવાં દુઃખોને હસતા મુખે સહી લીધા ! (૩) હસતે મુખે ચામડી ઉતરાવતાં કેવા સત્ત્વશીલ ખંધક મુનિ ! (૪) ઘાણીમાં પીલાતાં ખંધકમુનિના શિષ્યોની કેવી આત્મજાગૃતિ ! (૫) માથે સળગતાં અંગારાની પાળને મોક્ષની પાઘડી માનતાં કેવા ગજસુકુમાલ મુનિ ! ચામડાની વાધરની ભીંસમાં હાડકાં તૂટતા છતાં સમતાના ભંડાર કેવા મેતાર્ય મુનિ ! ધગધગતી શીલાએ સંથારો કરનાર કેવા અરણિક મુનિ ! જેલખાનામાં સો સો ચાબકા ખાનારા છતાં સમાધિવાળા શ્રેણિક મહારાજા !

કર્મો છે માટે દુઃખો આવવાના છે જ, માટે આત્મજ્ઞ બની ત્રિવિધ ત્રિવિધ સર્વ પાપની ત્યાગ રૂપ ચારિત્ર ધર્મની તપ સાથે સમતાપૂર્વકની આરાધના જ શ્રેયસ્કર છે. આજ સકલ કર્મનો ક્ષય કરવાનો ઉત્તમ માર્ગ છે.

## ૨. મનને સ્વસ્થ કરવાનો ઉપાય

મનની સ્વસ્થતા અને ધીરતા-વીરતા રાખવાની આ એક ચાવી છે કે મન સીધો હિસાબ જ માંડી મુકે કે 'આ કષ્ટ-આપત્તિ-અગવડ એ તો ઉચ્ચ ધર્મ કમાઈ અને પુણ્ય કમાઈ માટેની શાહજોગ નાણા ચુકવવા રૂપ છે યા જરૂરી કમીશન દેવા રૂપ છે, ધર્મ કમાઈના લાભના તો લાખેય લેખા નથી. ફળ અકલ્પ્ય અમાપ અચિંત્ય મળનાર છે !

માટે અહીં ભોગ દેવાનું કે સહવાનું ગમે તેટલું આવે તો પણ એ બરાબર છે. એ કિંમત જોખવા રૂપ છે.' એવી રીતે વ્યાજબી સમજી ભોગ અપાય કે સહી લેવાય, તો મન કેટલું બધું ફોરૂં, પ્રફુલ્લિત, અને સત્ત્વવાળુ બન્યું રહે ! અલબત્ કષ્ટ આપત્તિ-વિઘ્ન એ આપણી પૂર્વની ભૂલનું અને તજ્જનિત કર્મના વિપાકનું પરિણામ છે. ને એ ભોગવવું ન્યાય યુક્ત છે. એમ મન વાળી શકાય છે, પરંતુ આ કિંમત ચુકવવા કે કમીશન દેવાની વિચારણા વિશેષ ધીરતા વીરતા આપે છે. મોટા નફાના વેપારમાં કમીશન આપતાં ક્યાં દુઃખ થાય છે ? તો અહીં આપત્તિનું દુઃખ શું વિસાતમાં ?

મૃત્યુ પર અટલ વિશ્વાસ છે કે એ ગમે ત્યાં ગમે ત્યારે આવી શકે છે. મૃત્યુ કાંઈ માણસની ફાવટ નથી જોતું કે 'આને અત્યારે હું જાઉં તો ફાવશે કે નહિ ?' ના, મૃત્યુ કોઈ જીવની અનુકૂળતા જોવા બેસતું નથી. એ તો એના નિર્ધારિત સ્થળે જીવ પર તૂટી પડે છે, જીવને ઘેરી લે છે, અહીંના આ ખોળિયામાંથી જીવને બહાર કાઢી મૂકે છે. આ કાચી સેકંડમાં જ બની જાય છે ! જીવન તો વર્ષોની જહેમતથી નભાવેલું, પણ મૃત્યુ ક્ષણમાં ! આવા વિશ્વ વ્યાપી મૃત્યુ પર આંખ મિચામણાં કર્યે શે છૂટાય ? એના પર તો અટલ વિશ્વાસ રાખવાનો કે એ અણધારી પળે અને અણધાર્યા સ્થળે એકવાર આવવાનું જ છે. તો અત્યારે પણ કદાચ આવે એનો મને કોઈ ભય નથી.

મૃત્યુથી ડરવા અને બચવાના ફોગટ ફાંફા મારવાને બદલે જીવન જ એવું ધર્મમય બનાવી દેવું કે મૃત્યુની કોઈ ચિંતા જ ન રહે. એ ગમે ત્યારે એકવાર તો આવવાનું જ છે, માટે એના ભયથી કર્તવ્ય ચૂકવું નહિ.'

આત્માના વિકાસનો આ કેવો સુંદર ઉપાય છે કે, જ્યારે મોટામાં મોટી ગણાતી મૃત્યુ જેવી આપદા ઉપર પણ અટલ વિશ્વાસ ધરી દીધો કે 'એ આપત્તિ આવવાની જ છે, માટે એના ડરથી કર્તવ્ય ચૂકવું નહિ,' તો પછી બીજી ત્રીજી કર્મે નિર્ધારિત આપદા ઉપર પણ અટલ વિશ્વાસ રાખવામાં આવે કે 'એ આવવાની હશે તો ટાળી શકાશે નહિ' અને એમ વિશ્વાસ ધર્યા પછી એનાથી નીડર બનવામાં આવે, તો પોતાનાં સુકૃત્યો, કર્તવ્યો, સદ્ધર્મ, સાધના અને સદ્ગુણોનું દઢ પાલન સુલભ થઈ જાય.

**આપત્તિથી ન ગભરાવા વિચારણા :-** 'કર્મ પરાધીન જીવનમાં મૃત્યુની જેમ આપત્તિ એ સહજ વસ્તુ છે.' એવો અટલ વિશ્વાસ નથી. બોલો, સંસારમાં છીએ તો કર્મને પરાધીન છીએ કે નહિ ? એ કર્મ ગમે ત્યારે ગમે તે ઠેકાણે, ગમે તેવી પીડા આપત્તિ ઊભી કરે એવો સંભવ શક્યતા, ખરી કે નહિ ? હૃદયમાં જો આ નિશ્ચિત બેઠું હોય તો આપત્તિમાં શી નવાઈ લાગે ? શી ગભરામણ કરવાની હોય ? ખાતરી

જ હોય કે કર્મના પનારે પડ્યા છીએ ત્યાં સુધી કશો ભરોસો નહિ કે આપત્તિ ન જ આવે. આવે એ બહુ સહજ વાત છે, એટલે એમાં મુંઝાયા મુંઝાયા મારે કર્તવ્ય ચૂકવાનાં નહિ, સુકૃત મૂકવાના નહિ, સદ્ગુણ વિસરવાના નહિ, કે ધર્મ-સાધના ગુમાવવાની નહિ એવો નિર્ધાર જોઈએ.

ખોટા નિમિત્તો માણસને બગાડે છે, પણ કેટલુંય તો માણસ પોતાના અવળા માનસથી-વિચારથી જ પોતાનું વધુ બગાડે છે.

**ધીર મનથી આપત્તિ સહી લેવા ઉત્તમ વિચારણા :-**

૧) કર્મના ચિકાર ઘેરાવાળા આ સંસારમાં શા માટે એવું નક્કી કરી બેઠો છું કે આપત્તિ ન જ આવે. છૂપા વિચિત્ર કર્મોની મને સાક્ષાત્ ખબર નથી, પણ એ કાંઈને કાંઈ ઊંધુ-ચત્તુ કરેજ છે, એતો મારામાં અને આખા જગતમાં દેખાય છે. એવાં કર્મોના વિષમ ઉદય આવી કોઈ આપત્તિઓ ઉભી કરે એમાં કાંઈ નવું નથી. આટલી આપત્તિને શું રોઉં ? હજી તો નજીકના કે દૂરના ભવિષ્યમાં કર્મ છે ત્યાં સુધી આપત્તિઓ તો આથીય મોટી ભયાનક આવવાની. એ કર્મ કાંઈ રોદણાંથી રોકાયા રોકાય એવા નથી. માટે ભાવી રોદણાંની જેમ વર્તમાન રોદણું પણ નકામું છે.

૨) માટે હું તો એમ જ મનમાં લાવ્યા કરૂં કે 'કર્મે જડ્યો સંસાર આપત્તિઓની આગોથી સળગી ઊઠેલો છે. એમાં જે ભાગમાં આગ નથી દેખાતી એ આશ્ચર્યકારી છે. સંસાર, અને આપત્તિ નહિ ? જો નથી, તો એનો જ હરખ માણવા દે. જેથી બીજા ભાગની આપત્તિના રોદણાં ન થાય.'

૩) આપત્તિની આગ જ્યાં સળગી નથી એ ભાગને લઈને ખાસ મન દઈ કાળજી કરવા દે. દુનિયામાં દેખાય છે કે કોઈ મોટા વેપારીને અનેક ઠેકાણે માલની વખારો હોય. એને એમાં જો કોઈ વખાર કે દુકાન આગમાં ફસાઈ, તો એ ડાહ્યો વેપારી ગભરાઈને ખાલી પોક મૂકવાને બદલે રક્ષણના શક્ય ઉપાયો લે છે. અને કદાચ રક્ષણ અશક્ય હોય તો બીજી સાબુત વખાર કે દુકાન પર રક્ષણની વિશેષ કાળજી રાખે છે, ને એના માલનો સારો વેપાર કરી લેવા ખબરદાર બને છે, પેલા નુકશાનનું શક્ય વળતર આમાંથી કાઢવા મથે છે ? એમ અહીં પણ મારે ગભરાવવાનું શું કામ ? 'એક ઠેકાણે જો ન રોકાય એવી જ આપત્તિ છે, તો પણ આપત્તિ વિનાની મારી બીજી બાબતો પર વિશેષ કાળજી કાં ન લઉં ? એનો વિશેષ સદુપયોગ કેમ ન કરી લઉં ? કમમાં કમ હજી મનુષ્ય જીવન પર આપત્તિ નથી, દેવ-ગુરૂના સંયોગ પર આપત્તિ નથી, પરમાત્માના સ્મરણ ઉપર, વ્રત નિયમની અખંડતા ને નવા વ્રત ગ્રહણ પર,

અન્ય આરાધના તથા ગુણ-રક્ષા વૃદ્ધિ પર વગેરે પર આપત્તિ નથી, તો એના માટે તો બરાબર કાળજી લઉં; એમાં વિશેષ ઉલ્લાસથી પુરુષાર્થ કરૂં.

૪) આપત્તિ એ તો આત્માને વિશેષ શુદ્ધ કરવા માટેનો અવસર છે. અનુકૂળતા હોય છે ત્યાં તો જડ પ્રત્યે અંતરના રાગ, આસક્તિ-મમતા, મદ, અહંભાવ અને દેવ-ગુરૂ-ધર્મ વિસ્મરણ તથા જીવ વિરાધનામય આરંભ સમારંભ તથા રંગ-રાગ-ભોગ વગેરે પગભર રહે છે. આ બધી અશુદ્ધિઓ જ છે. આપત્તિમાં એને સંકોચવાનો વૈરાગ્ય-વિવેક, નમ્રતા, કોમળતા, દેવ, ગુરૂ, ધર્મનું શરણ-સ્મરણ, આરંભાદિની ઓછાશ, ત્યાગ-તિતિક્ષા-સહિષ્ણુતા વગેરે ખીલવવાનો અવસર છે. એથી આત્મા શુદ્ધ થતો આવે છે. તો પછી આવી સુંદર તક આપનાર આપત્તિને ગાળ દેવાની શી જરૂર છે ? ત્યાં અકળાવાનું શું ? વધાવી જ લેવા દે એને.

૫) 'કર્મ પરવશ જીવન એકલી અનુકૂળતાવાળું જ ચાલી શકે.' એ કયાંનો હિસાબ ? જીવન તો અનુકૂળતા-પ્રતિકૂળતા-આપત્તિ બન્નેથી મિશ્રજ રહેવાનું. અમુક વાતે અનુકૂળતા તો બીજી વાતે આપત્તિ, એ સમજીને જ ચાલવાનું. કોલસાના ધંધાથી કમાઈની અનુકૂળતા છે, તો કપડાં તો કાળાં થવાનાં. રસોઈ કરતા તાપ તો લાગવાનો. પ્રેમાળ સંબંધીની પાછળ એમની બિમારી વગેરેમાં ચિંતા, ખર્ચ-સમયભોગ વગેરે નભાવવું જ પડે છે. વેપારમાં નફો કરતા કમીશન દેવું જ પડે છે, વ્યાજ ભરવું પડે છે. ભાડાં, પગાર આપવાના રહે છે. બસ, જીવનમાં પણ એમજ સમજી રાખી આપત્તિ-પ્રતિકૂળતાને પણ જીવનની અંદર જ સમાયેલી બાબત ગણી રાખવાની.

૬) મારા આત્મામાં અંદર અનંત શક્તિ છે. આપત્તિ ગમે તેવી પણ આવે એને બરદાસ્ત કરવા, સહર્ષ સહી લેવા, હું શક્તિમાન છું. નિર્ધારિત કર્મના ઉદય સામે બફારા કાઢવામાં અને સામનો કરવામાં શક્તિનો દુર્વ્યય છે. ત્યારે સહર્ષ સહન કરી લેવામાં શક્તિની ખીલવટ અને સદુપયોગ છે. પરિણામે સારી સમાધિની કમાઈથી સદ્ગતિ અને પરમગતિનો લાભ સુલભ બને છે.

## ૩. વેદના વખતે શુભ ભાવના

ગજસુકુમાળે માથે સળગતા અંગારાની વેદના સહી, ખંધકમુનિના જીવતા ચામડી ઉઝરડાઈ, ખંધકસૂરિજીના ૫૦૦ શિષ્ય ઘાણીમાં પીલાઈ ગયા. સુકોશલમુનિના શરીરને વાઘે વલુરી નાખ્યું, અવંતીસુકુમાલના દેહને શિયાળણીએ બચકા ભરી ખાધું, મેતારજમુનિના ચામડાની વાધરથી તડકાના તાપે હાડકા તૂટી

ગયાં... વગેરે મહાત્માઓએ ભવ્ય સત્ત્વ-પરાક્રમ સમાધિ માટે ફોરવ્યું, એ કેવી વિચારણાના-ભાવનાના બળ ઉપર ? આવી કોઈકને !

૧) 'જીવ' સાવધાન બની જજે, તારે ને કાયાને પડોશીનો સંબંધ છે. આ આપત્તિ કાયા ઉપર આવી છે એટલે પીડા પડોશીના ઘેર છે, તેથી તારૂં કંઈ જતું નથી.

જે બળે છે, ઉખડે છે, પીલાય છે, તે તારૂં નથી, ને તારૂં છે તે બળતું નથી, ઉખડતું નથી, પીલાતું નથી, માથુ બળે છે તે કાયાનું છે, ચામડી ઊખડે છે તે કાયાની છે. માંસના લોચા પીલાય છે તે ય કાયાના, તારા નહિ. તારૂં તો હે ચેતન ! વિશુદ્ધ દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. એ કોઈ આગથી બળે નહી, છરાથી ઉખડે નહી, યંત્રથી પીલાય નહી, તો પછી તારે શી ખોટ તે રોવાનું હોય?

૨) ત્યારે હે ભાગ્યવાન ! કાયાનું જાય એમાં ય રોવા જેવું શું છે ? કેમ કે એ તો નહીતરે ય સડનપડન વિધ્વંસનના સ્વભાવવાળી જ છે એટલે કે કાયા બચાવી ક્યાં અમર રહેવાની છે ? ના, આવી તો અનંતી કાયાઓ ઘણીય બચાવવાની મહેનત કરી હોવા છતાં ય નાશ પામી ગઈ. માટે વિનશ્વર કાયાની ચિંતા ન કર, નિજના અવિનાશી સ્વરૂપમાં સ્થિર બન.

૩) બાકી દુઃખ લાગે, પીડા થાય એને તો કર્મ રોગ કાઢવાની ચિકિત્સાની વેદના સમજવાની છે. ગુમડું ફૂટતું ન હોય તો તેની ચિકિત્સા રૂપે નસ્તરની પીડા ક્યાં વધાવી લેવાતી નથી ! એમ આ ઉપદ્રવ પણ સમજ કે કર્મ ગુમડા ઉપરનું નસ્તર છે ! માથું બળવા સાથે, ચામડી ઊખડવા સાથે, કાયા પીલાવા સાથે કર્મ કચરો બળીને ભસ્મ થાય છે ! કર્મ ગુમડા ઊખેડીને ખલાસ થાય છે, કર્મના પીલાઈને ચુરા થાય છે. કર્મ રોગ ગયો કે આત્માનું અક્ષય આરોગ્ય પ્રગટવાનું છે.

૪) માટે તો હે બુદ્ધિમાન ! સમજજે કે આ પીડા આપનારો તારો મિત્ર છે, ભાઈ કરતાં પણ ભલેરો છે, ઉપકારી છે, કે તારા કર્મક્ષયમાં સહાય થઈ રહ્યો છે. તારા એ કર્મ આ વિપાક દેખાડ્યા વિના ક્યાં ખસે એમ છે ? અને વિપાક ભોગવવાનો આવ્યો એટલે તો એ બિચારા ક્ષીણ થઈ જ જાય છે.

૫) ભૂલતો નહીં કે આમ પીડામાં તો કર્મના ઢગ છે એ ઓછા થાય છે વધતા નથી, પછી નારાજ શું કામ થવાનું ?

૬) ખરૂં જોતાં તો તારા કર્મ અને કાયા પર રોષ થાય કે એ કેવા ગોઝારા કે સામાને બિચારાને પાપમાં નિમિત્ત બની રહ્યા છે. પાપથી એની બીચારાની

પરલોકે કેવી વલે થશે ? એમ એના ભાવી દુઃખમાં તું નિમિત્ત બનવાથી એના પર તો તારે વિશેષ દયા ઉભરાવવી જોઈએ કે 'અરે રે આ બિચારો મારી કાયા અને કર્મનું નિમિત્ત પામી કેવા કેવા દુઃખોમાં પટકાશે !'

૭) હે વિચક્ષણ ! ત્યારે એ પણ સમજી રાખ કે પીડામાં સામો તો નિમિત્ત માત્ર છે, બિચારો તારા પોતાના કર્મોનો હાથો બન્યો એટલું જ; બાકી પીડા આપનાર ખરેખર તો તારા પોતાના વેદનીય કર્મ જ છે; પૂર્વે તું કોઈને અશાતા આપી આવેલો, અશાતાનાં સમારંભ કરી આવેલો, દેવ-ગુરુ, ધર્મ-સંઘની અવગણના કરેલી એટલે આવા કર્મ ઊભા થઈ હવે તે જ આવી પીડા ઊભી કરે છે તો પછી દોષ બીજાને શો દેવો ? કર્મને જ દેવો અને હવે એવા કર્મ ન ઘુસે, નવા ન ઊભા થાય એ જ સાવધાની રાખવાની.

૮) હે મહાનુભાવ ! એવું ન વિચારીશ કે 'હાય ! આવા મારા ક્રૂર કર્મ કે આટલી બધી પીડા આવી ?' કેમકે આ તો શું છે ? તારા ખજાને તો સત્તામાં પૂર્વના અસંખ્ય જન્મોમાં દુષ્કૃત્યો સેવી આવા તો કેઈ કર્મ ઉપાર્જેલા છે. એનો આઘાત મૂકી આ એકાદ કર્મની પીડાનો આઘાત શું લગાડે છે ?

હૈયાને ધડક તો એ વાતનો લગાડ કે 'હાય ! હજી મારે અસંખ્ય જન્મોના દુષ્ટ કર્મનો ભાર માથે છે !' પછી નિર્ધાર કર કે હવે હું તપ અને ચારિત્ર્યથી એ બધાનો ચુરો કરી નાખીશ. સહર્ષ પીડા સહી લેવામાં આ કામ સુંદર થઈ શકે છે. અપૂર્વ કર્મ નિર્જરા થાય અને અનુબંધ પડે નહીં.

૯) બાકી, પીડાઓ સહવાની આ જગતમાં શી નવાઈ છે ? નરકમાં અનંતીવાર જઈ જઈ આના કરતા અનંતગુણી વેદના અસંખ્ય વર્ષો સુધી એકધારી સહન કરી છે. પશુ-પંખીના અવતારે દુશ્મન પશુ-પંખી કે શિકારી-પારધી-મચ્છીમારના હાથે પણ દારૂણ પીડાઓ સહી છે. મૃગલો થઈને સિંહ-વાઘના જડબામાં જામફળની જેમ બટકે બટકે ચવાયો ! માછલો થઈ મગરમચ્છના ક્રૂર તીક્ષ્ણ દાંતથી ત્રટક ત્રટક તોડાયો ! જીવતો છોલાયો ! પીડાની કોઈ અવધિ ? કોઈ નવાઈ છે ? સંસાર પીડાનું ઘર છે.

૧૦) સંસારમાં કઈ જાલીમ પીડા નથી સહી ? પરંતુ તે બધી પરાધીનપણે રોતા રોતા સહવી પડી, તેથી એમાંથી ગુણ ન થયો, લાભ ન થયો ને ભવના ફેરા ઊભા રહ્યા ! તે આજ સુધી ભટકતો આવ્યો છે. ત્યારે આજે પીડા આવી છે. તે તો પૂર્વની પીડા કરતા ઘણી હળવી છતાં, જો તું એ પીડાને સ્વેચ્છાથી વધાવી લે, સહી લે, તો ગુણ અપરંપાર છે ! બીજા કેટલાય લખલૂટ કર્મનો નાશ અને આત્મશુદ્ધિ સમૃદ્ધિની કમાઈનો મહાન લાભ મળે છે ! શૂળીનું

વિઘ્ન સોયથી પતે છે ! ખરેખર ભોગવીને અસંખ્ય કાળ સુધી કારમી વેદનાઓ સહવી પડે એવા કર્મ, અહીં આ પીડા સ્વેચ્છાએ સહી લેવામાં અને મન જરાય ન બગડવા દેવામાં, એમજ સાફ થઈ જાય છે ! ઉપરાંત મોક્ષ ન થાય ત્યાં સુધીના માટે પણ સદ્ગતિના ઊંચા પુણ્યાનુબંધી પુણ્ય ઊભા થાય છેં, આમાં ક્યાં ગુમાવવા જેવું છે જ ?

૧૧) તો હે વીરપુત્ર ! ચાલવા દે જે ચાલે તે. તું તારે બળવા સર્જેલા ઘરમાંથી જે ઝવેરાત હાથ કરી લેવાય તે કરી લે. નિર્ધારિત પીડારૂપી આગ ઓલવવાનો પ્રયત્ન નકામો છે, નિષ્ફળ છે, સમતા-સમાધિ, કર્મક્ષય વગેરે ઝવેરાત હાથ કરી લેવાનો પ્રયત્ન સફળ છે, સાર્થક છે, હાથ વેંતમાં જ છે. માત્ર મન સાબુત, સમજદાર, સાવધાન અને તત્ત્વસ્વરૂપ પર કેન્દ્રિત બને એટલું જ બસ છે.

૧૨) પુણ્યવાન ! જિન-શાસન પ્રાપ્તિનું મહાપુણ્ય મળ્યું તેની કદર કર. અતિ દુર્લભ શાસન મળ્યું છે, તો હવે એને જ આરાધી લેવાનું કરજે, બીજો વળગાડ તો તું ઈચ્છીશ તો પણ ટકવાનો નથી, ને શાસનને આરાધવાનું ટકી જશે. જેનો લાભ અચિંત્ય છે.

૧૩) કોહીનુર હીરા જેવું આ શાસન પાસે છે, તો પછી કાચના ટુકડા જેવી શરીર શાતા ન હોય તેમાં શું રોવાનું ? તારે તો શાસને ચીંધેલ, શાશ્વત સુખ, શાશ્વત સમૃદ્ધિને દેનારો રત્નત્રયી=દર્શન-જ્ઞાન-ચારિત્રનો માર્ગ હાથ પર જ છે એની જ સંભાળ કરવાની હોય.

૧૪) તારૂ આત્મ-સ્વરૂપ જોને, શરીરના કુચે-કુચા થવામાં પણ ક્યાં એનો એક પ્રદેશ પણ ખોરવાયો છે ? કે જો તું સાવધ હોય તો તેના દર્શન-જ્ઞાન-ચારિત્રને, એના ક્ષમાદિ ગુણોને, ને એના અધ્યાત્માદિ યોગને ક્યાંય આંચ આવે છે ? શા સારૂં નિજના સુંદર સ્વરૂપને વિસરી પર કાયાના વિનશ્વર સ્વરૂપમાં અટવાઈ જવું ? આથી ઉલટુ આત્મ સ્વરૂપ વધારે કલુષિત થાય છે. પરના વાંકે નિજને દંડ મા, પરની આઘી પાછીએ સ્વાત્માને આઘો પાછો કર ના. કષાયો-અસમાધિ-દુર્ધ્યાન-સંકલ્પ વિકલ્પો કરવામાં આત્મા દંડાય છે.

૧૫) તું તે કોણ ? કાયા કે આત્મા ? કાયા તો પર છે. એની સરભરામાં જાતને શા સારૂં વિડંબે ? જાગ જાગ. આત્માની અનંત શક્તિ છે. એ શક્તિને કાયાના સેવકો રાગદ્વેષ વગેરેનો વિધ્વંસ કરવામાં કામે લગાડી દે. કાયાના પર્યાય સામે ન જોતાં સ્વપર્યાય સામે જો. કાયા બળી, છોલાઈ, પીલાઈ, કપાઈ એ કાયાના પર્યાયમાં ફેરફાર થયો. એના પર્યાય બગડ્યા. એને આત્માના પર્યાય સાથે શો સંબંધ ?

જુઓ શુભ વિચાર કરવા છે ને ? તો આ લેખમાં કેટલા પ્રકારની વિચારણાઓ આવી ? ફરીથી યાદ કરી લો. જેની અનુપ્રેક્ષા સમાધિનું બળ પ્રગટાવશે.

૧. કાયા પાડોસી છે, એનું બળે છે તારૂં નહીં.

૨. કાયાનું બચાવ્યું પણ વિનશ્વર છે.

૩. કાયા પરનો ઉપદ્રવ એ કર્મ-ગુમડાનું નસ્તર છે.

૪. પીડા વેઠી લેવામાં કર્મ ઓછા જ થાય છે.

૫. ઉપદ્રવ કરનારો, કર્મ રોગ કાઢવામાં સહાયક છે.

૬. સામો આપણી કાયા નિમિત્તે વિશેષ પાપ બાંધે છે, માટે એ ખાસ દયાપાત્ર છે.

૭. દુઃખમાં મૂળ નિમિત્ત આપણાં જ કર્મ છે. તો સાવધાની રાખી નવાં કર્મ અટકાવવા.

૮. આઘાત પીડાનો નહિ, પણ અસંખ્ય જન્મના આપણાં કર્મ સમુહનો દુષ્કૃત્યોનો જોઈએ.

૯. પીડા તો નરક-તિર્યંચગતિમાં અનંતી ભોગવી, સંસાર પીડાનું ઘર છે. ત્યાં પીડાની શી નવાઈ છે ?

૧૦. અનિચ્છાએ જાલિમ પીડા સહન કરેલી, પણ એને આત્માને ગુણ ન કર્યો. સ્વેચ્છાએ થોડી પણ સહન કરેલી પીડા ગુણ કરે.

૧૧. પીડિત કાયા એ બળતું ઘર, એમાંથી કર્મ નિર્જરા અને રત્નત્રયી વૃદ્ધિનું ઝવેરાત કાઢી લે.

૧૨. શાસન પ્રાપ્તિની કદર કર, એજ ટકનારી વસ્તુ છે.

૧૩. એ કોહિનુર હીરો પાસે હોય, પછી કાચ ટુકડા સમી કાયા-માયા પાછળ શું રોવું?

૧૪. આત્મ સ્વરૂપ જો. એક પ્રદેશ ખેરવાતો નથી.

૧૫. પરના વાંકે સ્વાત્માને ન દંડ, ન બગાડ, પર-પર્યાય ભૂલી સ્વપર્યાયની ચિંતા કર.

મહાપુરૂષોએ ઉપદ્રવ-ઉપસર્ગો સહ્યા એની વચ્ચે જે ભવ્ય વિચારણાઓ કરી એ શોધીને આપણા દિલમાં અંકિત કરતા જઈએ તો મન એમાં કેટલું બધું સુંદર રીતે કામે લાગી જાય કે ફજુલ વિચારોને જગા જ ન રહે. આ મુદ્દાઓ જેમ વધુને વધુ ભાવિત્ કરશો તેમ સમતા-સમાધિનો લાભ મળશે. સહન કરવાનું પરાક્રમ પ્રગટશે.

# ૪. રોગ-પીડામાં સમાધિજનક ભાવના

હે જીવ ! જો તને રોગની, અપમાનની, પરાધીનતાની, દરિદ્રતાની કે એવી કોઈ પણ પીડા થતી હોય તો પૂર્વે તેવું કર્મ બાંધનાર એવા તારો જ દોષ છે. જીવને કદાપિ નહિ કરેલું એવું કર્મ ભોગવવું પડતું જ નથી. પૂર્વે કર્યું હોય તે જ ભોગવવું પડે છે. માટે હવે સમતા રાખ, અને નવું કર્મ ન બાંધ.

પૂર્વે બાંધેલું શુભ કે અશુભ કર્મ, પોતાનું કર્મ ભોગવવા માટે, તે તે શુભાશુભ ક્ષેત્ર-કાળ, સારૂં-ખરાબ શરીર,રોગ, કુટુંબ, નિર્ધનતા કે શ્રીમંતાઈ વગેરે સારી-ખોટી સામગ્રીનો જીવને યોગ કરાવે છે. અર્થાત્ હે જીવ ! તારી આ અવસ્થા, એ પૂર્વે બાંધેલા તારા કર્મોનું જ ફળ છે. 'બંધ સમયે ચિત્ત ચેતીએ, ઉદયે શો સંતાપ ?' એમ જ્ઞાની પુરુષો સાવધાન કરે છે.

એ રીતે તે તે ક્ષેત્ર-કાળ-શરીર-ધન વગેરે સામગ્રી દ્વારા તારૂં પૂર્વોપાર્જિત કર્મ પાક્યું છે - ઉદયમાં આવ્યું છે. તેને ભોગવતાં હે જીવ ! તું ક્ષણ માત્ર પણ દીન બનીશ નહિ. ધૈર્ય ધારણ કરી અને સહી લે ! સમતાથી સહન કરેલું તે છુટી જાય છે અને દીનતા કરવાથી પુનઃ બંધાય છે અને એથી ભાવિ દુઃખોનું મૂળ નંખાય છે.

કહ્યું છે કે, હે જીવ ! તું હમણા સમતા નહિ રાખે તો તારે પુનઃ આ દુઃખનો પરિપાક સહન કરવો પડશે, કારણ કે એકઠાં કરેલાં કર્મોનો વિના ભોગવ્યે નાશ થતો નથી, માટે સારૂં-ખોટું જે કર્મ ઉદયમાં આવે તેને 'સારૂં થયું કહે, હું કર્મથી છૂટીશ' એમ માની સહન કર ! આ માનવજીવન વિના બીજે ક્યાં તને આવો સારા-ખોટાનો વિવેક મળશે ? અર્થાત હે જીવ ! આવી સમતા પૂર્વક સુખ-દુઃખને ભોગવવાનો વિવેક ઘણો દુર્લભ છે, એ વિવેકના અભાવે તો જીવે વધારે ને વધારે કર્મો બાંધીને કર્મોના દેવાનો ભાર વધારી મૂક્યો છે. માટે જ યોગીઓને કહેવું પડે છે કે, ''મૂલડો થોડો ભાઈ વ્યાજડો ઘણો રે, કેમ કરી દીધેલો જાય'' અર્થાત્ અવ્યવહાર રાશીનું અલ્પ કર્મનું દેવું ચૂકવવા, વ્યવહાર રાશીમાં આવેલા જીવને એટલું બધું કર્મ વધી ગયું કે મૂળ ચૂકવતાં ચૂકવતાં વ્યાજના દબાણમાં ઘણો દબાઈ ગયો, માટે વિવેક એ મહારત્ન છે. તે અહીં જ મળ્યો છે. તો હવે થોડી સમતા કેળવ કે જેથી દેવું પૂરૂં થાય.

હે જીવ ! આપત્તિમાં પણ તારે ધૈર્ય રાખવું જોઈએ કારણ કે એજ સત્પુરૂષોનું લક્ષણ છે. વાવાઝોડામં ઝાડો કંપે છે, પર્વતો જરા પણ ચલાયમાન થતા નથી. એમ સત્ત્વશાળી જીવો આપત્તિમાં ખૂબ ધૈર્ય રાખી પસાર થાય છે.

ઘાસનો પુંજ અગ્નિથી નાશ પામે તેમ ધર્મથી કર્મનો નાશ થાય છે, અર્થાત્ શુભ ધ્યાન એ ધર્મનું મૂળ છે માટે શુભ ધ્યાનને હૈયામાં ધારણ કર. એનાથી આ

તારી સર્વ પીડા નાશ પામશે એ અનુભવથી સમજાશે.

મનોવાંછિત આપનારૂં સમ્યક્ત્વ રત્ન તારૂં નિશ્ચલ છે તો આપત્તિ રૂપી તાવને નાશ કરવામાં રસાયણ સરખું એ સમ્યક્ત્વ (જડ-ચેતનનો વિવેક) તારૂં રક્ષણ કરશે. શા માટે દીન બની બીજા ઔષધાદિની આશા કરવી જોઈએ ? એમાંનું કોઈ તારી રક્ષા કરે તેમ નથી. તારૂં સમકિત પૂર્વકનું આત્મભાન તને અત્યારે સહાય કરે એમ છે તેને તું ભૂલીશ નહિ.

આ પીડા તો કર્મરૂપ શત્રુને જીતવા માટે સેના સરખી છે, તારો વિજય કરાવનારી છે. માટે સહન કરવા યોગ્ય છે, એમ વિચારીને સત્ત્વ કેળવીને હે જીવ ! તું શરીર ઉપરની મૂર્છા ઉઠાવી લે અને અવસર પામીને કાયાને વોસિરાવી દે. મમત્વના ત્યાગથી સમાધિનો લાભ અને તેનાથી પરમગતિનો લાભ સુલભ બને છે.

## ૫. ગ્લાન આત્માનું ભાવ ઔષધ

જગતના સઘળાય કેલેન્ડરોમાંથી એક તારીખ ખરી પડે છે; આજે જ ખરી છે એમ નથી, રોજ એક તારીખ ખરતી જાય છે. વર્ષો, યુગો, સૈકાઓ અને અબજો તથા અનંતની સંખ્યાનો કાળ પસાર થઈ ગયો. હજુ ય તારીખ ખર્યા કરે છે. રોજનો નિયમિત ક્રમ છે.

શું ? રોજ એક તારીખ ખરે છે ? હા, રોજ પ્રાણીમાત્રનો એક દિવસ જીવનમાંથી ખરે છે.

પણ એ ખરનાર દેહ છે. એ આયુષ્ય દેહના છે. એ ફેરફાર દેહના છે. આત્મા ખરતો નથી. તેનો એક પ્રદેશ પણ ખરતો નથી. એ તો એમને એમ એને નસીબે આવેલા ખાંણિયામાં પડ્યો રહે છે.

એટલે અમર અને અચલ એવા આ આત્માનું લક્ષ પામનાર જ સુજ્ઞ કહેવાય છે, ખરતા ખોખાની માયામાં મોહનાર આત્મા અનંત સિદ્ધ પરમાત્માની દષ્ટિમાં અજ્ઞાન અને મૂઢની પંક્તિમાં ગણાય છે. એ નક્કર હકીકતને જરાય વિસરવા જેવી નથી. શાસ્ત્રોમાં તો શરીરને ધર્મના આદ્ય સાધન તરીકે જણાવ્યું છે, પણ એને જીવન પ્રવૃત્તિનું સાધ્ય નથી કહ્યું. શ્રદ્ધાનો દીપક ઝળહળતો હોય તો શાસ્ત્રોની આ હકીકત જરાક વિચાર કરતાં હરકોઈનાં અંતરમાં ઉતરી જાય તેમ છે.

આજનું માનસશાસ્ત્ર, આજના વૈજ્ઞાનિકો, આજનું પ્રગતિશીલ જગત-બધાય શરીરને એક બંધન રૂપે જ સ્વીકારે છે. તેઓ કહે છે કે 'જીવનનો ૩/૪ ભાગ શરીરની ચિંતામાં માનવ બરબાદ કરે છે.

આપણાં જીવનના મુખ્ય અંગો ત્રણ છે. શરીર, આત્મા અને મન. મનને આપણે એક મોટી નહેર કહીશું. શરીરની મૂચ્છાને યમુના કહીશું. આત્માને ગંગા

કહીશું. પ્રકાશ, પુરૂષાર્થ અને પ્રારબ્ધના નિર્મળ જળ આ ગંગામાંથી વહે છે, મનની નહેરમાં પહોંચે છે. વેગ સબળ છે. એના પૂર હેરત પમાડે તેવા છે. એનો ધસારો ઘણોજ જોરમાં છે, પણ ગંગાના નિર્મળ જળનો જ ધસારો આ નહેરમાં હોત તો સંતોની ભૂમિ સર્વત્ર જોવા મળી જાત પણ બીજી બાજુથી શરીર-મૂર્ચ્છાની યમુનાની નિરાશા, નિરુત્સાહિતા અને બહિર્મુખતાના કાળા પાણી પણ નહેરમાં ધસી આવે છે. ગંગા-જમનાના નિર્મળ અને મલિન જળો ભટકાય છે. પાણી ઉંચા આભ સુધી ઉછળે છે. અંતે નિર્મળ જલ મલિન બને છે. ગંગાની નિર્મળતા એટલે કે આત્માનું સત્ત્વ; આ યમુનાની મલિનતા એટલે કે કાયાની ગુલામી, તેમાં પેલા નિર્મળ જળ પરિણમી જાય છે. ગંગા યમુનાને નિર્મળ ન બનાવી શકી, પણ યમુનાએ તો ગંગાને મલિન બનાવી દીધી.

પણ ખામોશ ! એ કાયાની પાછળ આપણી જીવન સંપત્તિ ન ખર્ચાઈ જાય. મનનો સારો કે નરસો પ્રત્યેક વિચાર કાયા પર કે આત્મા પર કોઈને કોઈ અસર ઉત્પન્ન કરે જ છે તે ભૂલશો નહિ. નરસા વિચારો મનને ધીમે ધીમે નિર્બળ બનાવતા જાય છે. ચોવીસ કલાકમાં મુશ્કેલીથી એક કલાક પણ કાયા પાછળ ધ્યાન આપનાર વ્યક્તિ ધીમે ધીમે ચોવીશ કલાકની કાયાની ગુલામીભરી નોકરી બજાવવા લાગે છે. એક વખત કાયાના સુખની વિચારણાઓ કરવાની મન ટેવ પાડે છે પછી એ ટેવ કદી પણ ખસતી નથી, અને ખસે છે તો બહુ જ મુશ્કેલીથી.

શરીરની સુખશીલતાની નિરપેક્ષતા જ શરીરને સારૂં રાખશે, શરીરની ચિંતા કર્યા કરવાથી શરીરની સુધારણા હાથમાં આવતી નથી, બલ્કે આત્મસમાધિનો વિનાશ સામે જ દેખાવા લાગે છે. ભલે શરીર કદાચ ન પણ સુધરે તો પણ સમાધિનો નાશ નોતરવાની જરૂર નથી.

શું કરવું છે શરીરથી ? સાધના જ ને ? તો જે શરીર છે અને જેવું શરીર છે, તેનાથી માનસિક સમાધિની અપૂર્વ સાધના ન કરી શકો ? શરીરની સુંદરતા અને સગવડો તો વાસનાના ક્ષેત્રોને બહોળું કરે છે. જૈન શાસન તો કહે છે કે આત્માનું વીર્ય ત્યાગ-તપ સ્વાધ્યાય-ધ્યાન-વિનય-વૈયાવચ્ચ આદિમાં ફોરવી શરીર પાસેથી કામ કાઢી લેવાનું છે.... આમાં શરીરના રસકસ ઓછા થતાં હોય તો ગભરાવાનું શું છે ? ઉલ્ટું વાસનાના ભૂત એની મેળે દૂર રહે એ તો ચમત્કાર કહેવાય, ભલે તમે ગ્લાન અવસ્થાથી રસકસ વિનાના થયા તો પણ શું થયું ? રસકસ વધારવાની ચિંતા કરવાની જરૂર શી છે ? મન તો તમારૂં સશક્ત છે જ, એની સાબિતી વિરૂદ્ધ કોટિના વિચારોનો પ્રભાવ છે. એવા ચકોર મનની શક્તિને આત્માના વિચારો તરફ વાળી દેવામાં આવે તો તમને એમ નથી લાગતું કે આનંદમાં અને નિરપેક્ષભાવમાં જીવન પસાર થઈ શકે !

શરીરની ચિંતાથી મુક્ત થઈ જવાનું એટલે શરીરની ચિંતા પાછળ સંકલ્પ-વિકલ્પ-આર્તધ્યાનથી બરબાદ થતાં ઢગલા બંધ કલાકોની મુક્તિ પામવાની. એ કલાકોનો હવે સદુપયોગ કરવામાં આવે તો ગ્લાન કાયાનું જીવન ધન્ય બને ! એક જ શરીરની રક્ષા કરવાનો તમારો આ સાધના-જીવનનો ઉદ્દેશ છે કે અનેક શરીરોની અનુત્પત્તિ એ ઉદ્દેશ છે ?

અનેક ઉત્પન્ન થનારા શરીરોની અનુત્પત્તિ તો ત્યારે જ સિદ્ધ થશે જ્યારે તમે આ ઉત્પન્ન થઈ ગયેલા ખોખાથી બેફીકર રહેશો. એના પર્યાયો જે રીતના થયા કરવાના હશે તેવા થયા કરશે એવો સાપેક્ષ વિચાર મનમાં સ્થિર કરી દઈ તમારા આતમરામની સાથે તમે વાતો ન કરી શકો ? સબૂર, મૃત્યુ અનિવાર્ય છે. કાલે આવતું હોય તો ભલે આજે આવે. અરે ! પ્રતિક્ષણ એને વધાવી લેવા તૈયાર રહેતા શીખો, ગભરાશો નહિ. મૃત્યુ આ શરીરનાજ છે. દગાબાજ ખોખું જ નિશ્ચેષ્ટ બનવાનું છે. સર્વ શક્તિ સંપન્ન તમારા આત્માનો તો એક પ્રદેશ પણ મરવાનો નથી. તમારા સક્રિય ઉદાત્ત અને અવશ્ય ફલપ્રદ મહાન ધર્મ પુરૂષાર્થ મરવાના નથી. એ તો તમારી સાથે આવશે. અને સારૂં સ્થાન મેળવી આપશે.

શરીર તમારૂં છે એ વાત ભૂલી જાઓ. વર્ષોથી તમારૂં માનવા છતાં એ તમારૂં કહ્યું, તમારૂં ધાર્યું તમારી ઈચ્છા મુજબ કામ કરતું નથી. એજ તમને દગો દઈ રહ્યું છે. હવે એને ભૂલી જાઓ.

એ અજ્ઞાનના સીમાડાથી દૂર ભાગો, એ પરાધીનતાની બેડી જ્ઞાનબળે તોડી નાખો. દગાબાજ શરીરની મૈત્રી મનને દગો દઈ રહી છે. આત્મ સાધનાની આડે હાથે ચોરી કરીને જુગ જુની ભ્રમણાઓને સત્ય ઠરાવી રહી છે. હવે એની માયા મૂકો. એ વિશ્વાસઘાતક શરીરને જવું હોય તો જવા દો. પણ અમર આત્માના સત્ત્વ નથી જવા દેવાના. શરીરને રાત ને દિવસ આધીન રહેલા મનને નિરપેક્ષતાની ભાવનાઓથી બળવાન કરવાથી એ આત્મ સત્ત્વમાં ભરતી આવશે એ ભૂલશો નહિ. સત્ત્વ જાગે એટલે મોહને ભાગવું પડે. તમારો વિજય થશે.

મહાઘાતકી દ્દઢપ્રહારીએ શરીરની કાણી કોઠી ખાતર, શરીરના માન ખાતર જીવનભર હત્યાકાંડ મચાવ્યો. એમાં એકદિ પાપના તીવ્ર પશ્ચાતાપે કરૂણા જાગી અને વીતરાગદેવને પામ્યા તો દગાબાજ શરીરથી બરોબર છ મહિના સુધી સંયમની અને સમતાની જ્વલંત સાધનાથી દુઃખોને સહી લીધા અને આત્મ સત્વ પ્રગટ કરી દીધું. દ્રઢપ્રહારી મહાત્મા બન્યા.

વર્ષો સુધી વાસનામાં લીન બનેલા, શરીરની ટાપટીપોમાં રચ્યા પચ્યા રહેલા સ્થૂલભદ્રે આત્મસત્ત્વ પ્રગટ કર્યું તો સઘળું ય ભૂલ્યા, અદ્‌ભૂત સંયમની એક મનથી સાધના કરી મોહ વિજેતા બની ગયા.

સ્વર્ગીય સુખોના ભોક્તા શાલિભદ્રનું સુકુમાર શરીર એકવાર સંયમના ધાર ઉપર ચડી ગયું. સુકાયું-શોષાયું. એના રસ કસ, બધાય રાગ વિનાશક બન્યા. અરે, હદ થઈ ગઈ. વૈભારગિરિની શીલા ઉપર દગાબાજ શરીરને અનશન કરી વોસિરાવી દીધું. આત્મ સત્ત્વ પ્રગટ થતાં જ મહામુનિએ મોહ મમતાનું પોષણ કરનારા શરીરને સૌથી પહેલું ગુનેગાર તરીકે જાહેર કર્યું અને કેમ જાણે મોહને ખત્મ કરવા એની પાસેથી ત્યાગ-તપની મોક્ષ સાધનાથી આત્મ સાધ્ય સાધી લીધું.

તમે સંયમી છો, આરાધક છો. તો શરીરની ચિંતામાં ન પડશો. તમારા પૂર્વ મહર્ષિઓ તમને તેમ કરવાની સાફ ના પડે છે. જુઓ ઘાણીમાં પીલાતા મોતને હસતે મોઢે સહી લેવાનું ખંધકસૂરિજીના ૫૦૦ શિષ્યો કહે છે. કાયાની ગુલામીને સાપની કાંચળીની જેમ ઉતારી નાખવાનું ધન્ના અણગાર કહે છે. બાલ અઈમુત્તાજી કાયભીરૂ બનવાનું નહિ પણ પાપભીરૂ બનવાનું કહે છે. ભયંકર કર્મબંધ કે અનુબંધને એક જ ક્ષણમાં અપૂર્વ અધ્યવસાયની શુદ્ધિથી તોડી નાખવાનું આત્મામાં સામર્થ્ય છે એ હકીકત ઘોર પરિષહોને સહન કરતાં રાજર્ષિ પ્રસન્નચંદ્ર કહી જાય છે કે સાવધાન બની જાઓ. પ્રમાદના અને સુખશીલતાના પાશથી મુક્ત બનો. દેહાતીત આત્મસ્વરૂપની ભાવનામાં વારંવાર રત બનો.

સંયમ જીવનના સ્વીકારનો અપૂર્વ પુણ્યદિન યાદ કરો. કાયાની માયાનું મોત તેજ દિવસે થયેલું હતું. આત્મસત્ત્વનો જન્મ પણ તેજ દિવસે થયો હતો, હવે આજે કાયાના મોતની ચિંતા જ ક્યાં રહી ? એ હોય તોય આપણે તો એને મરેલી સમજીને આ ભેખ લીધો છે, એની ચિંતા કર્યા કરીએ તો ભેખની વેઠ ઉતારવા જેવું ભયંકર પાપ શું ન બંધાય ?

હા, કાયાની મમતાનું મોત હવે નવું તો થવાનું નથી. એ તો સાધનાની શરૂઆતથી થઈ ચૂક્યું છે. હવે તો જન્મેલ આત્મ સત્ત્વ મરે છે, ત્યાગ ભાવનાનું સત્ત્વ મરે છે. અહા, ભડવીર સૈનિક જેવા સત્ત્વો મરતાં જાય એજ દુઃખદ હકીકત નથી ? ઉગારો, ટપોટપ ખરી જતાં એ સત્ત્વ સુભટોને બચાવો, કમર કસો, જરા આળસ મરડો. ઉભા થાઓ. એક પણ સત્ત્વ મરે એ જ શોચનીય વસ્તુ નથી ? કુટિલ દગાબાજ મરી પરવારેલી કાયાનો, અરે, જીવતા મડદાનો એક પણ વિચાર ન કરવાનો અફર નિર્ણય કરો. સંસારના કારાવાસમાંથી શાસ્ત્ર વાણીના અપૂર્વ પ્રકાશથી જે વીતરાગ દેવોએ તમને બચાવી લીધા છે એની પાસે જાઓ. એમની મૂર્તિમાં એમનું સિદ્ધ સ્વરૂપ નીરખો. એમની સાધનાઓનો ઈતિહાસ સદ્‌ગુરૂ પાસેથી જાણો... પરમાનંદ સ્વરૂપ પ્રાપ્તિના મંગલમય તત્ત્વોને જીવનમાં વણી લો. ત્યાગ-વૈરાગ્યના બળે સંવેગનિર્વેદની વૃદ્ધિ કરો. અનાદિનો દેહાધ્યાસ છૂટી જશે અને

આત્મા પરમાત્મા સ્વરૂપ બની જશે. પછી નહીં જન્મ અને નહીં મરણ. આત્મસત્ત્વનું કેટલું સુંદર પરિણામ !

## ૬. બિમાર ને પ્રેરણાનું પાવરફૂલ ઈંજેક્શન

શારીરિક માંદગીને ક્યારે પણ વધારે પડતું મહત્વ આપીશ નહિ. આપણે તો એ શાલિભદ્રના વંશજ છીએ કે જે શાલિભદ્ર રોજ દેવલોકમાંથી ઉતરતી ૯૯ પેટીઓની સામગ્રીને ભોગવીને તે સામગ્રી બીજે દિવસે કૂવામાં નાંખી દેતા.

દેવતાઈ ભોગોને ભોગવવા છતાં સાકર પરની માખીની જેમ નિર્લેપ રહી. અભૂતપૂર્વ સામગ્રીઓનો અદ્ભૂત રીતે ત્યાગ કરીને શ્રમણ જીવનને વ્હાલું કર્યું.

શ્રમણ જીવનની પ્રાપ્તિ પછી દેહની સામે જોયા વગર ત્યાગ-તપમાં અદ્વિતીય પ્રગતિ સાધી. અંત સમયે વૈભારગિરિ પર અણસણ ઝૂકાવી તેમણે પોતાનો મોક્ષ નક્કી કરી લીધો, તેમના પરાક્રમી વંશજ થવાનું સદ્ભાગ્ય આપણને પ્રાપ્ત થયું છે. ચિંતામણી રત્ન હાથમાં આવ્યા પછી કયો મૂર્ખ રોટીના બે ટૂકડા માટે ભીખ માંગે ? આપણને તો ચિંતામણી રત્નથી પણ અધિક મહિમાવાળું શ્રી વીતરાગદેવનું શાસન મળ્યું છે, કે જેની પ્રાપ્તિ જગતના મોટા ભાગનાં જીવોને થઈ નથી. વીતરાગદેવ, તેમના શાસનને ચાલવનાર ગુરુ મહારાજ, આ બધાનો સુયોગ પુણ્યશાળીને જ થાય.

સાડા ત્રણ અબજ જનતાનું પ્રતિનિધિત્વ ધરાવનારા લોકસભાનાં સભ્યો પોતાનું ગૌરવ માને છે કે અમે પાર્લામેન્ટના સભ્યો છીએ. જ્યારે આપણે ચૌદ રાજલોકનું પ્રતિનિધિત્વ ધરાવનારા જૈન શાસનનાં સભ્યો છીએ. તો આપણાં દિલમાં પણ ગૌરવ જોઈએ કે અમે જૈન શાસનના સભ્યો છીએ. એની ખુમારી અદ્ભૂત સ્વસ્થતા આપશે એ કદાપિ ન ભૂલીશ.

અનંતીવાર પરાધીનપણે વેઠેલ દુઃખે આપણાં શરીરને વધારે દુઃખ નક્કી કરી આપ્યું, જ્યારે સ્વાધીનપણે વેઠેલું દુઃખ અનંત કાળ સુધી સુખ આપ્યા જ કરે છે.

આખી દુનિયાને સમય જતાં શરીર તો ઘસાય છે, પણ એ ઘસારામાં સુકૃતની કમાણી કરનારા કેટલા ? ત્યારે તમે મહાન સુકૃત કમાયા અને કમાઈ રહ્યા છો માટે શરીરનાં ઘસારાને જરાયે રોતાં નહિ. સુકૃતની જ વારંવાર અનુમોદના કરજો, જેથી ભવાંતરે ચારિત્ર સહેલું થાય, વળી જે પ્રભુ અને એમના શાસનને લીધે એ મળે છે તે પામતાં મસ્ત રહેજો.

ભૂલશો નહિ, નાશવંત આયુષ્ય, નાશવંત કાયા, નાશવંત સંસારનું સુખ, આ બધા નાશવંતના ઢીલા પડવા પર જરાય રોદણાં રોશો નહિ. જે નાશવંત છે તે શાનાં અમર ચાલે ? તો પછી એ એનો ભાવ ભજવે એનાં પર રોવું શું ?

સંસારના સહરા-રણ પ્રદેશમાં જિનેશ્વર પ્રભુનો ધર્મ એ તો મીઠાં પાણીની પરબ છે. એ મળ્યાથી ભારે સંતોષ માનવાનો. ધર્મની આરાધના એ અવિનાશી આત્મા માટે અવિનાશી સંપત્તિ બને છે. એજ ભવાંતરે જવાબ આપે છે પણ નાશવંત શરીર કે સગવડ વગેરે નહિ.

અનંત જ્ઞાનનો, અનંત સુખનો માલિક આપણો આત્મા પૂર્વકૃત કર્મોદયે આપણો એ અવિનાશી આત્મા સંકટોની સંકડામણમાં અટવાઈ જાય છે. એ સંકટોની સંકડામણમાંથી આત્માની અખંડ પ્રસન્નતા જાળવી રાખવી તે ખરી બહાદુરી છે.

**સંકટના સૈન્ય ભલે જીવને ઘેરી વળે !**
**સુખની સંભાવના છો ને સુદૂર રહે !**
**રાખજે પ્રસન્નતા છતાં પણ**
**ઓ માનવી ! જીવનને જીવી જાણ.**

મહાવીરના ઓ સંતાન ! ગભરાઈશ નહિ, આત્મવીર્યનો ત્યાગ કરીશ નહિ. મનને જરા પણ નબળું પડવા દઈશ નહિ. જો જીવનને જીવી જાણવું હોય તો, મેળેલા માનવ જીવનનાં કિંમતી પત્થરમાંથી બેનમૂન કલાકૃતિનું સર્જન કરી જાણવું હોય તો દુઃખોને હસતે મોઢે આવકારજે... આવી જાવ... જેને મારી સાથે યુદ્ધ કરવું હોય તે તૈયાર છું. મારી શક્તિ તમે બધાં કેટલી કલ્પો છો ? અનંત પુણ્યના સ્વામી અરિહંતને મેં મારા નાથ તરીકે સ્વીકાર્યા છે. સદાય મોક્ષમાર્ગની આરાધનામાં મગ્ન એવા સાધુ ભગવંતોની મને હુંફ છે, સર્વ ગુણ સંપત્તિદાયક વીતરાગના ધર્મનું અમૃત મારી નસેનસમાં વહી રહ્યું છે. આટલી શક્તિના માલિક એવા મને તમે ગભરાવો છો ? ગભરાય એ બીજા... હું તો એ મહાવીરનો પુત્ર છું, કે જે મહાવીરે પોતાના ઉપર ભયંકર ઉપદ્રવો વરસાવનાર સંગમ દેવતા પર પણ કરુણાના આંસુ વહાવ્યા હતાં.....

એ અરણિક અણગારનો હું વંશજ છું કે જે અરણિક અણગારે પોતાની પ્રાણ પ્યારી કાયાને અંત સમયે ધગધગતી શીલા પર સૂવડાવી દીધી હતી. પેલા દઢ પ્રહારી મહાત્માને તું જાણે છે ? બાળહત્યા, સ્ત્રીહત્યા, બ્રહ્મહત્યા, ગૌહત્યા.... ચાર ચાર આત્માની હત્યા કર્યા બાદ પશ્ચાત્તાપ થવાથી આપઘાતના માર્ગે જઈ રહ્યા હતા..... રસ્તામાં મુનિ મળ્યા... ક્યાં જાય છે ? મહારાજ ! ભયંકર પાપી છું... આ દુનિયામાં મારા જેવો પાપી કે દુઃખી બીજો કોઈ નહિ હોય... માટે મરવા જાઉં છું.... મુનિ કહે, 'મહાનુભાવ ! તું મરીશ પણ તારા પાપો નહિ મરે. પાપને માર્યા વિના મરણને સ્વીકારી લેનારના પરલોકમાં ભયંકર બેહાલ થાય છે. મહાનુભાવ ! પાપને મારી મરવાનું સર્વ શ્રેષ્ઠ જીવન આ માનવ ભવ ! તેને પામ્યા પછી પણ આટલી દીનતા ? મરણને પણ મહોત્સવમય બનાવી જાણવું હોય તો આ જ પળથી

જે આનંદથી અને ઉલ્લાસથી પાપ કર્યા છે તેના કરતાં બમણાં ઉલ્લાસથી પાપને મારવાનું શરૂ કરી દે. જાણો છો એ દઢપ્રહારી મહાત્માએ શું કર્યું ? સર્વ વિરતિનો સર્વ શ્રેષ્ઠ માર્ગ અંગીકાર કરી પાપને મારવાનું કાર્ય આરંભી દીધું અને અંતે મૃત્યુને મહોત્સવમય બનાવી આત્મસિદ્ધિની પ્રાપ્તિ કરી.... માનવ ભવની પ્રાપ્તિને સફળ બનાવી જાણી.... એ જ અનંત શક્તિનો માલિક આપણો આત્મા છે... જરાય દીનતા લાવીશ નહિ. માનવ ભવ તો અનેક ભવોનું મૃત્યુ દૂર કરવા માટે છે. અનંત કાળના કુસંસ્કારોને જડમૂળમાંથી ઉખેડી દેવા માટેનો સર્વ શ્રેષ્ઠ આ ભવ છે. જાગૃત બની સત્ત્વશીલ બનજો. આવા અતિ-ઉત્તમ માનવભવને પામી, જિનશાસનની આરાધના કરી-કરાવી-અનુમોદી સત્ત્વથી મોહની સામે ઝઝુમી અજર-અમર બનો.

## ૭. જીવનથી કંટાળશો નહિ, મરણથી ડરશો નહિ

જીવનનો કંટાળો અને મરણનો ડર બન્ને લાગણીઓ અપ્રશસ્ત છે, ખરાબ છે. એ હટાવવા શું કરવું ? એ જોઈએ :-

આપત્તિઓ, દુઃખો અને અપમાનોના લીધે જીવનથી કંટાળનારાએ વિચારવું જોઈએ કે કંટાળ્યા પ્રમાણે અહીં જીવન પુરૂ થયું તો પણ આગળ જીવન કેવું મળશે એની શી ખબર ? શું ત્યાં દુઃખ-આપત્તિ-અપમાન નહિ આવે ? અરે ! અહિં કરતા ભયંકર ન જ આવે એની શી ખાતરી ?

આ વિચાર-વિવેક હોય તો મનને એમ થાય કે પરલોક કરતાં અહીં સારૂં છે, પરલોકમાં નરક કે તિર્યંચ ગતિમાં પટકાઈ ગયા તો દુઃખ ત્રાસ-અપમાનનો પાર નહિ રહે, ત્યારે આવા સુંદર મનુષ્ય ભવથી કંટાળી આર્તધ્યાન કરનારને ફરીથી મનુષ્ય ભવ કે દેવ ભવ મળવો તો ક્યાંય રેઢો પડ્યો છે કે મળે ? મળે નરક-તિર્યંચનો ભવ અને એની અપેક્ષાએ અહીંના દુઃખો કોઈ મોટા નથી. તો શા સારૂં જીવનથી કંટાળવું ?

બીજો એ પણ વિચાર આવે કે દુઃખ આપત્તિ તો એટલા પૂર્વના કર્મ ઓછા કરી આપે છે. અને એને પરિષહ તરીકે શાંતિથી વધાવી લેવામાં સંવર સાધના છે, અને એ કષ્ટ સ્વેચ્છાથી સહી લેવામાં નિર્જરા સાધના છે. એથી નવાં કર્મબંધની અટકાયત તથા જૂના કર્મોના ક્ષયનો લાભ મળે છે. પછી જીવનથી કંટાળવું શા માટે ? બીજા જીવનમાં કોને ખબર કે કષ્ટ વખતે આ સમતાના ભાવો આવશે કે કેમ ? માટે આ કષ્ટ આપત્તિઓ અહીં આવે સારા.

તેમ એ પણ વિચાર આવે કે ભલે દુઃખ-આપત્તિ લાખ આવી તો પણ મારે દેવાધિદેવ અરિહંત પ્રભુનું સ્મરણ-દર્શન-વંદન-પૂજન-ગુણગાન-આજ્ઞાપાલન-નવકાર તથા સંયોગાનુસાર જીવદયા આદિ સાધવાનું સાલમત છે. જે અહીંથી પછીના

જીવનમાં મળે કે કેમ એની શી ખાતરી ? તો આ આવા અનુપમ લાભપ્રદ જીવનથી કંટાળું શા માટે ? મહા પક્ષઘાત જેવા દરદ કે સાવ નિર્મળ મગજમાં પણ કમમાં કમ સમવસરણસ્થ કે મંદિરસ્થ અરિહંતનું ધ્યાન રહી શકે. તેમ જ પાપોના ત્યાગની પ્રતિજ્ઞા લઈ શકે. અને આ લાભ પણ અદ્‌ભુત છે. પરંતુ એ જીવનનો જો અંત આણ્યો તો પછી ક્યાં મળે ?

ત્યારે એક મહત્વનો વિચાર એ છે કે દુઃખ આપત્તિ, પૂર્વના દુષ્કૃત્યનું અને ભગવાનને ઓછા ભજ્યાનું સુચવે છે. તો અહીં એ પાપના પ્રાયશ્ચિત રૂપે યથાશક્તિ ધર્મ સાધવા માટે આ જીવન તો મહાન તક રૂપ છે.એનાથી કંટાળવાનું હોય ? કે જીવન ચાલે ત્યાં સુધી વિચાર-વાણી-વર્તાવથી ધર્મ સાધ્યો જવાનો હોય ?

આ તો દુઃખ આપત્તિથી કંટાળનારની વાત થઈ. હવે જે જીવનમાં એવા કોઈ પાપાચરણ થઈ જવાથી જીવન પર કંટાળે છે. એણે પણ સમજવું જોઈએ કે જો પાપ ખરેખર ડંખે છે તો મરી જવા માત્રથી પાપ નહિ અટકે, કેમકે પાપ કરાવનાર કુસંસ્કાર ઉભા રહી પછીના જીવનમાં પાપ કરાવતા રહેશે. એટલે ખરૂં કર્તવ્ય તો આ છે કે અહિં જીવંત છે ત્યાં સુધી ભલે દુઃખ આપત્તિમાં પણ વિચારથી, વાણીથી અને શક્ય તન-ધનથી એક યા બીજા પ્રકારની ધર્મ સાધના કરતાં રહેવું.

ધ્યાનમાં રહે કે માનવ-જીવન પાપોના નાશ અને સુકૃતોની સાધના માટે એક માત્ર શ્રેષ્ઠ જીવન છે. જીવન દ્વારા આ કાર્ય સારી રીતે બજાવ્યા વિના એમ જ મરી જવાથી જીવનનું મૃત્યું નહિ થાય અને પાપોને માર્યા વિના મરનારના પરલોકે બેહાલ છે. જ્યારે પાપોને મારીને મરનાર ન્યાલ થઈ જાય છે. માટે તો મહાપુરૂષો જ્યાં સુધી દેહે કામ આપ્યું ત્યાં સુધી જીવતા રહી પાપક્ષય અને સુકૃત સાધનાઓ કર્યે ગયા પણ એમણે વહેલાથી એકદમ અંતિમ અનશન ન કરી લીધું, નહિંતર એ કરવું જો ડહાપણ ભર્યું હોત તો એ જંગે બહાદુર હતાં. ચારિત્ર લઈને સીધું અંતિમ અનશન ઝુકાવી શકત પરંતુ એમાં તો જીવન ચાલુ રાખીને જે વિવિધ સાધનાઓ દ્વારા પાપક્ષય અને સુકૃત કમાણી કરી શકાય એનો પછી અવકાશ જ ક્યાં રહેત ?

સારાંશ જીવન હયાત છે, ત્યાં સુધી જ પાપ-પશ્ચાતાપ-પ્રાયશ્ચિત્ત અને બહુવિધ સુકૃત-સાધનાઓને અવકાશ છે. એમ આ જીવનને બહુ કિંમતી સમજી એના પર ન કંટાળતા. પાપાચરણની વૃત્તિ સામે ઝગડતા રહેવાનું અને સાધનાઓ કર્યે જવાની.

મરણનો ડર કાઢી નાખવા એ વિચારવું કે મૃત્યુ એક વાર તો અવશ્યં ભાવી છે. પણ ડર શા માટે ? ડરથી કાંઈ મૃત્યુ અટકે નહિ. મૃત્યુથી ડરવાને બદલે ચિત્તની અસમાધિથી ડરતા રહેવું રખેને અસમાધિથી આકુળતા વ્યાકુળતા થાય તો ? એથી

તો ગતિ બગડી જાય. તેથી મૃત્યુ ગમે ત્યારે ભલે આવો, પણ મારી સમાધિ કાયમ રહો.

આ ભાવ કેળવવાથી મૃત્યુ બગડતું નથી. સમાધિમાં મૃત્યુ થાય. સદ્ગતિ અને શુભ પરંપરા મળે છે. તો... એ લાવનાર મૃત્યુ ભલે આવો એમ કરી મૃત્યુ સામે નીડરતાથી સામનો કરવો. મૃત્યુના ડરથી વારંવાર દુર્ધ્યાન થાય છે અને જ્યારે ખરેખર મૃત્યુ આવે ત્યારે એ ડરના લીધે ચિત્ત ક્લેશમાં હોય છે ને એ વખતે અતિ જરૂરી સમાધિ, ઉપશમ-ઉદાસીનભાવ ગુમાવે છે. માટે મૃત્યુ તરફ નિર્ભયતા કેળવવી પણ ડરવું નહિ, કે કાયર-દીન બનવું નહિ.

## ૮. માંદગીમાં મનની માવજત

૧. આત્મન્ આજે તને જે માંદગી પ્રાપ્ત થઈ છે તેમાં દોષ તો તેં જ બાંધેલા પૂર્વ કર્મોનો છે. સાંસારિક ભાવમાં અંજાઈ જઈને, તારી જાતને વિસરી જઈને, તેં પાપ-વિચારો કરી નાંખ્યાં અને પાપકર્મ બંધાઈ ગયું. ઘણા સમય સુધી આ કર્મ તારા આત્મામાં એમને એમ શાન્ત પડી રહ્યું. આ વખતે પણ જો સાન ઠેકાણે રાખીને તેં ધર્મ સાધના કરી લીધી હોત તો તે કર્મ કદાચ ઊખડી જાત અને બહાર ફેંકાઈ જાત. પણ ગાફેલ રહ્યો. કર્મ પડી રહ્યું.

હવે આજે એ ઉદય માં આવી ચૂક્યું છે. એ કર્મ તને રોવડાવે છે, પીડે છે, કનડે છે. પણ હવે તારે રોવું ન જોઈએ. દેવાધિદેવના શરણે જઈ દુઃખમાત્રનું ભાન વીસરી જવું જોઈએ. આ રસ્તે જઈશ તો રુઠેલું કર્મ તારા મનને બહેકાવી નહિ શકે, ગભરાવી નહિ શકે. અને હાયવોય ન કરવાથી નવા અશુભકર્મના બંધ પણ નહિ કરાવી શકે.

૨. તારા જ પૂર્વકૃત શુભાશુભ કર્મે તને સુખ દુઃખ આપીને ભોગવાઈ જવા માટે સારા નરસા ક્ષેત્ર કાળ વગેરે આપ્યા છે. હવે જે મળ્યું તે સોનાનું એમ સમજીને અકળાઈ જવાની વાતની માંડવાળ કર. દેવાધિદેવનું નામ જપવા મળ્યું, દેવાધિદેવને ટગર-ટગર જોવા આંખો મળી અને પાપના પ્રયશ્ચિત્તને કરી લેવા હૈયું મળ્યું પછી અકળામણ શેની? સ્વીકારી લે એ અશાતાને, બોલાવી લે બીજી પણ બધી વેદનાઓને, પછી દેવાધિદેવના શરણાં લઈને અશુભ કર્મો શાન્તિથી વેદી તો લેવાય.

૩. કર્મ તો ઉદયમાં આવ્યું એટલે ખરતું જ જવાનું. હવે તો એ જ વાતની કાળજી કરવાની કે ખરતું કર્મ નવું બંધાવીને ન જાય. નવા કુસંસ્કારો જન્માવી ન જાય. જૂની વાસનાઓને બદ્ધમૂલ કરી ન જાય. આ વિકટ પરિસ્થિતિ ન સર્જાય તે

માટે 'ચઉસરણ'માં ઓતપ્રોત બની રહે. અશુભ કર્મ વેદાઈ જશે, વેરાઈ જશે, વિનાશ પામશે. સાથે સાથે જ અશુભ વાસનાઓ પણ મોળી પડશે. દેવાધિદેવનું શરણું અખૂટ પુણ્યરાશિની ભેટ આપશે. આ વિપુલ લાભ તરફ લક્ષ રાખ: વિપુલ લાભ માટે અલ્પકષ્ટને વેઠી લેવા મનને હુકમ કર.

૪. આત્મન્ ! જરા મારી વાત સાંભળી લે કે જો તું હમણાં સમતા નહિ રાખે તો એવું ભયંકર કર્મ બંધાશે કે જેનો ઉદય થતાં ધોળે દહાડે તારા જોવાનો વખત આવશે. સહેજ પણ ગફલતમાં રહીશ તો નવું કર્મ બંધાઈ જશે. આજે મળેલો શરણાગતિનો ભાવ ખોવાઈ જશે પછી તારી દશા અત્યન્ત દયામણી બની રહેશે. તું એમ કદી ન માનીશ કે ધનથી, ડોક્ટરોથી, પત્નીથી કે પુત્રોથી તને આ દુઃખમાં શાન્તિ મળી જશે ! કદાપિ નહિ. અનાથીના જીવન ઉપર જરા નજર નાંખ. કેવી બૂમરાણ મચાવી હતી ? કેવી કાકલૂદીભરી વિનવણીઓ કરી હતી ? કેવા મર્માળા ઠપકા આપ્યા હતા ? છતાંય કોઈ એના દુઃખને અડી પણ શક્યું ન હતું. જ્યારે હૃદયમાં શરણાગતિનો ભાવ જાગ્યો કે તરત જ એ વેદના ઓસરવા લાગી. અને સાથે જ એ ભાવ પરાકાષ્ઠા બનાવી ગયા. માટે આવેલી આપત્તિમાં ય શરણાગતિના ભાવની સંપત્તિ તારી કરી લે. તું એના પર સ્વામિત્વ મેળવી લે કે જે સ્વામિત્વ સમગ્ર વેદનાને ભડકે બાળી ભડથું કરી નાંખે. વેદનાની આગ વચ્ચે પણ તને પરમશાન્તિ આપવાનું દિવ્ય કરી બતાવે.

સાવધાન થા. જરા કઠોર બન. રોઈશ નહિ, રોવાથી દુઃખ જવાનું નથી બલ્કે વધવાનું છે. આવા સમયે તો વિચારી લે અધ્યવસાયોના તોફાનને, એમાંથી નીપજતા કર્મને અને વર્તમાન વેદનાને. તુચ્છ સુખો ખાતર ભાન ભૂલીને શું કર્યું ? હવે સંકલ્પ કરી લે કે ફરી કદાપિ આવા પાપ નહિ કરું. સદૈવ મારા નાથ ને સમર્પિત રહેવા યત્નશીલ બનીશ.

૫. હવે તું દેવાધિદેવને શરણે આવ્યો છે. ગમે તેવી આપત્તિમાં ય તારે હવે દીનતા રાખવાની જરૂર રહેતી નથી. ધીરજ રાખ. ધૈર્ય તો સજ્જનોનું આભૂષણ છે. ગમે તેવો વાયું વીંઝાય ત્યારે ય હજુ વૃક્ષો કંપી જાય પણ પર્વતોની ધીરજમાં કંપ કેવો !

તને તો દેવાધિદેવના શરણાં ચૂમવા મળ્યાં છે. એનો નામજપ પ્રાપ્ત થયો છે. હવે કયી વાતની અધીરાઈ કરવાની ? વેદના તો હવે તારા માટે ઉપકારરૂપ બની છે કેમકે એણે તને દેવાધિદેવનું દર્શન કરાવ્યું છે. માટે હવે ધીરજ ધરીને ગાણાં ગાયા કર અનંત ગુણીનાં ! પછી વેદના તો ગઈ જ સમજજે.

૬. સમગ્ર જગતમાં કર્મને મહાત કરનાર એક માત્ર ધર્મ છે. કર્મની સાથે બાથ ભીડી શકે એવું બીજું કોઈ તત્વ નથી. કર્મ ગમે તેટલું બળવાન પણ ધર્મ એથી ય વધુ બળવાન છે. કળવાન છે. પળ બે પળમાં જ અનંત કર્મની રાશિને ધર્મ બાળીને રાખ કરી નાંખવા સમર્થ છે. ઘાસની જબરદસ્ત ગંજી સામે અગ્નિનો એક જ કણ બસ નથી થઈ જતો ?

હમણાં તારી પાસે બાહ્ય તપની શક્તિ નથી, વિશિષ્ટ ક્રિયા કરવાનું બળ નથી. પણ તારી પાસે એકાગ્ર ચિત્તનું ધ્યાન બળ તો જરૂર છે. ગમે તેટલી માંદગીમાં ય તું એક ચિત્તે રોગો અને તેના ઉપાયોનો વિચાર તો કરી જ શકે છે. આ એકચિત્તતાનું બળ દેવાધિદેવના ધ્યાનમાં જોડી દે. ભલે બીજું કાંઈ ન બને પણ શુભ ધ્યાનરૂપ બની જાય.

મનને જરાક મજબૂત કર. આવેલી ધર્મસાધનાની તકને સાધી જા. તારું કામ થઈ જશે.

૭. તારાં સઘળાં ય મનોવાંછિતને દેનારો આ શરણાગતિનો ભાવ જો અડોલ રહી જાય, છેલ્લા શ્વાસમાં ય એ ભાવ ઘૂંટાતો રહે તો આ વિશ્વમાં તારા જેવો ભાગ્યવાન આત્મા કોણ હશે ? સંતોને પણ તારા ભાગ્યની ઈર્ષ્યા થશે. હવે વેદના ઊભી રહે, બેસી જાય કે મરી જાય એની ચિંતા ના કર. શરણ્યના ગાનમાં ક્યાંય ભંગાણ ન પડે, એના તાનમાં મનનો તાર ન તૂટે, એના રટણની મસ્તી જરાય ન નંદવાય, એની જ તકેદારી રાખ. સ્વજનો સાથે બીજી વાત ન કરીશ, માત્ર બતાવજે દેવાધિદેવના શરણનો ધર્મ....સહુને કહેજે 'શરણું સ્વીકારજો તારક દેવાધિદેવનું. વિષયવાસનામાં ભાનભૂલા બનીને જીવનની કોઈ પણ પળમાં આ શરણું ખોશો નહિ. મને તો આટલી વેદનામાં ય કોણ જાણે કેવી અનોખી મસ્તીનો અનુભવ થાય છે ! આખા ય જીવનમાં જે ન મળ્યું તે મરતાં પણ મળી ગયું. મંદિરમાં ન મળ્યું તે છેવટે માંદગીના બિછાને પણ જડી આવ્યું. હવે તો એ ભાવ જ મારૂં જીવન છે. એના જીવનમાં કાયાના મોતની હું પરવા કરનાર નથી.'

૮. આ પીડા તો કર્મશત્રુનો કચ્ચરઘાણ બોલાવનાર ધર્મરાજની અક્ષૌહિણી સેના છે. એનો તો ઈન્કાર હોય જ નહિ. પીડા સામે ચાલીને આવી તો હવે વધાવી જ લેવાની આત્મન્ ! સત્વશાલી બને. હવે શરીર ઉપર મૂર્ચ્છિત ન થા. સ્વજનોમાં મુંઝાઈ ન જા. તારે ગમે ત્યારે એકાએક બધું ય મૂકીને ચાલ્યા જવાનું છે. એ વાતને પળભર પણ વીસરી ન જા. કાયા પડે તે પહેલા અનંતાનંત કર્મોને ભોંયભેગા કરી દે. કાળા કુસંસ્કારોની જડ ઊખેડી નાંખ.

પડતી કાયાને જોવામાં કશી મજા નથી. કોઈ બહાદુરી નથી. હવે તો બહાદુરી છે અંતરાત્માને જોવામાં બુદ્ધિમત્તા છે એના જ શુદ્ધિકરણમાં. ભલે કાલે કદાચ તું સાજો થઈ જાય, સ્વસ્થ બની જાય પણ તો ય તે નવા જીવનનું નવું પ્રભાત હશે. દેવાધિદેવના દર્શન વિનાનું પૂર્વજીવન હતું જ્યારે આ જીવનમાં તો એ દર્શન વિનાની એક પણ પળ નહિ હોય. માંદગીએ તને એ દર્શન આપ્યું. માંદગી મહોત્સવરૂપ બની . તારા જીવનને ય અશોક અવસ્થામાં વહેતું કરી દીધું. એટલે હવે કદાચ બિછાનામાં સદાના માટે પોઢી જવાનું થાય તો ય તારે શોક કરવાનો નથી. અને બિછાનામાંથી ઊભો થઈ જાય, તો ય કાંઈ આપત્તિ નથી. તું સૂઈ જાય કે ઊભો થાય પણ તારા ચિત્તમાં દેવાધિદેવનો વાસ થઈ જાય તો સૂવું કે ઊભા થવું બે ય તારા કલ્યાણની જ વાતો બની રહે છે.

# ૯. માંદગીમાં તાજગીની ચાવી

હે ચેતન ! ધર્મલાભ ! પ્રાજ્ઞના હાથે લખાયેલો તારો પત્ર મળ્યો. તું સખત બીમારીમાં પટકાયો છે. બીમારીના કારણે શારીરિક સ્વસ્થતાની સાથે માનસિકસમતુલા પણ ગુમાવાતી હોય તેવો તને ભાસ થાય છે, તે જાણ્યું. તેં મને તારી મુંઝવણ રૂપે નીચેના ચાર પ્રશ્નો પૂછ્યા છે.

૧) આહારના નિયમોનું ચુસ્ત પાલન કરવા છતાં મને આવી માંદગી કેમ આવી?

૨) પથારીમાં પડ્યા પડ્યા મનમાં ઘણા સંકલ્પો-વિકલ્પો ઊઠે છે, પીડાની બાબતમાં આર્તધ્યાન થઈ જાય છે, તો તે રોકવા શું કરવું?

૩) એક બાજુ ઘરના બધાની સેવા લેવી પડે છે તે ગમતું નથી, તો બીજી બાજુ એ બધાની સેવામાં થોડી કચાશ આવે, ગફલત થઈ જાય, મોડું થાય, તો જાણે મારી ઉપેક્ષા સેવાઈ રહી હોય એમ લાગે છે જેથી ગુસ્સો આવે છે.

૪) માંદગીમાં જિનપૂજા વગેરે રોજિંદી ધર્મક્રિયા થતી નથી તેનું દુઃખ થયા કરે છે, તો કરવું શું?

આ ચાર પ્રશ્નોના જવાબરૂપે એક પત્ર મોકલી રહ્યો છું. મારા ક્ષયોપશમ મુજબ વિચારી લખાયેલા આ પત્રથી તને તારા પ્રશ્નોનું સમાધાન મળશે અને વારંવાર વાંચનથી તને સાચો માર્ગ મળશે એવી આશા રાખું છું.

હે જીવ ! પથ્ય ભોજન, ભોજનમાં રાખેલી કાળજી વગેરેથી સામાન્યથી રોગથી પીડા આવતી નથી. પણ પૂર્વભવે શક્તિનો દુરુપયોગ કર્યો હોય, હિંસાના કાર્યો કર્યા હોય, બીજાને ત્રાસ આપ્યા હોય, બીમારોની કાળજી લીધી ન હોય આવા આવા કારણોથી અવશ્ય અશાતા ભોગવવાની લખાયેલી હોય, તો કાળજી લેવા છતાં, ને

પથ્યનું પાલન કરવા છતાં રોગ આવે છે.. પણ એ આ રીતે અશાતા વેદનીય કર્મનો હિસાબ પૂરો કરે છે. જેથી આ ભવમાં કરેલી જીવદયા, પાળેલા પથ્ય ભોજનના નિયમો, રોગીઓની કરેલી વૈયાવચ્ચ વગેરેના ફળથી આવતા ભવમાં નિરોગી કાયા મળે છે... તેથી મને પથ્ય પાળવા છતાં રોગ કેમ આવ્યો ? આવા વિચારો કરી મનને નબળું પાડીશ નહીં.

હે ચેતન ! જો ભગવાન મહાવીરસ્વામીને પણ કીધા કર્મોએ છોડ્યા નહીં. તો હું કોણમાત્ર? વળી, હું ભગવાન મહાવીરસ્વામીનો અનુયાયી. મારે તો ભગવાને ચીંધેલા માર્ગે જ જવાનું હોય. ભગવાને કર્મોના ઉદયને સમભાવે સહી લેવાનું કહ્યું છે અને ભગવાને સ્વયં ઉપસર્ગો સહન કર્યા છે. તો મારે પણ સહન કરી જ લેવાનું. જરાય હતાશ, દુઃખી થવાનું નહીં.

'હે હંસ ! એ ખ્યાલમાં રાખ કે કેટલીક નિર્મિત થયેલી ભવિતવ્યતાને ટાળવાની તાકાત ઈન્દ્ર, નરેન્દ્રાદિ સમર્થ ગણાતી વ્યક્તિમાં પણ નથી. ગોશાળાને તેજોલેશ્યા પ્રાપ્તિની વિધિ શિખવાડવી એ ભગવાન મહાવીર સ્વામી માટે નિર્મિત થયેલી ભવિતવ્યતાનો એક ભાગ હતો. કેમ કે ગોશાળાએ એ જ તેજોલેશ્યા ભગવાન પર ફેંકી ભગવાનને છ મહીના સુધી લોહીના ઝાડાની પીડા ઊભી કરાવી હતી. આ નિર્મિત થયેલી ભવિતવ્યતાને ભગવાન રોકી શકયા નથી. એટલે જે કંઈ થાય છે, તે ભવિતવ્યતા મુજબ જ થાય છે. "EVERYTHING IS IN ORDER" આ વિચાર કરવાથી રોગની પીડામાં પણ શાંતિ રહેશે.

હે આતમ! ભગવાને કહ્યું છે કે જે ખરાબ કર્મોના ઉદયને સમભાવે સહે છે તે જ કર્મોની નિર્જરા કરી શકે છે. કર્મથી છૂટે છે. જે એ ઉદય વખતે હાય... શોક... દુઃખ... આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરે છે, તેના બે'ય બગડે છે. વર્તમાનમાં પીડા... અને દુર્વિચારથી નવા કર્મબંધ થવાથી ભવિષ્યમાં પણ કષ્ટ...

હે પ્રાજ્ઞ! આ તો મારા આત્મઘરમાંથી ખરાબકર્મરૂપ કચરો કાઢી સમાધિપ્રાપ્ત શુભકર્મરૂપ ઝવેરાત વસાવવા જેવો આનંદનો વિષય છે. માટે મનોમન દુઃખી થવાને બદલે પ્રસન્ન જ રહે...

'હે આત્મહંસ! તેં નરક નિગોદમાં જે સહન કર્યું છે... પશુના ભવોમાં જે ત્રાસ વેઠ્યો છે... અપંગ માનવના ભવોમાં જે પીડા ભોગવી છે, તેની અપેક્ષાએ આ તો અંશમાત્ર જ છે... માટે આટલા કષ્ટથી અકળાઈ જવાની જરા પણ જરૂર નથી. વર્તમાનમાં પણ તું ચારે તરફ નજર નાખ ! અકસ્માતમાં કચડાઈને અપંગ થતાં એ માનવબંધુઓની પીડાતરફ જો... જિંદગીભર દૂધ આપી કે ભાર ઉઠાવી સેવા કરવાના બદલામાં 'નકામા થઈ ગયા' ના નામે કતલખાનામાં જીવતે જીવ કપાઈ મરતાં એ પશુઓના આર્તનાદ સંભાળ ! ગર્ભપાત વખતે માતાના જ પેટની નાનકડી જગ્યામાં

બચવા માટે વલવલતા અને ટુકડે ટુકડા થઈ મોત ભેટતી વખતે તડફડતાં એ કોમલ ભૂલકાંઓની કરુણહાલત નજરમાં લાવ. કોમવાદઆદિની આવેશભરી આગમાં ભૂંજાઈ-શેકાઈને ભડથું થઈ જતાં એ બાંધવોની આંખમાં થીજી ગયેલો ભય... વરાળ થયેલા આંસુઓના રહી ગયેલા ધાબામાં ધરબાઈ ગયેલી 'આહ' આંખ સામે લાવ. આવી તો કંઈ કેટલીય પીડાઓની ઘાણીમાં સતત પિસાઈ રહેલી વનસ્પતિથી માંડી માનવ સુધીની જીવસૃષ્ટિ ધ્યાનમાં આવશે, તો આ પીડા અકળાવનારી નહીં લાગે.

હે આતમરામ ! પીડા આવી જ છે, તો ભોગવવી જ પડશે... તેમાં દુઃખ, કુવિકલ્પો, ખરાબ વિચારો કરી મરીમસાલા નાખ નહીં. કડવાશમાં વધુ કડવાશ ઉમેરવા જેવું થશે... જો મન સાબુત-દૃઢ હશે તો મને આ કષ્ટ જરાય ભારી નહીં પડે... પણ જો મન નબળું પડશે, તો પીડા હોવા કરતાં કંઈક ગુણી વધી જશે... તેથી ' બિમાર છું' એ વિચાર જ દૂર કર... ખ્યાલ રાખ! દુઃખની દવા છે દુઃખનો વિચાર જ ન કરવો તે. સંસ્કૃતમાં પણ સૂક્તિ છે भैषज्यमेतद् दुःखस्य यद् दुःखं नानुचिन्तयेत्.

હે સુજ્ઞ ! એમ કદાપી ન માનીશ કે મારાથી સહન થાય તેથી વધુ પીડા છે... કષ્ટ છે. આપત્તિ છે. કેમ કે કર્મ કે કર્મસત્તા કષ્ટ કે દુઃખ દરેકને પોતપોતાની શક્તિ મુજબ જ આપે છે... અને કદાચ મને વધુ લાગતું હશે તો પણ વાંધો નથી. હું વધુ મજબુત બનીશ... કેમકે અનિષ્ટ પ્રસંગો જ જીવને મજબૂત બનાવે છે.

હે વિજ્ઞ ! ભગવાને જન્મની પીડા સાડા ત્રણ કરોડ રોમમાં એકસાથે સોય તપાવેલી ભોંકવાથી થતી પીડાથી આઠગુણી વધુ બતાવી છે. અને મરણથી પીડા તો તેથી પણ કંઈક ગુણી બતાવી છે. મેં જન્મની પીડા સહન કરી જ છે, તો તેની સામે આ કંઈ નથી. અને મરણની અનંત પીડા જ્યારે આવશે ત્યારે ભોગવવી જ પડશે. તે વખતે મનને સમાધિમાં રાખવું હોય, તો તે પીડાની અપેક્ષાએ ઘણી નાની ગણાતી આ પીડામાં મારે તેવી ટેવ કેળવવી જ પડશે.

હે ભવ્યાત્મા ! એમ ના વિચારીશ કે હું પરાધીન બની ગયો ! કેમ કે જ્યાં સુધી સંસારમાં છીએ ત્યાં સુધી આપણે કર્મસત્તાને પરાધીન છીએ. બીજી બધી પરાધીનતા પણ કર્મે જ ઊભી કરેલી છે. તેથી જો કોઈપણ પ્રકારની પરાધીનતા પસંદ ન હોય, તો મારે હવે આ આપત્તિને સહી લઈ કર્મસત્તાની પરાધીનતા તોડવી છે.

હે વિજ્ઞ ! ભગવાને કહ્યું છે કે જે કષ્ટ, પરિષહ, ઉપસર્ગ કે રોગ સમભાવે સહન કરે છે, તે પ્રતિપળ અખુટ કર્મોની નિર્જરા કરે છે... તેનો સંસારવાસ ટૂંકો થાય છે. મોક્ષ નજદીક આવે છે. અને પ્રકૃષ્ટપુણ્ય પેદા થવાથી પરભવમાં પણ સદ્ગતિ પામે છે. તેથી જ સનત્કુમાર ચક્રવર્તીએ પણ ૭૦૦ વર્ષ ૧૬/૧૬ રોગ મિત્ર માનીને સહન

કર્યા તો હું પણ રોગ-પીડાને મિત્રભાવે જ સહન કરીશ. રોગ એ કાયર માટે દીનતાનો પ્રસંગ છે. બહાદુર માટે વીરતાનો પ્રસંગ છે. અને જિનના પુત્રો-જૈનો કદી કાયર નથી, બહાદુર છે. ક્ષત્રિય છે... ક્ષત્રિય રણના ઘાને ઈલ્કાબ સમજે. જૈન રોગ-દુઃખના ઘાને કર્મનિર્જરા-આત્મશક્તિની પરીક્ષાનો પ્રસંગ સમજી... પોતાની પ્રતિષ્ઠા સમજી આનંદનો, ઈલ્કાબનો, મંગલ મહોત્સવનો પ્રસંગ સમજે !

હે જીવ ! હું મારા કુટુંબને, પતિ, પુત્ર કે પુત્રવધૂ વગેરેને કેટલું બધું કષ્ટ આપું છું... અથવા આ બધા મારી કેમ બરાબર દરકાર કરતાં નથી... દવા વગેરે બરાબર આપતાં નથી... મોં બગાડીને કામ કરે છે... એવા કોઈ વિચાર કરીશ નહીં. ભવિતવ્યતાના ખાતે આપણી આપણા કુટુંબ આદિ સાથે જેટલી લેણા-દેણી લખાઈ હોય, એટલું જ થવાનું છે... તેમાં આપણું કે બીજાનું કંઈ ચાલતું નથી... તેથી એવા વિચારો કરી દીન બનવામાં કે બીજા પ્રત્યે દ્વેષઆદિ રાખવામાં નથી મારો રોગ દૂર થવાનો (બલ્કે પીડા વધશે)! નથી મારું મન દૃઢ થવાનું (બલ્કે નબળું પડશે). નથી મારો પરલોક સુધરવાનો (બલ્કે દ્વેષ આદિથી બગડશે). નથી તેઓનો મારા પર સદ્ભાવ વધવાનો (બલ્કે ઓર ઘટશે). તેથી મારે તેવા વિચારોથી સર્યું.

તથા પરિવારના સભ્યો ઉપેક્ષા કરે છે તેવી લાગણી ઉઠવા દેવી નહીં, કેમ કે તેઓ કેવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હોય છે, તેનો ખ્યાલ માંદગીના બિછાને બેઠેલા આપણને હોતો નથી. પરિવારના સભ્યોને પોતાના રોજિંદા કાર્યો સાથે આપણા કાર્યો પણ કરવાના હોય છે. ઉપરાંતમાં આપણી કાળજી લેવાની. આપણી સેવાના કાર્યો અને મળવા આવેલાની સરભરાના કાર્યોનો એક વધુ મોટો બોજો ઉઠાવવાનો હોય છે. તેથી એ બધા કાર્યોને પહોંચી વળવામાં તન તોડી નાંખતા તેઓને થાક, વધુ પડતાં શ્રમથી અને રાત આદિ વખતે લીધેલી ઓછી ઉંઘના કારણે ઓછી સ્ફુર્તિના કારણે કદાચ વિલંબ થાય, એટલામાત્રથી 'તમે મારું ધ્યાન નથી રાખતા, ઉપેક્ષા કરો છો... હું ભારે પડી રહ્યો છું' એવા કટુવચનો કહી તેઓના મનને તોડવાની ભૂલ કદી કરીશ નહીં.

હે સુજ્ઞ ! જો તારે તારી જાતને હોંશીયાર સિદ્ધ કરવી હોય, તો આ ખરાબ લાગતી અવસ્થાને પણ સારી અવસ્થારૂપે ફેરવી નાખ ! કુશળ વેપારી ખોટના પ્રસંગને નફાના પ્રસંગમાં ફેરવી દે તેમ. આમ જ્યાં સુધી સાજા સારા હતા ત્યાં સુધી તો ઘર-કુટુંબ-સમાજ આદિ માટે દોડધામ કરી સમય એમ જ જવા દીધો... પરભવનું ભાથું બંધાય એવું ખાસ કર્યું નહીં... હવે રોગના નામે શરીરને આરામ છે. મન નવરું છે... તો 'નવા નવા સ્તવન સાંભળું, યાદ રહેલા સ્તવન-સજ્ઝાય, સૂત્રોનું વારંવાર રટણ કરું.

એક એક સૂત્રાક્ષર પરમમંત્રીભૂત છે. મનને પ્રસન્ન કરે છે... આત્માને પવિત્ર બનાવે છે. અને ભવક્રોડના કર્મોને તોડે છે. માટે હવે એમાં જ મંડી પડું... બીજું કાંઈ સૂઝે નહીં તો બસ નવકાર ગણ્યા કરું. ચૌદપૂર્વનો સાર છે. એક એક નવકાર ૫૦૦ સાગરોપમના નરકના દુઃખયોગ્ય પાપને તોડે છે. અને આ નવકારની મૂડી જ પરલોકમાં પણ કામ આવશે. બાકીના સંબંધો, સંપત્તિ પરિવાર કોઈ ક્યારે'ય સાથે આવવાનું નથી. મન નવરું ભૂત બની ગમે તેવા વિચારોમાં લઈ જઈ મને દુઃખી અને પાપી બનાવે, તેના કરતાં હું જ મનને નવકારમાં લઈ જાઉં, બાકી કષ્ટના સમયે નવરું પડેલું મન સારા પ્રસંગોને યાદ કરતું નથી કે જોઈ શકતું નથી. એ ખરાબ પ્રસંગોને યાદ કરશે કે ખરાબ જ જોશે. અને મને નમકની જેમ વધુ દુઃખી કરશે... તેથી મનને નવકાર સોંપી દઉં...

હે આત્મા ! ભલે બહારથી મારે આ બધા સાથે હજી સંબંધ ચાલુ છે.. પણ અંદરથી મારે એ બધાથી અલિપ્ત બની જવું છે. કોઈ મારું નથી... હું કોઈનો નથી. મારે બહાર શું બની રહ્યું છે તેની સાથે કોઈ લેવા-દેવા નથી... હું ભલો ને મારો નવકાર ભલો! આ જીવનમાં સુખી થવા સંપત્તિ-સાધનો ઘણા ભેગા કર્યા છતાં પણ શાંતિ મળી નહીં. હવે પરભવ સુધારવા આ બધું છોડી નવકાર વધારવાનો જ પ્રયત્ન કરું. અવશ્ય પરલોક સુધરી જશે. અને મન સ્વસ્થ થવાથી માંદગીમાં પણ પ્રફુલ્લ રહેવાશે. પરિવાર વગેરેને પણ રોગીની પ્રસન્નતા જોઈ આનંદ થશે. કામનો થાક ઉતરી જશે. પરિવારના એક એક સભ્યની આપણા પ્રતિ લાગણી જાણવાનો મોકો મળશે. ભૂતકાળના કડવા પ્રસંગોથી એમના પ્રતિ મનમાં ઊભું થયેલું ઝેર નીકળી જશે. તેઓને વધુ સારી રીતે મૂલવવાનો અવસર આ જ છે. પરસ્પર નીકટ આવવાથી પરિવાર સાથે સાજા થયા બાદ વધુ આનંદથી રહેવાનો મળતો લાભ કંઈ જેવો તેવો નથી.

હે ભાગ્યશાળી ! હવે, પૂજા, પ્રતિક્રમણ, સામાયિક કશું થતું નથી એવી વિચારણાથી પણ દુઃખી ના થઈશ... સવારના મનથી જ હું હવે મને યાદ આવતા એક એક દેરાસર, મૂળનાયક ભગવાનને યાદ કરી ચૈત્યપરિપાટી કરીશ... મનકલ્પનાથી શ્રેષ્ઠ ચંદન-કેસર-ફુલથી પૂજા કરીશ... નવા નવા ચૈત્યવંદન, સ્તવનો મનસમક્ષ આવેલા ભગવાન સામે બોલીશ... મારો આ રોજ નો ક્રમ રહેશે... આમ કરવાથી રોજિંદી પૂજા કરતાં વધુ આનંદ આવશે... મન વધુ પ્રફુલ્લિત બનશે. અને કંઈક ગુણો વધારે લાભ થશે. મનોમન કલ્પના કરીશ કે ચૈત્રીપૂનમ જેવા ભીડના દિવસોમાં હું શત્રુંજયની જાત્રાએ ગયો છું... દાદાની પૂજા માટે ભીડ લાગી છે. ચઢાવા થઈ રહ્યા છે. સૌથી વધુ બોલી બોલી મેં પ્રથમ પૂજાનો લાભ લીધો છે. અને હકડેઠઠ ભીડની વચ્ચેથી જઈ ગભારામાં પૂજા માટે પહોંચતા જ ભગવાનના દર્શનથી

આંખ હર્ષાશ્રુઓથી ભરાઈ ગઈ... રોમ રોમમાં આનંદ ટપકવા માંડ્યો... હૃદયમાં ભક્તિસાગર ઉમટવા માંડ્યો હાથ થનગને છે પ્રભુને સ્પર્શવા... માથુ ઝૂકી રહ્યું છે નાથને ચરણે આળોટવા ! પગ દોડી રહ્યા છે પરમાત્માને ભેટવા... ભક્તિ બહુમાનના ઉછળતા ભાવે ભગવાનની પ્રથમ પૂજા કરી... એવી જ રીતે પોષ દશમીએ શંખેશ્વરદાદાની જાત્રા કરી. એવી બધી સુંદર કલ્પનાઓથી મનને ભરતાં કોણ રોકી શકે?

રોજ યાદ આવતાં ગુરુદેવ-સાધુ-સાધ્વીઓને નજરસમક્ષ મનોમન લાવી તેમને માનસિકવંદન કરીશ... માનસિકરીતે જ ગોચરી વહોરાવવા જઈશ... સેવા / વૈયાવચ્ચ કરી ખૂબ લાભ કમાઈશ... મારો આ રોજનો ક્રમ રહેશે.... મનોમન જ હું મારા ભૂત-વર્તમાનકાળના પાપોને યાદ કરી ભગવાન આગળ મનોમન વ્યક્ત કરીશ. મનોમન ગુરુભગવંતો આગળ પ્રાયશ્ચિત્ત લઈશ અને ભવિષ્યમાં નહીં કરવાનો વિચાર કરીશ... આ મારો રોજનો ક્રમ રહેશે... મનોમન હું મારી જાતને સામાયિક કરતી જોઈશ... બહાર પણ ગમતા / અણગમતાં પ્રસંગ-વ્યક્તિને જોઈ હું સમભાવમાં જ રહીશ. ઓછુંવત્તું થાય તો પણ સમભાવ ગુમાવીશ નહીં. ઘરની તમામ વ્યક્તિઓ, આસપાસ-પડોશ-સ્વજનવર્ગ વગેરે સાથે સ્નેહસંબંધ તોડી મૈત્રીસંબંધ ઊભો રાખીશ... તેઓ સાથે બનેલા કડવા-તૂરા-સંબંધો-બની રહેલા સારા-નરસા પ્રસંગોને બને ત્યાં સુધી નજરમાં જ ન લઈશ... નજરે ચડે તો પણ પ્રબળ પ્રેમ-મૈત્રીભાવથી ભૂલી જઈશ... આ મારો રોજનો ક્રમ રહેશે... અને નવકાર તો સતત ચાલુ જ છે. જો આટલું થશે તો પૂજા-પ્રતિક્રમણ સામાયિક, ગુરુવંદન બધાનો લાભ પથારીમાં સૂતાં સુતાં પણ મળી શકશે. અને મારે એ જ જોઈએ છે. એક કવિએ કહ્યું છે કે મારે તો સુષમાથી દુષમા અવસર પુણ્યનિધાન જી. તેમ મારે પણ સુષમા (સુખ) માંથી દુષમા (દુઃખ) અવસર શુભવિચારોથી પુણ્યનિધાનભૂત જ છે.

## ૧૦. જીવનની ઔષધિ મનની સમાધિ

જીવનનું સારૂં થાય તે હાયવોય કરવાથી નહિ, પણ અનાસકતભાવના માર્ગે પરિણતિ વધારવાથી થાય....

એ વધારવા માટે પહેલું તો 'મને વીતરાગપ્રભુ મળ્યા, શાસન મળ્યું, ધર્મમયજીવન સંયમજીવન મળ્યું. મારે શી ખોટ છે? આવો આનંદ જોઈએ...'

વારંવાર નજર સામે...

(૧) સમવસરણ પર યા ૮ પ્રાતિહાર્યયુક્ત રત્નસિંહાસન પર ઉત્કૃષ્ટ ૧૭૦ ભગવાન આવે. (૨) એમની દરેકની પાછળ સુવર્ણકમળ પર ૫-૫ લાખ કેવળજ્ઞાની

આવે. (૩) એમની પાછળ ૫૦-૫૦ ક્રોડ મુનિઓ જોયા કરવાના. એ બધાની મુખમુદ્રા પ્રશાન્ત, વિરક્ત, અનાસક્ત, મહાસ્વસ્થ, શાંત-ઉપશાંત જોયા કરવાની. દેખવાનું કે એમને જગત સાથે કશી નિસ્બત નથી, પોતાની કાયા સાથે પણ નહિ, કાયા અને બીજા સંયોગોમાં ગમેતેવી ઊંચાનીચી થાય, બગડવા-સુધરવાનું થાય, પણ એમને કશી લેવા-દેવા નથી, એ પોતાના આત્માના શુદ્ધજ્ઞાન સ્વરૂપ પર, ને વીતરાગ-નિર્વિકાર સ્વરૂપ પર જ મુસ્તાક છે.

આવું વારંવાર દર્શન કર્યા કરવાથી મનના પરિણામ અનાસક્ત અને પ્રશાંતભાવ તરફ ઢળ્યા કરશે...

જીવનું ગણિત હંમેશા આ જોઈએ કે મારે જીવવાનું છે તે મારી પરિણતિ સુધારવા. હવે જ્યાં કામ-ક્રોધ-લોભ અહંત્વ-આપમતિ વગેરેના પ્રસંગ આવે ત્યાં ઝટ આ વિચારવું કે 'કામથી, ક્રોધથી, લોભથી, યા મદથી મારી પરિણતિ બગડે કે સુધરે ?' આ વિચારતાં મન શાન્ત થશે; જીવવાનો ઉદ્દેશ નહિ બગાડાય.

જીવનમાં રાગાદિનાં સંક્લેશ વખતે વારંવાર, અને રોજ ત્રિકાળ

(૧) ચાર શરણાનો સ્વીકાર (૨) દુષ્કૃતગર્હા, ને (૩) સુકૃત અનુમોદન કર્યા કરવાનાં.

(૧) શરણ સ્વીકાર એવો કે બાહ્ય કશા પર શરણબુદ્ધિ ન રહે. 'મારે ચારનો જ આધાર છે, એ મારા દિલમાં છે તો મારું કલ્યાણ જ થવાનું છે.' આ શરણબુદ્ધિ રહે.

એમાં 'ધમ્મો મે શરણં' મારે ધર્મ શરણભૂત છે, એટલે કે ૧૦ ક્ષમાદિ ધર્મ જ શરણભૂત છે. મારા દિલમાં એ આવી જાય તો મારે કશું દુઃખ નથી. અનંત હિત છે. ક્ષમાદિ ૧૦ ધર્મ જ મારે તારણહાર છે. શરીર સારું હોય કે રોગપીડિત, એનાથી મારું કશું સુધરતું બગડતું નથી, પણ દિલમાં એની નિર્લોભતા. મુક્તિ-નિસ્પૃહા હોય તો મારું સુધરે જ છે. એ તારણહાર છે, આ ક્ષમા-મદુતા-લઘુતા-નિસ્પૃહતા આદિ ૧૦ ધર્મ, મારે એનું જ શરણ છે.

દુષ્કૃતગર્હામાં આ જન્મ પર-જન્મોમાં સેવાયેલ ઝીણામાં ઝીણા પણ રાગદિ ૧૮ પાપસ્થાનકનો પશ્ચાત્તાપ હોય, એનું મમત્વ મૂકી દેવાય.

જીવ! આ ૧૮ પાપસ્થાનક મોક્ષમાર્ગમાં અંતરાયભૂત છે એને વોસિરાવી દે. એ દુર્ગતિનાં કારણ છે, એમાં સારાપણું માનવું મૂકી દઈ ૧૮ ધર્મસ્થાનક સેવવા માંડ.

સુકૃત અનુમોદના માં આ વિચારી આનંદિત થવું કે 'જીવનમાં જે કાંઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના થઈ, એ જ સારભૂત છે. એમાં મારું

જીવન ધન્ય બન્યું છે. હજી પણ એ જ આરાધના ટકો, વધો, ઉત્કૃષ્ટ બનો. કેવી ધન્ય ઘડી કે મારે એ સમ્યગ્દર્શન આદિની વૃત્તિ થઈ ! પ્રવૃત્તિ થઈ !'

(૨) કાયા સંયમની ખુની છે, એ જેટલી સંયમમાં વપરાઈ એટલું હું કમાયો. બાકી કાયા ઘસાઈ પડે એમાં મારે કશું ઘસાવાનું નથી. એનાં ને મારાં ખાતા જુદાં છે. મારા ખાતામાં દર્શન પર્યાયો, જ્ઞાનપર્યાયો, ચારિત્રપર્યાયો વધે એ જ મારે જોવાનું....

કાયાની અને મનની બહુ નબળાઈમાં પણ નજર સામે સમવસરણ પર અરિહંત પ્રભુને જોયા કરવાના પ્રભુ સર્વથા રાગાદિ કલંક નષ્ટ થવાથી સફેદ ઉજ્જ્વળ સ્ફટિક-શા પણ અનંત જ્ઞાનતેજભર્યા દેખાય.

એમાં ય બહુ જોવાની શક્તિ ન હોય ત્યારે સફેદ સ્ફટિકરત્નમય સિંહાસન પર પ્રભુને અનંત તેજમય જોવા અને માથે લીલું અશોકવૃક્ષ જોવાનું; અને ભાવવાનું કે 'જિનજી ! તારા વૃક્ષઅશોકથી (મારો) શોક દૂરે ગયો રે લોલ' આટલામાં મન લીન થઈ જાય તો ય જીવ ન્યાલ થઈ જાય...

(૩) જીવનમાં ફરસેલા તીર્થો અને મંદિરોની ક્રમસર વિસ્તારથી યાદગીરી કરવી, ને વંદના કરતા ચાલવું દા.ત. શ્રી સિદ્ધગિરિ છેક તળેટીમંદિરથી યાદ કરતાં કરતાં ઉપર ચડવાનું (માનસિકયાત્રા) ઉપર ચડતાં આખા ગિરિરાજ ઉપર કાઉસ્સગ્ગ-ધ્યાને મહાત્માઓ ઊભેલા દેખાય, એમાંથી કેટલાયની આત્મજ્યોત ઊંચે સિદ્ધશિલા પર ચડતી દેખાય. બધી દેરીઓ, પગલાં, ફરસતા ફરસતા ઠેઠ નવટૂંક પાસે પહોંચ્યા. મનથી ત્યાં ક્રમસર એકેક ટૂંક ફરસવી, પ્રદક્ષિણાઓ દેવી, એમાં દેરીએ દેરીએ પ્રભુનાં દર્શન કરવાં, એમાં પ્રભુના, જુદી જુદી રચના. ઘાટના બિંબ દેખવાના, ને નમવાનું. એમ કરતાં છેલ્લે દાદાની ટૂંકમાં નાની, મધ્યમ, અને મોટી, ત્રણ પ્રદક્ષિણા પ્રભુનાં દર્શન કરતાં કરતાં ફરવાની. વચમાં મોટી દેરીએ માનસિક ૩-૩ ખમાસમણા દેવાં. ૫ ચૈત્યવંદન કરવાં. આમ જીવનમાં ફરસેલા-સાંભળેલા બીજા તીર્થો મંદિરો ૧-૧ ભગવાનને યાદ કરતા, ફરસતા, મનથી જુહારવાના.

(૪) 'ભરહેસર' માં બતાવેલ મહાપુરુષો મહાસતીઓના ક્રમશઃ ૧-૧ના જીવન યાદ કરવાં, એમાંય જીવનના ખાસ પ્રસંગો યાદ કરી એમાં એમની શુભ ભાવનાઓ યાદ કરવી.

એમ, શ્રી મહાવીરસ્વામી, શ્રી પાર્શ્વનાથપ્રભુ, અને શ્રી આદીશ્વરપ્રભુનાં પૂર્વ ભવો અને ઠેઠ અહીં મોક્ષ પામવા સુધીના પ્રસંગો ક્રમસર યાદ કરતા ચાલવું.

એમણે જે જે જીવો પર ઉપકાર કર્યા, એ જીવન યાદ કરવાં, એમણે પ્રભુને પામી કરેલાં આત્મપરાક્રમ યાદ કરતા ચાલવું.

(૫) આત્મા અજર છે. અમર છે, અનંતજ્ઞાનભર્યો છે. જગતથી અલિપ્ત છે. એવાં આપણા આત્માના સ્વરૂપનું મમત્વ વધારવું. એના પર મુસ્તાક બનવું. વર્તમાન કર્મ અશુદ્ધિની ભીતર પણ એ શુદ્ધ આત્મસ્વરૂપ અખંડ છે, એનો વિશ્વાસ કેળવવો, એનાં પર મસ્ત બનવું.

કર્મની આપત્તિ પર સમજવું કે આ તો ગુમડાનાં નસ્તર છે. 'હાશ !' કેળવવી કે 'આ ગુમડા કપાઈ રહ્યા છે; હાશ! લપ ટળે છે !'

આ રીતે વિચારતા અંત સમયે પણ જીવનમાં સમાધિભાવ ટકી રહેશે.

# ૧૧. પીડામાં સમાધિ રાખવાના ઉપાયો

'પીડા તરત મટાડી દેવી' એ આપણા હાથની વાત નથી. માટે એક રસ્તો છે કે પીડાને ભૂલતા આવડે તો દીનતા ન આવે, સત્વ ન હણાય. પીડા ભૂલવા શું કરવું ? તો કે આ વિચારવું કે -

(૧) વર્તમાનમાં સાતે નરકોમાં જે ભયંકર કાપા કાપી કુટ્ટણ-છેદન-ભેદન-દહન વગેરે ચાલી રહ્યા છે એની આગળ મારી આ પીડા શી વિસાતમાં છે ? આજે સમુદ્રોમાં મગરમચ્છો નાના માછલાઓ ને ગળી જાય છે. જંગલોમાં સિંહ, વાઘ, વરુ પોતાના શિકારને ક્રૂર રીતે બચકી ખાય છે. ફાર્મસી વગેરેના અખતરાઓમાં વાંદરા, સસલા, મરઘા, દેડકા, વગેરે પર જે ભયંકર ત્રાસ ગુજરે છે, એની કારમી વેદના આગળ મારી પીડા શી વિસાતમાં છે? આમ દિલથી વિચારવાથી પોતાની પીડા ભૂલાય. અથવા

(૨) ત્રીજી સંસાર-ભાવનામાં આજે સંસારમાં જુદા જુદા પ્રાણીઓને કેવી કેવી રિબામણો ચાલે છે, એનો વિસ્તારથી વિચાર કરવામાં મન રોકાય, તો તેટલો ટાઈમ પોતાની પીડા ભૂલાય. દા.ત. સખ્ત ઉનાળો છે, તળાવમાં પાણી ઘણું સુકાઈ ગયું છે, અંદરના માછલા પાણીમાં અડધા ડુબેલા અડધા ઉપર દેખાય છે, એમના પર આકાશમાંથઈ સમડીઓ ગીધડા, જમીનપર જંગલમાંથી શિયાળિયાઓ ને ગામમાં કૂતરાઓ થી તૂટી પડે છે, પાછું એકના મોંમાં આવેલ માછલીનો બીજો છેડો બીજો કૂતરો-ગીધડો તાણે છે. એ માછલાની કેવી દુર્દશા ! કેવીક પીડા ! એમ આજે માંસાહારી માણસો જીવોને કેવી ક્રૂરતાથી મારી મારીને ખાય છે. એ વિચારાય દા.ત. માછલીને પાણી છાંટી તેલમાં ભજીયાની જેમ તળી નાખે છે, આ એકેક પ્રક્રિયામાં એ જીવોને

કેટકેટલી પીડા ! એમ મરઘાને ભાતની જેમ મોટા તપેલાની અંદર ખદબદતા પાણીમાં ઝબોળી ટાંગથી પકડી બીજા હાથે કેળાની જેમ એની એક પાંખ આમ ઉરાડી, બીજી પાંખ બીજી બાજુ ઉરાડી પછી જેમ જામફળ બટકીને ખાય એમ જીવતીને જીવતી એ મરઘીને બટકીને ખાય છે, એ મરઘીને કેવી પીડા ?

મરઘીના નાના નાના બચ્ચા જેને ચિકન કહે છે એમની સેન્ડવીચ બનાવે છે. દેડકાના પગોની વાનગી બનાવે છે. સૌંદર્યનાં સાધન બનાવવા સાપની જીવતા ચામડી ઉતારે છે. પછી એ સાપને ફેંકી દે છે, ને ૩-૩ દહાડા બિચારા તરફડે છે, બીજા જીવો અને જીવાતો એને કોચ્યા કરડચા કરે છે; લાયોનો પાર નથી! કેવીક ઘોર પીડા !

ગાયોને આડા લાકડા સાથે બાંધી એના પર ઉકળતા ગરમાગરમ પાણી રેડી રેડી ધોકાથી કૂટે છે, જેથી લોહી બધું ચામડીમાં આવે, ને ચામડી કૂણી પડી જાય. એ ગાયને મોત આવતું નથી ને પીડાનો પાર નથી. એમાં પછી જીવતા જીવે ચામડી ઉઝરડે છે ! કહો, કેવીક ઘોર પીડા ! આપણી પીડા ભૂલવા માટે આવી તો જગતના જીવોને આપણા કરતાં ભોગવવી પડતી સો ગુણી, હજાર ગુણી, લાખ ગુણી અને નરકોની અનંતગુણી પીડા મન પર લાવી શકાય ; તો આપણી પીડા ભૂલી શકાય.

અથવા ચિત્તને કાંઈક ગણવાનું આપી શકાય. દા.ત. 'કર્મની ૧૫૮ પ્રકૃતિ કઈ કઈ ?' અથવા, ૧૦૦ના આંકથી, ઊંધા ગણવા મંડાય દા.ત. ૧૦૦-૯૯-૯૮-૯૭-૯૬... અથવા,

પીડા ભૂલવા કે આડા અવડા વિચાર બંધ કરવા, આ એક ઉત્તમ ઉપાય છે કે 'નવકાર', 'લોગસ્સ' કે 'નમુત્થુણં' ના અક્ષર છુટા છુટા બોલતા ચાલો, અને એને નંબર આપતા ચાલો. દા.ત. 'નવકાર' માં બોલવાનું 'ન'...૧, 'મો'...૨, 'અ'...૩, 'રિ'...૪, 'હં'...૫, 'તા'....૬, 'ણં'...૭, પછી તરત જ બીજું પદ લઈ 'ન'...૮, 'મો'....૯ 'સિ'...૧૦, 'દ્ધા'...૧૧, 'ણં'...૧૨; પછી તરત ત્રીજા પદના અક્ષર ક્રમસર ચાલુ કરવાના, તે આગળ આગળ ૧૩, ૧૪, ૧૫.... એમ નંબર આપવા સાથે એકેક અક્ષર બોલવાનો. આ કરતાં પહેલાં મનમાં નક્કી કરી રાખવાનું કે પહેલા પદે ૭ સુધી આંક પહોંચે; બીજા પદે ૧૨ સુધી પહોંચે; ત્રીજા પદે ૧૯; ચોથા પદે ૨૬ સુધી, પાંચમાં પદે ૩૫ સુધી,...છેલ્લા પદે ૬૮ સુધી આંક પહોંચે. મોંઢે યાદ ન રહે, તો એક કાગળમાં ઊભી લાઈનમાં બે કોલમમાં એ પ્રમાણે નવે પદના આંક લખી રાખવા. પછી એ આંખ સામે રાખવાથી પદે ખ્યાલ આવે કે અક્ષર ગણતરી બરાબર ચાલે છે. આ પણ સરળતાથી ગણવા માટે આંખ સામે લખેલો નવકાર હોય, ને એના અક્ષર જોતાં જોતાં ઉપર ક્રમસર ૧, ૨, ૩.... નંબર લખેલા વંચાય, તે બોલવાના, આવું 'લોગસ્સ' 'નમુત્થુણ' માં કરતાં સારો સમય લે અને મન પકડાયેલું

રહેવાથી પીડા ભૂલાય, બીજા ત્રીજા વિચાર બંધ પડે. આમ મનને શુભમાં પકડી રાખવામાં અનેકાનેક ઉપાયો છે

## ૧૨. સમાધિની સીડી

અરિહંત પરમાત્માનું મને શરણ હો, સિદ્ધ ભગવંતોનું મને શરણ હો,
સાધુ ભગવંતોનું મને શરણ હો, તારણહાર જૈન ધર્મનું મને શરણ હો.

રાગ, દ્વેષ અને અજ્ઞાનથી સર્વથા મુકત એવા, વીતરાગ પરમાત્મા મારા દેવ છે.
કંચન અને કામિનીના ત્યાગી પંચમહાવ્રતધારી, સાધુ ભગવંતો મારા ગુરુ છે.
સર્વજ્ઞ પરમાત્માએ પ્રરૂપેલો, અનંતકલ્યાણકર જૈન ધર્મ એ જ મારો ધર્મ છે.

અરિહંત પરમાત્માનું પ્રત્યેક વચન સો ટચના સોના જેવું છે.
એને હું આદરપૂર્વક માથે ચડાવું છું.

અજ્ઞાન અને આવેશને કારણે, ઘણાં જીવોનો મેં સંહાર કર્યો.
ઘણાં જીવોને મેં અશાતા આપી. ઘણાં જીવોનાં મેં દિલ દૂભવ્યા.
તે સર્વ જીવોની અંતરનાં ઊંડાણથી હું માફી માંગું છું.

ભવચક્રમાં ભમતાં ભમતાં જૂઠ, માયા અને પ્રપંચ કરીને
મેં ઘણાં જીવોને ઠગ્યા છે. તે સર્વ જીવોની હું ક્ષમા યાચું છું.

અઢારેય પાપ-સ્થાનકોનું સેવન કરીને મેં ચીકણાં કર્મો બાંધ્યા છે.
તે મારા પાપકર્મોને હું ખૂબ નિંદું છું. મારા બધા પાપો મિથ્યા થાઓ.

સંસારમાં ભમતાં ભમતાં મેં અનંતા શરીર ધારણ કર્યા.
દરેક ભવમાં પુદ્ગલોને છોડીને હું અહીં આવ્યો છું.
હવે મારે તે બધા પુદ્ગલો સાથે કોઈ સંબંધ નથી.
તે સઘળા પુદ્ગલોને વોસીરાવું છું.

અજ્ઞાન કે દ્વેષને વશ થઈને મહાન તારક એવા દેવ-ગુરુ-ધર્મના
અવિનય કે આશાતના થયા હોય તેનું રડતા હૃદયે મિચ્છા મિ દુક્કડં

તારક તીર્થોમાં જઈને પણ મેં રાત્રીભોજન, અભક્ષ્ય ભોજન કે
મૈથુનસેવન જેવા અનાચારો સેવીને તીર્થોની આશાતના કરી હોય
તેનું મિચ્છા મિ દુક્કડં

પર્વના દિવસોમાં વિશેષ આરાધના કરવાને બદલે
વિરાધનાઓ કરી હોય તેનું અંતઃકરણપૂર્વક મિચ્છા મિ દુક્કડં

જગતના જીવોને દુઃખમય સંસારથી છૂટવાનો માર્ગ બતાવીને
અરિહંત પરમાત્માએ કેવો મહાન ઉપકાર કર્યો છે !
અરિહંત પરમાત્માના અનંત ગુણોની ભાવથી અનુમોદના કરું છું.

સર્વ કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા અનંત આત્મગુણોના માલિક બનેલા
સિદ્ધ ભગવંતોના સિદ્ધસ્વરૂપની ભાવથી અનુમોદના કરું છું.

પંચાચારનું નિર્મળ પાલન કરનારા અને જૈન શાસનનો
જયજયકાર ફેલાવનારા આચાર્ય ભગવંતોની ભાવથી અનુમોદના કરું છું.

પંચ પરમેષ્ઠીમાં ચોથા સ્થાને બિરાજમાન ઉપાધ્યાયજી ભગવંતોના
મહાન ગુણોની ભાવથી અનુમોદના કરું છું.

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પાંચ મહાવ્રતોનું પાલન કરે છે.
અષ્ટ પ્રવચન માતાને પાળે છે. બાવીસ પરિષહોને જીતે છે.
દસ યતિધર્મનું પાલન કરે છે.
તેમની આ મહાન સંયમ સાધનાની ભાવથી અનુમોદના કરું છું.

અનેક શ્રાવક અને શ્રાવિકા બાર વ્રતોનું નિર્મળ પાલન કરે છે,
શ્રાવકધર્મનું સુંદર આચરણ કરે છે,
દાન, શીલ, તપ અને ભાવની સુંદર આરાધના કરે છે.
તે સર્વની હું ભાવથી અનુમોદના કરું છું.

અનેક ઉદાર મહાનુભાવો સાત-ક્ષેત્રમાં
ઉદાર હાથે લક્ષ્મી વેરીને દાન ધર્મની આરાધના કરે છે.
તેની ભાવથી અનુમોદના કરું છું.

સંસારવાસમાં રહીને પણ જે નર અને નારીઓ
મન-વચન-કાયાથી નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરે છે.
તે સહુની ભાવથી અનુમોદના કરું છું.

ચતુર્વિધ સંઘમાં અનેક ભાગ્યશાળી આત્માઓ
વર્ધમાન તપની ઓળીઓ કરીને જીભને જીતે છે.
તે સર્વ તપસ્વીઓની હું ભાવભીની અનુમોદના કરું છું.

શ્રી ઋષભદેવ પરમાત્માના તપનાં આલંબનથી ભારતભરમાં દર વર્ષે
હજારો ભાગ્યશાળીઓ વરસીતપની આરાધના કરે છે.
તે સર્વની હું ભાવથી અનુમોદના કરું છું.

બાર પ્રકારના તપને આરાધીને ભાગ્યવાન આત્માઓ કર્મનો ક્ષય કરે છે.

તે સહુના તપધર્મની હું ભાવથી અનુમોદના કરું છું.

મૈત્રી આદિ શુભ ભાવો દ્વારા જે મહાનુભાવો ચિત્તને ભાવિત કરે છે
તે સહુના ભાવધર્મની ભાવભીની અનુમોદના કરું છું.

ભાગ્યવાન આત્માઓ હજારો... લાખો...કરાડો નવકાર મંત્રનો જાપ કરીને
નમસ્કાર મહામંત્રની અદ્ભુત આરાધના કરે છે તેની ભાવથી અનુમોદના કરું છું.

તમામ જીવોના દયા-દાન-પરોપકાર- પ્રભુભકિત વગેરે
સારા કાર્યની ખૂબ ખૂબ અનુમોદના કરું છું.

જેમનામાં ક્ષમા, નમ્રતા, સરળતા વગેરે સદ્‌ગુણો શોભી રહ્યા છે
તે સર્વ ગુણીજનોના સદ્‌ગુણોની ભાવથી અનુમોદના કરું છું.

જે ઊગે છે તે આથમે છે. જે ખીલે છે તે કરમાય છે.
જે જન્મે છે તે મૃત્યુ પામે છે. આ આખું જગત વિનાશી છે.
સર્વ સંયોગો ક્ષણિક છે. તેથી કોઈ વ્યકિત કે વસ્તુનો મોહ કરવા જેવો નથી.

આધિ... વ્યાધિ... ઉપાધિ અને મોત આવે ત્યારે જીવને કોઈ બચાવી શકતું નથી.
દેવ, ગુરૂ અને ધર્મ સિવાય આ જગતમાં કોઈ શરણભૂત્ત નથી.

આ સંસાર દુઃખમય છે, ડગલે ને પગલે પાપ કરાવનારો છે,
અનેક વિચિત્રતાઓથી ભરેલો છે, સંસારમાં સહુ સ્વાર્થના સગાં છે,

આ જગતમાં હું એકલો આવ્યો છું,
અહીંથી એકલો જવાનો છું. હું કોઈનો નથી.

આ શરીર, મકાન, પૈસો અને પરિવાર... બધું જ પારકું છે.
જ્ઞાન વગેરે આત્માના ગુણો એ જ મારા છે.

આ શરીર લોહી,માંસ,પરુ, હાડકાં, મળ, મૂત્ર, શ્લેષ્મ
વગેરે ગંદકીનો ભરેલો ગાડવો છે.
આવા ગંદા શરીર પર બિલકુલ મોહ કરવા જેવો નથી.

મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિથી પાપ બંધાય છે માટે તે આશ્રવ છે.
તે સર્વ આશ્રવોનો હું કયારે ત્યાગ કરીશ ?

મન-વચન-કાયાની શુભ પ્રવૃત્તિઓથી અશુભ કર્મોનો બંધ
અટકે છે માટે હંમેશા શુભ પ્રવૃત્તિમાં જ મગ્ન રહેવા જેવું છે.

બાર પ્રકારના તપની આરાધનાથી આત્માને વળગેલા કર્મો
નાશ પામે છે માટે તપમાં ખૂબ ઉદ્યમ કરવો જોઈએ.અનંત પુણ્યના ઉદયથી જૈન

શાસનથી પ્રાપ્તિ થઈ.
આવા દુર્લભ ધર્મની પ્રાપ્તિ થયા પછી ક્ષણનો પણ પ્રમાદ કરવા જેવો નથી.

ધર્મ મહાસત્તાનો અજબ-ગજબનો પ્રભાવ વર્તી રહ્યો છે માટે જ
દરિયો માઝા મૂકતો નથી, સૂર્ય અગ્નિ ઓકતો નથી, અને વિશ્વ ટકી રહ્યું છે.

જીવ અને જડથી બનેલા આ આખા વિશ્વનું કેવું આબેહૂબ સ્વરૂપ
સર્વજ્ઞ ભગવંતે બતાવ્યું છે ! ધન્ય છે સર્વજ્ઞનાં શાસનને.

આ જગતના સર્વ જીવો મારા મિત્ર છે. સહુનું કલ્યાણ થાઓ.

ગુણવાન આત્માઓના સદ્‌ગુણો નીરખીને મારું હૈયું નાચી ઊઠે છે.
ગુણીજનો પ્રત્યેના પ્રમોદભાવથી ગુણોનો પ્રવાહ આપણામાં આવે છે.

આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલા દુઃખી જીવોનાં દુઃખ જોઈને
મારું હૈયું રડી ઊઠે છે. સહુનાં દુઃખ દૂર થાઓ.

સર્વ જીવો કર્મવશ છે.
કર્મને આધીન કોઈ જીવ ઉન્માર્ગ છોડીને
સન્માર્ગે ચડે નહિ તો તે જીવ ઉપેક્ષા પાત્ર છે.
તેનો પણ તિરસ્કાર ન જ કરાય તેને પણ સદ્‌બુધ્ધિ પ્રાપ્ત થાઓ.

દીક્ષા એ જ માનવજીવનનું કર્તવ્ય છે છતાં હજુ હું સંસારમાં બેઠો છું.
સંયમરત્નની પ્રાપ્તિ ક્યારે થશે ?
ભવાંતરમાં આઠ વર્ષની ઉંમરે જ મને ચારિત્ર પ્રાપ્ત થાઓ.

આ શરીર એ ધર્મસાધના માટેનું સાધન છે.
શરીરની મમતામાં પડીને તપધર્મની આરાધના કરી નહિ.
માસક્ષમણ વગેરે મોટી તપશ્ચર્યા હું ક્યારે કરીશ ?

પંચ પરમેષ્ઠિ ભગવંતો જૈન શાસન, ઉપકારી માતા-પિતા
આદિ સહુનો મારા પર અનંત ઉપકાર છે.
તે બધાના ઋણમાંથી હું ક્યારે મુક્ત થઈશ ?

મારી તન-મન-ધનની તમામ શક્તિ જૈન શાસનની સેવામાં વપરાઓ.

જ્ઞાનાચાર..દર્શનાચાર ચારિત્રાચાર...તપાચાર અને વીર્યાચાર
એ પાંચ પ્રકારના આચારોથી મારું જીવન મઘમઘતું બનો.

મારા હૃદયનાં સિંહાસન પરથી મોહરાજા પદભ્રષ્ટ થાઓ.

ક્રોધ... માન... માયા... લોભ એ ચાર ચોરટાના

હાથે મારો ચેતન લૂંટાઈ રહ્યો છે.
તે કષાયોના પાશમાંથી મારો છૂટકારો કયારે થશે ?

પાંચે ય ઈન્દ્રિયોના વિષયોની વાસના હજુ ક્ષીણ થતી નથી.
મારી ભોગસુખોની આસકિત કયારે છૂટશે ?

આહાર... ભય... મૈથુન અને પરિગ્રહ
એ ચાર સંજ્ઞાઓ મને અનાદિકાળથી વળગી છે.
તે વળગણથી હું કયારે મુકત બનીશ ?

પાણીના રેલાની જેમ સમય વહી રહ્યો છે.
હે જીવ ! ક્ષણનો પણ પ્રમાદ ન કર.

મને ભવોભવ જૈન શાસનની પ્રાપ્તિ થાઓ.

જયારે મૃત્યુ આવે ત્યારે પ્રભુનાં ચરણોમાં મન લીન રહે.
વિષય-કષાયથી મન મુકત રહે. સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવ રહે.
મનમાં સમાધિ અને પ્રસન્નતા રહે.

ધર્મતીર્થની સ્થાપના કરનારા ચોવીસ તીર્થંકર
ભગવંતોને હું ભાવથી વંદના કરું છું.

વર્તમાન કાળે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહેલા
વીસ તીર્થંકર ભગવંતોને ભાવથી વંદના કરું છું.

અષ્ટાપદ તીર્થ ઉપર બિરાજમાન ચોવીસ
ભગવંતોને હું ભાવથી વંદના કરું છું.

પાપીને પણ પાવન કરનારા પૃથ્વીતલના ભૂષણ સમા
તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થને હું ભાવથી વંદના કરું છું.

ત્રણે લોકમાં રહેલા શાશ્વત અને અશાશ્વત જિનાલયોમાં બિરાજમાન
જિનેશ્વર ભગવંતોને હું ભાવથી વંદના કરું છું.

અઢી દ્વીપમાં રહેલા તમામ સાધુ ભગવંતોને હું ભાવથી વંદના કરું છું.

ચોવીસ તીર્થંકર પ્રભુના શાસનમાં થયેલા ભરત ચક્રવર્તી
વગેરે અનેક મહાપુરુષોને હું ભાવથી પ્રણામ કરું છું.

ચૌદ પૂર્વના સાર સમાન નમસ્કાર મહામંત્ર
તો સર્વ મંત્રોમાં શિરોમણિ છે તેવા નવકારને નમસ્કાર.

અનંત લબ્ધિના નિધાન, અનંત ગુણોના ભંડાર
શ્રી ગૌતમ સ્વામી ભગવંતને હું ભાવથી વંદન કરું છું.

મહામંગલકારી શ્રી સિદ્ધચક્ર ભગવંતને હું ભાવથી વંદન કરું છું.

સિદ્ધચક્રજીની મંગલમય આરાધનાનો પ્રભાવ પામી
આલોક અને પરલોકને ઉજમાળ બનાવનારા
શ્રીપાલરાજા અને મયણાસુંદરીને હું ભાવથી વંદન કરું છું.

૧૨ ગુણોથી યુકત અરિહંતદેવ, ૮ ગુણોથી યુકત સિદ્ધભગવંત
૩૬ ગુણોથી યુકત આચાર્ય ભગવંત, ૨૫ ગુણોથી યુકત ઉપાધ્યાય ભગવંત
૨૭ ગુણોથી યુકત સાધુ ભગવંત, કુલ ૧૦૮ ગુણોથી યુકત
પંચ પરમેષ્ઠી ભગવંતોને, હું ભાવથી વંદના કરું છું.

જે વીસસ્થાનકની આરાધના કરીને સુયોગ્ય આત્માઓ
તીર્થંકર નામકર્મ ઉપાર્જે છે, તે વીસસ્થાનક પદોને હું ભાવથી વંદના કરું છું.

હે જીવ ! નરકમાં તેં જે જાલિમ વેદનાઓ સહન કરી છે...
તેની આગળ આ ઘડપણ અને માંદગીનાં દુઃખો
કોઈ જ વિસાતમાં નથી આ દુઃખોને પ્રસન્તાથી ભોગવી લે.

હે જીવ ! અત્યારે વ્યાધિ અને વૃદ્ધત્વની જે વેદના છે તે તો કર્મ ખપાવવાની
ઉજાણી છે માટે આ વેદનામાં વિહ્વલ ન બનીશ.

હે જીવ ! ખંધકસૂરિના પાંચસો શિષ્યો ઘાણીમાં પીલાયા..
છતાં સમતાં રાખી તો કેવલજ્ઞાન પામીને મોક્ષે સિધાવી ગયા
તેમને નજર સામે રાખીને તું પણ સમતા ધર.

હે જીવ ! ગજસુકુમાલ મહામુનિને માથા પર અગ્નિ મૂકાયો
છતાં સમતામાં સ્થિર રહ્યા. તેમના દુઃખની સામે તારું દુઃખ તો કાંઈ નથી.
તું પણ સમતા ધારણ કર.

હે જીવ ! સીતાજી ઉપર કેવા ભયંકર કષ્ટો આવ્યા... છતાં
સીતાજીએ કેવી અદ્ભુત સમાધિ રાખી !
ગમે તેટલા કષ્ટોની વચ્ચે સમાધિ ટકાવવાનો તું પણ અભ્યાસ રાખ.

હે જીવ ! જે દુઃખો આવે છે તે આપણાં જ પોતાનાં કર્મનાં ઉદયથી આવે છે.
માટે આપણાં આમંત્રિત મહેમાન છે. મહેમાનોનું તો
સ્વાગત કરવાનું હોય.. મહેમાન આવે ત્યારે મોં ન બગાડાય.

હે જીવ ! સનત ચક્રવર્તી જેવાની કંચનવર્ણી કાયા
પણ રોગોથી ઘેરાઈ ગઈ તો તારી કાયાનું તો કેટલું ગજું !
રોગ એ તો શરીરનો સ્વભાવ છે. રોગમાં તું અસ્વસ્થ ન બન.

હે જીવ ! મોટા રાજા-મહારાજા અને ચક્રવર્તીઓએ
મોટા સામ્રાજયો છોડીને સંયમનો સ્વીકાર કર્યો છે...
તું તારી સુખ-સાહ્યબીમાં આસક્ત ન બન.

ધન્ના-શાલિભદ્રની જેમ સંસારની મોહમાયા
ઉતારીને સંયમના કલ્યાણપંથે હું કયારે સંચરીશ ?

ધન્ના અણગારની જેમ આહારસંજ્ઞાને મારીને
તપ આરાધનામાં ઉજમાળ હું કયારે બનીશ ?

વસ્તુપાલ-તેજપાલની જેમ મારી લક્ષ્મીનો સદ્વ્યય કરીને
જૈન શાસનની સેવા હું કયારે કરીશ ?

સંયમધર્મનો સ્વીકાર કરીને ગુરુચરણે બેસી
પીસ્તાલીસ આગમો હું કયારે ભણીશ ?

પાંત્રીસ ગુણોથી શોભતી જિનેશ્વરદેવની
અમૃતઝરણી વાણીનું અમૃતપાન હું કયારે કરીશ ?

તીર્થંકર પરમાત્માએ આપેલી ત્રિપદીના આધારે
ગણધર ભગવંતોએ રચેલી દ્વાદશાંગીને વંદના.

શત્રુંજયનાં ઋષભદેવને વંદના, શંખેશ્વરના પાર્શ્વપ્રભુને વંદના
ભદ્રેશ્વરના વીર પ્રભુને વંદના, અંતરીક્ષજીના પાર્શ્વપ્રભુને વંદના
ગીરનારજીના નેમનાથને વંદના, જીરાવાલાના પાર્શ્વનાથને વંદના
તારંગાના અજીતનાથને વંદના, મહેસાણાના સીમંધરસ્વામીને વંદના
તળાજાના સુમતિનાથને વંદના

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં.

ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા
સાહૂ લોગુત્તમા, કેવલિપન્નત્તો ધમ્મો લોગુત્તમો.

ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ
સાહૂ સરણં પવજ્જામિ, કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ.

ખામેમિ સવ્વ જીવે સવ્વે જીવા ખમંતુ મે
મિત્તી મે સવ્વભૂએસુ વેરં મજ્ઝ ન કેણઈ.

શિવમસ્તુ સર્વ જગતઃ પરિહિતનિરતા ભવન્તુ ભૂતગણા : ।
દોષાઃ પ્રયાન્તુ નાશમ્, સર્વત્ર સુખી ભવતુ લોક : ।।

અનંત કલ્યાણને કરનારી જિનેશ્વરદેવની આજ્ઞાને કોટિ કોટિ વંદના.

હે જીવ ! જીર્ણ થયેલું આ શરીર
અહીં જ છોડીને જવાનું છે માટે તેની ચિંતા છોડી દે..
ધર્મ પરલોકમાં સાથે આવશે માટે મનને ધર્મમાં જોડી દે.

## ૧૩. ભાવના રસાયણ

હે સીમંધર સ્વામી ! અષ્ટ પ્રાતિહાર્યથી શોભતા, ૧૦૦૮ લક્ષણના ધારણહાર, ૩૫ ગુણ ભરી દિવ્યધ્વનિએ બાર પર્ષદાને દેશના દઈ ભવ્યજીવોને સંસાર થકી પાર પમાડો છો. હે પ્રભુજી ! સકલ ગુણના નિધાન, સર્વજીવોના હિતકર, સકલ જીવના બંધુ, કરુણાના સાગર પરમ પૂજનિક છો.

મારો આત્મા અજ્ઞાનને વિષે ડૂબેલો છે. જન્મ-જરા-મરણ-આધિ-વ્યાધિ અને ઉપાધિમાં પડેલો છે. સંસારના સુખના રાગવશ, મોહવશ લોભાદિ કષાયોના અને પાપવ્યાપારોના સેવનથી હું ૮૪ લાખ જીવયોનિમાં પરિભ્રમણ કર્યા કરું છું. હે સ્વામી ! મેં અનંતા કાળથી અનંતા શરીરરૂપી જામા પહેર્યા અને અનંતા જામા ઉતાર્યા. મારો આત્મા અસંખ્યાતા પ્રદેશોથી અનંતા કર્મની વર્ગણાએ વિંટાયેલો છે. શ્રી સિદ્ધનો સાધર્મિક અને સિદ્ધનો બરોબરીયો એવો હું કર્મવશ પડચો છું. હે વીતરાગ ! હવે સંપૂર્ણપણે આત્માની શુદ્ધિ કરે એવો મને તારકધર્મ મળ્યો, મોક્ષમાર્ગની સામગ્રી મળી છે. જેથી મારા આત્મામાં રહેલા પરાક્રમ બળનો રત્નત્રયીની માર્ગે અપ્રમત્તપણે ઉપયોગ કરું ! અને મારી અનંતગુણની રાશિને પ્રગટ કરૂં ! મોહનીયાદિ કર્મસમૂહને સદાને માટે દૂર કરું એવું ક્ષાયિકભાવનું બળ મને આપની કૃપાથી શીઘ્ર મળે એમ ઝંખું છું.

મારે આપ સમાન થવાની ઈચ્છા છે. આ શરીરની, આહારની અને ઉપધિની મૂર્ચ્છા હું ક્યારે ઉતારીશ ? આ પુદ્ગલના ભોગ થકી હું ક્યારે છૂટીશ ? આ પુદ્ગલ તો જડ છે, જ્યારે મારો આત્મા ચેતનાગુણયુક્ત છે. હવે મારે જડના સંક્લેશવાળા કે સંગવાળા નથી રહેવું, પણ મોક્ષના અનંત અક્ષય-અવ્યાબાધ સુખના અનુભવી બનવું છે.

# ૧૪ બાર ભાવના

(૧) **અનિત્ય ભાવના :** આ જગતમાં જે સવારમાં હોય છે તે બપોરે નથી દેખાતું, અને જે બપોરે હોય છે તે રાત્રે નથી દેખાતું. આ પ્રમાણે પદાર્થની અનિત્યતા સર્વત્ર દેખાય છે.

બધા પુરુષાર્થોના કારણભૂત પ્રાણીઓના શરીર પ્રચંડ-પવનથી વિખરાઈ ગએલા વાદળાં જેવા વિનાશશીલ છે. લક્ષ્મી મોજાના જેવી ચંચળ છે, ધન કુટુંબાદિના સંગમો સ્વપ્ન જેવા છે અને યૌવન વંટોળિયાના સંબન્ધથી ઉડેલા રૂ જેવું છે.

આ પ્રમાણે તૃષ્ણારૂપી કાળી નાગણીને વશ કરનાર મંત્ર સમાન નિર્મમત્વની પ્રાપ્તિ માટે જગતના અનિત્ય સ્વરૂપનો સ્થિર ચિત્તે પ્રતિક્ષણ વિચાર કરવો.

(૨) **અશરણ ભાવના :** ઈન્દ્રો, ઉપેન્દ્રો વગેરે પણ જે મૃત્યુને આધીન થયાં, તે મરણના ભયથી પ્રાણીને કોણ શરણ કરવા યોગ્ય છે ? અને પિતા, માતા, બહેન, ભાઈ અને પુત્રોના જોતાં જ અસહાય એવા આ જીવને કર્મો વડે યમને ઘેર લઈ જવાય છે.

મૂઢ બુદ્ધિવાળા લોકો પોતાના કર્મોએ મૃત્યુ પામતા સ્વજનોનો શોક કરે છે, પણ સ્વકર્મ વડે મૃત્યુ પામતા પોતાના આત્માનો શોક કરતા નથી. દાવાગ્નિની ભભકતી જ્વાલાથી વિકરાળ દેખાતા વનમાં જેમ મૃગના બચ્ચાનું કોઈ શરણ નથી, તેમ દુઃખરૂપી દાવાગ્નિની બળતી જ્વાલાથી ભયંકર સંસારમાં પ્રાણીનું કોઈ શરણ નથી.

(૩) **સંસાર ભાવના :** આ સંસારૂપી રંગભૂમિ ઉપર પ્રાણી કોઈ વાર વેદજ્ઞ બ્રાહ્મણ થાય છે તો કોઈવાર ચંડાળ થાય છે, કોઈ વાર શેઠ થાય છે તો કોઈ વાર માલિક થાય છે, કોઈ વાર પ્રજાપતિ-બ્રહ્મા થાય છે તો કોઈ વાર ક્ષુદ્ર કીડો થાય છે. એમ વિવિધ પ્રકારે સંસારી જીવ નટની જેમ ચેષ્ટા કરે છે.

સંસારી જીવ કર્મના સંબન્ધથી ભાડાની કોટડીની જેમ કઈ યોનિમાં નથી જતો અને કઈ યોનિમાંથી નથી નીકળતો ?

સમસ્ત લોકાકાશમાં વાળના અગ્રભાગ જેટલું પણ કોઈ એવું સ્થાન નથી કે જ્યાં આ જીવ પોતાના કર્મોથી એકેન્દ્રિયાદિ વિવિધ રૂપો ધારણ કરવા વડે ઉત્પન્ન ન થયો હોય. જીવ એકલો જ ઉત્પન્ન થાય છે અને એકલો જ મરણ પામે છે, તથા ભવાન્તરમાં એકઠાં કરેલાં કર્મો એકલો જ ભોગવે છે.

(૪) **એકત્વ ભાવના :** તેણે ભેગુ કરેલું દ્રવ્ય બીજા ભોગવે છે; પરંતું ભેગું કરનાર તે પોતે તો એકલો નરકમાં પોતાના કર્મોના ફળ ભોગવવા વડે ક્લેશ પામે છે.

(૫) **અન્યત્વ ભાવના :** જ્યાં આત્માથી શરીરની વિલક્ષણતા હોવાથી અન્યપણું છે, ત્યાં ધન, બન્ધુ અને સહાયકોનું આત્માથી અન્યત્વ હોય એ કહેવું ખોટું નથી. જે માણસ શરીર, ધન અને બંધુઓથી પોતાના આત્માને ભિન્ન જુએ છે તેને શોકરૂપ શલ્ય કયાંથી દુઃખ આપે ?

(૬) **અશુચિ ભાવના :** રસ, લોહી, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, વીર્ય, આંતરડા, વિષ્ટા વગેરે અપવિત્ર વસ્તુઓના સ્થાનરૂપ આ શરીર છે. તેમાં પવિત્રપણું ક્યાંથી હોય ?

આંખ, કાન, નાક, મુખ, અધોદ્વાર અને જનનેન્દ્રિય વગેરે નવ દ્વારમાંથી વહેતા દુર્ગંધી ચીકણા રસના સતત આવવાથી મલિન એવા આ શરીરમાં પવિત્રપણાનું અભિમાન કરવું એ મહામોહનું લક્ષણ છે.

(૭) **આશ્રવ ભાવના :** મન, વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ મનોયોગ વચનયોગ અને કાયયોગથી શુભાશુભ કર્મ આત્મામાં આશ્રવે છે-પ્રવેશ કરે છે, તેથી તે યોગોને આશ્રવ કહે છે.

મૈત્રી, મુદિતા, કરૂણા અને ઉપેક્ષા આ ભાવનાથી વાસિત કરેલું ચિત્ત, શુભ કર્મને પેદા કરે છે અને ક્રોધાદિ કષાયો તથા વિષયોથી વ્યાપ્ત થએલું ચિત્ત અશુભ કર્મને પેદા કરે છે.

સત્ય અને શ્રુતજ્ઞાનાનુસારી વચન શુભ કર્મના ઉપાર્જન કરવા માટે અને તેથી વિપરીત વચન અશુભ કર્મના બન્ધને ઉપાર્જન કરવા માટે થાય છે.

અસત્ પ્રવૃત્તિ રહિત શરીર વડે જીવ શુભ કર્મ સંચિત કરે છે અને સતત મહારંભી અને હિંસક પ્રવૃત્તિવાળા જીવો વડે અશુભ કર્મ સંચિત કરાય છે.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો, સ્પર્શાદિ વિષયો, મન-વચન-કાયાની પ્રવૃત્તિરૂપ યોગો, અજ્ઞાન, સંશય, વિપર્યય, રાગ, દ્વેષ, સ્મૃતિભ્રંશ, ધર્મનો અનાદર અને યોગ દુષ્પ્રણિધાનરૂપ આઠ પ્રકારનો પ્રમાદ, અવિરતિ-નિયમનો અભાવ, મિથ્યાત્વ, આર્તધ્યાન અને રૌદ્રધ્યાન આ બધા અશુભ કર્મબન્ધના હેતુઓ છે.

(૮) **સંવર ભાવના :** ઉપર કહેલા બધા આશ્રવોનો નિરોધ કરવાનો ઉપાય સંવર કહેવાય છે. તેના દ્રવ્ય સંવર અને ભાવ સંવર એમ બે ભેદો છે

કર્મ પુદ્ગલના આસ્રવદ્વારા થતાં પ્રવેશને જે રોકે તે દ્રવ્યસંવર અને સંસારના કારણભૂત ક્રિયાનો ત્યાગ તે ભાવ સંવર. જે જે ઉપાયથી જે જે આસ્રવ રોકી

શકાય, તે તે આસ્રવના નિરોધ માટે બુદ્ધિમાન પુરુષોએ તે તે ઉપાય યોજવો.

જેમકે ક્ષમાથી ક્રોધને રોકવો, નમ્રતાથી માનને રોકવું, સરળતાથી માયાને રોકવી અને સંતોષથી લોભને રોકવો. બુદ્ધિમાન પુરુષે ઈન્દ્રિયોના અસંયમ-ઉન્માદથી પ્રબળ બનેલા વિષ જેવા વિષયોને ઈન્દ્રિયોના અખંડ સંયમથી રોકવા. સંવર માટે પ્રયત્ન કરતા યોગીએ ત્રણ ગુપ્તિ (યોગ નિગ્રહ) થી મન-વચન-કાયાના વ્યાપારોને રોકવા, અપ્રમાદથી પ્રમાદને રોકવો. બધી સદોષ પ્રવૃત્તિના ત્યાગથી અવિરતિને રોકવી, સમ્યગ્દર્શનવડે મિથ્યાત્વને રોકવું, તથા શુભધ્યાનરૂપ ચિત્તની સ્થિરતા વડે આર્ત તથા રૌદ્રધ્યાનોને રોકવા .

(૯) **નિર્જરા ભાવના** : સંસારના કારણભૂત કર્મને ખેરવી નાંખતા હોવાથી તેને નિર્જરા કહે છે. તે સકામનિર્જરા અને અકામનિર્જરા એમ બે પ્રકારની છે.

સંયમી પુરુષોને ઈરાદાપૂર્વક તપ વગેરે ઉપાય દ્વારા કર્મનો ક્ષય કરવા રૂપ સકામનિર્જરા હોય છે અને અસંયમીને તે સિવાય વિપાકથી કર્મને ભોગવીને ક્ષય કરવા રૂપ અકામ-નિર્જરા હોય છે. કારણ કે કર્મોનો પાક-નિર્જરા ફળના પાકની પેઠે ઉપાયોથી અને સ્વાભાવિક રીતે થાય છે.

જેમ અશુદ્ધ સોનું પ્રજ્વલિત અગ્નિવડે શુદ્ધ થાય છે, તેવી રીતે તપરૂપી અગ્નિદ્વારા તપાવવામાં આવતો જીવ શુદ્ધ થાય છે.

સંયમી પુરુષ બાહ્ય અને અભ્યંતર તપરૂપી પ્રજ્વલિત અગ્નિમાં કષ્ટથી ક્ષય થાય એવાં તીવ્ર કર્મોનો પણ તત્કાલ નાશ કરી નાંખે છે.

(૧૦) **ધર્મસ્વાખ્યાત ભાવના** : કેવલજ્ઞાની ભગવંતે ધર્મ સારી રીતે કહેલો છે. જેનું આલંબન લેનારો પ્રાણી ભવસાગરમાં બૂડતો નથી એમ વિચારવું તે ધર્મસ્વાખ્યાત ભાવના છે.

સંયમ, સત્ય-શૌચ , બ્રહ્મચર્ય, અકિંચનતા , તપ, ક્ષમા, મૃદુતા, નમ્રતા, ઋજુતા-સરળતા, અને મુક્તિ-નિર્લોભતા એમ ધર્મ દશ પ્રકારનો છે.

ધર્મના પ્રભાવથી કલ્પવૃક્ષો વગેરે ઈચ્છિત વસ્તુઓને આપે છે, અધર્મી આત્માઓને તે વિષયમાં-દષ્ટિમાં પણ આવતા નથી. સદા સમીપવર્તી અદ્વિતીય બન્ધુ સમાન અતિવત્સલ ધર્મ જ અપાર દુઃખસુમુદ્રમાં પડતા પ્રાણીને બચાવે છે. ભૂમીને જે દરિયો પ્લાવન કરતો નથી અને મેઘ આશ્વાસન આપે છે. જરૂર તે આ ધર્મનો જ ફકત પ્રભાવ છે. અગ્નિ જે તિર્છો સળગતો નથી વાયરો ઉર્ધ્વ વાતો નથી આ અચિન્ત્યમહિમા છે, તેમાં ધર્મ એજ કારણ છે.

જગતના આધારભૂત પૃથ્વી જે આલંબન વગર અને આધાર વગર રહે છે તેમાં ધર્મથી બીજું કોઈ કારણ નથી. આ જગતમાં સૂર્ય અને ચંદ્ર બંને જગતના ઉપકાર માટે ઉદય પામે છે તે જરૂર ધર્મના શાસનથી છે. બંધુ રહિતોને બંધુ, મિત્ર રહિતોને મિત્ર, અનાથોનો નાથ અને સર્વ જગત ઉપર વાત્સલ્ય રાખનાર ધર્મ જ છે. જેઓ વડે ધર્મ એજ શરણ-આસરાયેલો છે તેઓને રાક્ષસ યક્ષ-સાપ-વાઘ-વ્યાલ-અગ્નિ વગેરે અપકાર કરવા માટે સમર્થ થતાં નથી. નરકમાં-પાતાળમાં પડતા એવા જીવોને ધર્મ બચાવે છે. અને જેની ઉપમા આપી શકાય તેમ નથી એવો સર્વજ્ઞપણાનો વૈભવ પણ ધર્મ આપે છે.

(૧૧) **લોકભાવના** : કેડે હાથ મૂકીને પહોળા પગ રાખીને ઉભેલા પુરુષ જેવી આકૃતિવાલા તથા સ્થિતિ, ઉત્પત્તિ અને વિનાશસ્વરૂપવાળા દ્રવ્યોથી પરિપૂર્ણ લોકના સ્વરૂપનું ચિન્તન કરવું.

(૧૨) **બોધિદુર્લભ ભાવના** : કર્મથી મુક્ત થવાની અભિલાષા વિના કર્મના ક્ષયથી, પુણ્યથી જીવો સ્થાવરકાયમાંથી નીકળી ત્રસપણું અથવા તિર્યંચપણું પ્રાપ્ત કરે છે, તેમાં કર્મનું હળવાપણું થવાથી મનુષ્યપણું, આર્ય દેશમાં ઉત્પત્તિ, ઉત્તમજાતિ, તમામ ઈન્દ્રિયોનું સારાપણું, અને દીર્ઘ આયુષ્ય મહામુશ્કેલીએ પ્રાપ્ત થાય છે. આટલી વસ્તુઓ પુણ્યથી મલ્યે છતે પણ ધર્મનું કથન કરનાર ગુરુ મહારાજની વાણી-વચન શ્રવણ પ્રાપ્ત થયા છતાં તત્વના નિશ્ચયરૂપ બોધિ-રત્ન પ્રાપ્ત થવું અત્યન્ત દુર્લભ છે. આ બાર ભાવનાઓ વડે નિરંતર ભાવિત મનવાળો અને તમામ પદાર્થોમાં મમત્વરહિત થયેલ આત્મા શમપણાનું અવલંબન કરે છે.

## મૈત્રી ભાવના

'કોઈ પ્રાણી પાપ ન કરો, કોઈ દુઃખી ન થાઓ, આખું જગત મુક્ત થાઓ, આવી બુદ્ધિ તે **મૈત્રી** ભાવના કહેવાય છે.

જેમના દોષ દૂર થઈ ગયા છે, અને જેઓ વસ્તુ સ્વરૂપનું અવલોકન કરનારા છે, તેવા મુનિઓના ગુણો વિષે જે પક્ષપાત તેને **પ્રમોદ** ભાવના કહેવાય છે.

દીન, પીડિત, ભીત અને જીવિત યાચતા પ્રાણીઓ વિષે દીનતા વગેરે દૂર કરવાની બુદ્ધિ તેને કરુણાભાવના કહેવાય છે.

નિઃશંકપણે ક્રૂર કર્મો કરનારા, દેવગુરુની નિન્દા કરનારા તથા આત્મપ્રશંસા કરનારા લોકો પ્રત્યે ઉપેક્ષાબુદ્ધિ તેને માધ્યસ્થ ભાવના કહેવાય છે.

## ૧૫. વિદાય વેળાએ

....હવે તમારે શરીરમાં બિલકુલ લક્ષ્ય ન આપવું. સર્વ પ્રકારે બાહ્યમાંથી મનને આત્મામાં ખેંચી લેવું. અને દુનિયાના સર્વ પદાર્થોને ભરનિદ્રાની પેઠે ભૂલી જવા. આત્માના ઉપયોગે જાગૃત રહેવું. સર્વ પ્રકારની વાસનાઓને મનમાંથી કાઢી નાંખવી.

પ્રાણ અને ઈન્દ્રિયો તથા દેહથી આત્માને ભિન્ન ભાવી આત્મ સ્વભાવે પ્રાણ જતી વેળાએ સ્થિર થજો. આંખ અને કાનનો ઉપયોગ ટળતાં પહેલાં આત્મ સ્વભાવે પરિણમજો. લગ્ન વેળાએ જેમ વર વધૂ આનંદમાં રહે છે તેમ પ્રાણ નીકળતી વેળાએ પણ અંતરમાં આનંદ અનુભવજો. આત્માના ઉપયોગે પરભવમાં જન્મ થતાં પણ આત્મશુદ્ધિ ક્રમમાં આગળને આગળ વધાય, એવો પૂર્ણ નિશ્ચય રાખશો. અને યોદ્ધાની પેઠે કાળની સાથે યુદ્ધ કરજો. ચાર શરણને સારી રીતે દઢ નિશ્ચયથી સ્વીકારશો. તેથી તમો અન્ય ભવમાં અરિહંત, સિદ્ધ, સાધુ અને સર્વજ્ઞકથિત ધર્મને પામશો.

આત્મભાવે દઢ નિશ્ચયી રહેશો. જીર્ણ વસ્ત્રોની પેઠે શરીર બદલાતાં મનમાં ભય કે દીનતા ધરશો નહિ. મન, વાણી અને કાયાથી કરેલ સર્વ દુષ્કૃતનો પશ્ચત્તાપ કરવો. પરભવમાં સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય અને અરિહંત દેવની પ્રાપ્તિ થાય એવી ભાવના ભાવશો. આત્મા વિના અન્ય સર્વ વસ્તુઓની કામનાનો ત્યાગ કરી નિષ્કામ ભાવે વર્તજો.

## ૧૬. મહાયાત્રીનો કુટુંબી જનોને અંતિમ સંદેશો

(૧) હે ભાગ્યશાળીઓ ! મારા મરણ પછી લેશમાત્ર પણ શોક કરશો નહિ. શોક કરવાથી નવા અનેક ઘણા કર્મોનો બંધ આત્મા પર લાગશે. જેના કડવા વિપાક આત્માને અવશ્ય ભોગવવા પડશે. શોકથી આત્માને આર્તધ્યાન થયા છે. મન આકુળવ્યાકુળ થાય છે. આત્મા ભાન ભૂલી જાય છે. અને સંતાપ કરે છે. પરિણામે નવો પાપનો ભાર ઉપાડવો પડે છે. કહ્યું છે કે - **'શોક વધે સંતાપથી, શોક નરકની છાપ સલુણે, બંધ સમય ચિત્ત ચેતિયે, શ્યો ઉદયે સંતાપ સલુણે।।'**

ભવિતવ્યતા મુજબ ભાવો જગતમાં બન્યા કરે છે. તેને કોઈ ફેરવી શકતું **નથી.** તેનો પ્રવાહ ચાલુ ને ચાલુ જ રહે છે. તેની સામે ભલભલા ચમરબંધીનું **પણ** કશું જ ચાલતું નથી. બનવા યોગ્ય જે બને છે, તેમાંથી તો આત્માને ઘણોજ **બોધપાઠ** લેવાનો છે.

(૨) આ **શરીર** તો ક્ષણિક છે. સડણ-પડણ સ્વભાવવાળું છે. જ્યારે ત્યારે **આ** માટીની કાયા એક દિવસ પડવાની છે. એના આ સ્વભાવને ફેરવવા આધુનિક વિજ્ઞાન પણ સફળ **થયું નથી.** શાસ્ત્રની દષ્ટિએ તો આ કાયા બારદાન છે. તેની તો કોડીની પણ કિંમત નથી. કિંમત તો અંદર માલ રૂપે રહેલ આત્માની છે.

(૩) **સંયોગની પાછળ વિયોગ અવશ્યંભાવિ છે.** કલ્પાંત કરીએ, છાતીફાટ રોઈએ, આજીજી કરીએ, છતાં પણ એ **વિનશ્વર સંયોગ** કદી ટકી શકતો **નથી.**

(૪) હવે તો મારી પાછલી વય છે. શરીરનું સત્વ ચુસાઈ ગયું છે. ગાત્રો ઢીલાં પડી ગયાં છે. અને ઈન્દ્રિયો પણ શિથિળ બની છે. જુવાનીનો જે ઉન્માદ હતો તે મંદ પડ્યો છે. હવે મારી નમ્ર સલાહ છે કે મને હવે કૌટુંબિક તથા **સંસારી વાતોમાં ન જોડો; મને મારા આત્માનું કલ્યાણ થાય તેવી વાત સંભળાવો. મને સુંદર આરાધના કરાવો કે જેથી મારૂં મન શુભ વિચારોથી ભરપુર બને**

(૫) આ પાપી સંસાર સંયોગવશાત્ મારાથી **ન છૂટ્યો,** પણ **હૃદયથી** તો હવે હું ઉતારૂં છું. ઘણા કાળથી એ કરપીણ **અને** દગાખોર સંસારનાં બહુમાન અને સત્કાર કર્યા. જેના પરિણામે મેં ભવની મજલ વધારી. હવે આ પાપી ભયંકર સંસારને હું હૃદયમાં સ્થાન કેમ આપું? તેનાં સત્કાર **અને સન્માન** તો કરૂં જ શાનો?

(૬) મારા કરેલા પાપોના કડવા વિપાક મારે જ ભોગવવા રહ્યા. જગતમાં તેનો હિસ્સો કે ભાગ કોઈ લઈ શકે **એમ નથી. કર્મસત્તાનો** આ અટલ અને નિષ્પક્ષપાત ન્યાય છે. તેની કોર્ટમાં કોઈની **લાંચરૂશ્વત** લાગવગ **કે** બીજું કાંઈ પણ ચાલે એમ નથી. માટે તમે મારા દુઃખની વેદના **જોઈ** આકુળવ્યાકુળ ન થશો.

હે ભાઈઓ! નરક નિગોદના દુઃખ જે મેં સહ્યાં છે તેના હિસાબે વર્તમાનનું દુઃખ શું હિસાબમાં ? શું આપણે જ દુઃખી છીએ કે, બીજા જીવો પણ દુઃખી છે? અરે, મારા કરતાં પણ વધુ દયાપાત્ર આત્માઓ છે, કે બિચારાઓને જૈન શાસન મળ્યું નથી !

(૭) હે પુણ્યશાળીઓ ! ત્યાગ, **સુપાત્રદાન, પરમાત્માની** ભક્તિ, પૂજા, જપ, ધ્યાન, જિનવાણી શ્રવણ, બ્રહ્મચર્ય, સામાયિક, પ્રતિક્રમણ આદિ જે જે સુકૃત્યો મેં કર્યા હોય તેની હું અનુમોદના કરૂં છું. તમે પણ મારા સાચા

હિતૈષી હો તો મારી સત્ક્રિયાની અનુમોદના કરજો. અને શક્ય હોય તેટલું જીવનમાં ઉતારજો.

## ૧૭. શ્રાવક ના ત્રણ મનોરથો

૧. ક્યારે હું બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહને તથા આરંભને છાંડીશ? અને ત્યારે જ તે દિવસ મારો ધન્ય થશે. એ પરિગ્રહ કેવો ? કે જે પાપનું મૂળ છે, દુર્ગતિને આપનારો, કામ, ક્રોધ, માન-માયા, લોભ અજ્ઞાન-મોહ, ઈર્ષા-અદેખાઈ મત્સરને વધારનારો, મહા દુઃખનો દેનાર, મહા અનર્થને કરનાર, માઠી લેશ્યાનો કરનાર, રાગદ્વેષનું મૂળ, યતિધર્મરૂપ કલ્પવૃક્ષ માટે દાવાનળ સરખો, ક્ષમા, દયા, સત્ય, સંતોષ, બાર ભાવના તથા ચરણસિત્તરી-કરણસિત્તરીને હઠાવનાર, બોધિબીજરૂપ સમકિતનો નાશ કરનાર, બ્રહ્મચર્યનો ઘાત કરનાર, કુમતિ-કુબુદ્ધિરૂપ દુઃખને દેવાવાળો, સુમતિ-સુબુદ્ધિરૂપ સુખ સૌભાગ્યનો નાશ કરનાર, તપ-સંયમરૂપ ધનનો લૂંટનારો, ક્લેશ-કજીયાને વધારનારો, જન્મ, જરા, મરણને આપનાર, કપટનો ભંડાર, મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનાર, અનંત સંસારને વધારનાર, કડવા કર્મવિપાકને ચખાડનાર, ઈન્દ્રિયોના વિષય વિકારને પુષ્ટ કરનાર, મોટી ચિંતા, શોક, ગારવને કરનાર, મંદ બુદ્ધિવાળાઓએ આદરેલો, ઉત્તમ સાધુ નિર્ગ્રન્થોએ નિંદેલો, મોહરૂપ પાશથી બાંધનારો, આલોક અને પરલોકના સુખનો નાશ કરનાર, અનંત ભયંકર દુઃખ અને ભયનો આપનાર, મોટા પાપ વ્યાપાર તથા કુકર્માદાન કરાવનાર અને અધ્રુવ, અનિત્ય, અસાર, અત્રાણ, અશરણ છે, એવા આરંભ અને પરિગ્રહને છાંડીશ તે દિવસ મારો ધન્ય બનશે.

૨. તે દિવસ મારો ધન્ય છે, કે જ્યારે હું મુંડ થઈ પંચ મહાવ્રત લઈ, દશ પ્રકારે યતિધર્મ પાળી, નવવાડે વિશુદ્ધ બ્રહ્મચારી, સર્વ સાવદ્ય પરિહારી સાધુના સત્તાવીશ ગુણેયુક્ત પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિએ વિશુદ્ધ, મોટા અભિગ્રહનો ધારી, બેંતાલીશ દોષ રહિત વિશુદ્ધ આહારી, સત્તર ભેદે સંયમધારી, સકળ કર્મને તોડી આત્માનો ઉદ્ધાર કરનાર, અંત, પ્રાંત અરસ, વિરસ, રૂક્ષ, તુચ્છ આહારી, સર્વરસત્યાગી, ધન્ના કાકંદી, ધન્ય-શાલિભદ્ર જેવા મહાન મુનિવરો જેવો ત્યાગી બની કર્મ શત્રુઓને હઠાવીશ. છ કાયની દયા પાળી, નિર્લોભી, વાયરાની પેઠે અપ્રતિબદ્ધ વિહારી, વીતરાગની આજ્ઞા સહિત એવા એવા ગુણનો ધારક હું ક્યારે બનીશ? ક્યારે મારા મનના મનોરથો સફળ થશે?

૩. ક્યારે હું સર્વ પાપસ્થાનક આલોઈ સર્વજીવરાશી ખમાવી, સર્વવ્રત સંભારી, ચારે આહાર પચ્ચખ્ખી, શરીરને છેલ્લા શ્વાસોશ્વાસે વોસીરાવી, રત્નત્રયને

'આરાધતો થકો, ચાર મંગલિક રૂપ ચાર શરણ મુખે ઉચ્ચારતો, સર્વ સંસારને પૂંઠ દેતો, અરિહંત, સાધુ, સિદ્ધ, કેવલી પ્રરૂપિત ધર્મ એ ચારને ધ્યાવતો, શરીરની મમતા રહિત, પદપોપગમન સંથારા સહિત, પાંચ અતિચાર ટાળતો મરણને અણવાંછતો થકો એવું અંતકાળે પંડિતમરણ હું ક્યારે પામીશ? ઉપરના ત્રણ મનોરથો હંમેશા ભાવવા, જેથી મોક્ષ સુખ મળે છે.

## ૧૮. સ્વજનના વિયોગમાં આશ્વાસન

વિધિની એ વિચિત્રતા છે કે, પ્રથમવાર જ તમને લખવાનું થયું તે પણ કેવા વિકટ સંજોગોમાં ? એક બીજાના દુઃખમાં ભાગ લેવા માટે કોઈ વિશિષ્ટ યુક્તિ હું જાણતો નથી. માત્ર મારી ઊંડી સહાનુભૂતિ જ એ કાર્ય કરી શકે તેમ છે.

આખી દુનિયાના સર્વ પદાર્થો અને પાત્રો વિનાશ અને મૃત્યુ તરફ જઈ રહ્યા છે. કોઈ ધીમી ગતિએ, તો કોઈ ઉતાવળે પણ જીવનની ગાડી મૃત્યુના સ્ટેશને પહોંચવાની જ, આથી જ તો જે અનિવાર્ય છે તેની સાથે સહકાર કરવો જ રહ્યો. જે વસ્તુ ટાળી શકાતી નથી તેના સાથે હાથ મિલાવવામાં જ ડહાપણ છે.

જૈન ધર્મમાં પ્રત્યેક કાર્યના પાંચ કારણ કહ્યા છે. તેમાં નિયતી કે ભવિતવ્યતા પણ એક કારણ છે. બનવા કાળે જે બનવાનું હોય છે તે જ બનવા પામે છે; કોઈ તેને નિવારી શકતું નથી, ત્યાં કોઈ દાખલા-દલીલ નકામાં છે. વિરાટની એ અગમ્ય ઘટનાઓ પાસે માનવીએ માથું નમાવ્યે જ છૂટકો છે. આપણી સર્વ ઈચ્છા અને શકિતને બાજુએ મૂકી એ ધર્મમંગળની મહાસત્તાના ચરણ ચૂમવા. એથી વિશેષ આપણે કરી પણ શું શકીએ ? એ પરમ પિતાને આપણે સતત વિનવીએ કે, બધાં ભલે છોડી જાય પણ તું અમને ન છોડતો ! તીર્થંકર દેવની છત્ર છાયામાં = શરણાગતિમાં જે પોઢી જાય છે તેને ચિંતા કરવાની રહેતી નથી, તેનું સર્વ હિત થવા માંડે છે. આ ધર્મ મહાસત્તાના પ્રતિનિધિ શ્રી અરિહંત દેવને આપણા આંતરિક કુટુંબના વડા નીમીએ, તેની સાથે વાતચીત કરીએ, હૃદય ખોલીએ, જે કાંઈ કહેવા જેવું છે તે તેને કહીએ, જે કંઈ મેળવવા જેવું છે તે તેની પાસે માંગીએ ! મનમાં ઓછું આવે તો તેની પાસે રડી લઈએ, મન આનંદિત થાય તો તેની પાસે ભાભારવશ થઈને જઈએ. સૂના પડેલાં આ જીવનમાં, એક અરિહંતને જો દાખલ કરીશું, પ્રવેશ આપીશું તો આપણી સર્વ ગમગીની દૂર થશે. કારણ, સમગ્ર વિશ્વ તેની કરૂણતાના આધારે ટકી રહ્યું છે.

૨૫-૫૦ વર્ષે આ બધાં જ દ્રવ્યો ધોવાઈ જવાનાં છે ! બધું જ સતત વહી રહ્યું છે. તેમાં મારૂં કોને કહેવું ? યોગશાસ્ત્રમાં કહ્યું છે કે :- જે સવારે છે તે બપોરે નથી અને બપોરે છે તે સાંજે નથી. ૨૫-૫૦ વર્ષ પછી આપણને સહુને આ મકાન

ખાલી કરવાની નોટીસ મળશે. આવા કરુણ પ્રસંગો વડે આપણે આપણી જાતને સજાગ કરવી જોઈએ, અને જીવનની એ અંતિમ ક્ષણ માટે સુસજ્જ થવું જોઈએ. પ્રત્યેક બનાવ આપણને કશુંક શીખવવાને આવે છે. જીવનની દરેક ઘટના સંસારની સંયમ વિદ્યાપીઠનો એક નવો પાઠ શિખવે છે. પ્રિય સ્વજનનું મૃત્યુ પણ આપણને કહી જાય છે કે, 'તું પણ તૈયાર રહે, તારો પણ વારો આવી રહ્યો છે. બધી તૈયારી કરી લે. ધર્મ મહાસત્તાની સ્નેહમય ગોદમાં લપેટાઈ જા !'

જે કંઈ બની રહ્યું છે તેનાથી દૂર ભાગવાનો અર્થ નથી. તેનો શાંત સ્વીકાર કરવો - એ તત્ત્વ શ્રદ્ધા છે. પુણીયા શ્રાવકનું શ્રુત-સામાયિક ભગવાન મહાવીરે વખાણ્યું હતું. તે બીજુ કશું જ ન હતું. પણ આ શાંત સ્વીકાર હતો. કર્મના ગણિતમાં ચળાઈને જે નૈસર્ગિક વહેણમાં તણાઈ આવે છે તેને પ્રસન્ન ગાંભીર્યથી સ્વીકારી લેવું અને શાંત ઉદાસીનતામાં ઓગાળી દેવું તેનું નામ જ તત્ત્વજ્ઞાન છે, આધ્યાત્મિકતા છે.

અણધાર્યા આવી પડતાં આવા કરૂણ પ્રસંગોમાં મનની શાંતિ જાળવવી અતિ મુશ્કેલ છે, તે હું જાણું છું, પણ આપણું લક્ષ્ય જ શાંતિ છે. અને કોઈ પણ લક્ષ્યનો સંકલ્પમય સ્વીકાર, આપણી અગણિત છૂપી શક્તિઓને બહાર લાવે છે. પ્રિય સ્વજન ! મનની આ શાંતિ તૂટવા નહિં દેતા. કૂદરતના ક્રુર પ્રહાર સામે પણ વજ્રમય ખમીર બતાવજો ! જૈન ધર્મમાં આવી વીરતા શીખવાય છે.

જીવનની સઘળી વેદનાઓમાં કોઈ, કોઈનો ભાગ લઈ શકતું નથી. વિધિની એ ન્યાયી રચના છે. આપણો બોજો આપણે જ ઉંચકવાનો છે અને છતાં યોગ્ય સમયે યોગ્ય બળ પરિસ્થિતીને પહોંચી વળવા અંતરમાંથી જ મળી રહે છે. એ સહન કરવાનું બળ તમને તમારામાંથી જ મળશે. કારણ, કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવાની અનંત તાકાત માનવી માત્રમાં છે જ... જે અંદરમાંથી પ્રગટ કરવાની છે.

આ પત્ર તો માત્ર શબ્દોનો ઢગલો જ છે. વિચારોનો વહેવાર છે. શબ્દ અર્થ, કે વિચાર અને ભાવ એક બીજાનું કેટલુંક દુઃખ ઓછું કરે છે. મારી એવી તમન્ના છે કે આ પત્ર તમને એક એવું બળ આપે જે વડે તમે, જ્યાં હોય ત્યાં બેસીને ઢગલો ન થઈ પડો, શોકાકુલ ન બનો, દીન-હીન ન બનો, ગમગીન કે નિસ્તેજ ન બનો પણ ધર્મશ્રદ્ધાથી-સત્યના પ્રકાશમાં આગળ ચાલતા રહો અને મંજીલની નવી નવી ખૂબીઓ પામતા રહો.

તમારા આખા ધર્મપરાયણ અને સંસ્કારી કુટુંબને હું ઓળખું છું. તેથી તમે આ દુઃખ પણ પચાવી શકશો તેની મને ખાત્રી છે. દુઃખને જો પચાવતાં આવડી જશે તો તેમાંથી નવું ઓજસ ચમકશે અને પરમ શાંતિનો પ્રકાશ પામી શકશો.

# ૧૯. સુકૃત અનુમોદના

**यत्कृतं सुकृतं किञ्चित्, रत्नत्रितयगोचरम् ।**
**तत्सर्वमनुमन्येहं मार्गमात्रानुसार्यपि ॥**

શ્રી જિનેશ્વર ભગવંતના માર્ગને અનુસરીને જે કંઈ સુકૃત મેં કર્યું હોય તે સર્વને હું ભાવથી અનુમોદું છુ.

મારા જીવે ભૂતકાળના ભવોમાં તથા આ ભવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી હોય, તથા સમ્યકત્વના આચારોનું પાલન કર્યું હોય, જેવું કે- જિનભક્તિ, જિનદર્શન, પૂજાવંદન, તીર્થયાત્રા, નવકાર મંત્રનો જાપ વગેરે કર્યું હોય તે સર્વને ભાવથી અનુમોદું છું.

મારા જીવે દેશવિરતિમાં અણુવ્રતો પાળ્યાં, વ્રત પચ્ચક્ખાણ કર્યાં હોય, તપ-ત્યાગ કર્યા, અભિગ્રહો કર્યા, સામાયિક પૌષધાદિ કર્યા હોય તે બધાં આ ભવ કે ભૂતકાળના ભવોના સુકૃતોની ભાવપૂર્વક અનુમોદના કરું છું.

શ્રી જિનચૈત્ય શ્રી જિનપ્રતિમા, સમ્યગ્જ્ઞાન, સાધુ, સાધ્વી શ્રાવક, શ્રાવિકારૂપ સાતક્ષેત્રોને પોષ્યા હોય, તેને વિષે ભક્તિપૂર્વક દ્રવ્યનો ઉપયોગ કર્યો હોય તે શુભ પ્રવૃત્તિને ભાવપૂર્વક હું અનુમોદું છું.

મારા જીવે આ ભવમાં કે ભૂતકાળના ભવોમાં શ્રી સિદ્ધગિરિજી, શ્રી શંખેશ્વરજી, આબુજી, ગિરનાર, સમેત-શિખર, ભોયણી, પાનસર, સેરિસા, તારંગા, માતર, મહેસાણા (સીમંધરસ્વામી) કુંભારિયાજી, રાણકપુર, બ્રાહ્મણવાડા, દિયાણા, નાંદિયા, લોટાણા, મુછાળા મહાવીર, વરકાણા, નાડોલ, નાડલાઈ, ભદ્રેશ્વર, અંતરિક્ષ પાર્શ્વનાથ વગેરે ભારતભરમાં કરેલી તીર્થોની યાત્રાને ત્રિવિધ ત્રિવિધ અનુમોદું છું.

ભૂતકાળના ભવોમાં તથા આ ભવમાં મારા જીવે જે કંઈ જીવો ઉપર દયા કરી હોય, કસાઈખાના આદિથી જીવોને છોડાવ્યા હોય, હિંસક પ્રાણીઓથી બીજા મરતા જીવોને બચાવ્યા હોય, માછીમારોની જાળોને અટકાવી હોય; ભૂખ્યાંને અન્ન-પાણી, નિર્ધનને ધન-ધાન્ય, વસ્ત્ર આદિ આપ્યાં હોય, લક્ષ્મી પરનું મમત્વ આ રીતે ઓછું કર્યું વગેરે શ્રીજિનેશ્વર ભગવંતના વચનથી અવિરુદ્ધ જે કંઈ શુભ કરણી કરી હોય તે બધાંને અરિહંત પ્રભુની સાક્ષીએ પૂજ્ય ગુરુદેવની પુણ્ય નિશ્રામાં શ્રી સંઘ સમક્ષ ભાવથી અનુમોદું છું.

## પંચાચાર પાલનની અનુમોદના

સમ્યગ્જ્ઞાન ભણ્યો, બીજાને ભણાવ્યું, સમ્યગ્જ્ઞાનની તથા જ્ઞાનીઓની ભક્તિ કરી. શ્રીજિનાગમો લખ્યાં-લખાવ્યાં, જ્ઞાનભંડારો કરીને શ્રુતની રક્ષા કરી, જ્ઞાનના

આઠ પ્રકારના આચાર જેવા કે યોગ્યકાળે ભણવું, અકાળે ન ભણવું, વિનય બહુમાનપૂર્વક ભણવું, જ્ઞાનદાતા ગુરુઓનો અપલાપ ન કરાવો, સૂત્ર, અર્થ, ઉભય બરાબર કહેવા વગેરે, પાળ્યા, પળાવ્યા. આમ જ્ઞાનચારને લગતાં સુકૃતોને અરિહંત પરમાત્માદિની સાક્ષીએ ભાવથી અનુમોદું છું.

શ્રી જિનેશ્વર ભગવંતના વચન ઉપર શ્રદ્ધા રાખી તેમાં નિઃસંદેહ બુદ્ધિ કરી, શ્રી જિનમત સિવાય બીજા કોઈ દર્શનની ઈચ્છા ન કરી, શ્રી જિનધર્મના ફળની શંકા બિલકુલ ન કરી, સાધુ, સાધ્વીના મલ-મલિન ગાત્ર, વસ્ત્ર, પાત્ર આદિની દુર્ગંછા ન કરી, શ્રી જિનધર્મના આરાધકોની ઉપબૃંહણા એટલે કે પ્રશંસા કરી, પ્રમાદ કરતા જીવોને ધર્મની આરાધનામાં સ્થિર કર્યા, ચતુર્વિધ શ્રી સંઘ પ્રત્યે વાત્સલ્યભાવ રાખ્યો તથા શ્રી જિનશાસનની પ્રભાવના કરી વગેરે દર્શનાચારને લગતા જે કંઈ શુભ આચારો મેં આ ભવમાં કે ભુતકાળના ભવોમાં પાળ્યા હોય તે બધાંને ભાવથી અનુમોદું છું.

શ્રી જિનમંદિરોનાં નિર્માણ કર્યાં, કરાવ્યાં, જિન-પ્રતિમાઓ ભરાવી, શ્રી જિનબિંબોની અંજનશલાકા તથા પ્રતિષ્ઠાઓ કરાવી, શ્રી જિનભક્તિના મહોત્સવો કર્યા, કરાવ્યા, દેવદ્રવ્યની વૃદ્ધિ કરી-કરાવી, તીર્થયાત્રાઓ કરી-કરાવી, સંઘ કાઢ્યા, ઉપધાન, ઉજમણાં આદિ શાસન-પ્રભાવનાનાં કાર્યો કર્યાં, કરાવ્યાં, દેવના ભવોમાં પ્રભુના કલ્યાણકો ઉજવ્યાં, સમવસરણની રચનાઓ કરી, મેરૂપર્વત ઉપર જઈ પ્રભુના જન્મકાળે અભિષેકો કર્યા, નંદીશ્વરદ્વીપ, રૂચકદ્વીપ મેરૂ આદિ ઉપરના શાશ્વત તીર્થોની યાત્રા કરી વગેરે દર્શનાચારને લગતી સઘળી મારી શુભ પ્રવૃત્તિ, આ ભવમાં કે ગતભવોમાં થઈ હોય તે સર્વને ભાવથી અનુમોદું છું.

ઈર્યાસમિતિ આદિ પાંચે સમિતિનું સમ્યગ્ પાલન કર્યું, મન, વચન અને કાયાની ગુપ્તિ કરી, સામાયિક, પૌષધ દેશાવગાસિક, આદિ વ્રતો કર્યાં, ઉપયોગપૂર્વક પ્રતિક્રમણ, પડિલેહણ, ગોચરી, પાણી, વગેરે શુભ સાધુપણાની ચર્યાઓને આચરી, શ્રાવકપણાના સુંદર આચારો પાળ્યા વગેરે ચારિત્રાચારને લગતા જે આચારો પાળ્યા હોય તે સર્વને ભાવથી અનુમોદું છું.

નવકારશી, પોરસી, સાઢપોરસી, પુરિમુડ્ઢ, અવડ્ઢ, એકાશન, બેસણું, આયંબિલ, ઉપવાસ, છટ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ, સોળ ઉપવાસ, માસક્ષમણ વગેરે જે કોઈ પ્રકારનો તપ કર્યો, ઉણોદરી રાખી, વૃત્તિસંક્ષેપમાં ભોજનના દ્રવ્યાદિનું નિયમન કર્યું, ચાર મહાવિગઈઓનો સર્વથા ત્યાગ તથા છ વિગઈમાંથી કોઈ પણ એકાદ કે અધિક વિગઈઓનો ત્યાગ કર્યો, શરીરને કષ્ટ આપ્યું, સંલીનતામાં, અંગોપાંગ કે ઈન્દ્રિયોને ગોપવી રાખ્યા વગેરે છ પ્રકારના બાહ્ય તપના વિષયમાં જે કંઈ આરાધના મારા જીવે આ ભવમાં કે ભૂતકાળના ભવોમાં કરી હોય તો તે સર્વેની ભાવથી અનુમોદના કરું છું.

થયેલ દોષોને ગુરુ પાસે પ્રગટ કરી પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી તેનું વહન કર્યું, આચાર્ય, ઉપાધ્યાય રત્નાધિક આદિનો વિનય કર્યો, બાળ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી શૈક્ષક (નૂતનમુનિ)વગેરે સાધુ ભગવંતોની તથા સાધર્મિકોની વૈયાવચ્ચ કરી, વાચના, પૃચ્છના, પરાવર્તના, ધર્મકથા. તથા અનુપ્રેક્ષારૂપ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કર્યો, ધર્મધ્યાન, અને શુક્લ ધ્યાનને ધ્યાયું, કર્મક્ષયાદિ નિમિત્તે કાઉસગ્ગ કર્યા, વગેરે છ પ્રકારના અભ્યંતર તપને વિષે જે કંઈ આરાધના કરી હોય, આ ભવમાં કે ગતભવોમાં તે સર્વે આરાધનાની, હે દેવાધિદેવ પ્રભુ ! આ આરાધના મારા જીવનમાં ખૂબ વિસ્તરે તેવા ભાવથી ચતુર્વિધ સંઘ સહિત અનુમોદના કરું છું.

મારું વીર્ય શ્રી જિનેશ્વર ભગવંતના રત્નત્રયીના માર્ગમાં જ્યાં મેં પ્રવર્તાવ્યું હોય, ઉલ્લાસભેર શ્રી જિનધર્મની આરાધના કરી હોય, પ્રભુ-શાસનની આરાધનામાં પુરુષાર્થને ફોરવ્યો હોય, તે વીર્યાચારને લગતાં સુકૃતોને મન, વચન અને કાયાથી ભાવપૂર્વક અનુમોદું છું.

ધન્ય છે એ દિવસને પ્રભુ ! જે દિવસે આપના માર્ગને અનુસર્યો... ધન્ય છે એ દિવસને પ્રભુ ! જે દિવસે મેં આપના વિષે ચિત્ત એકાગ્ર કર્યું...! ધન્ય છે એ ક્ષણને પ્રભુ! જે મારી ક્ષણ સમભાવમાં પસાર થઈ....

## દાન-શીલ-તપ-ભાવધર્મની આરાધનાની અનુમોદના

મારા જીવે જ્ઞાનદાન, અભયદાન, સુપાત્રદાન, તથા અનુકંપા અને ઉ। .તદાનની જે કંઈ પ્રવૃત્તિ કરી.

શીલ ધર્મમાં સ્વયં સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કર્યું, અથવા પર્વતિથિ આદિને વિશે બ્રહ્મચર્યના પચ્ચક્ખાણ કરી તેનું પાલન કર્યું, ઈંદ્રિયના વિષયોનો વિવેકપૂર્વક ત્યાગ કર્યો પરસ્ત્રીઓથી વિવેકપૂર્વક નિવૃત્ત થયો. દૃષ્ટિ પણ પાછી વાળી, બીજાને ઉપદેશ આદિથી બ્રહ્મચર્યનું પાલન કરાવ્યું, શીલવંતોનાં બહુમાન કર્યાં, ગુણગાન ગાયા, વગેરે જે કંઈ શુભ આરાધના કરી.

બાહ્ય-અભ્યંતર તપ ધર્મની આરાધના કરી. તપસ્વીઓના પારણાદિક કરાવ્યાં, પ્રભાવનાદિક દ્વારા તેઓનાં બહુમાન કરાવ્યાં.

શ્રી નવપદજીનો તપ, વર્ધમાન તપ, શ્રી વીશસ્થાનક તપ, પંચમી, અષ્ટમી, એકાદશી આદિ તપોની આરાધના કરી.

ભાવ ધર્મને વિષે બાર ભાવનાઓ વારંવાર ભાવી, મૈત્ર્યાદિ ચાર ભાવનાઓથી પણ આત્માને વાસિત કર્યો, વગેરે...

ચારે પ્રકારના ધર્મમાંથી જે કંઈ ધર્મની આરાધના ભૂતકાળના ભવોમાં તથા આ ભવમાં કરી હોય તેની મન-વચન કાયાથી ભાવપૂર્વક અરિહંત પ્રભુની સાક્ષીએ, શ્રી ગુરુભગવંતોની નિશ્રામાં સકલસંઘની સાથે અનુમોદના કરું છું.

ટૂંકમાં, હે નાથ ! હે જગતસ્વામી દેવાધિદેવ ! આપના માર્ગને અનુસરીને મારા વડે આ ભવમાં કે ગતભવોમાં જે કંઈ મન-વચન-કાયાથી અલ્પ પણ પ્રવૃત્તિ થઈ છે, તે અલ્પ હોવા છતાં બીજ રૂપ હોઈ તેમાંથી વિસ્તૃત વેલા ફેલાશે તે - આશયથી તે સર્વ પ્રવૃત્તિને ભાવપૂર્વક અનુમોદું છું.

**એકેન્દ્રિય આદિના ભવોમાં કાયાદિનો સદુપયોગ થયો હોય તેની અનુમોદના.**

અનાદિનિગોદમાં અવ્યવહાર રાશિમાં મારા જીવે એક કાયામાં અનંતાજીવોની સાથે વાસ કરીને જે કંઈ દુઃખ, પીડા વગેરે ભોગવીને અકામનિર્જરાથી કર્મ ખપાવ્યાં હોય તેને અનુમોદું છું.

મારા જીવે વ્યવહાર રાશિમાં આવ્યા પછી પણ પૃથ્વીકાય આદિના ભવોમાં-દુઃખ પીડા ભોગવીને જે કર્મ અકામનિર્જરાથી ખપાવ્યાં હોય તેને ભાવથી અનુમોદું છું.

પૃથ્વીકાયના ભવમાં પથ્થર, માટી, રત્ન, ધાતુ, વગેરે તરીકે હું હતો ત્યાંની મારી કાયાનો ઉપયોગ શ્રી જિનપ્રતિમા, શ્રી જિનમંદિર, પૌષધશાળા કે જ્ઞાનમંદિર આદિ શુભ સ્થાનોમાં થયો હોય તેને હું ત્રિવિધ ત્રિવિધ અનુમોદું છું.

અપકાયના ભવમાં મારી કાયાનો ઉપયોગ શ્રી જિનેશ્વર ભગવંતોના સ્નાત્ર-અભિષેકોમાં, કે શ્રી જિનમંદિર, પૌષધશાળા આદિના નિર્માણ વગેરેમાં થયો હોય તેની હું ભાવથી અનુમોદના કરું છું.

અગ્નિકાયના ભવમાં મારી કાયાનો ઉપયોગ જિનભક્તિ કે શ્રુત ભક્તિ વગેરેમાં ધૂપ-દીપ વગેરે તરીકે થયો હોય તેને હું ભાવથી અનુમોદું છું....

વાયુકાયના ભવોમાં શ્રી જિનેશ્વર ભગવંતો, સાધુ ભગવંતો કે સાધર્મિકોની અનુકૂળતામાં મારી કાયાનો ઉપયોગ થયો હોય તેને ભાવથી અનુમોદું છું....

વનસ્પતિકાયના ભવમાં પુષ્પ, ફળ, આદિ તરીકે મારી કાયાનો ઉપયોગ જિનભક્તિમાં થયો. થડ, મૂળ, વગેરે મારી કાયાનો જિનમંદિર, ઉપાશ્રયષ સાધુનાં પાત્ર, દંડ વગેરેમાં ઉપયોગ થયો હોય તે સર્વેને ભાવથી અનુમોદું છું....

ત્રસકાયના ભવમાં કીડાદિ થઈને તથા ઘેટા, બકરા વગેરે તરીકે થવાથી મારા વસ્ત્ર-ઉન વગેરેનો ઉપયોગ પ્રશસ્ત રીતે જૈનશાસનમાં થયો તેને ભાવથી અનુમોદું છું...

**આમ** ભૂતકાળના ભવોમાં મારી **કાયાદિ સર્વે** સામગ્રીનો ઉપયોગ યત્કિંચિત્ પણ શ્રી જૈનશાસનમાં થયો હોય તેને અરિહંત પરમાત્માદિની સાક્ષીએ ચતુર્વિધ સંઘ સમક્ષ ભાવપૂર્વક અનુમોદું છું.

**વિશ્વમાં થયેલા, થતાં અને થનારાં સુકૃતોની અનુમોદના**

તમામ અરિહંત ભગવંતોના અરિહંતપણાના, સિદ્ધભગવંતોના સિદ્ધપણાના, આચાર્ય ભગવંતોના પંચાચાર પાલન-પ્રવર્તનના, ઉપાધ્યાય ભગવંતોના શાસ્ત્રોનું અધ્યયન- અધ્યાપનના, સાધુ-સાધ્વીજી ભગવંતોના સાધ્વાચાર પાલનના, શ્રાવક-શ્રાવિકાના બાર વ્રતોનું પાલન, તપ જપ, જિનભક્તિ, પ્રતિક્રમણાદિ આરાધનાઓના, સમ્યગ્દષ્ટિ આત્માઓના જિનાજ્ઞા પક્ષપાતના તથા ભદ્રક-મંદ મિથ્યાદષ્ટિ જીવોની પણ જિનમત અનુસરનારી આરાધનાઓના થયેલાં-થતાં અને થનારાં સુકૃતોની ભાવથી અનુમોદના કરું છું.

## ૨૦. અંત સમયની આરાધના

મૃત્યુની નજદિકમાં આવી ચૂકેલા માંદા માણસની પાસે તેના સંબંધીઓ અંતિમ આરાધના કરવા સારુ સદ્ગુરુને બોલાવવા.

પથારીમાં પડેલો માણસ ગુરુદેવને વંદના કરે. જ્ઞાનનું પૂજન કરે, વાસક્ષેપ કરાવે અને ''ભગવાન ! અવસરોચિત કાંઈક ફરમાવો. મારા અંતિમ સમયને સાર્થક કરાવીને મારૂં જીવન સફળ બનાવો''. તે વખતે ગુરુવર્ય છેવટની આરાધના કરી લેવા ફરમાવે છે.

મહાનુભાવ ! તમારા જીવનમાં લાગેલા સઘળા અતિચારોનું તમારે આલોચન કરવું જોઈએ, વ્રતો ઉચ્ચરવા જોઈએ, સર્વ જીવરાશિ સાથે ક્ષમાપના કરવી જોઈએ, અરિહંતાદિ ૪નું શરણં સ્વીકારવું જોઈએ અને દુષ્કૃત-ગર્હા તથા સુકૃતાનુમોદન કરવા જોઈએ.

હવે તે ભવ્યાત્મા આ રીતે ગુરુવર્યની સમક્ષ પાપ આલોચનાદિ કરે.

હે ભગવાન્ ! જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનના સાધનોની મેં જે કાંઈ આશાતના કરી હોય, મારુ સામર્થ્ય છતાં જ્ઞાનીને વસ્ત્રપાત્રાદિ ન આપ્યા હોય તે સર્વે દુષ્કૃત મિથ્યા થાઓ.

**સુદેવ-સુગુરુ-સુધર્મની સદ્દહણા** સમ્યક્ પ્રકારે ક્યારે પણ ન કરી હોય. **જિનેશ્વરદેવની પ્રતિમાની, તીર્થોની** કે જિન મંદિરમાં કોઈ પણ પ્રકારની મેં આશાતના કરી હોય, ભક્તિ બહુમાન વિના પૂજા કરી હોય, દેવદ્રવ્યનું ભક્ષણ કર્યું હોય અથવા તો

એ ભક્ષણ અન્યત્ર થતું જોઇને, નિવારવાનું સામર્થ્ય છતાં ઉપેક્ષા કરી હોય તો તે સઘળું દુષ્કૃત મિથ્યા થાઓ. આરાધક સાધુ-ભગવંતોની કોઈ આશાતના નિંદા કે હિલનાદિ કર્યા હોય, સાધુ થવા ઈચ્છનાર કોઈ મુમુક્ષુને અન્તરાય કર્યો હોય. ચારિત્ર-ધર્મની લેશ પણ નિન્દા કરી હોય, કોઇ ચારિત્રી ઉપર આળ ચડાવ્યું હોય તે સઘળા દુષ્કૃત મિથ્યા થાઓ.

કોઈ તપસ્વીની કે કોઈના તપની મેં નિન્દા કરી હોય, શક્તિ છતાં તેમનું બહુમાન ન કર્યું હોય, મોહાદિને વશ થઈને તપ કરતાંને અન્તરાય કર્યો હોય તે સર્વ દુષ્કૃત મિથ્યા થાઓ.

એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના કોઈ પણ જીવનો વધ કર્યો હોય, કોઈનું પણ તાડનતર્જન કર્યું હોય, બળદ આદિ મુંગા પશુને ખીલે બાંધી ત્રાસ દીધો હોય, માર્યા હોય, ભૂખ્યા રાખ્યા હોય, મન-વચન કે કાયાથી બીજી પણ જે કાંઈ હિંસાદિની દુષ્ટ પરિણતિ વગેરે કરી, કરાવી કે અનુમોદી હોય તે સઘળું દુષ્કૃત મિથ્યા થાઓ.

ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી અથવા પરવશપણાથી કે અજ્ઞાનતાથી હું જુઠું બોલ્યો હોઉં. જાણીને કોઈ ઉપર આળ ચડાવ્યું હોય, કોઈની ગુપ્ત વાત પ્રગટ કરી હોય, ખોટા ત્રાજવાં, તોલા રાખ્યા હોય, ખોટાં દસ્તાવેજ કર્યાં હોય તે સઘળું દુષ્કૃત મિથ્યા થાઓ.

ધન-ધાન્યાદિની ચોરી કરી હોય, તેમ કરતાંને મેં સહાય કરી હોય, રાજ્યવિરુદ્ધ ચોરીઓ કરી હોય તે સઘળું દુષ્કૃત મિથ્યા થાઓ.

કુમારી, વિધવા આદિ પરસ્ત્રી સાથે મૈથુન સેવ્યું હોય, બળાત્કાર કર્યો હોય, અનેકવિધ કામચેષ્ટા-કામકથા વિગેરે કર્યા હોય, દેવ, તિર્યંચ કે મનુષ્ય સંબંધી કામનો તીવ્ર અભિલાષ કર્યો હોય. પારકાના છોકરા-છોકરી પરણાવ્યા હોય તેવા સંબંધમાં સંમતિ આપી ભાગ લીધો હોય, અનુમોદના કરી હોય તે સઘળું દુષ્કૃત મિથ્યા થાઓ.

જરૂર કરતાં વધુ પડતા ધન-ધાન્યાદિનો પરિગ્રહ કર્યો હોય, જરૂરી વસ્તુ ઉપર પણ માયા-મૂર્ચ્છા કરી હોય તે સઘળું દુષ્કૃત મિથ્યા થાઓ.

આ પાંચેય અણુવ્રતો સ્વીકાર્યા પછી પણ જ્યાં ક્યાં પણ અતિક્રમાદિ લાગ્યા હોય તો તે સઘળું દુષ્કૃત મિથ્યા થાઓ.

એજ રીતે દિક્‌પરિમાણાદિ ગુણ વ્રતોના સંબંધમાં જે કોઈ અતિચારાદિ લાગ્યા તે સઘળું દુષ્કૃત મિથ્યા થાઓ.

વિશેષથી, મેં સેવેલા કર્માદાનના પાપ-ધંધાઓને હું ધિક્કારું છું અઢારે પાપ-સ્થાનકના સેવનને ધિક્કારું છું, મારી સઘળી માનસિક-વાચિક અને કાયિક દુષ્ટ પ્રવૃત્તિને ધિક્કારું છું - નિન્દું છું, એની ગર્હા કરું છું.

શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોની સાખે વારંવાર કહું છું મારાં સઘલાં દુષ્કૃતો મિથ્યા થાઓ, મિથ્યા થાઓ.

હું ફરી જણાવું છું કે મિથ્યાત્વ-વાસનાથી મૂઢ થઈને મન-વચન કે કાયાથી કોઈ કુમતનું સેવન કર્યું હોય, વીતરાગ સર્વજ્ઞ ભગવંતોના ધર્મની નિંદા-હિલના કરી હોય, કોઈના દુષ્કર્મમાં નિમિત્ત બન્યો હોઉં, તિર્યંચોને ત્રાસ આપનાર શસ્ત્રો મેં તૈયાર કર્યા હોય, રાજકીય અમુક પક્ષે રહીને પર-પક્ષની જાન-હાનિ વગેરેમાં આનંદાદિ અનુભવ્યા હોય તે સર્વ દુષ્કૃતોની પુનઃ પુનઃ નિંદા-ગર્હા કરું છું. મારાં સઘળાં દુષ્કૃતો મિથ્યા થાઓ. તજ્જન્ય સર્વ કર્મનો ક્ષય થાઓ. ક્ષય થાઓ.

તેની સાથે મેં મારા જીવન દરમિયાન જિનભવન કરાવ્યું હોય, પ્રતિમા બેસાડી હોય, શ્રી જિનાગમ લખાવ્યા હોય, તીર્થોના સંઘ કાઢયા હોય, સંઘ-પુજા કરી હોય, સાત ક્ષેત્રમાં જે કાંઈ દાન દીધું હોય.....બીજું પણ જે કાંઈ સુકૃત કર્યું હોય તેની આ પળે ખુબ ખુબ અનુમોદના કરું છું. એવા સુકૃતો મને વારંવાર પ્રાપ્ત થાઓ. સુકૃતસેવનની પરંપરા ચાલ્યા કરો.

વળી શ્રી અરિહંત ભગવંતોની માર્ગદર્શિતાની, શ્રી સિધ્ધ ભગવંતોના સિધ્ધત્વની, શ્રી આચાર્ય ભગવંતોના પંચાચારની, શ્રી ઉપાધ્યાય ભગવંતોના ઃ ધ્યયન-અધ્યાપનની, સર્વ સાધુ ભગવંતોની સઘળી મોક્ષ-સાધનાની, સર્વ શ્રમણોપાસકોના સઘલા સુકૃતોની, સર્વ સમ્યગ્દષ્ટિના, સર્વ માર્ગાનુસારી આત્માના ..ઘળાય શુભ સેવનની પુનઃ પુનઃ હૃદયથી અનુમોદના કરું છું.

હવે મને શ્રી અરિહંતાદિ ૪નું શરણું હોજો. જેમણે પોતાના અંતિમ ત્રીજા ભવમાં સર્વ જીવના ઉધ્ધારની પ્રકૃષ્ટ ભાવના ભાવી તે અનંતાનંત તારક-તીર્થંકર ભગવંતોને શરણે હું જાઉં છું.

તે વીતરાગ-સર્વજ્ઞ ભગવંતો મારું શરણ હોજો. જેમણે સમગ્ર સંસાર ઉપર વિજય મેળવી ચૂકેલા કામ-ક્રોધ ઉપર પણ વિજય મેળવી ઘાતી કર્મોનો ક્ષય કરી વીતરાગ-ભાવ પ્રાપ્ત કરી જેઓ અષ્ટ-કર્મથી મુક્ત થયા છે તે અશરીરી શ્રી સિધ્ધ ભગવાન મારું શરણું હોજો.

હું તે અનંતાનંત સિધ્ધ - પરમાત્માને ભાવ ભરી વંદના કરું છું. જેમને હવે કદાપિ સંતાપભર્યા આ સંસારમાં આવવાનું નથી.

શ્રી અરિહંત દેવના ધન્ય માર્ગની પ્રભાવના કરતાં, એમના પ્રતિનિધિસમા આચાર્ય-ભગવંતો મારું શરણું હોજો.

**પંચાચારનું કઠોર પાલન** કરતાં, એકાંત હિતકરણશીલ, શાસન-સંરક્ષક, અનંતાનંત આચાર્ય ભગવંતોને શરણે જઈ આજે મારી જાતને હું ધન્ય બનાવી રહ્યો છું.

આશ્રિતોને સન્માર્ગની સમજણ આપતા, સમગ્ર સંસારની વાસનાના વિષ ઉતારતા ગારૂડી મંત્રનું દાન કરતાં ઉપકારી ઉપાધ્યાય ભગવંતો મારૂં શરણું હોજો.

સ્વયં સતત અધ્યયનશીલ બનીને વીતરાગ-વાણીનું મંથન કરીને મુમુક્ષુને તત્વનું દાન દેતા, એના જીવનમાં આધ્યાત્મિક આનંદના સાગરને હિલોળે ચડાવતા અકારણ વત્સલ ઉપાધ્યાય ભગવંતોને હું અંતરથી નમું છું.

સ્વજનોના સ્નેહ-પાશને તોડી નાંખી કઠોર સાધનાના પંથે ચાલી નીકળેલા, સાધનાને પચાવીને એનો મસ્ત આનંદ અનુભવતા, ગુરુચરણોમાં રહીને તદ્દન નિર્ભય બની ગયેલા, મોક્ષમાર્ગના સફલ યાત્રી સાધુ ભગવંતોનું મને શરણું હોજો.

ત્યાગી, વિરાગી, દેવધિદેવના સાચા શરણાગત શ્રી સાધુ ભગવંતોને મારી પુનઃ વંદના હો.

કેવલિભાષિત ધર્મ મારું શરણ હોજો.

સમગ્ર સંસારના દ્રવ્યભાવ દારિદ્રને ફેડતી, સુખના સાચા રાહે સહુને દોરી જતી, એકાંતહિતકારિણી, એકાંત હિતવત્સલ ધર્મમાતા મારું શરણું હોજો.

શ્રી અરિહંતાદિ ચાર જ આ લોકમાં **સર્વોત્તમતત્વ છે,** એ ચાર મંગલમય છે, મંગલકારી છે, અને અનન્ય શરણભૂત છે. મારે હવે બીજું કોઈ શરણ નથી. મેં આ **શરણાગતિ** હૃદયથી સ્વીકારી છે.

હવે મારી દીનતા દૂર થઈ છે. રોગોની મને પરવા નથી. કેમ કે મને ત્રાસ આપવાની તેમની તાકાતને સખ્ત પરાજય આપવા જોગું બળ મને પ્રાપ્ત થઈ ચૂક્યું છે. મૃત્યુ મને ડરાવી શકે તેમ નથી. કેમકે મારી વાસનાઓના મૃત્યુ થઈ ગયા છે. હવે કાયાના મોતમાં હું માનતો નથી.

શ્રી અરિહંતાદિના શરણે ગયો છું. હવે પરલોકનો મને ભય નથી, મેં સર્વ દુષ્કૃતોની ગર્હા કરી છે, સુકૃતોનું અનુમોદન કર્યું છે, એટલે કોઈ પણ આપત્તિ મારા માટે સંપત્તિરૂપ બની જનાર છે. હવે મારા જીવનમાં આપત્તિ જેવી કોઈ વસ્તુનું અસ્તિત્વ જ રહ્યું નથી.

મેં કર્તવ્યભૂત સઘળું કર્યું છે, અકર્તવ્યભૂત સઘળું વોસિરાવ્યું છે, મારા છેલ્લા શ્વાસે આ શરીરને પણ વોસરાવી દઉં છું.

મારું જીવન પવિત્ર બન્યું છે, **ધન્ય** બન્યું છે, **મંગલમય** બન્યું છે.

સંયોગમાં આનંદ માણીને આ જીવે વિયોગમાં પોક મૂકીને દુઃખની પરંપરા વધારી છે. પરન્તુ હવે હું સઘલા બંધનો તોડી નાંખું છું. અત્યારે મારા આત્માના કોઈ પણ પ્રદેશમાં સાંસારિક સંયોગનો આનંદ ફરકતો નથી. હું છું ભાવ-સંયમની સાધનાને ઝંખતો યોગી. સર્વના વિયોગમાં આનંદ માનતો મસ્ત માનવ.

હું એકલો છું મારૂં કોઈ નથી. અરિહંત દેવ જ મારા દેવ છે. નિર્ગ્રન્થ જ મારા ગુરુ છે. કેવલિ ભાષિત ધર્મ જ મારો ધર્મ છે. મારો પ્રાણ છે. સર્વ જીવરાશિ સાથે મેં આ ભવમાં કે પૂર્વના અનંતા ભવોમાં જે કાંઈ અપરાધ કર્યો હોય તેની માફી માંગુ છું. તેઓના પણ અપરાધની હું માફી આપું છું.

મનથી મેં જે કાંઈ પાપ સેવ્યું હોય, વાણીથી જે કાંઈ દુષ્કૃત કર્યું હોય, કાયાથી જે કાંઈ કુકર્મ આદર્યું હોય તે સર્વ મિથ્યા થાઓ, મિથ્યા થાઓ, મિથ્યા થાઓ.

શ્રી અરિહંતાદિ મારું શરણ હો. મન્ત્રાધિરાજ શ્રી નમસ્કાર મારા રોમરોમમાં પરિણમી જાઓ. સહુ મને એ મહામંત્રનું શ્રવણ કરાવો. મારા અંતિમ શ્વાસ સુધી મારું ચિત્ત એમાં જ રમતું રહો.

(અહીં ગુરુવર્ય પંચ-મહાવ્રત ઉચ્ચરાવે, અને સાથે સાગારી અનશન કરાવે)

અ............રિ............હં...............ત.

અ............રિ............હં...............ત.

અ............રિ............હં...............ત.

## ૨૧. નંદનરાજર્ષિની અંતિમ આરાધના

### (૧) દુષ્કૃત ગર્હા

પાંચે આચારોના જે જે અતિચાર સેવ્યા, તેને મન-વચન-કાયાથી નિંદું છું

### (૨) સર્વ જીવોને ક્ષમાપના

હે ભગવંત ! હવે હું સર્વ જીવોને આપની સાક્ષીએ ખમાવું છું, મેં જે જે જીવોને હણ્યા, કડવાં કઠોર વચનો કહ્યાં, જેનું કંઈ ચોર્યુ, ઓળવ્યું, અથવા કોઈ પણ જાતનો પણ અપકાર કર્યો હોય તે સૌ જીવો મારા સર્વ અપરાધોને મારી ઉપર દયા કરીને ક્ષમા કરો.

મિત્ર કે અમિત્ર, સ્વજન કે શત્રુ - સૌ કોઈ મારા સઘળા દોષોની ક્ષમા આપો. હું સર્વ**ની** સાથે સમભાવવાળો છું, આજથી મારે કોઈ શત્રુ-મિત્ર કે સ્વજન પરજ**ન નથી**, બધાય જીવો મારે સમાન છે.

તિર્યંચપણામાં તિર્યંચો, નારકપણામાં નારકો, દેવપણામાં દેવો, અને મનુષ્યપણામાં મનુષ્યો, એમ ચારે ગતિમાં જે જે જીવોને મેં દુઃખમાં નાખ્યા તે સર્વ મને ક્ષમા કરો ! હું પણ તે સર્વને ખમાવું છું. મારે સર્વ જીવો સાથે મૈત્રી છે.

## (૩) ભાવના

જીવતર, યૌવન, લક્ષ્મી, રૂપ, પ્રિય મનુષ્યોનો મેળો એ બધું મહા તોફાની પવનથી ખળભળેલા સમુદ્રના તરંગોની જેમ નાશવંત છે. જીવને એમાનું કોઈ કંઈ સુખ આપી શકે તેમ નથી.

વ્યાધિ, જન્મ-જરા-મરણને વશ પડેલા જીવોને આ સંસારમાં એક શ્રી જિનેશ્વરોએ કહેલા ધર્મ વિના બીજું કોઈ પણ શરણ નથી.

સઘળાય જીવો સ્વજન તરીકે માતા, પિતા, પુત્ર, પત્નિ, પતિ, વગેરે દરેક સંબંધોથી વારંવાર જોડાયા અને તે જ બધા અનેક વાર પારકા થયા, તેવા અનિત્ય સંબંધીઓમાં લેશ પણ મમત્વને કોણ કરે !

જીવ એકલો ઉપજે છે, એકલો મરે છે, સુખોને પણ એકલો જ ભોગવે છે. અને દુઃખોને પણ એકલો તે જ ભોગવે છે.

શરીર આત્માથી જુદું છે, બીજુ ધન-ધાન્યાદિક સઘળું જુદું છે. અને સંબંધીઓ પણ જુદા છે, આત્મા એ સહુથી ભિન્ન છે, અજ્ઞાનથી હે જીવ ! તું મિથ્યા મુંઝાય છે, એમાંનું ચર્મદષ્ટિથી દેખાતું કંઈ પણ તારૂં નથી, હે જીવ ! પરવસ્તુમાં પ્રેમ કોણ કરે ? માટે મમત્વને છોડી તારા અંતરંગને ગુણોનો આશ્રય લે. એ જ તને સર્વત્ર સુખી કરશે.

ચરબી, લોહી, માંસ, હાડકાં, યકૃત, (પિત્તાશય) અને મળ-મૂત્રથી ભરેલા અશુચિના ભંડાર તુલ્ય શરીરમાં કોણ બુદ્ધિમાન મૂર્છા કરે ? શરીર તો ઉપરથી સુંદર ચામડાથી મઢી જીવોને મુંઝવવા માટે ઘડેલી મોહની દાસી છે.

લાલન-પાલન કરવા છતાં અવશ્ય નાશ પામનારૂં આ શરીર તો હે જીવ! ભાડાના ઘરની જેમ અવશ્ય ક્ષણમાં છોડવું પડે તેવું છે, તેમાં મોહ કરી કોણ પોતાનો સ્વાર્થ ગુમાવે!

ધૈર્યવાન હોય કે કાયર - દરેક જીવને અવશ્ય મરવાનું તો છે જ. તો મરવાથી શા માટે ગભરાવું ? બુદ્ધિમાન તો એવી પ્રસન્નતાપૂર્વક મરે કે પુનઃ મરવાનું રહેજ નહિ.

## (૪) ચાર શરણાંનો સ્વીકાર

અરિહંત ભગવંતોનું મારે શરણ છે. અનંતા સિદ્ધો અને સાધુ મહારાજાઓનું મારે શરણ છે, તથા શ્રી કેવલજ્ઞાનીઓએ કહેલા ધર્મનું મારે દઢ શરણ છે.

હે ભગવંત ! આપને શરણે આવેલા મારે આપનો કહેલો ધર્મ એજ માતા છે, એજ

માતાની માફક પાળશે, સંભાળશે, ગુરુઓ જ મારા પિતા છે. એ જ પિતાજી જેમ મને કર્મ શત્રુઓથી બચાવીને મારા જ્ઞાનાદિ ધનને મેળવવાની બધી કળાઓને શીખવાડશે. સાધુઓ જ મારા ભાઈઓ છે, તેઓ જ સગા ભાઈઓની જેમ મને મારૂં આત્મધન કમાવવામાં સહાય કરશે અને સાધર્મિકો જ મારા સાચા સ્વજનો છે, તેઓ જ કુટુંબીઓની જેમ મને બધા કાર્યોમાં સાથ આપશે. એ સિવાય બીજા તો મોહની જાળ સમા મારાં બંધનો છે.

## (૫) પંચ પરમેષ્ઠિને નમસ્કાર

આ નમસ્કારથી આત્માનો મેલ નાશ પામી ત્યાં શુભ ભાવો પ્રગટે છે, માટે કહ્યું છે કે શ્રી ઋષભદેવ સ્વામિ આદિ સર્વ તીર્થંકરોને હું નમસ્કાર કરૂં છું, અને પાંચ ભરતક્ષેત્રો, પાંચ ઐરાવત ક્ષેત્રો તથા પાંચ મહાવિદેહ ક્ષેત્રો મળી પંદર કર્મભૂમિમાં થએલા, વિદ્યમાન અને ભાવીમાં થનારા બધા તીર્થંકરોને હું નમસ્કાર કરૂં છું.

શ્રી તીર્થંકર ભગવંતોને કરેલો નમસ્કાર પ્રાણીઓના સંસારનો છેદ કરનારો અને મોક્ષ ન થાય ત્યાં સુધી ભવોભવ નિયમા શ્રી જિન-શાસનની પ્રાપ્તિ કરાવનારો છે.

જેઓએ શુક્લધ્યાન રૂપ અગ્નિથી હજારો ભવોનું સંચિત થયેલું કર્મકાષ્ટ બાળી નાખ્યું છે, તે પંદર પ્રકારે સિદ્ધ થયેલા શ્રી સિદ્ધભગવંતોને હું નમસ્કાર કરું છું.

જ્ઞાનાચારાદિ પાંચ આચારોનું પાલન-પ્રચાર કરનારા શ્રી આચાર્ય ભગવંતો કે જેઓ પોતાના અને પરના સંસારનો છેદ કરવા સતત ઉદ્યમવંત છે, શ્રી વીતરાગ શાસનના જેઓ સંરક્ષક છે, તે ત્રણે કાળમાં થએલા, થનારા અને વર્તતા સર્વ ક્ષેત્રના આચાર્ય ભગવંતોને મારો વારંવાર નમસ્કાર થાઓ.

જેઓ પોતપોતાના સમયમાં વર્તતા સઘળા શ્રુતજ્ઞાનના ધારક છે, જેઓ શિષ્યોને શ્રુતજ્ઞાનનું સતત દાન કરે છે (ભણાવે છે) તે ત્રણે કાળના શ્રી ઉપાધ્યાય ભગવંતોને મારો ભાવપૂર્વક નમસ્કાર થાઓ.

જેઓ અઢાર હજાર શીલાંગરથના વહન કરનારા શીલવ્રતથી સનાથ છે. અને જેઓ લાખો ભવોનાં બાંધેલાં આકરાં પાપોનો નાશ કરી રહ્યા છે તે સર્વ કાળવર્તી સર્વક્ષેત્રના સાધુ ભગવંતોને મારો નમસ્કાર થાઓ.

આ પંચપરમેષ્ઠિ ભગવંતો એ જ જગતના સાચા ઉપકારક છે, એ જ તત્ત્વભૂત છે, એ જ મોહની કારમી કતલમાં કચરાતા જીવોને બચાવનારા કરુણાનિધી સાચા ઉપકારીઓ છે. એ જ જીવમાત્રના નેત્રો છે. તેઓને નહિ નમવાથી, નહિ માનવાથી હું અનંતો કાળ રઝળ્યો છું. હે પ્રભો ! હવે હું ભવોભવ તમારો દાસનો દાસ બની રહી મારા દુઃખોનો નાશ કરવા ઈચ્છું છું.

### (૬) અનશન વિધિ અને ઉપસંહાર

હવે અનશનાદિના સ્વીકાર માટે કહું છું કે હે ભગવંત ! હું મન વચન કાયાના સર્વ પાપ વ્યાપારને, તથા બાહ્ય વસ્ત્ર-પાત્રાદિ અને અભ્યંતર રાગ-દ્વેષ કષાયાદિ સર્વ ઉપાધિને ત્રિવિધે જીવું ત્યાં સુધી ત્યાગ કરૂં છું. કોઈ આલંબનમાં હવે મને મૂર્છા-મમત્વ નથી.

તથા જાવજ્જીવ સુધી ચારે પ્રકારના આહારનો પણ ત્યાગ કરું છું. છેલ્લા શ્વાસે મારૂં શરીર પણ વોસિરાવું છું.

આ દુષ્કૃતની ગર્હા, સર્વજંતુની ક્ષમાપના, અનિત્યાદિ ભાવના દ્વારા મમત્વનો ત્યાગ, ચાર શરણનો સ્વીકાર, પંચ પરમેષ્ઠિઓને નમસ્કાર તથા અનશનનો સ્વીકાર. એમ છ પ્રકારની આરાધના કરીને ભગવાન શ્રી મહાવીરદેવના જીવ શ્રી નંદન રાજર્ષિએ પોતાના ધર્માચાર્યને અને સર્વ સાધુ-સાધ્વીઓને પણ ખમાવ્યા.

એ પ્રમાણે શ્રી નંદન રાજર્ષિએ છ પ્રકારની આરાધના કરીને પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો, તેમ હે જીવ ! તું પણ આ આરાધનાના બળે તારૂં કલ્યાણ સાધ !

આ શ્રી જૈનશાસનની અમૂલ્ય ભેટ છે, ભવોભવ સુખી કરનારૂં આત્માનું ભાતું છે, એ જ તારૂં સાચું ધન છે, માટે એનું આલંબન લઈ મોહ અને અજ્ઞાનના બંધનોને નાશ કરી, જીવનને સફલ બનાવ !

આ મહામંગલકારી આરાધનાને ભણવાથી, સાંભળવાથી અને અનુમોદનાથી અસંખ્યકાળનાં સંચિત આકરા કર્મો પણ તૂટી જાય છે, માટે સૌ સમાધિ અને કલ્યાણને પામો.

## ૨૨. યુગબાહુની અંતિમ આરાધના

મદનરેખાના રૂપમાં લોભાયેલા રાજા મણિરથે નાનાભાઈ યુગબાહુ પર વિશ્વાસઘાત કરી તલવારનો પ્રહાર કર્યો. ત્યારે યુગબાહુ મરણાસન્ન બન્યો. મોટાભાઈપર ભયંકર ક્રોધથી આંખ લાલ છે. તે વખતે મદનરેખા 'પતિ મરશે તો મારું શું થશે?' એવો સ્વાર્થી વિચાર કરી રડતી નથી. કેમ કે એ જાણે કે 'હું તો હજી જીવુ છું. મારો તો કોઈને કોઈ માર્ગ નીકળી આવશે. પરંતુ મારા પતિનો તો અંતિમ શ્વાસ ચાલે છે. અને પરલોકની લાંબી મુસાફરીએ જઈ રહ્યા છે. જો તે વખતે શુભભાવમાં રહેશે, સમાધિ રહેશે, તો મોત સુધરી જશે, સદ્ગતિ મળશે અને ભવપરંપરા સલામત થઈ જશે. અને જો મારા પર રાગ, ભાઈ પર દ્વેષ, પીડા વગેરેના અશુભભાવમાં રહેશે તો મોત બગડી જશે, દુર્ગતિ થશે અને ભવપરંપરા દુઃખમય બની જશે. અંતિમ સમયની થોડી ક્ષણો ઘણી નાજુક છે, પણ પૂરા ભવિષ્યને સુધારવા-બગાડવા માટે સમર્થ છે. હું હમણાં રડીશ, તો આ સમયે તેઓ મારા રાગમાં અને ભાઈપરના દ્વેષમાં

ચિંતા-ક્રોધ કરતાં કરતાં મરી દુર્ગતિગામી બની જશે. અને મારું તો કશું સુધરશે નહીં. તેના બદલે જો અંતિમવખતે સાવધાન કરી, રાગ-દ્વેષથી મુક્ત કરાવીશ, તો તેમની તો સદ્ગતિ થઈ જશે. મારે કલ્યાણમિત્ર બનવાનો અવસર આવ્યો છે. 'મારું શું થશે?' ના સ્વાર્થી રોદણા રોવાનો આ અવસર નથી. પણ એમનું (યુગબાહુનું) શું થશે? એ જ વિચારવાનું છે અને અંતિમ આરાધના કરાવવાની છે' આમ વિચારી પતિના મસ્તકને ખોળામાં લઈ.

૧) સૌ પ્રથમ તો ભાઈ પરના ક્રોધ કરીને તમે એમનું કશું બગાડી શકવાના નથી, પણ તમારા આત્માનું તો અવશ્ય બગાડશો. તમારા ભાઈ તો પાપથી, વાસનાથી અને દુષ્કૃત્યથી જન્મેલા અપયશના કારણે મરેલા જ છે. એમને મારવાના વિચારમાં કોઈ બહાદૂરી નથી. માટે આપ એમને ક્ષમા આપી ભૂલી જાવ.

૨) તમે મારી કે પુત્રની ચિંતા કરશો નહીં. કેમકે અમારો સંબંધ આ ભવ પૂરતો જ છે. પરલોકમાં તમે ક્યાં ? અમે ક્યાં ? મારું અને પુત્રનું તો ભાગ્યમાં જે લખાયું હશે, તે જ થશે. માટે અમને બધાને ભૂલી જાવ. મમતા રાખશો નહીં.

૩) રાજ્ય-સંપત્તિ વગેરેને પણ ભૂલી જાવ. કેમ કે એ બધું છોડીને જ પરલોક જવાનું હોય છે. જો આ બધાપર આસક્તિ રહી જશે, તો દુર્ગતિ નિશ્ચિત છે.

૪) આપ શરીરની પીડા પણ ભૂલી જાવ. કેમ કે આ પીડા શરીરને છે, તે વખતે સમભાવ રાખવાથી આત્માને તો લાભ જ છે. શરીર નાશવંત છે. અહીં છોડીને જ જવાનું છે. અને અંતે ખાખ થવાનું છે. માટે એને છોડી પરલોકમાં જનારા આત્માની જ ચિંતા કરો. અને શરીરની પીડા જે અશુભ કર્મથી છે, તે અને બીજા અશુભ કર્મો સમતાથી સહન કરવામાત્રથી દૂર થાય છે.

૫) ચાર શરણ નો સ્વીકાર કરાવ્યો.

૬) ૧૮ પાપસ્થાનકોનો ત્યાગ કરાવ્યો

૭) જીવનમાં કરેલા પાપોની નિંદા-ગર્હા કરાવી.

૮) જીવમાત્રસાથે ક્ષમાપના કરાવી.

૯) જે-જે સુકૃત કરેલા, તે બધાની અનુમોદના કરાવી અને બધાના સુકૃત્યોની 'મને પણ એ સુકૃત્યોનો લાભ મળે' એવા સંકલ્પપૂર્વક અનુમોદના કરાવી.

૧૦) ફરીથી દ્વેષ-વેરના ભયંકર નુકસાન બતાવી એથી મુક્ત રહેવા સાવધ કર્યા.

૧૧) જીવમાત્ર પ્રત્યેક મૈત્રીભાવનાનું ફરી ભાવન કરાવ્યું.

૧૨) અરિહંત, સુસાધુ અને જૈનધર્મનો દેવ-ગુરુ-ધર્મ તરીકે સ્વીકાર કરાવ્યો.

૧૩) હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહના ત્યાગના પચ્ચક્ખાણ કરાવ્યા.

૧૪) ધન-સ્વજન-પરિવાર આદિ પરના મમત્વનો ત્યાગ કરાવ્યો.

૧૫) ધર્મ જ શરણ છે, રક્ષક છે, સુખ, શાંતિ, સદ્ગતિનું કારણ છે, ઈત્યાદિ દઢ મનોભાવ કરાવ્યા.

૧૬) ચાર આહારનો ત્યાગ કરાવ્યો.

૧૭) નવકાર મહામંત્ર સંભળાવવા માંડ્યા.

મદનરેખાએ આ રીતે અંતિમ આરાધના કરાવી. યુગબાહુનો ક્રોધ શાંત થયો. આંખ સફેદ થઈ. એકચિત્તે સમાધિપૂર્વક આરાધના સ્વીકારવાથી અને નવકારમંત્ર શ્રવણમાં એકાગ્ર થવાથી બીજા ભવમાં પાંચમાં દેવલોકના દેવ બન્યા.

આ પ્રસંગથી બધાને ખાસ સૂચના છે કે જેમનો અંતિમ સમય ચાલતો હોય, એમની પાસે 'તમારા જવાથી અમારું શું થશે?' ઈત્યાદિ કહીને રોઈને કે 'તમારા ગયા પછી કોને શું આપવું' ઈત્યાદિ વાતો કરીને એ મરનારને દુર્ધ્યાનમાં લઈ જશો નહી. માત્ર એ મરનારનો જ વિચાર કરો...'મર્યા પછી એનું શું થશે' આ જ મુદ્દાને કેન્દ્રમાં રાખો. એ મરનાર દુર્ગતિથી બચી સદ્ગતિગામી બને એ હેતુથી કલ્યાણમિત્ર બની એમને આરાધનામાં જોડો. આનાથી તમને પણ મહાન ઉપકાર કરવાનો લાભ મળશે, જેના પ્રભાવે તમને પણ સમાધિ, સદ્ગતિ અને સદ્ધર્મ (જૈન ધર્મ)ની પ્રાપ્તિ અવશ્ય થશે.

# ખંડ - ૨

# સમાધિ પ્રેરક સ્તુતિઓ અને સ્તવનો

## (૧) પ્રભુ પ્રાર્થના

વીતરાગ દેવ તમેજ સાચા, દેવ છો જગમાં અહો,
આ જીવનમાં બીજે જઈ, શાને નમું મુજને કહો,
ત્રિકાલ સેવા તાહરી, મુજને સદાયે આપજો
દરિશન સેવા ભક્તિથી, મુજ કર્મ બંધન કાપજો ......૧

ભૂલો ભરેલું જીવન માહરું, તેહને સુધારજે,
ઉચિત સેવા તાહરી, પ્રભુજી મને તું આપજે,
જીવન મારું માર્ગને, અનુસાર તુંજ બનાવજે,
નિશદિન પ્રભુજી ભક્તિ કેરી, શકિત તું મને આપજે ......૨

મુજ જીવનમાં પ્રભુ વિનય કેરા, દીપને પ્રગટાવજે,
વિવેકને બહુમાન મારા, જીવનમાં વધારજે,
અભિમાન મારા જીવન કેરું, હે પ્રભુ દુરે કરો,
શ્રધ્ધા અને વિશ્વાસ મારો, તુજ સમિપે દઢ કરો ......૩

પ્રભુ ભક્તિ કેરી મસ્તી હરદમ, મુજ જીવનમાં આપજો,
સંયમની સાધના તણી, ભરતી જીવનમાં લાવજો,
પ્રભુમાર્ગને અનુસારે મુજ, જીવન નૈયા વહાવજો,
શુભ ભાવનાની છોળ નિશદિન, મુજ હ્રદયમાં ઉછાળજો ......૪

શુભ પુણ્ય કેરું પાત્ર છે, વીતરાગ કેરી વંદના,
સુરવૃક્ષ સમ સુખ આપતી, વીતરાગ કેરી વંદના,
આ જીવન કેરો સાર છે, વીતરાગ કેરી વંદના,
છે વિશ્વમાં દુર્લભ આ, વીતરાગ કેરી વંદના ......૫

ભવોભવ તારા ચરણ કેરી, સેવના મળજો મને,
માર્ગાનુસારી પણું અને, સદ્‌ગુરૂ કેરાં યોગને;
પામી શકું એવી વિનંતી, પ્રેમથી કરું આપને,
કાપો અમારા ભવતણાં, જન્મો જનમનાં પાપને ......૬

આધાર મારો એક તું છે, સળગતા સંસારમાં,
સળગી રહ્યા છે વિશ્વમાં, સૌ વિષય કેરાં તાપમાં;
ભવભય ત્રાતા સુખદાતા, એક તું છે વિશ્વમાં,
આપો શરણ ઓ શરણદાતા, વંદના કરું ચરણમાં ......૭

યાચક થઈને માંગું પ્રભુજી, હે વીતરાગી તારી કને,
મહાવિદેહક્ષેત્રમાં જાઉં શ્રી સીમંધર સ્વામી કને;
આઠ વર્ષની વયમાં પ્રભુજી, ચારિત્ર લઈ સ્વામી કને,
ઘાતી અઘાતી કર્મ ખપાવી, ક્યારે પહોંચીશ તારી કને ....૭

પાપતણો હું રસીયો ભારે, પાપ ત્યાગ ના કરતો,
પાપત્યાગીની વાતો પર હું પેટ ભરીને હસતો;
પાપ વિચારો... પાપી વાણી, પાપાચરણે રમતો,
વિરતિ ધર્મ ને અહો પ્રભુજી, મુજ અંતર નવિ ધરતા ... ૮

અંતરમાં છે એક ઝંખના, તારા જેવા બનવાની,
રાગી મટીને તારા જેવા, વીતરાગી બનવાની,
વિશ્વપિતા છો, બાલક હું છું; આપ કને હું શું માંગું,
મારા આતમને અજવાળી દેજો, કેવળ એટલું માંગું .... ૯

દુષ્કર છે આ ભવસાગરનો, દૂર દૂર કિનારો,
ડૂબી જાઉં ના જોજે ભગવંત, હાથ પકડજે મારો;
તારા શરણે આવેલાને, મળે નહીં જાકારો,
તારા ચરણે મૂકી દીધો આ, અંતરનો એક તારો .... ૧૦

શરણાગતનો વત્સલ તું છે, એવું માની હું આવ્યો,
અશરણશરણ અનાથનાથ તું, સમજી મનમાં હું આવ્યો,
ભૂલી જજો સહુ ભૂલો મારી , કર્મે મને ભૂલાવ્યો,
પકડી ચરણો તારા ભવનો, સાગર તરવા આવ્યો .... ૧૧

આ સંસારે ડૂબી રહ્યો છું, નથી કિનારો મળતો,
સુમતિ આપો કુમતિ કાપો, ભવજળ પાર ઉતારો,
કેટલા ભવ મેં કર્યાં પ્રભુજી ! કેટલા ભવ હવે કરવાના ?
આ ભવ તાહરું શરણું મળ્યું છે, ભવથી પાર ઉતરવાના ..... ૧૨

નિંદા કરું છું હું જીવનમાં, જે મેં કીધા દુષ્કૃતની,
અનુમોદના કરું જીવનમાં, જે મેં કર્યાં સુકૃતની;
અશરણ એવો આવીને, ઊભો પ્રભુ તુમ ચરણમાં,
આપો પ્રભુજી શરણ મુજને, આપનાં આ ભુવનમાં ...... ૧૩

જીવનમાં મેં પાપ કીધાં, મન વચન તનુ યોગથી,
વળી પાપ અગણિત મેં કર્યાં ત્રણ કરણ કેરા યોગથી;
તે પાપ મારું નાશ પામો, આપ કેરા શરણથી,
ફરી નવ કરું એ પાપ તેવી, ધારણાં કરું હૃદયથી ...... ૧૪

વીતરાગ પ્રભુજી આપનું, શરણું લહ્યું મેં ભાવથી;
વળી સિદ્ધ ભગવંત કેરું શરણું, ગ્રહ્યું હૃદયનાં ભાવથીઃ
તુજ શાસને જે રક્ત છે તે,શરણ હો મહામુનિ તણું,
અંતઃકરણથી આપના, શાસન તણું શરણું ચહું ...... ૧૫

ચોર્યાશી લક્ષ યોનિ મહીં, જે છે રહેલા જીવને,
તે સર્વ જીવને ખમાવું, સર્વ જીવ ખમજો મને;
વળી સર્વ જીવો સાથે, મૈત્રી ભાવને હું ઈચ્છતો,
તુજ શરણમાં આવી ઊભો છું, ભાવથી હું વંદતો ...... ૧૬

મમતા રહીતપણે સ્વજન આદિ, વર્ગથી હું એકલો,
કોઈ નથી આ જગમાં મારું, અને હું નથી કોઈનો;
દીન હીન ભાવને છોડીને, આવી ઊભો તુજ ચરણમાં,
દેજો પ્રભુ મને આસરો, ભાવે કરું હું વંદના ...... ૧૭

નવિ પામું જબ લગ પરમપદને, કરુણા તબ તક આપની,
વરસાવજો હે નાથ ! સુણજો, વિનતિ આ દાસની;
હે શરણદાતા નેહ નજરે, નીરખજો પ્રભુજી મને,
જેથી પ્રભુજી ધર્મ કીરતિ, પામે શાશ્વત ધામને ...... ૧૮

## ૨. શ્રી આદેશ્વરદાદા ને વિનંતી

સુણ જિનવર શેત્રુંજા ધણીજી, દાસ તણી અરદાસ,
તુજ આગળ બાળક પરેજી, હું તો કરું વે ખાસ રે.

## જીનજી! મુજ પાપીને તાર

તું તો કરૂણારસ ભર્યોજી, તું સહુંને હિતકાર રે. જિ. મુ. ૧

હું તો અવગુણોનો ઓરડો જી, ગુણ તો નહીં લવલેશ,
પરગુણ પેખી નવિ શકુંજી, કિમ સંસાર તરેશ રે. જિ. મુ. ૨

જીવતણાં વધ મેં કર્યાંજી, બોલ્યા મુષાવાદ,
કપટ કરી પરધન હર્યાજી, સેવ્યા વિષય સંવાદ રે. જિ. મુ. ૩

હું લંપટ હું લાલચીજી, કર્મ દીધા કોઈ ક્રોડ,
ત્રણ ભુવનમાં કો નહીંજી, જો આવે મુજ જોડ રે. જિ. મુ. ૪

છિદ્ર પરાયા અહર્નિશેજી, જો તો રહું જગનાથ,
કુગતિ તણી કરણી કરીજી, જોડ્યો તેહ શું સાથ રે. જિ. મુ. ૫

કુમતિ કુટિલ કદાગ્રહીજી, વાંકી ગતિ મતિ મુજ,
વાંકી કરણી માહરીજી, શી સંભળાવું તુજ રે. જિ. મુ. ૬

પુણ્ય વિના મુજ પ્રાણિયોજી, જાણે મેલું રે આથ,
ઉંચા તરુવર મોરિયાંજી, ત્યાંહી પસારે હાથ રે. જિ. મુ. ૭

વિણ ખાધાં વિણ ભોગવ્યાંજી, ફોગટ કર્મ બંધાય,
આર્તધ્યાન મિટે નહીંજી, કીજે કવણ ઉપાય રે. જિ. મુ. ૮

કાજલથી પણ શામળાજી, મારા મન પરિણામ,
સોણામાંહી તાહરુંજી, સંભારું નહીં નામ રે. જિ. મુ. ૯

મુગ્ધલોક ઠગવા ભણીજી, કરું અનેક પ્રપંચ,
કૂડકપટ બહુ કેળવીજી, પાપતણો કરું સંચ રે. જિ. મુ. ૧૦

મન ચંચલ ન રહે કિમેજી, રાચે રમણી રે રુપ,
કામ વિટંબણા શી કહુંજી, પડીશ હું દુર્ગતિ કૂપ રે.. જિ. મુ. ૧૧

કિશ્યા કહું ગુણ માહરાજી, કિશ્યાં કહું અપવાદ,
જેમ જેમ સંભારું કિયેજી, તેમ તેમ વાધે વિખવાદ રે. જિ. મુ. ૧૨

ગિરૂઆ તે નવિ લેખવેજી, નિર્ગુણ સેવકની વાત,
નીચતણે પણ મંદિરેજી, ચન્દ્ર ન ટાળે જ્યોત રે. જિ. મુ. ૧૩

નિગુણો તો પણ તાહરોજી, નામ ધરાવ્યું દાસ,
કૃપા કરી સંભારજોજી, પુરજો મુજ મન આશ રે. જિ. મુ. ૧૪

પાપી જાણી મુજ ભણીજી, મત મુકો રે વિસાર,
વિષ હલાહલ આદર્યોજી, ઈશ્વર ન તજે તાસ રે. જિ. મુ. ૧૫

ઉત્તમ ગુણકારી હુવેજી, સ્વાર્થ વિના સુજાણ,
કરસણ સિંચે સર ભરેજી, મેહ ન માંગે દાણ રે. જિ. મુ. ૧૬

તું ઉપકારી ગુણ નિલોજી, તું સેવક પ્રતિપાળ,
તું સમરથ સુખ પૂરવાજી, કર માહરી સંભાળ રે. જિ. મુ. ૧૭

તુજને શું કહીયે ઘણુંજી, તું સહુ વાતે રે જાણ,
મુજને હોજો સાહિબાજી, ભવ ભવ તાહરી આણ રે. જિ. મુ. ૧૮

નાભિરાયા કુળ ચંદલોજી, મરુદેવીનો રે નંદ,
કહે જિન હરખ નિવાજ જોજી, દેજો પરમાનંદ રે. જિ. મુ. ૧૯

## ૩. સાહેબ સાંભળો રે...

સાહેબ સાંભળો રે, સંભવ અરજ અમારી;
ભવોભવ હું ભમ્યો રે, ન લહી સેવા તુમારી,
નરક નિગોદમાં રે, હું તિહાં બહું ભવ ભમીયો,
તુમ વિણ દુઃખ સહ્યાં રે, અહર્નિશ ક્રોધે ધમધમીયો. સા. ૧

ઈંદ્રિય વશ પડ્યો રે, પાળ્યાં વ્રત નવિ સુંસે,
ત્રસ પણ નવિ ધર્યાં રે, હણીયા થાવર હુંસે;
વ્રત ચિત્ત નવિ ધર્યાં રે, બીજું સાચું ન બોલ્યું,
પાપની ગોઠડી રે, તીહાં મેં હઈડું ખોલ્યું. સા. ૨

ચોરી મેં કરી રે, ચઉવિહ અદત્ત ન ટાળ્યું,
શ્રી જિન આણશું રે, મેં નવિ સંજમ પાલ્યું;
મધુકર તણી પરે રે, શુદ્ધ ન આહાર ગવેખ્યો,
રસના લાલચે રે, નિરસ પિંડ ઉવેખ્યો. સા. ૩

નરભવ દોહીલો રે, પામી મોહવશ પડીયો,
પરસ્ત્રી દેખીને રે, મુજ મન તિહાં જઈ અડીયો;
કાજ ન કો સર્યા રે, પાપે પિંડ મેં ભરીયો,
શુદ્ધ બુદ્ધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરીયો. સા. ૪

લક્ષ્મીની લાલચે રે, મેં બહુ દીનતા દાખી,
તો પણ નવિ મળી રે, મળી તો નવિ રહી રાખી,

જે જન અભિલષે રે, તે તો તેહથી નાસે,
તૃણ સમ જે ગણે રે, તેહની નિત્ય રહે પાસે. સા. ૫

ધન ધન તે નરા રે, એહનો મોહ વિછોડી,
વિષય નિવારીને રે, તેહને ધર્મમાં જોડી;
અભક્ષ તે મેં ભખ્યા રે, રાત્રિભોજન કીધાં,
વ્રત નવિ પાલીઆં રે, જેહવા મૂળથી લીધાં. સા. ૬

અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મળીયો,
તુમ વિણ કુણ દીયે રે, બોધિરયણ મુજ બળીયો;
સંભવ આપજો રે, ચરણકમળ તુમ સેવા,
નય એમ વિનવે રે, સુણજો દેવાધિદેવા. સા. ૭

## ૪. વિહરમાન જિન સ્તવન

અનંતવીરજ અરિહંત સુણો મુજ વિનતિ,
અવસર પામી આજ, કહું હું દિલ છતી;
આતમ સત્તા હારી, સંસારે હું ભમ્યો,
મિથ્યા અવિરતિ રંગ, કષાયે બહુ દમ્યો. ૧

ક્રોધ દાવાનલ દગ્ધ, માન વિષધર ડસ્યો,
માયાજાલે બદ્ધ, લોભ અજગર ગ્રસ્યો;
મન વચન કાયા યોગ, ચપલ થયા પરવશા,
પુદ્‌ગલ પરિચય પાપ-તણી અહનિશ દશા. ૨

કામરાગે અણનાથ્યો, સાંઢ પરે ધસ્યો,
સ્નેહ રાગની રાચે, ભવપિંજર વસ્યો;
દષ્ટિરાગ રુચિકાચ, પાસ સમકિત ગણું,
આગમ રીતે નાથ ? ન નીરખું નિજપણું. ૩

ધર્મ દેખાડું માંડ, ભાંડ પરે અતિ લહું,
અચિરે અચિરે રામ, શુક પરે કહું;
કપટ પટુ નટુવા પરે, મુનિ મુદ્રા ધરું,
પંચ વિષય સુખ પોષ, સદોષ વૃત્તિ ભરું. ૪

એક દિનમાં નવ વાર, કરેમિ ભંતે કરું,
ત્રિવિધ ત્રિવિધ પચ્ચખ્ખાણે, ક્ષણ એક નવિ ઠરું;
મા-સાહસ બગ રીતિ, નીતિ ઘણી કહું,
ઉત્તમ કુલવટ વાટ, ન તે પણ નિશિરવહું. ૫

દીનદયાળ ! કૃપા ! પ્રભુ ! મહારાજ છો,
જાણ આગળ શું કહેવું ?, ગરીબનિવાજ છો;
પૂરવ ધાતકી ખંડ, વિજય નલિનાવતી,
નગરી અયોધ્યા નાયક, લાયક યતિપતિ. ૬

મેઘ મહીપ મંગલાવતી, સુત વિજ્યાવતી,
આનંદને ગજલંછન, જગ જનતા રતિ;
ક્ષમાવિજય જિનરાજ ! અપાય નિવારજો,
વિહરમાન ભગવાન ! સુનજરે તારજો. ૭

## ૫. સુણો શાંતિ જિણંદ સોભાગી

સુણો શાંતિ જિણંદ સોભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી.
તુમે નિરાગી ભગવંત, જોતાં કિમ મળશે તંત સુણો.૧

હું તો ક્રોધ કષાયનો ભરિયો, તું તો ઉપશમ રસનો દરિયો,
હું તો અજ્ઞાને આવરિયો, તું તાં કેવલ કમલા વરિયો. સુણો.૨

હું તો વિષાયરસનો આશી, તેં તો વિષયા કીધી નિરાશી,
હું તો કરમને ભારે ભરીયો, તેં તો પ્રભુ પાર ઉતાર્યો. સુણો.૩

હું તો મોહ તણે વશ પડીયો, તેં તો સબળા મોહને હણીયો,
હું તો ભવ સમુદ્રમાં ખૂચ્યોં, તું તો શિવ મંદિરમાં પહોંચ્યો સુણો.૪

મારે જન્મ-મરણનો જોરો, તેં તો તોડયો તેહનો દોરો,
મારો પાસ ન મેલે રાગ, તમે પ્રભુજી થયા વીતરાગ. સુણો.૫

મને માયાએ મુકયો પાશી, તું તો નિરબંધન અ-વિનાશી,
હું તો સમકિતથી અધૂરો, તું તો સકલ પદારથે પુરો. સુણો.૬

મારે તો તું હી પ્રભુ એક, ત્હારે મુજ સરીખા અનેક,
હું તો મનથી ન મૂકું માન, તું તો માનરહિત ભગવાન સુણો.૭

મારૂં કીધું કશું નવિ થાય, તું તો રંકને કરે છે રાય,
એક કરો મુજ મહેરબાની, મારો મુજરો લેજો માની. સુણો.૮

એકવાર જો નજરે નિરખો, તો સેવક થાય તુમ સરીખો,
જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તુમારા ગાશે. સુણો.૯

ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગું છું દેવાધિ દેવા
સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરતનની વાણી. સુણો.૧૦

# ૬. ગુણસ્થાનક્રમારોહની ભાવના

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? ક્યારે થઈશું ? બાહ્યાંતર નિર્ગ્રંથ જો;
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું કબ મહત્પુરૂષને પંથ જો. અ...૧

સર્વ ભાવથી ઔદાસિન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ-હેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં, દેહે પણ કિંચિત્ મૂર્ચ્છા નવ જોય જો. અ...૨

દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકીએ, વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો. અ...૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની, મુખ્યપણે તો વર્તે દેહ પર્યંત જો;
ઘોર પરિસહ કે ઉપસર્ગ ભયે કરી, આવી શકે નહી તે સ્થિરતાનો અંત જો. અ...૪

સંયમના હેતુથી યોગ-પ્રવર્તના, સ્વરૂપ લક્ષ્યે જિન આજ્ઞા આધીન જો,
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં, અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો. અ...૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા, પંચ પ્રમાદે ન મલે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય ક્ષેત્ર ને કાલ ભાવ-પ્રતિબંધ વિણ, વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અ...૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા, માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની, લોભ પ્રત્યે નહીં લોભ કદી અસમાન જો. અ...૭

બહુ ઉપસર્ગ કરતા પ્રત્યે પણ ક્રોધ નહીં, વંદે ચક્રી તથાપિ ન મલે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં, લોભ નહીં છો પ્રબલ સિદ્ધિ નિધાન જો. અ...૮

નગ્નભાવ મુંડભાવસહ અસ્નાનતા, અદંતધાવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ રોમ નખ કે અંગે શૃંગાર નહીં, દ્રવ્ય ભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અ...૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા, માન અપમાને વર્તે તેજ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યુનાધિકતા, ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અ...૧૦

એકાકી વિચરતો વલી સ્મશાનમાં, વલી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અ....૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં, સરસ અન્ને નહીં મનને પ્રસન્ન ભાવ જો;
રજ કણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો. અ...૧૨

એમ પરાજય કરીને ચારિત્રમોહનો, આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણિ ક્ષપક તણી કરીને આરૂઢતા, અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અ...૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી, સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંતસમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ, પ્રગટાવું નિજ કેવલજ્ઞાન નિધાન જો.અ...૧૪

ચાર કર્મ ઘનઘાતિ છે વ્યવચ્છેદ જ્યાં, ભવના બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા, કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અ...૧૫

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જિહાં, બળી સીંદરી જેવાં આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે, આયુષ પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો. અ...૧૬

મન વચન કાયા ને કર્મની વર્ગણા, છૂટે જિહાં સકલ પુદ્‌ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું, મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અ...૧૭

એક પરમાણુ માત્રની મલે ન સ્પર્શના, પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્ય મૂર્તિ અનન્યમય, અગુરુલઘુ અમૂર્ત્ત સહજપદ રૂપ જો. અ...૧૮

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી, ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અ...૧૯

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શકયા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે, અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અ...૨૦

એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં, ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો;
તો પણ નિશ્ચલ રાજચંદ્ર મનને રહ્યો, પ્રભુ-આજ્ઞાએ થાશું તેજ સ્વરૂપ જો. અ...૨૧

## ૭. આત્મનિંદા બત્રીશી

આંસુ ભરી આ આંખે, એકરાર હું કરૂં છું;
કીરતાર સુણજે આજે, વિનવી તને રહ્યો છું .....૧

પાપો અનેક કીધાં, જીવનમાં મેં પ્રભુજી,
અજ્ઞાન મોહ સાથે, તમને ભૂલ્યો હું જિનજી .....૨

માયાને મમતા સંગે, કુકર્મ કીધાં ભારી,
કંચન અને કામિનિ, સંગે રમ્યો હું યારી .....૩

નહીં દિન રાત જોયા, ખાવા અને પીવામાં,
આતશ બાજી ખેલી, દુર્જનની રમતમાં .....૪

નાટક અને સિનેમા, બહું ટેશથી મેં જોયા,
મંદિર અને ઉપાશ્રય, મેં દુરથી નિવાર્યા .....૫

ધર્મ શ્રવણ ન કીધાં, પાપ શ્રવણ મેં કીધાં,
મદમાં ભૂલીને મેં તો, વિષયોનાં પ્યાલા પીધાં .....૬

લક્ષ્મીતણાં નશામાં, હું રાહ ભૂલ્યો સાચો,
પ્રમાદ કેરાં પાપે, અજ્ઞાનમાં હું રાચ્યો .....૭

વીતરાગ દેવ છોડી, કુદેવમાં હું રૂલ્યો,
સદ્‌ગુરૂ સંગ છોડી, સન્માર્ગને હું ભૂલ્યો .....૮

અવળી મતિ આ મારી, સુધારજે તું નાથ,
સન્માર્ગને બતાવી, તું દેજે મુજને સાથ .....૯

શું કહું પ્રભુ તને હું, મેલી કિતાબ મારી,
વિશ્વાસ તુજ પર છે, કથની કહી મેં મારી .....૧૦

હિંસા અને અનીતિ, જુઠી સાથ ચોરી કરતો,
કૂટ સાક્ષી પણ મેં કીધી, અવળી મતિમાં ભમતો .....૧૧

પરદારા કેરાં સંગે, વિષયાભિલાષ કરતો,
લક્ષ્મી તણાં જ લોભે, દિન રાત દોટ મૂકતો .....૧૨

ભોજન રાત્રે કરતાં, પાછું વળી ન જોતો,
કાંદા અને બટાટા, બહુ સ્વાદથી હું ખાતો .....૧૩

ભક્ષ્ય અને અભક્ષ્ય, વિસર્યો અનંતકાય,
વિવેકને ગુમાવી, કરતો હું ખોટા કાજ .....૧૪

નહીં દાન મેં તો દીધું, વળી શીલ નવિ પાળ્યું,
જીવન મહીં કદાપિ, તપને સ્થાન ન આપ્યું .....૧૫

સુદેવ ગુરૂને છોડી, હું અવળા માર્ગે દોડ્યો,
કુદેવ ગુરૂને ભજતાં, સન્માર્ગને મેં છોડ્યો .....૧૬

નવકાર મંત્ર ભૂલી, વિનાશ મેં તો કીધો,
અન્ય જ મંત્ર જપતાં, વિષ કેરો પ્યાલો પીધો .....૧૭

ક્રોધ કષાયે બળીયો, ને લોભ દરિયે પડીયો,
ચડ્યો માનરૂપી ગજ પર, માયાના પાશે પડીયો .....૧૮

આયુ ઘટી રહ્યું છે, આશા નથી જીવનની,
તો યે વધી રહી છે, વિષયો તણી ગુલામી .....૧૯

વચનો નઠારા કહીને, મુખને કર્યું મેં મેલુ,
કુવિચાર મનમાં કીધા, ચિંતી નઠારું પરનું .....૨૦

નવકાર મંત્ર છોડી ભજતો હું અન્ય મંત્રો,
સુદેવ ને હું છોડી, કુદેવ સંગ રમતો .....૨૧

આગમ કેરી વાણી, કાને નહીં ધરતો,
મિથ્યામતિની વાણી, રસથી સદા હું સુણતો .....૨૨

ઘટતું રહ્યું છે આયુ, વધતી રહી કુબુદ્ધિ,
શું થાશે નાથ મારૂં, ફરી ગઈ છે બુદ્ધિ .....૨૩

આશા નથી જીવનની, તો પણ વધે છે મારી,
વિષયોની અભિલાષા, એનાથી લે ઉગારી .....૨૪

પરદારા સાથે યારી, કીધી પ્રભુ મેં ભારી,
ચોરી કીધી ઘણેરી, ખેલી જુગાર ભારી .....૨૫

ભોગોને સારા માન્યા, રોગો સમ ન જાણ્યા,
વચનો તમારાં જિનજી, હૈયે કદી ન આણ્યા .....૨૬

સત્પાત્ર કેરી પૂજા, મનથી નહીં મેં માની,
શ્રાવક સાધુ કેરાં, ધર્મને દીધો મેલી .....૨૭

વાણી તણાં વિલાસો, બીજાની સાથે કરતો,
વૈરાગ્યરંગ ધારી, સવિજીવને હું ઠગતો .....૨૮

પ્રશમ રસ વહે છે, પ્રભુ તુજ મુખ ચમકે,
તો પણ મારું મનડું, બહું દૂર દૂર ભટકે .....૨૯

અવગુણ છે ઘણાએ, કહું કેટલાં હું આજે
જાણો છતાં કહું છું, દીલ ખોલીને આજે .....૩૦

કીરતાર તારી પાસે, આવ્યો હું તારી આશે
કરતો નહીં નિરાશ, છે એક અભિલાષે .....૩૧

ભવ વનથી ઉગારી, વિનતી હવે સ્વીકારી,
કલ્પરતનની અરજી, ચિત્તમાંહી લેજો ધારી .....૩૨

## ૮. ભાવે ભજીએ શ્રી અરિહંત

ભાવે ભજીયે શ્રી અરિહંત, જાપ જપો સહુશ્રી અરિહંત;
દુઃખહર સુખકર શ્રી અરિહંત, જય જય પામો શ્રી અરિહંત...... ૧

ભવસાગરમાં નિર્યામક, મહાન ગોપને ધર્મદેશક,
મહા સાર્થવાહ શ્રી અરિહંત, રક્ષા કરજો શ્રી અરિહંત ...... ૨

ભવના ભયને હરનારા, મોહ મલ્લને હણનારા;
રાગ વિજેતા શ્રી અરિહંત, દ્વેષ વિજેતા શ્રી અરિહંત ...... ૩

પરિષહ સર્વને જિતનારા, ઉપસર્ગો દૂર કરનારા;
કેવલજ્ઞાની શ્રી અરિહંત, કેવલદર્શી શ્રી અરિહંત ...... ૪

પાંચ વિષયોને જિતનારા, ક્રોધ કષાયોને હણનારા,
અવિરતિ દૂર કરનારા, સમ્યગ્ દાતાશ્રી અરિહંત ...... ૫

પ્રકૃષ્ટ પુણ્યને ધરનારા, ભવસાગર પાર કરનારા,
કેવલ કમલા વરનારા, સર્વદર્શી છે શ્રી અરિહંત ...... ૬

ઘાતિકર્મોને હણનારા, પરમપદને વરનારા;
અનંતજ્ઞાનને ધરનારા, નમન સ્વીકારો શ્રી અરિહંત ...... ૭

ધર્મ માર્ગના છે સ્થાપક કીરતિકરને માર્ગદિશક;
સાત ભયોને હરનારા, જય જય જય જય શ્રી અરિહંત ...... ૮

## ૯. જય જય જયશ્રી સિદ્ધ ભગવાન

જય જય જય શ્રી સિદ્ધ ભગવાન, અહોનિશ કરીએ તમને પ્રણામ;
કર્મ કલંકને દૂર કરી, આપો અમને અવિચલ ધામ ...... ૧

સર્વ કર્મથી મુક્ત થયા, માટે આપને સિદ્ધ કહ્યા;
સર્વ વિશ્વનું પામ્યા જ્ઞાન, આપ બન્યા છો સિદ્ધ ભગવાન ...... ૨

સંસાર સાગર પાર થયા, પારંગત નામે સિદ્ધિ વર્યા,
અજર અને અમર બનીને, અજરામર પદને પાયા ...... ૩

પુદ્ગલનો નહીં ક્યાંયે સંગ, તેથી થયા છો આપ અસંગ,
ક્ષય કીધા છે કર્મ સવિ, પામ્યા તેથી અક્ષય પદવી ...... ૪

જ્ઞાનાવરણીનો નાશ કરી, અનંતજ્ઞાનના સ્વામી બની,
દર્શનાવરણીય કરીને દૂર, અનંત દર્શને થયા ભરપૂર ...... ૫

મોહનીયનો કીધો ઘાત, ક્ષાયિક ભાવે થયા વીતરાગ;
વેદનીય્ અંતરાય હણી, બન્યા અનંત સુખ-શક્તિ ઘણી ...... ૬

આયુ નામને દૂર કરી, અક્ષય સ્થિતિને અરૂપી બની,
ગોત્ર કર્મનો નાશ કરી, અગુરુલઘુપણે મુક્તિ વરી ...... ૭

આઠે કર્મનો કીધો ઘાત, ઉપર વસિયા જઈ રાજ સાત;
ધર્મ કીર્તિને દ્યો શકિત, પામે જેથી અવિચલ મુકિત ...... ૮

# ૧૦. આત્મ-નિંદા દ્વાત્રિંશિકા

સર્વે સુરેન્દ્રોના નમેલા મુકુટ તે' ના જે મણિ,
તેના પ્રકાશે ઝળહળે પાદપીઠ જે તેના ધણી,
આ વિશ્વના દુઃખો બધા યે છેદનારા હે પ્રભુ !
જય જય થાજો જગબંધુ ! તુમ એમ સર્વદા ઈચ્છું વિભુ ! ૧

વીતરાગ હે કૃતકૃત્ય ભગવન્ ! આપને શું ? વિનવું,
હું મૂર્ખ છું મહારાજ ! જેથી શકિતહીન છતાં સ્તવું,
શું અર્થિવર્ગ યથાર્થ સ્વામીનું સ્વરૂપ કહી શકે ?
પણ પ્રભો ! પૂરી ભકિત પાસે યુકિતઓ ય ના ઘટે. ૨

હે નાથ ! નિર્મલ થઈ વસ્યા છો, આપ દુરે મુક્તિમાં,
તો યે રહ્યાં ગુણ ઓપતા મુજ ચિત્તરૂપી સુક્તિમાં;
અતિ દૂર એવો સુર્ય પણ શું આરસીના સંગથી,
પ્રતિબિંબ રૂપે આવી અહીં ઉદ્યોતને કરતો નથી ? ૩

પ્રાણી તણા પાપો ઘણા ભેગા કરેલા જે ભવે,
ક્ષીણ થાય છે ક્ષણમાં બધા તે આપને સારે સ્તવે,
અતિ ગાઢ અંધારાતણું પણ સૂર્ય પાસે શું ગજું ?
એમ જાણીને આનંદથી હું આપને નિત્યે ભજું. ૪

શરણ્ય ! કરુણા સિંધુ ! જિનજી ! આપ બીજા ભક્તના
મહામોહ વ્યાધિને હણો છો શુદ્ધ સેવાસક્તના;
આનંદથી હું આપ આણા મસ્તકે નિત્યે વહું,
તો યે કહો કોણ કારણે એ વ્યાધિના દુઃખો સહું ? ૫

સંસાર રૂપ મહાટવીના સાર્થવાહ પ્રભુ ! તમે,
મુક્તિપુરી જાવા તણી ઈચ્છા અતિશય છે મને;
આશ્રય કર્યો તેથી પ્રભો ! તુજ તોય આન્તર તસ્કરો;
મુજ રત્નત્રય લૂંટે વિભો ! રક્ષા કરો-રક્ષા કરો. ૬

બહુ કાળ આ સંસાર સાગરમાં પ્રભુ ! હું સંચર્યો,
થઈ પુણ્ય રાશિ એકઠી ત્યારે જિનેશ્વર ! તું મળ્યો,
પણ પાપ કર્મ ભરેલ મેં સેવા સરસ નવ આદરી,
શુભ યોગને પામ્યા છતાં મેં મૂર્ખતા બહુએ કરી, ૭

આ કર્મરૂપ કુલાલ મિથ્યાજ્ઞાન રૂપી દંડથી,
ભવ ચક્ર નિત્ય ભમાવતો દિલમાં દયા ધરતો નથી;
કરી પાત્ર મુજને પૂંજ દુઃખનો, દાબી દાબીને ભરે,
વિણ આપ આ સંસાર કોણ રક્ષા કહો એથી કરે ? ૮

કયારે પ્રભો ! સંસાર કારણ સર્વ મમતા છોડીને,
આજ્ઞા પ્રમાણે આપની મન તત્વજ્ઞાને જોડીને;
રમીશ આત્મ વિષે વિભો ! નિરપેક્ષ વૃત્તિ થઈ સદા,
ત્યજીશ ઈચ્છા મુક્તિની પણ સન્ત થઈને હું કદા ? ૯

તુજ પૂર્ણરાશિની કાન્તિ સરખા કાન્તગુણ દઢ દોરથી,
અતિચપલ મુજ મન વાંદરાને બાંધીને બહુ જોરથી;
આજ્ઞારૂપી અમૃત રસોના પાનમાં પ્રીતિ કરી,
પામીશ પરબ્રહ્મરતિ કયારે વિભાવો વિસરી. ૧૦

હું હીનથી પણ હીન પણ તુમ ચરણસેવાને બળે,
આવ્યો અહીં ઊંચી હદે જે પૂર્ણ પુણ્ય થકી મલે;
તો પણ હઠીલી પાપી કામાદિકતણી ટોળી મને,
અકાર્યમાં પ્રેરે પરાણે પીડતી નિર્દયપણે. ૧૧

કલ્યાણકારી દેવ ! તુમ સમ સ્વામી મુજ માથે છતે,
કલ્યાણ કોણ ન સંભવે જો વિઘ્ન મુજ નવ આવતે;
પણ મદન આદિક શત્રુઓ પૂંઠે પડયા છે માહરે,
દૂર કરું શુભ ભાવનાથી પાપીઓ પણ નવ મરે. ૧૨

સંસારરૂપ સમુદ્રમાં ભમતાં અનાદિકાળથી,
હું માનું છું કે આપ કદી મુજ દષ્ટિએ આવ્યા નથી;
નહીંતર નરકની વેદના સીમા વિનાની મેં પ્રભુ ?
બહુ દુઃખથી જે ભોગવી તે કેમ પામું હું વિભુ ! ૧૩

તલવાર ચક્ર ધનુષ્યને અંકુશથી જે શોભતું
વજ્રપ્રમુખ શુભચિહ્નથી શુભભાવવલ્લી રોપતું
સંસારતારક આપનું એવું ચરણયુગ નિર્મલું,
દુર્વાર એવા મોહ વૈરીથી ડરીને મેં શ્રયું. ૧૪

નિઃસીમ કરુણાધાર છો, છો આપ શરણ પવિત્ર છો,
સર્વજ્ઞ છો નિર્દોષ છો ને સર્વ જગના નાથ છો;

હું હીન છું હિમ્મત રહીત શરણે આવ્યો આપને,
આ કામરૂપી ભિલ્લથી રક્ષો મને -રક્ષો મને. ૧૫

વિણ આપ આ જગમાં નથી સ્વામી સમર્થ મળ્યો મને,
દુષ્કૃત્યનો સમુદાય મોટો જે પ્રભુ મારો હણે;
શું શત્રુઓનું ચક્ર જે બહુ દુઃખથી દેખાય છે,
વિણ ચક્ર વાસુદેવના તે કોઈ રીત હણાય છે. ૧૬

પ્રભુ ! દેવના પણ દેવ છો. વળી સત્ય શંકર છો તમે,
છો બુદ્ધ ને આ વિશ્વત્રયના છો તમે નાયકપણે;
એ કારણે આન્તર રિપુ સમુદાયથી પીડેલ હું,
હે નાથ ! તુમ પાસે રડીને હાર્દના દુઃખો કહું. ૧૭

અધર્મના કાર્યો બધા દૂર કરીને ચિત્તને,
જોડું સમાધિમાં જિનેશ્વર ! શાન્ત થૈ હું જે સમે,
ત્યાં તો બધાંયે વૈરીઓ જાણે બળેલા ક્રોધથી,
મહામોહના સમ્રાજ્યમાં લઈ જાય છે બહુજોરથી ૧૮

છે મોહ આદિક શત્રુઓ, મ્હારા અનાદિ કાળના,
એમ જાણું છું જિનદેવ ! પ્રવચનપાનથી હું આપના;
તોયે કરી વિશ્વાસ એનો મૂઢ મેંઢો હું બનું,
એ મોહબાજીગરકની કપિરીતને હું આચરું. ૧૯

એ રાક્ષસોના રાક્ષસો છે ક્રુર મ્લેચ્છો એ જ છે.
એણે મને નિષ્ઠુરપણે બહુવાર બહુ પીડેલ છે,
ભયભીત થઈ એથી પ્રભુ ! તુમ ચરણશરણું મેં ગ્રહ્યું
જગવીર ! દેવ ! બચાવજો તુમ ધ્યાન મેં ચિત્તે ધર્યું. ૨૦

કયારે પ્રભો ? નિજ દેહમાં પણ આત્મબુદ્ધિને તજી,
શ્રદ્ધાજળે શુદ્ધિ કરેલ વિવેકને ચિત્તે સજી,
સમ શત્રુ મિત્ર વિષે બની ન્યારો થઈ પરભાવથી
રમીશ સુખકર સંયમે કયારે પ્રભો ! આનંદથી. ૨૧

ગત દોષ ગુણભંડાર જિનજી ! દેવ મ્હારે તે જ છે.
સુરનરસભામાં વર્ણવ્યો જે ધર્મ મ્હારે તે જ છે,
એમ જાણીને પણ દાસની મત આપ અવગણના કરો,
આ નમ્ર મ્હારી પ્રાર્થના સ્વામી તમે ચિત્તે ધરો. ૨૨

ષડ્વર્ગ મદનાદિકતણો જે જીતનારો વિશ્વને,
અરિહંત ! ઉજ્જ્વલ ધ્યાનથી જીતનારો વિશ્વને,
અશક્ત તુમ પ્રત્યે હણે તુમ દાસને નિર્દયપણે,
એ શત્રુઓને જીતું એવું આત્મબળ આપો મને. ૨૩

સમર્થ છો સ્વામી ! તમે આ સર્વ જગને તારવા,
ને મુજ સમા પાપી જનોની દુર્ગતિને વારવા;
આ ચરણ વળગ્યો પાંગળો તુમ દાસ દીન દુભાય છે.
હે શરણ ! શું સિદ્ધિ વિષે સંકોચ મુજથી થાય છે. ૨૪

તુમ પાદપદ્મ રમે પ્રભો ! નિત જે જનોના ચિત્તમાં.
સુર ઈન્દ્ર કે નરઈન્દ્રની પણ એ જનોની ચિત્તમાં.
ત્રણ લોકની પણ લક્ષ્મી એને સહચરી પેઠે ચહે,
સદ્દગુણોની શુભગન્ધ એના આત્મ માંહે મહમહે. ૨૫

અત્યન્ત નિર્ગુણ છું પ્રભુ ! હું ક્રુર છું. હું દુષ્ટ છું,
હિંસક અને પાપે ભરેલો સર્વ વાતે પૂર્ણ છું;
વિણ આપ આલંબન પ્રભો ! ભવભીમસાગર સંચરું,
મુજ ભવભ્રમણની વાત જિનજી ! આપ વિણ કોને કરું ? ૨૬

મુજ નેત્ર રૂપ ચકોરને તું ચન્દ્રરૂપે સાંપડયો,
તેથી જિનેશ્વર આજ હું આનંદ ઉદધિમાં પડયો;
જે ભાગ્યશાળી-હાથમાં ચિંતામણી આવી ચડે.
કઈ વસ્તુ એવી વિશ્વમાં જે તેહને નવ સાંપડે ? ૨૭

હે નાથ ! આ સંસાર સાગર ડૂબતા એવા મને,
મુક્તિપુરીમાં લઈ જવાને જહાજરૂપે છો તમે,
શિવરમણીના શુભસંગથી અભિરામ એવા હે પ્રભો !
મુજ સર્વ સુખનું મુખ્ય કારણ છો તમે નિત્યે વિભો. ૨૮

જે ભવ્ય જીવો આપને ભાવે નમે સ્તોત્રે સ્તવે;
ને પુષ્પની માળા લઈને પ્રેમથી કંઠે ઠવે,
તે ધન્ય છે કૃતપુણ્ય છે ચિન્તામણી તેને કરે,
વાવ્યો પ્રભો ! નિજકૃત્યથી સુરવૃક્ષને એણે ગૃહે. ૨૯

હે નાથ નેત્રો મીંચીને ચલચિત્તની સ્થિરતા કરી,
એકાન્તમાં બેસી કરીને ધ્યાન મુદ્રાને ધરી,
મુજ સર્વ કર્મ વિનાશકારણ ચિન્તવું જે જે સમે,
તે તે સમે તુજ મુર્તિ મનહર, માહરે ચિત્તે રમે. ૩૦

ઉત્કૃષ્ટભકિતથી પ્રભો ! મેં અન્ય દેવોને સ્તવ્યાં,
પણ કોઈ રીતે મુક્તિસુખને આપનારા નવ થયા,
અમૃત ભરેલા કુંભથી છોને સદાએ સિંચીયે,
આંબાતણા મીઠાં ફળો પણ લીંબડા કયાંથી દીયે ? ૩૧

ભવજલધિમાંથી હે પ્રભો ! કરુણા કરીને તારજો,
ને નિર્ગુણીને શિવનગરનાં શુભસદનમાં ધારજો,
આ ગુણી ને આ નિગુર્ણી એમ ભેદ મોટા નવ કરે,
શશી સૂર્ય મેઘપરે દયાળુ સર્વના દુઃખો હરે ૩૨

પામ્યો છું બહુ પુણ્યથી પ્રભુ !તને ત્રૈલોકયના નાથને
હેમાચાર્ય સમાન સાક્ષી શિવના, નેતા મળ્યા છે મને
એ ઉત્તમ વસ્તુ કોઈ ન ગણું, જેહની કરું માંગણી,
માંગુ આદર વૃધ્ધિ તોય તુજમાં, એ હાર્દની લાગણી. ૩૩

જાણી આર્હત્ ગૂર્જરેશ્વરતણી, વાણી મનોહારિણી;
શ્રધ્ધાસાગર વૃધ્ધિચંદ્ર સરખી, સંતાપ સંહારીણી;
ત્હેનો આ અનુવાદ મેં સ્વપરના કલ્યાણ માટે કર્યો,
શ્રીમન્નેમિસૂરીશ સેવનબળે, જે ભકિતભાવે ભર્યો. ૩૪

## ૧૧. જગદ્ગુરુની અંતિમ આરાધના

કરુણાતણા સાગર શરણ દાતાર સૌ તીર્થંકરો,
ત્રણલોકના આધાર આજે અંતરે મુજ અવતરો;
જે જે અનંત થયા અને જે જે અનંત હવે થશે,
જે વિહરતા પરમાતમા, તે સર્વ મુજ હૈયે વસે ...૧

શુભ ધ્યાનની ધારામહીં કર્મો સકલ સળગાવીને,
નિજ આતમામાં જ્ઞાનની જ્યોતિ જવલંત જગાવીને;
જે પરમગતિમાં શાશ્વતી સ્થિરતા ધરી વિલસી રહે;
તે સિધ્ધ ભગવંતો તણું શરણું હૃદય મારું વહે ...૨

સંયમજીવન ધારણ કરી ઉલ્લાસથી જે પાળતા,
જે ગોચરી નિર્દોષતાને જાળવીને લાવતા;
જેઓ તપસ્યા આદરીને કાચામમતા ટાળતાં,
તે સાધુભગવંતા સદા મારા સ્મરણમાં આવતાં ...૩

આ રૌદ્ર ભવસાગરમહીં ડૂબી રહેલા જીવને,
આધાર જેનો પરમપાવન પૂર્ણ ઉદ્ધારક બને;
જિનધર્મ તે અમૃત સમી કરુણા સદા વરસાવજો,
મારા અભાગી આતમાને પરમ ગતિએ વસાવજો ...૪

મેં જ્ઞાન થોડું મેળવ્યું આશાતના કીધી ઘણી,
શ્રદ્ધા ધરી થોડી ઉપેક્ષા ઘણી કરી આજ્ઞાતણી;
કીધી તપસ્યા થોડલી આળસ અનવરત આદરી,
મારી બધી જ વિરાધનાઓ સમરૂં પસ્તાવો ધરી ...૫

ષટ્કાય જીવતણું વિરાધન મેં કર્યું સંસારમાં,
વિકલેન્દ્રિયો પંચેન્દ્રિયોને મેં પ્રમાદ ધરી હણ્યાં;
મેં જલચરો ને સ્થલચરો પીડ્યા હતા પલવારમાં,
હિંસાતણા મહાપાપ કેવા મેં કર્યાં હા ! અણગણ્યાં ...૬

ધગધગ સળગતી આગસરિખા ક્રોધને પરવશ થઈ,
કે હાસ્યના ભાવે રહી કે ભયમહીં ડૂબી જઈ;
લોલુપભાવે લોભથી ચાલાક થઈ જીવનમહીં,
જૂઠું ઘણું રે ! ઉચ્ચર્યું મેં આજ ખટકે તે સહી ...૭

મેં ચોર થઈને પારકી વસ્તુ ઉઠાવી પણ હતી,
આસક્ત વિષયાસંગમાં માનસદશાને કેળવી;
મારા પરિગ્રહની કથા કાયમ હતી લાંબી થતી,
આ સર્વ પાપોની વ્યથા મેં આ સુખોમાં ભેળવી ...૮

મારા વ્રતો ના જાળવ્યા મેં ધર્મ સર્વ શિથિલ કર્યો,
નિયમો કર્યા ખંડિત અને ઉત્સાહ - આદર નવ ધર્યો;
જે આ ભવે કે પરભવે મેં પાપ કર્મ કર્યું હતું,
તે સર્વ મિથ્યા થાય એવું આજ આતમને થતું ...૯

જે દોષ જાણું તે બધાની આજ યાચું છું ક્ષમા,
જે છે અજાણ્યા દોષ તેની ખાસ માંગું છું ક્ષમા;
પાપો અઢારે આદર્યાં, સેવ્યા અને અંગીકર્યાં,
મહાદોષ તે મારો હતો : આ નયન અનુતાપે ઝર્યાં ...૧૦

મેં વૈરના દાવાનળે દુઃખી કર્યા બહુ જીવને,
આજે ક્ષમાભાવે ખમાવું છું હવે સહુ જીવને;
હું મિત્રભાવ ધરી સહુના પ્રેમની ઈચ્છા ધરું,
સૌ સદ્ગુણી ધર્મીજનોનું ખૂબ અનુમોદન કરું ...૧૧

મારો ધરમ શુભભાવ વિણ ચોક્કસ ગયો એળે હશે,
ધર્મીજનો શુભભાવ સાથે શીઘ્ર મોક્ષગતિ જશે;
વેરાન મારા અંતરે શુભ ભાવના વરસી રહો,
મમ આતમા એ ભાવના દ્વારા પરમપદને લહો ...૧૨

દેહો અનન્તા મેં ધર્યા સંસારમાં ભમતા રહી,
આહાર પણ લીધા અનન્તા તૃપ્તિ નવ જરીયે લહી;
આજે વિસર્જું દેહને, અનશનતણી ઈચ્છા થતી,
ઝંખી રહું ઉત્કૃષ્ટપણે બસ ! એક અનહારી ગતિ ...૧૩

હું એકલો સંસારયાત્રાનો પ્રવાસી જીવ છું,
મારું નથી કોઈ જ અહીં ને કોઈનો પણ હું નથી;
ના દોષ કોઈ નડો મને હું શીઘ્ર શિવગતિમાં વસું,
આ દેહ સાથે રાગ-આસક્તિ વિખેરું હું બધી ...૧૪

પ્રભુ માંગું તારી પાસ, મારી પૂરી કરજો આશ
પ્રભુ માંગી માંગીને માંગુ એટલું
મને આવતો ભવ એવો આપજો....

જન્મ મહાવિદેહમાં હોય, વળી તીર્થંકર કુળ હોય,
પારણામાં નવકાર સંભળાય જો (૧)

વર્ષ આઠમુ જ હોય, સંતો સમોસર્યા હોય,
ઉમંગે વ્યાખ્યાન સંભળાય જો. (૨)

સાંભળી વૈરાગ્ય થાય, દીક્ષાની અનુમતિ મળી જાય,
ત્યાં આવે ન કોઈ અંતરાય જો. (૩)

સંયમ જીવન લેવાય, તપ કરી કર્મ ખપાય,
વળી ચૌદપૂરવ ભણાય જો. (૪)

ક્ષપકશ્રેણિએ ચઢાય, ઘાતીકર્મ ખપાય,
વળી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય જો. (૫)

દીક્ષા ઘણાને દેવાય, છેલ્લે સંથારો કરાય,
વળી મુક્તિપુરીમાં જવાય જો. (૬)

માંગું છું પ્રભુ એટલું
મારું માંગવાનું ગજું કેટલું ?
બસ આપી દે વચન પ્રભુ એટલું. (૭)

# ખંડ-3

# સમાધિ ગીતો

## ૧. એ મહાસંતને વંદન અમારા

(રાગ : પ્રભુ તારો વીંઝણીયો.)

સમતાના કરી પાન જે વરીયા, શિવવધૂની વરમાલ;
સંત એવા ક્યારે બનીશું, ચાલશું એની ચાલ.
એ મહાસંતને વંદન હમારા, શત શત વાર હજાર. એ૦ ૧

ચરણોમાં રાંધી ખીર સંગમે, તોય અડગ મહાવીર;
જગ સમતાના ગુણો ગાવે, ધીર વીર ગંભીર એ૦ ૨

કાનમાં ભારે ખીલા ઠોક્યા, ગોવાળે કર્યો ઉપસર્ગ;
તોય ન રોષ મનતાં ધરતાં, પામ્યા વીર અપવર્ગ. એ૦ ૩

ખંધક મુનિવર સમતા ભરીયા, ઉત્તમ ગુણ ભંડાર;
ચામડી જેની ચડચડ ઉતરી, તોય ન દ્વેષ લગાર. એ૦ ૪

માથે માટીની પાળ બનાવી, સળગાવ્યા અંગાર;
એવા ગજસુકુમાલને પ્રણમો, જે શમરસ ભંડાર. એ૦ ૫

પાંચસો સાધુને ઘાણીમાં પીલ્યા, ખંધક ઋષિના શિષ્ય;
સમભાવે સહતાં કેવલ વરતાં, ન રાખી રોષ કે રીસ. એ૦ ૬

મેતારજ મુનિને વાધર વીંટી, શિર પર બાંધી ટાટ;
તોયે સમતાસાગરમાં ન્હાતાં, કાઢ્યા કરમના કાટ. એ૦ ૭

ઉંડા ખાડામાંહે નંખાવે, ઝાંઝરીયા ઋષિરાય;
તલવાર ચલાવી ગર્દન ઉડાવી, ધન્ય સમતા વખાણાય. એ૦ ૮

ધન્ય ધન્ય એવા મહાસંતોને, જેણે સુધાર્યા કાજ;
નિત્ય પ્રભાતે નમન કરૂં હું, લેવા શિવપુર રાજ. એ૦ ૯

સર્વ જીવોને ખમી ખમાવી, મૈત્રી ભાવ ધરૂં;
ઘનઘાતી કર્મોને હણવા, શુભભાવ વરૂં એ૦ ૧૦

ભવોભવ કરીયા પાપો અનંતા, કરી હું પશ્ચાત્તાપ;
ક્ષણ ક્ષણ અરિહંત મનમાં સ્મરતો, ધરી ઉત્તમ જાપ. એ૦ ૧૧

શત્રુમિત્રમાં સમભાવ ધારી, સંવેગ નિર્વેદ રાગ;
અવિરતિને દૂરે ત્યજી, વરી વિરતિ બાગ. એ૦ ૧૨

સમ્યગ્દર્શન દીપ અજવાળા, કરવા નિજ ઘર ખાસ;
હર્ષ ગાવે છે ગીત ગુણીજનના, જિનવચને કરી વાસ.
એ મહાસંતને વંદન હમારા, શત શત વાર હજાર. એ૦ ૧૩

## ૨ આપજે મુજને સમાધિ સારી.

(રાગ કડખાની અગર શાસ્ત્રીય)

હે પરમાતમ પરમ જગદીશ તું, આપજે મુજને સમાધિ સારી;
પલ પલ ઝંખુ હું અપૂરવ સાધના, વિસરૂં સફલ ઉપાધિ ખારી. હે૦ ૧

એટલું કરજે પ્રભુ પ્રાણ જબ નીકલે, રહે પ્રદેશે પ્રદેશ પૂર્ણ સમાધિ;
માતા-પિતાદિ સહુ સગા સબંધિની, છોડું મમતા હું સમતાને સાધી.હે૦ ૨

અંતરના દુશ્મનો જે હોય જગતમેં; સતાવે ન આપજે અજબ સમાધિ;
ક્ષમા કરૂં સર્વની હૃદયથી આજ હું, આપજે પ્રભુ મારી ભવ ઉપાધિ. હે૦ ૩

દેહમાં રોગો ભલે હે પ્રભુ ! ધમધમે, પણ દેજે દિલમાં શાંતિ સમાધિ;
સ્વસ્થતા સ્થિરતા ને સહનશીલતા, પ્રસન્નતા ટાળજે ટાળી આધિ. હે૦ ૪

અનુપમ શ્રી અરિહંત તુજ ધ્યાનમાં, પલ પલ ક્ષણ ક્ષણ લીન થાઉં;
તાહરી તારક વાણી પ્રભાવથી, દ્રવ્ય-ભાવ રોગનો નાશ ચાહું. હે૦ ૫

અંતકાળ તુજ નામ તુજ દર્શન, પરમ અવલંબન હર્ષ ચાહે;
શરણ સ્મરણ તાહરૂં રટણ પણ તાહરૂં, ચાહે શાસન ભવોભવ માંહે. હે૦ ૬

## ૩. આટલું આપજે છેલ્લી ઘડી

આટલું આપજે ભગવંત, મને તું છેલ્લી ઘડી, (૨)
તારૂં શરણું તારૂં સ્મરણું, તારૂં શમણું તારૂં રટણું. છેલ્લી ઘડી. (૨) .... ૧

ના રહે મમતાકેરા બંધન, રટતું રહે સમતાનું ગૂંજન;
ક્ષણ ક્ષણ થાયે કર્મ નિકંદન....છેલ્લી ઘડી .... ૨

જ્યારે મીંચાયે આંખડી મારી, ત્યારે સમાધિ આપજે પ્યારી;
મોંઘી જીંદગી ન જાઉં હારી.... છેલ્લી ઘડી .... ૩

આ દુનિયાની માયા કાચી, રાચ રચીલામાં ન રહું માચી;
અંતસમય રહે સમજ એ સાચી.... છેલ્લી ઘડી .... ૪

શ્વાસોશ્વાસ છેલ્લો ગુંજે, ઓ દયાળુ ત્યારે દર્શન દેજે;
આતમ અરિહત અરિહત કરજે.... છેલ્લી ઘડી .... ૫

તુજ વચનો ના મનમાં ધર્યા છે, અગણિત પાપો મેં જે કર્યા છે;
ખમજે ભગવન્ ! દિલમાં ભર્યાં છે.... છેલ્લી ઘડી .... ૬

શરીરમાં હોય ભલે આધિ વ્યાધિ, આપજે મુજને શાંતિ સમાધિ;
ટાળું જલ્દી ભવની ઉપાધિ.... છેલ્લી ઘડી .... ૭

અંતસમય અંતરના દુશ્મન, સતાવે ન જાગૃતિ આપજે ભગવન્!
પલ પલ તારૂં એક આલંબન.... છેલ્લી ઘડી .... ૮

હે દેવાધિદેવ ! આટલું માંગુ, અંતસમય બીજું બધું ત્યાગું;
ભવોભવ તારી સાધનાએ લાગું.... છેલ્લી ઘડી .... ૯

અંતકાળે આપનું નામ ને દર્શન, આપની પ્રતિમા આપનું સ્પર્શન
અંત્યકાલે બનજો એ જ આરાધન.... છેલ્લી ઘડી .... ૧૦

હર્ષ હૈયાના ભાવથી વદે છે, નમ્ર અંતરથી અરજ કરે છે;
આટલું હોજો ફરી ફરી કહે છે.... છેલ્લી ઘડી....(૨) .... ૧૧

## ૪. પ્રભુ ! આટલું મને આપજે

પ્રભુ આટલું મને આપજે આયુષ્યની છેલ્લી ઘડી;
ના રહે મુજને કોઈ બંધન માયા તણું છેલ્લી ઘડી .... ૧

મરણ પથારી પાસે સ્વજનો ને સંબંધી હો ભલે;
જોયા કરે આ દેહને પણ ચિત્ત મારૂં નવ ચલે .... ૨

મારી નજર મીઠી ફરે માંગે ક્ષમા સહુ જીવની;
પ્રભુ આપજે માફી મને નાની મોટી મુજ ભુલની .... ૩

સહેવાય ના મારા થકી એવી પીડા કદી ઉપડે;
તો દોડીને હાજર થજે તું તેજ સ્વરૂપી મુખડે .... ૪

છેલ્લી કસોટી આકરી પ્રભુ મુંઝવે સહુને ઘણી;
કૃપા કરીને તારજે મને ભક્તજન તારો ગણી .... ૫

દઈ દાન ભકિતનું તે કહ્યું, રહેજે હવે નિર્ભય બની;
આપ્યું વચન તે મને, તો પાળજે પ્રભુ હેતથી .... ૬

દિવસ ત્રણ બાકી રહે ભગવાન ત્યારે આપજે;
દેહ ત્યાગ સમયનું ને દિનનું તું જ્ઞાન મને .... ૭

જેથી મંગલ હેતુએ હું લીન થઈને કરી શકું;
ચિંતન રૂડુંને ધ્યાન ઉંડું દિવ્ય જયોતિ સ્વરૂપનું ....૮

શરીર બહુ નિર્બળ બને, ને શ્વાસ છેલ્લો સંચરે;
વેળા એવી તું આપજે, ના હોય અગવડ કોઈને ....૯

પ્રભુ આટલું મને આપજે તું, આયુની છેલ્લી પળે;
શાંતિ સમતા - સ્થિરતા, મને આવીને સહેજે મળે ....૧૦

## ૫. આટલું તો આપજે

આટલું તો આપજે ભગવાન ! મને છેલ્લી ઘડી
ના રહે માયાતણાં બંધન મને છેલ્લી ઘડી.

આ જિંદગી મોંઘી મલી... પણ જીવનમાં જાગ્યો નહિ
અંત સમયે મુજને રહે... સાચી સમજ છેલ્લી ઘડી.

જ્યારે મરણ શય્યા પરે... મીંચાય છેલ્લી આંખડી
તું આપજે ત્યારે પ્રભુમય... મન મને છેલ્લી ઘડી.

હાથ-પગ નિર્બળ બને ને... શ્વાસ છેલ્લો સંચરે
ઓ દયાળુ! આપજે... દર્શન મને છેલ્લી ઘડી.

હું જીવનભર સળગી રહ્યો.... સંસારના સંતાપમાં
તું આપજે શાંતિભરી નિદ્રા મને છેલ્લી ઘડી

અંત સમયે આવી મુજને, ના દમે ઘટ દુશ્મનો
જાગ્રત પણે મનમાં રહે... તારું સ્મરણ છેલ્લી ઘડી.

## ૬. સબ સોંપ દીયા

અબ સોંપ દિયા ઈસ જીવન કો, ભગવાન તુમ્હારે ચરણો મેં
મૈ હું શરણાગત પ્રભુ તેરા, રહો ધ્યાન તુમ્હારે ચરણો મેં. ૧

મેરા નિશ્ચય બસ એક વહી, મૈ તુમ ચરણોંકા પૂજારી બનું;
અર્પણ કર દૂં દુનિયાભરકા, સબ પ્યાર તુમ્હારે ચરણો મેં. ૨

જો જગમેં રહું તો ઐસે રહું. જયું જલ મેં કમલકા ફુલ રહે;
હૈ મન વચ કાય હૃદય અર્પણ, ભગવાન તુમ્હારે ચરણોમેં. ૩

જબ તક સંસારમેં ભ્રમણ કરું, તુજ ચરણોમેં જીવન કો ધરું;
તુમ સ્વામી મૈં સેવક તેરા, ધરૂં ધ્યાન તુમ્હારે ચરણોમેં. ૪

મૈ નિર્ભય હું તુજ ચરણોમેં, આનંદ મંગલ હૈ જીવનમેં;
આતમ અનુભવ કી સંપત્તિ, મિલ ગઈ હૈ પ્રભુ તુજ ભકિતમેં. ૫

મેરી ઈચ્છા બસ એક પ્રભુ, એક બાર તુઝે મિલ જાઉં મૈં;
ઈસ સેવક કી હર રગ રગ કા, હો તાર તુમ્હારે હાથો મેં. ૬

## ૭. ઐસી દશા હો ભગવાન

ઐસી દશા હો ભગવાન, જબ પ્રાણ તનસે નિકલે;
ગિરિરાજ કી હો છાયા, મનમેં ન હોવે માયા;
તપસે હો શુદ્ધ કાયા... જબ... ૧

ઉર મેં ન માન હોવે, દિલ એક તાન હોવે;
તુમ ચરણ ધ્યાન હોવે... જબ... ૨

સંસાર દુઃખ હરણાં, જૈન ધર્મ કા હો શરણાં;
હો કર્મ ભર્મ ખરના... જબ... ૩

અનશન કો સિધ્ધવટ હો, પ્રભુ આદિ દેવ ઘટ હો;
ગુરૂરાજ ભી નિકટ હો... જબ... ૪

યહ દાન મુજકો દીજે, ઈતની દયા તો કીજે;
અરજી સેવક કી લીજે... જબ... ૫

## ૮. જબ પ્રાણ તન સે નિકલે

ભગવાન સમય હો એસા, જબ પ્રાણ તન સે નિકલે;
શુદ્ધાતમા હો મેરા, ઔર મોહ મનસે નિકલે... ૧

સાતે વ્યસન કો તજકર, મેં કામ ક્રોધ છોડું;
માયા વ લોભ મેરે, અંતઃકરણ સે નિકલે... ૨

મુનિરાજ મેરે સન્મુખ, ઉપદેશ દે રહે હૈ;
ઉપદેશ સુન કષાયે, મેરે બદનસે નિકલે... ૩

તેરી શાંત છબી નિહાળું, મેરે હૃદય કે ભીતર;
તુભ્યં નમામિ સતતમ્... આદેશ મુખસે નિકલે... ૪

પૂરે હો ભાવ દિલકે, પ્રેમી કહે જવાહર;
નવકાર પઢતે પઢતે, યે પ્રાણ તન સે નિકલે... ૫

એકાગ્ર ચિત્તસે મૈં, ધરતા હું ધ્યાન તેરા;
અરિહંત નામ હૃદયે, મેરે વચન સે નિકલે... ૬

## ૯. ભગવાન તુમ્હારે શરણો મેં

યહ ભાવ સદા ભરપુર રહે, ભગવાન તુમ્હારે શરણો મેં;
યહ અરજ મેરી મંજુર રહે, ભગવાન તુમ્હારે શરણો મેં ... ૧

જીવન મૈને સોંપ દીયા, હૈ દોર તુમ્હારે હાથો મેં;
ઉદ્ધાર પતન અબ મેરા હૈ, ભગવાન તુમ્હારે હાથો મેં ... ૨

સંસાર અસાર હૈ સાર નહીં, બાકી ન રહી અબ ભુખ કહી;
મૈ હું સંસાર કે બંધન મેં, ઔર મુકિત તેરે હાથો મેં ... ૩

આંખો મેં સદા એ ધ્યાન રહે, ઔર મન ચરણો મેં લગા રહે;
યે હમ દીનજનોં કી અરજી હૈ, ભગવાન તુમ્હારે શરણો મેં ... ૪

યહ બાર બાર મેં કહતા હું, આગે પ્રભુ આપકી મરજી હૈ;
યહ ભાવ સભી ભકતોં કા હૈ, ભગવાન તુમ્હારે શરણો મેં ... ૫

## ૧૦. અવસર, બેર બેર નહિ આવે

બેર બેર નહિ આવે અવસર, બેર બેર નહિ આવે,
કરના હે સો કર લે ભલાઈ, જનમ જનમ સુખ પાવે... અવસર... ૧

તન ધન જોબન સબહી જૂઠા, પ્રાણ પલકમેં જાવે;
તન જાવે ધન કાહી કામકું, વૃથા કૃપણ કહાવે... અવસર... ૨

જાકે દિલમેં સાચ બસત હૈ, તાકું જૂઠ ન ભાવે;
આનંદઘન કહે ચલત પંથ મેં, સમર સમર ગુન ગાવે... અવસર... ૩

## ૧૧. આતમ ઝંખે છૂટકારો

બંધન બંધન ઝંખે મારૂં મન, પણ આતમ ઝંખે છૂટકારો,
મને દહેશત છે આ ઝગડામાં, થઈ જાય પૂરો ના જન્મારો,બંધન બંધન...

મધુરાં, મીઠાં ને મનગમતાં, પણ બંધન અંતે બંધન છે,
લઈ જાય જનમના ચકરાવે, એવું દુઃખદાયી આલંબન છે,
હું લાખ મનાવું મનડાને, પણ એક જ એનો 'ઊંહકારો', બંધન બંધન...

અકળાયેલો આતમ કે' છે, મને મુક્ત ભૂમિમાં ભમવા દો,
ના રાગ રહે, ના દ્વેષ રહે, એવી કક્ષામાં મને રમવા દો,
મિત્રાચારી આ તનડાની, બે ચાર ઘડીનો ચમકારો, બંધન બંધન...

વરસો વીત્યાં, વીતે દિવસો, આ બે શક્તિના ઘર્ષણમાં,
મને શું મળશે, વિષ કે અમૃત, આ ભવસાગરના મંથનમાં ?
ક્યારે પંખી આ પિંજરાનું, કરશે મુક્તિનો ટહુકારો ?        બંધન બંધન...

## ૧૨. હું તો આપદાઓને...

હું તો આ આપદાઓને સદા ઉપહાર માનું છું,
કોઈ કાંટા ગણે દુઃખને, હું તો ફૂલહાર માનું છું,    હું તો આ

મળ્યાં છે દર્દ કાયાને, મને વરદાન લાગે છે,
કરમને તોડવાનું એ રીતે આસાન લાગે છે.
દરદનો શાંતભાવે હું, સદા ઉપકાર માનું છું.        હું તો આ

ગરીબી લાભકારી છે, વિચારે જો હૃદય સાચું,
બચે છે પાપથી આત્મા અમીરીમાં જે સર્જાતું,
મળી ના સાહ્યબી મુજને પ્રભુનો પાડ માનું છું.    હું તો આ

નથી કોઈ સ્વજન મારું, મને એની ખુશાલી છે,
રહે છે મન સમાધિમાં, મઝા જેની નિરાળી છે,
ઉપેક્ષા જગ કરે મારી, તો હું આભાર માનું છું.    હું તો આ

## ૧૩. વાવે તેવું લણે

દુઃખ આવે, મનવા ! જ્યારે, ત્યારે રોવું શા માટે ?
જે વાવ્યું તે ઊગે છે એનો શોક શા માટે ?

જે કર્મો કર્યા પૂર્વે તે, આ ભવે ઉદયમાં આવ્યા છે,        (૨)
જે બાવળીયા વાવ્યા'તા, એને કાંટા ઊગવા લાગ્યા છે,        (૨)

અંગે અંગે ભોંકાયા છે, પોતાના આજ પરાયા છે,
આ બધી કરમની માયા છે.
પાપ કરેલાં પ્રગટે જ્યારે, ત્યારે રોવું શા માટે ?

આ ભવમાં નવા બાંધ્યાં તો એ પીડા કરશે પરભવમાં,        (૨)
એ પીડા કરશે પરભવમાં ? હાય ! રોવું પડશે પરભવમાં ?

આ ભવમાં નહિ બાંધું હું, આ ભવમાં નહિ...
ના કર્મો નહિ બાંધું હું, આ ભવમાં નહિ...
પાપોથી દૂર ભાગું હું, આ ભવમાં નહિ...

આ ભવમાં નહિં બાંધુ હું, આ ભવમાં નહિ...
સુખ આવે સામા ભવમાં એને ખોવું શા માટે ?
આ ભવમાં ભલે ખોયું એનો શોક શા માટે ?
અરે ! દુઃખ આવે, મનવા !

## ૧૪. આ દુઃખ તે એવું ક્યું દુઃખ છે ?

આ દુઃખ તે એવું ક્યું દુઃખ છે ? તમે એનાથી કાં ગભરાઓ ?
આ દિવસો પણ ચાલ્યા જશે, તમે હિંમત ના હારી જાઓ,
આ દુઃખ તે એવું ક્યું દુઃખ છે ?

તમે જોશો તો આ દુનિયામાં, દુઃખીયા જીવોનો પાર નથી,
નીચે ધરતી ને આભ ઉપર, બીજો કોઈ આધાર નથી,
તો પણ એ લોકો જીવે છે, અરે, હસતાં હસતાં જીવે છે,
ને એક તમે પણ માનવ છો, જે થોડા દુઃખથી બીવે છે !
આ દુઃખ તે એવું ક્યું દુઃખ છે !

ધસમસતી ગાંડી નદીઓનાં, પાણી પણ અંતે ઉતરે છે,
વાવાઝોડાના ઉધમાતી, વંટોળો અંતે વિરમે છે,
એમ દુઃખનાં દહાડા વહી જાશે, જોતાંજોતાંમાં વહી જાશે,
જે ઘા પડ્યો છે હૈયામાં, તે ઘા પણ હળવો થઈ જાશે,
આ દુઃખ તે એવું ક્યું દુઃખ છે ?

તમે જાણી લ્યો કે જીવનમાં, આ દુઃખડાં શાને આવે છે ?
કોઈ બૂરાં કામ કર્યા પૂર્વે, તે દુઃખને ખેંચી લાવે છે,
હવે મન, વાણી ને કાયાને સત્કાર્યો સાથે જોડી દો,
જે દુઃખ આવ્યું છે એ માટે સંતાપ હવે તો છોડી દો.
આ દુઃખ તે એવું ક્યું દુઃખ છે ?

## ૧૫. મરણ જ્યારે મારું થવાનું.

પૈસા નકામા, પ્રતિષ્ઠા નકામી, ને નકામા સ્વજન,
મરણ જ્યારે મારું થવાનું.
સાથે ન આવે, ન કોઈ બચાવે, જુઠું બધાનું શરણ,
મરણ જ્યારે મારું થવાનું. **પૈસા નકામા...**

કિંમતી દવાઓ દૂરથી મંગાવું, મોટા ડોકટર ઘેર બોલાવું.
છેલ્લી થયેલી શોધ પ્રમાણે, મારા દરદનો ઈલાજ કરાવું.
પાણીની પેઠે હું પૈસો લૂંટાવું, તોયે ટકે ના જીવન,
મરણ જ્યારે મારું થવાનું. પૈસા નકામા...

ખ્યાતિ મળી છે મુજને સારી, નેતાઓ સાથે દોસ્તી વધારી,
હું સપડાઉં જો માંદગીમાં, આવે મદદમાં સૌ અધિકારી,
ઊંચા ખિતાબો કે મોટા સંબંધો, એનું પડે ના વજન,
મરણ જ્યારે મારું થવાનું. પૈસા નકામા...

અંતિમ ઘડીએ સ્વજનો આવે, પોતપોતાનાં હેત બતાવે,
મારે બદલે મરવાને પણ, ચાહે કોઈ તત્પર થાવે,
કોઈ પ્રયાસો કામ ન આવે, કામ આવે ના રૂદન,
મરણ જ્યારે મારું થવાનું. પૈસા નકામા...

## ૧૬. આફત જ્યારે આવે

આફત જ્યારે આવે, જે ત્યારે મુખ મલકાવે,
એને આફતની ના થાયે અસર. હો...
દુ:ખના ડુંગર તૂટે, પણ મક્કમતા ના ખૂટે,
એવા વિરલાની છે જગમાં કદર, હો... આફત

કુંદન ચમકે જેમ કસ્યાથી, ચંદન મહેકે જેમ ઘસ્યાથી,
માનવ જ્યારે દુ:ખને ઝીલે છે, સાચા સ્વરૂપે શક્તિ ખીલે છે, આફત

કષ્ટ કરે છે દિલની કસોટી, પથ્થર છે કે સાચું મોતી,
જો જીવતરમાં કષ્ટ ન આવે, ભવનો ફેરો ફોગટ જાવે, આફત

ગ્રંથો વાંચે, જાય નિશાળે, ધન ખર્ચીને પદવી ધારે,
એનાથી પણ ઝાઝું જાણે, થોડું એવું દુ:ખ જે માણે આફત

સામે ચાલી જે દુ:ખ માગે, દુ:ખ એનાથી છેટું ભાગે,
જે ડર પામે દુ:ખને જોતાં, જીવન જાયે રોતાં રોતાં. આફત

## ૧૭. મારા મૃત્યુને સ્વામી ! સુધારજો

મારું આયખું ખૂટે જે ઘડીએ, ત્યારે મારા હૃદયમાં પધારજો.
છે અરજી તમોને બસ એટલી મારા મૃત્યુને, સ્વામી ! સુધારજો,

જીવનનો ના કોઈ ભરોસો, દોડાદોડીના આ યુગમાં,
અંતરિયાળે જઈને પડું જો ઓચિંતા મૃત્યુના મુખમાં,

ત્યારે મારા સ્વજન બની આવજો,
થોડા શબ્દો ધરમનાં સુણાવજો, છે અરજી તમોને...

દર્દો વધ્યાં છે આ દુનિયામાં, મારે રિબાવીરિબાવીને
એવી બિમારી જો મુજને સતાવે, છેલ્લી પળોમાં રડાવીને,

ત્યારે મારી મદદમાં પધારજો,
પીડા સહેવાની શક્તિ વધારજો છે, અરજી તમોને...

જીવવું થોડું ને જંજાળ ઝાઝી, એવી સ્થિતિ છે આ સંસારની,
છૂટવા દે ના મરતી વેળાએ, ચિંતા મને જો પરિવારની,

ત્યારે દીવો તમે પ્રગટાવજો,
મારા મોહ તિમિરને હટાવજો, છે અરજી તમોને...

## ૧૮. સમતાથી દર્દ સહું

સમતાથી દર્દ સહું, પ્રભુ ! એવું બળ દેજો,
મારી વિનતિ માનીને, મને આટલું ફળ દેજો, સમતાથી

કોઈ ભવમાં બાંધેલા, મારા કર્મો જાગ્યા છે,
કાયાના દર્દરૂપે, મને પીડવા લાગ્યા છે,
આ જ્ઞાન રહે તાજું, એવું સિંચનજળ દેજો, સમતાથી

દર્દોની આ પીડા, રોવાથી મટશે નહીં,
કલ્પાંત કરું તો પણ આ દુઃખ તો ઘટશે નહીં,
દુર્ધ્યાન નથી કરવું એવું નિશ્ચય બળ દેજો, સમતાથી

આ કાયા અટકી છે નથી થાતાં તુજ દર્શન,
ના જઈ શકું સુણવાને, ગુરુની વાણી પાવન,
જિનમંદિર જાવાનું ફરીને અંજળ દેજો, સમતાથી

નથી થાતી ધર્મક્રિયા, એનો રંજ ઘણો મનમાં,
દિલડું તો દોડે છે પણ શક્તિ નથી તનમાં,
મારી હોંશ પૂરી થાયે એવો શુભ અવસર દેજો, સમતાથી

છોને આ દર્દ વધે હું મોત નહિ માગું,

વળી છેલ્લા શ્વાસ સુધી, હું ધર્મ નહિ ત્યાગું,
.રહે ભાવ સમાધિનો, એવી અંતિમ પળ દેજો, સમતાથી

## ૧૯. આજ કહી દે પ્રભુને બધું

મોડું શાને કરે છે વધુ ? આજ કહી દે પ્રભુને બધું,
કાળા કર્મોની કાળી કથાનો, બોજો વેંઢારે શાને હજુ ?

આજ કહી દે પ્રભુને બધું.

જો તું માને હું પાપી નથી, તો એ તારું અભિમાન છે,
તારા ચહેરાના ચિન્હો કહે, તારો જીવડો પરેશાન છે,

હો પરેશાન છે,

નથી સંતાડવાનું ગજું, આજ કહી દે પ્રભુને બધું,

તારો આત્મા કબૂલે છે પણ, બોલી દેતાં તું અચકાય છે,
છૂપા રાખેલા મનના ભરમ, ખોલી દેતાં તું ખચકાય છે,

શાને ખચકાય છે ?

નથી સાંભળતું કોઈ બીજું, આજ કહી દે પ્રભુને બધું,

પ્રભુ પાસે પસ્તાવો કરે, એના પાપો ઘટી જાય છે,
જાણે મોટી શિલાનું વજન, માથા પરથી હટી જાય છે,

હો હટી જાય છે.

હૈયું થઈ જાશે હળવું ઘણું, આજ કહી દે પ્રભુને બધું,

જીવડા....પ્રભુજીને...સઘળું....કહી દે (૨)

## ૨૦. અંત સમયમાં આપો સમાધિ.

જીવનમાં મેં બહુ કીધાં પાપો, યાદ કરતા રડતી જ આંખો
મારગ સાચો બતલાવ આજે, જીવન ધન્ય કરવાને કાજે ......૧

ધારી નહી મેં પ્રભુ કો'ની શીખ, જેથી જ માંગુ પ્રભુ આજ ભીખ,
ચાહુ સદા એટલું તુજ પાસ, કરતો નહીં તું ક્યારે નિરાશ ......૨

સદાય તારો મને સાથ હોજે, વિયોગ તારો ક્યારે ન થાજે,
દેજો મને જ્ઞાન તણો પ્રકાશ, જેથી ટળે અંતરમેલ ખાસ ......૩

પાપને તાપ દૂરે જ કરજો, સંતાપ મારો સદૈવ હરજો,
માયાનાં બંધન દૂરે નિવારી, નિજ ભક્તને તું લેજે ઉગારી ......૪

અંત સમયમાં આપો સમાધિ, જેથી ટળે જન્મ તણી ઉપાધિ,
વિનંતી મારી પ્રભુ ઉર ધારી, કલ્પરતનને નેહે નિહાળી ......૫

## ૨૧. માંગુ પ્રભુ તારી પાસ

માંગુ પ્રભુ તુમ પાસ હું તો, એટલું મને આપજે,
માયા ને મમતા કેરા બંધનો, અંત સમયે કાપજે,
સળગી રહ્યો છું જીવનમાં, આ વિષય કેરી આગમાં,
એ વિષય કેરી આગને, આવીને તું બુઝાવજે...... ૧

કુવાસનાનાં પાપથી આ, જીવન મારું જે ભર્યું,
એ વાસનાનો નાશ કરવા, શકિત તું મને આપજે,
જીવનભર આધિ-ઉપાધિ ને વળી વ્યાધિ ભરી,
સંતાપ આધિ - વ્યાધિ કેરો, અંત સમયે ઠારજે...... ૨

પાપો ભયાનક મેં કર્યા, જાગૃતપણે સંસારમાં,
હે દયાસાગર દયા લાવી, માફ તું કરજે મને,
જીવન મળ્યું તો પણ પ્રભુ મેં, ધર્મ કાર્યો નવિ કર્યા,
સદ્ ધર્મ કાજે આપજે, સાચી સમજ અંતે મને...... ૩

મુજ હાથ પગ નિર્બળ બને ને કાનમાં ધાકો પડે,
વળી આંખથી દેખાય ઓછું, એવું મુંજને જો બને,
તે સમય પ્રભુજી આવજો, દરિશન તમારા આપવા
શુભ ભાવને સદ્‌બુદ્ધિ પ્રભુજી, આપજો અંતે મને...... ૪

જયારે મિંચાય આંખડી એ, મરણ શૈયા ઉપરે,
અને શ્વાસને ઉચ્છવાસ મારા, અંત સમયે સંચરે,
નવકાર કેરા ધ્યાનમાં ને, જાપમાં તલ્લિન બને,
સદ્‌ગુરુના ચરણો મહીં, અંતે સમાધિ મળો મને...... ૫

દોષો અનંતા છે પ્રભુ, મારા જીવન માંહે ભર્યા,
સવિ દોષથી વિમુક્ત થઈને, આપ શીવપુર સંચર્યા,
કરુણાસભર દષ્ટિ કરી, નિજ ભક્તને તું તારજે,
જન્મો જરાને મરણ કેરા, ભય થકી તું વારજે...... ૬

સવિ જીવ સાથે મૈત્રી કેરા, ભાવની કરું યાચના,
સવિ જીવ સાથે ભાવથી, કરજોડી કરું ક્ષમાપના,
નથી કોઈ સાથે વૈર કે, નહિ કોઈ વૈરી માહરા,
વહે સ્રોત મૈત્રી ભાવનો, પ્રભુ ધર્મ કીર્તિ હ્રદયમાં...... ૭

## ૨૨. બનવું તારા જેવું

મારે બનવું તારા જેવું - પણ જ્ઞાન નથી મને એવું - મારે.
રાત દિવસ હું ભટકી રહ્યો છું, અર્થ તણી ચિંતામાં -
ઘડી પ્રભુ તું યાદ ન આવે, સુખ તણાં સપનામાં
તો પણ બનવું તારા જેવું - પણ....

રાગ ને રોષ સદાય જીવનમાં, સમતા નવિ હું ધરતો
માયા મમતા સાથે રહીને, સંસારે સળગતો -
તો પણ, બનવું તારા જેવું - પણ.....

વિષય કષાયમાં મસ્ત બન્યો છું, મોહ તણાં સામ્રાજ્યે,
ધર્મ જીવનમાં કર્યો નહીં મેં, કીરતિ કામનાં કાજે
તો પણ બનવું તારા જેવું - પણ.....

## ૨૩. મારે એવા સ્થાને જાવું છે

મારે એવા સ્થાને જાવું છે,
જ્યાંથી પાછા કદીય ન ફરવું છે,
જે સ્થાને કાયમ રહેવું છે - મારે... ૧

નહીં પાપ કે પુણ્ય ત્યાં કરવા પડે
નહીં જનમ મરણનો દોર પડે,
જ્યાં શ્વાસો શ્વાસ લેવા ન પડે - મારે. ૨

જ્યાં રાગ ને દ્વેષ કદીય ન હો,
જ્યાં કર્મ તણી જંઝીર ન હો,
જ્યાં રંગ રૂપ બધું દુરે હો - મારે. ૩

જ્યાં માત - તાત સુત વિત્ત ન હો,
જીવનમાં વૈર વિરોધ ન હો -
બસ આતમ કેરી મસ્તી જ હો - મારે. ૪

જયાં મુક્તિ તણું શાશ્વત સુખ હો,
નિજ ગુણમાં આતમ રમતો હો,
ધર્મ કીરતિ જયાં અવિચળ હો - મારે. ૫

## ૨૪. મને શક્તિ આપજે એવી

મને શકિત આપજે એવી, મારા દોષ દૂરે કરે તેવી-
અન્ય તણા નવિ દોષ હું બોલું, નવિ કરું પર નિંદા
જીવનમાં જે કરવા જેવી, કરું હું આતમ નિંદા - મને.

કદી કરું નહીં મુજ જીવનમાં, નિજ ગુણની પ્રશંસા
અન્યના પણ નાના ગુણની, કરું સદા પ્રશંસા - મને.

કર્માધિન છે જગના જીવો, કર્મ પાશે બંધાયા,
કર્મ પીંજરથી છોડવાને, શક્તિ ઘો જિનરાયા - મને.

ધર્મકીરતિ પ્રભુ ચરણે નમીને, આપો એવું વરદાન
પરમપદ પામીને સ્વામી, મેળવું શાશ્વત ધામ - મને.

## ૨૫. ખમાવું છું તમોને હું

થઈ જે ભૂલ મારાથી, જાણીને કે અજાણીને,
ખમાવું છું તમોને હું, હૃદયનાં શુધ્ધ ભાવોથી...

કદી કડવા વચન કીધાં, હશે મેં ક્રોધનાં વશથી,
ખમાવું છું ક્ષમા કરજો, હૃદયનાં શુધ્ધ ભાવોથી...

કદી હાંસી કરી તારી, સરલ તુજ ભાવને જાણી,
ખમાવું છું ક્ષમા કરજો, હૃદયનાં શુધ્ધ ભાવોથી...

વચન સુણતા કદી મારું, દુભાયુ જો દીલ તમારું,
કરજોડી ખમાવું છું, હૃદયનાં શુધ્ધ ભાવોથી...

ન રાખું વેર કો' પાસે, માંગુ છું પ્રેમ સહુ પાસે,
મોડી મદ માન સહુ આજે, હૃદયનાં શુધ્ધ ભાવાથી...

ખમાવે ધર્મ કીરતિ આજ, દીનતા હીનતા છોડી,
ક્ષમા કરજો... ક્ષમા આપો... હૃદયના શુધ્ધ ભાવોથી...

## ૨૬. માંગુ ક્ષમા હું

ક્રોધ કષાયને દૂર કરીને, ક્ષમા જીવનમાં લાવો,
ક્રોધ કરીને જીવન બગડે છે, ક્ષમા ભાવને ભાવો.

બરબાદી સર્જે છે કષાયો, જીવન કેરા વનની,
સમતાં રસનાં પાન કરીને, સફળ કરો જીદંગાની.

થઈ અમારી ભૂલ જે કાંઈ, મનમાં લગીર ન ધરતાં,
માંગુ ક્ષમા કર જોડીને, ચરણે આવી નમતાં.

રાગદ્વેષ વિસારી દઈને, મૈત્રી ભાવ દીલ ધરીએ,
ક્ષમા પર્વનું ગીત વહાવી, દીલને પાવન કરીએ.

વેર વેરથી શમે નહીં પણ, વેર શમે છે પ્રેમે,
જીવન બાગમાં મૈત્રી પુષ્પની, મહેંકાવો ફોરમને.

સંવત્સરી પ્રતિક્રમણ કરીને, પાપ જીવનમાં ખમાવો,
સર્વ જીવો સહુ મૈત્રી ભાવની, પ્રેમળ જયોતિ જગાવો.

ધર્મ તણો સંદેશો આપી, કીરતિ જગમાં ફેલાવો,
ખમો ખમાવો સહુ જીવોને, વીર વાણી રંગ પાઓ...

## ૨૭. સાધવી છે મૈત્રી ઉપાસના

સાધવી છે મૈત્રી ઉપાસના, મારે કરવી છે ક્ષમાપના

હોય ભલે નાનો મોટો, વાંક ભલે હોય છોટો;
તો પણ ભૂલની માફી માગી, કરવી છે મારે યાચના ...મારે.

કોઈની સાથે વેરઝેરના, સંબંધ મારે નથી કરવા;
સહુની સાથે પ્રેમ સંબંધે, કરવી છે મૈત્રી સાધના ...મારે.

જીવનમાં શું સાથે લાવ્યા, અને લઈ શું જવાના;
વૈર ભાવ જો દીધા વધારી, થાશે નવી આરાધના ...મારે.

પ્રભુ વીરનો ધર્મ મળ્યો છે, જીવતરમાં આનંદ ભળ્યો છે,
ધર્મ કીરતિ જીવનમાં પ્રભુજી, સાધવી છે મૈત્રી ઉપાસના ...મારે.

## ૨૮. ચાર દિવસનાં ચાંદરડાં પછી...

ચાર દિવસનાં ચાંદરડા પર જુઠી માયા શા માટે
જે ના આવે સંગાથે... તેની મમતા શા માટે ?

આ વૈભવ સાથે ન આવે... ઓલા સ્નેહીઓ સાથે ના'વે
તું ખૂબ મથે જેને મેળવવા તે યૌવન સાથે ન આવે,
અહીં નું અહીંયા રહેવાનું ને... એની ચિંતા શા માટે ?

જે બાંધેલી મહેલાતોને... ધનદોલતનું કાલે શું થાશે
જો જાવું પડશે અણધાર્યું... તારા પરિવારનું શું થાશે,
સૌનું ભાવી સૌની સાથે... તેની ચિંતા શા માટે ?

સુંવાળી દોરીના બંધન... સહુ આજે પ્રેમ થકી પામે
પણ તૂટે તંતુ આયખું પુણ્યનું... ત્યારે કોઈ ન સાંધે,
તિડ પડે ત્યારે તડ-તડ તૂટે... એવા બંધન શા માટે?

## ૨૯. ભક્તિ કરતાં છૂટે...

ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ, પ્રભુ એવું માગું છું
રહે હૃદયકમળમાં તારું ધ્યાન...પ્રભુ

તારું મુખડું મનોહર જોયા કરું, રાત-દિન ગુણો તારા ગાયા કરું
અંત સમયે રહે તારું નામ....પ્રભુ.

મારી આશા નિરાશા કરશો નહિ, મારા અવગુણ હૈયામાં ધરશો નહિ
શ્વાસોશ્વાસે રહે તારું ધ્યાન...પ્રભુ.

મારા પાપ ને તાપ સમાવી લેજો, આ સેવકને ચરણોમાં રાખી લેજો
દેજો આવીને દર્શન દાન...પ્રભુ.

તારી આશાએ પ્રભુ હું તો જીવી રહ્યો, તમને મળવાને પ્રભુ હું તો તલસી રહ્યો
મને રાખો તમારી પાસ...પ્રભુ.

મારા ભવોભવનાં પાપો દૂર કરો, મારી અરજી પ્રભુજી હૈયે ધરો
તમે રહેજો ભવોભવ સાથ...પ્રભુ.

## ૩૦ ગૂઢ તત્વનો વિચાર કરો !

કીડી નહીં, કુંજર નહીં, પણ દેહ માનવનો મળ્યો !
શાથી મળ્યો ? મળીને ખરેખર, જન્મ છે આ શું ફળ્યો ?
ક્યાંથી થયું અહીં આવવાનું, ને પછી જીવ ક્યાં ગયો ?
એ ગૂઢ તત્વ તણો વિચાર શું, માનવી ! કદી યે કર્યો ? ॥૧॥

નિંદા કરે મારી કદી યે અન્ય કો' તો લાલપીળો હું થતો,
શું શું કરું, શું ના કરું, દિલ ક્રોધ કેવો આવતો ?
પણ અન્યની કુથલી મહીં રસ પૂર્ણ મુજને લાગતો !
એ ગૂઢ તત્વ તણો વિચાર શું, માનવી ! કદી યે કર્યો ? ॥૨॥

નેત્રો મિંચાયાં બે પછી અહીંનું બધું અહીં રહી જતું !
શાને પછી આ 'મ્હારું', 'મ્હારું' એમ કરતો હું મરું ?
સંસાર તરવા, મોક્ષ વરવા, ધર્મ શું કદી આચર્યો ?
એ ગૂઢ તત્વ તણો વિચાર શું, માનવી ! કદી યે કર્યો ? ॥૩॥

ઘઉં કાંકરા જો હોય ભેગા, ઘઉં જુદા વીણી લઉં,
ને કાંકરાને દૂર ફેંકી, હર્ષ મુજ દિલમાં ભરું;
તો ગુણ બધા છાંડી અને અવગુણ ગ્રહી શાને ફર્યો ?
એ ગૂઢ તત્વ તણો વિચાર શું, માનવી ! કદીયે કર્યો ॥૪॥

માનવ-જીવનની છે મહત્તા, ત્યાગ કેરા પથ મહીં,
ને દેહ તો આ સાંપડ્યો છે, મહામૂલો બહુ શ્રમ પછી;
એ તક સદંતર વેડફી શેં, ભોગ માંહી રચ્યો રહ્યો ?
એ ગૂઢ તત્વ તણો વિચાર શું, માનવી ! કદી યે કર્યો ? ॥૫॥

તપ, જપ, ક્રિયા ને કાંડમાં જાહેર અગ્રેસર બન્યો.
હળદર તણો લઈ ગાંઠીયો હું, ધરાર ગાંધી થઈ પડ્યો
પણ મન તણા ગૂઢ મેલને, ધોવા થકી અળગો રહ્યો;
એ ગૂઢ તત્વ તણો વિચાર શું, માનવી ! કદી યે કર્યો ? ॥૬॥

છાતી ફૂલાવી હું ફરું, દુનિયા તણા સૌ કાર્યમાં,
મક્કમ રહું નિજ સ્વાર્થના, હું ભારમાં સંસારમાં;
પણ ધર્મ કેરું નામ પડતાં, ખૂબ અંતર થરથર્યો,
એ ગૂઢ તત્વ તણો વિચાર શું, માનવી ! કદીયે કર્યો ? ॥૭॥

બે આખ અંધાપા થકી, નુકશાન જે કંઈ થાય રે,
અજ્ઞાન - અંધાપો અધિક, તેથી ઘણી હાની કરે;
છતી આંખે આંધળો થઈ, હાય હું ફરતો ફર્યો,
એ ગૂઢ તત્વ તણો વિચાર શું, માનવી ! કદીયે કર્યો ? ॥૮॥

જે ભાગ્યશાળીમાં વસ્યો છે, ધર્મ અંતર-ધામમાં,
તેનેજ નમતા દેવતાઓ, પણ બધા સંસારમાં;
જિનવર તણા નિર્વાણનો. ઈતિહાસ શું કંઠે કર્યો ?
એ ગૂઢ તત્વ તણો વિચાર શું, માનવી ! કદી યે કર્યો ? ॥૯॥

આનંદ તો આવે ઘણો, વિષયેંદ્રિયોના ભોગમાં,
ખાઓ ખાઓ છતાં ય ભૂખ્યા, એ સ્થિતિ સંભોગમાં.
એ લ્હેર પાછળ કેર કેવો, કેટલો ભરપૂર પડ્યો ?
એ ગૂઢ તત્વ તણો વિચાર શું, માનવી ! કદી યે કર્યો ? ॥૧૦॥

ચાલે ઈકોતેર પેઢીઓ, જો ધન તણો સંચય થયો,
એવું વિચારી ખૂબ મથ્યો, જીવતર મહીં આ વાણીયો;
હાથે કરી મજબુત કરી આ, મરણ-જન્મની બેડીઓ,
એ ગૂઢ તત્વ તણો વિચાર શું, માનવી ! કદી યે કર્યો ॥૧૧॥

પ્રભુ નામમાં પાવક જીવનનો, છે પ્રકાશ ભર્યો પડ્યો,
'ભક્તિ મહીં સન્માર્ગ છે', એ સત્ય અંતરમાં ભરો;
એ ગૂઢ તત્વ તણો વિચાર શું, માનવી ! કદી યે કર્યો ?
પરવા નહીં કદી ના કર્યો, જો આજથી રસ ઉપજ્યો, ॥૧૨॥

ચંચળ ચિત્તોને શાંત કરવા, ભક્તિ પ્રભુની ઉર ધરો,
દુર્ગતિથી ઉગરવા પ્રભુ, નામ મહિમા દિલ ભરો;
લાલચ બધી છોડી દઈ, ગુરુમંત્ર ભક્તિનો ગ્રહો,
લઈ દિવ્ય આલંબન વિભુનું, આત્મ પંથે સૌ વળો. ॥૧૩॥

## ૩૧. બાદશાહ સીકંદર ના ફરમાનો

(૧) મારા મરણ વખતે, બધી મિલ્કત અહીં પધરાવજો,
મારી નનામી સાથ, બધું કબ્રસ્તાનમાં પણ લાવજો.
જે બાહુબળ થઈ મેળવ્યું, તે ભોગવી પણ ન શક્યો,
અબજોની મિલ્કત હોવા છતાં, પણ એ સિકંદર ના બચ્યો.

(૨) મારૂં મરણ થતાં, બધા હથિયાર લશ્કર લાવજો,
આગળ રહે મૃતદેહ, પાછળ સર્વને દોડાવજો.
આખા જગતને જીતનારું. સૈન્ય પણ રડતું રહ્યું,
વિકરાળ દળ ભૂપાળને, મરણથી કોઈ છોડાવી ના શક્યુ.

(૩) મારાં બધાં વૈદ્યો ત્થા હકીમોને અહીં બોલાવજો,
મારો જનાજો એ જ વૈદ્યો અને હકીમોના ખભે ઉંચકાવજો.
દર્દીઓના દર્દને દફનાવનારું કોણ છે?
દોરી તૂટી આયુષ્યની તો સાંધનારું કોણ છે ?

(૪) ખાલી હથેલી લઈ સહુ જીવો આ જગતમાં આવતા,
ને ખાલી હાથે આ જગત સૌ ત્યજી ચાલ્યા જતા.
જીવન ફના, યૌવન ફના, જર જમીન જોરુ ફના,
પરલોકમાં પરિણામ મળશે, પુણ્યના કે પાપના.

## ૩૨. પ્રભુને કદી ભૂલશો નહીં

દુઃખોતણાં ડુંગર પડે, સુખ સાહિબી કદી સાંપડે,
તો પણ અરે ! આ દેહથી, પ્રભુને કદી ભૂલશો નહિ. ૧

વૈભવ મળે લક્ષ્મી મળે, માયા તણા મહેલો જડે,
એ બે ઘડીની મોજ છે, પ્રભુને કદી ભૂલશો નહિ. ૨

મંગળ અમંગળ ગ્રહ તૂઠે, કર્મો કદી નીજ પર વૂઠે,
જ્વાળા ઊઠે તો પણ અરે ! પ્રભુને કદી ભૂલશો નહિ. ૩

ઝોલા હીંચોળા ખાટમાં, મ્હાલ્યા કરે આનંદથી,
એ બે ઘડીની સાહિબી, પ્રભુને કદી ભૂલશો નહિ. ૪

બાગો બગીચા પુષ્પના, મુખમાં સુવાસ લીધા કરો,
એ વાસના સ્વપ્ન સમી, પ્રભુને કદી ભૂલશો નહિ. ૫

મોટર અને ગાડી મહીં, આરામથી ફરતા ફરો,
એ પળ મહીં ફાની થશે, પ્રભુને કદી ભૂલશો નહિ. ૬

રાજ્ય રીદ્ધિવંત નર, પળમાં ધ્રુજવે કોઈકને,
એ પણ ઘણાં ફાની થયા, પ્રભુને કદી ભૂલશો નહિ. ૭

ભીખ માંગવી જગમાં પડે, અપવાદ લોકો બહુ કરે,
તો પણ અરે ! આ દેહથી, પ્રભુને કદી ભૂલશો નહિ. ૮

જગ સુખ સાચું દુઃખ છે. સુખ સત્ય ન્યારૂ છે ખરે,
એ સત્ય સુખને શોધવા, પ્રભુને કદી ભૂલશો નહિ. ૯

સાચી કૃપા કીરતારની તૃણને તજી મરૂ ઠરે,
'કીંકર' કહે પળ માત્ર પણ, પ્રભુને કદી ભૂલશો નહિ. ૧૦

## ૩૩. આલોચના ભાવ ગીત

વંદન કરી સહૂ સિદ્ધ પ્રભુને ધર્માચાર્યો મુનિગણને,
શ્રાવક ધર્મ તણા અતિચારો પ્રતિક્રમવા હું ઈચ્છું છું. ૧

જે કાંઈ મારા વ્રત અતિચારો નાના મોટા દોષ થયા,
જ્ઞાન તથા દર્શન-ચારિત્રે નિંદું છું સહુ ગર્હું છું. ૨

દ્વિવિધ પરિગ્રહ કર્યા કરાવ્યા બહુવિધ પાપારંભ વળી,
દિવસ સંબંધી દોષ થયા, જે આલોઉં સહુ યાદ કરી. ૩

નિંદિત એવા ચાર કષાયે પાંચ ઈન્દ્રિયે પાપ થયાં,
રાગ દ્વેષથી મન, વચ, કાયે નિંદુ છું સહુ ગર્હું છું. ૪

શરત ચૂકથી, દબાણથી, કે ફરજ વશે હરતાં ફરતાં,
જતાં આવતાં, ઉભા રહેતાં, દોષ થયા આલોઉં સૌ. ૫

જિનમત શંકા, પરમત ઈચ્છા ફલસંદેહ - દુગંછાદિ,
મિથ્યાત્વી સહ વાસ-પ્રશંસા, સમકિત દોષો પ્રતિક્રમું. ૬

છકાય હિંસા સ્વ-પર-ઉભયને કાજ રાંધ્યું કે રંધાવ્યું,
તેથી જે કાંઈ દોષ થયા સૌ આત્મસાક્ષીએ નિંદું છું. ૭

પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત ને શિક્ષાવ્રત વળી ચાર કહ્યાં,
એવા બારવ્રતોના દૈનિક અતિચાર આલોઉં સૌ. ૮

પ્રથમ અણુવ્રત-સ્થૂલ જીવહિંસા વિરમણવ્રત અતિચાર થયા,
ક્રોધાવેશે, ભાન ભૂલી, કે પ્રમાદ-ગફલત વશ થઈને. ૯

જીવને માર્યા, બાંધ્યા અંગો છેદ્યા, અતિશય ભાર ભર્યો,
ખાનપાન ના આપ્યાં, દૈનિક અતિચાર આલોઉં સૌ. ૧૦

પ્રમાદથી કે માયાવશે, વગર વિચાર્યે આળ દીધું,
ગુપ્ત વાત બીજાની કે નિજ પત્નિની મેં પ્રગટ કરી. ૧૧

જુઠભર્યા ઉપદેશ દીધા, વળી જુઠા લેખ લખ્યા, બીજે,-
મુષાવાદ સ્થૂલ-વિરમણવ્રતના અતિચાર આલોઉં સૌ. ૧૨

સ્થૂલ પર દ્રવ્ય-હરણ વિરતિમાં પ્રમાદ કે લોભાવેશે,
ચોરને પ્રેર્યા, માલ ખરીદ્યા, માલમાં ભેળ-સંભેળ કર્યા. ૧૩

રાજ્ય વિરૂદ્ધાચાર કર્યા, વળી તોલ માપ ખોટાં કીધાં,
ત્રીજા અણુવ્રતના અતિચારો દિવસતણા આલોઉં સૌ. ૧૪

પરસ્ત્રી ગમન વિરમણવ્રત માંહે પ્રમાદ કે કામાવેશે,
કુમારી-વિધવા સંગ કર્યો, ને રખાત-વેશ્યા-ગમન કર્યું. ૧૫

અનંગ ક્રિડા કરી, વિવાહ જોડ્યા, વિષયે અતિઅભિલાષ ધર્યો,
ચોથા અણુવ્રતના અતિચારો, દિન સેવ્યા આલોવું સૌ. ૧૬

મોહ વશે ધનધાન્ય, ક્ષેત્ર-ઘર, સોનું-રૂપું, ઘર-વખરી,
નોકર-ચાકર-પશુપક્ષી, સૌ પ્રમાણથી અધીકાં રાખ્યાં. ૧૭

વ્રતપરિગ્રહ-પરિમાણ વિષે એમ પ્રમાદથી જે દોષ થયા,
પંચમ અણુવ્રતના અતિચારો દિન સેવ્યા આલોવું સૌ. ૧૮

ઊંચી-નીચી-તિરછી દીશમાં ગમન વધ્યું, દિશ વધઘટ થઈ,
સ્મૃતિ ગુમાવી, દિક્પરિમાણે, ગુણવ્રત દોષો નિંદું સૌ. ૧૯

મદ્યમાંસ તજવામાં, ફળ-ફૂલ સુગંધ, માલા વાપરતાં,
દોષ થયા બીજા ગુણવ્રતના ઉપ-પરિભોગે નિંદું સૌ. ૨૦

સચિત્ત, સચિત્તથી યુક્ત, ને કાચું, અધકાચું વળી તુચ્છફળો,
ભક્ષણ કરતાં ઉવ-પરિભોગે અતિચાર આલોઉં સૌ. ૨૧

કર્મ તજું અંગાર તણું, વન-વાહન-ભાડાં-સ્ફેટકનું,
દાંત, લાખ, રસ, કેશ, વિષ ને શસ્ત્રોનો વ્યાપાર તજું. ૨૨

યંત્ર પીલણનું, અંગ છેદનનું, વનદવનું જલ શોષણનું,
અસતી પોષણ કર્મ તજું, વળી અતિચાર આલોઉં સૌ. ૨૩

શસ્ત્રાગ્નિ, સાંબેલાં, યંત્રો, ઘાસ, કાષ્ટ, મૂળ, મંત્ર દવા,
અપાવતાં, વિણ કારણ દેતાં, દોષ થયા આલોઉં સૌ. ૨૪

સ્નાન, પીઠી, ચિત્રણ, વિલેપન, શબ્દ, રૂપ, રસ ગંધ વિષે,
આસન, વસ્ત્રાભૂષણ સજતાં દોષ થયા આલોઉં સૌ. ૨૫

મશ્કરી, ચાળા, લવરી, સાધન-સજી મૂકવાં, ભોગાસક્તિ,
ત્રીજા ગુણવ્રત-અનર્થ દંડે અતિચાર આલોઉં સૌ. ૨૬

મન-વચ-કાયની દુષિત ક્રિયાથી, અસ્થિરતાથી, વિસ્મૃતિથી,
પ્રથમ શિક્ષાવ્રત સામયિકમાં વિરાધના થઈ નિંદું છું. ૨૭

મંગાવ્યું, સ્થળ બહાર મોકલ્યું, શબ્દ-રૂપ-પુદ્ગલ ફેંકી
છતા થવાથી દોષ થયા, તે વ્રત દશમે હું નિંદું સૌ. ૨૮

પ્રમાદથી લઘુ-વડી શંકા ને સંથારાવિધિ દોષ થયા,
ભોજન ચિંતાથી પોષહવિધિ - વિપરીતતા થઈ નિંદું છું. ૨૯

સચિત્ત વસ્તુઓ-નાંખી-ઢાંકી, કપટ-દ્વેષ-અભિમાન કરી,
કાળ વટાવી દાન દીધું, શિક્ષાવ્રત ચોથે નિંદું સૌ. ૩૦

સુહિત, દુખિત ને ગુરૂ નિશ્રાળુ સાધુને મેં દાન દીધું,
નિંદ્ય રાગ કે દ્વેષ થકી, તે દોષો નિંદુ ગર્હું છું. ૩૧

સંયમહીના, સુખિત-દુખિત પર નિંદ્ય રાગ કે દ્વેષ થકી,
અનુકંપા કરી, દોષ થયા જે નિંદુ છું સૌ ગર્હું છું. ૩૨

ચરણ કરણથી યુક્ત, તપસ્વી, સાધુને ના દાન દીધું,
દાનદ્રવ્ય નિર્દોષ છતાંયે નિંદુ છું સૌ ગર્હું છું. ૩૩

ઈહ-પરલોકની જીવિત-મરણની, કામભોગની આકાંક્ષા,
મરણ સમય પણ ના હો મુજને, અતિચાર સંલેષણના. ૩૪

અશુભ કાય-વચ-મનના યોગે વ્રત-અતિચારો જે લાગ્યા,
શુભ યોગના આરાધનથી પ્રતિક્રમણ કરી શુદ્ધ કરૂં. ૩૫

વંદન-વ્રત-શિક્ષા - ગારવમાં, સંજ્ઞા-દંડ-કષાયોમાં,
ગુપ્તિ-સમિતિમાં જે સેવ્યા, અતિચાર આલોઉં સૌ. ૩૬

સમ્યગ્દૃષ્ટિ જીવ કદાપિ કાંઈપણ પાપ કરે તોયે,
નિષ્ઠુરતા નહિં હોવાથી અતિ અલ્પ બંધ તેને થાયે. ૩૭

તે પણ જલ્દી નાશ કરે છે, કુશળ વૈદ્ય જેમ રોગ હરે,
પ્રતિક્રમણ કરી, પ્રશ્ચાતાપે, પ્રાયશ્ચિત લઈ ગુરૂ પાસે. ૩૮

જેમ મંત્રને મૂલ વિશારદ વૈદ્યરાજ નિજ મંત્ર બળે,
ઉદર પડેલું ઝેર હણીને, રોગીને નિર્વિષ કરે. ૩૯

તેમ રાગને દ્વેષ ઉપાર્જિત અષ્ટકર્મ જલ્દી હણતો,
દ્વાદશવ્રતધારી સુશ્રાવક આલોચન નિંદા કરતો. ૪૦

પાપતણું આલોચન કરીને, ગુરૂ પાસે નિંદા કરતો,
પાપી માનવ, ભાર-ઉતાર્યા મજુર શો, હળવો બનતો. ૪૧

આરંભોથી આપ રજોયુત અતીવ શ્રાવક હોય છતાં,
તે દુઃખનો આ આવશ્યકથી અલ્પ સમયમાં નાશ કરે. ૪૨

મૂલગુણ-ઉત્તણગુણ સંબંધી, બીજા બહૂવિધ અતિચારો,
પ્રતિક્રમણમાં યાદ ન આવ્યા તે સહું નિંદુ-ગર્હું છું. ૪૩

કેવલી ભાષિત ધર્મતણા આરાધનમાં તત્પર ઉભો,
દોષથી વિરમી, ત્રિવિધ પ્રતિક્રમી, ચોવીસ જિનને વંદુ છું. ૪૪

ઉર્ધ્વ, અધો ને માનવલોકે આવેલાં સઘળાં ચૈત્યો,
જિનબિંબોને, અહિં વસેલો ભક્તિભાવથી વંદું છું. ૪૫

ભરત-ઐરાવત-મહાવિદેહે વિચરંતા જે કોઈ સાધુ,
દંડ ત્રિકથી વિરમેલો, સૌને મન-વચ-કાયે વંદું છું. ૪૬

ચિર સંચિત પાપો દળનારી, લાખો ભવ ફેરા હરનારી,
ચોવીસ જિનની ધર્મકથામાં, વિતજો મમ દિન સુખકારી. ૪૭

અરિહંતો ને સિદ્ધ સાધુઓ, જ્ઞાન, ધર્મ મંગલમય હો,
સમ્યગ્દષ્ટિ દેવ અમોને; સમાધિ-બોધિ દાતા હો. ૪૮

મના કરેલુ કર્યું હોય ને કરવાનું કાંઈ ના કીધું,
શ્રદ્ધા ત્યાગી, વિપરીત બોલ્યા, શુદ્ધ થવા છે પડિક્કમણું. ૪૯

ક્ષમા યાચું છું સહુ જીવ પાસે, સહુ જીવ મુજને માફ કરે,
સહુ જીવ સાથે મૈત્રી મારે, વેર નથી કોઈ જીવ સાથે. ૫૦

એમ રૂડી રીતે આલોવી નિંદી, ગર્હી, ઘૃણા કરી,
મન-વચ-કાયાથી પડિક્કમતો, જિન ચોવીસે વંદુ છું. ૫૧

## ૩૪. સ્વદોષ-દર્શન (રત્નાકર પચ્ચીસી અનુવાદ)

મોક્ષ લક્ષ્મી લટકાં કરે, ક્ષાયક વીર્ય પ્રતાપ;
ઇન્દ્ર નરેન્દ્ર પડે પગે, અતિશય-શાળી આપ. ૧

ચિરંકાળ જયવંત હો ! સર્વજ્ઞ ગુરૂ દેવ,
બંધાયેલો અજ્ઞ હું, અંધ, બંધની ટેવ. ૨

ત્રણ જગનો આધાર તું, કૃપાતણો અવતાર;
ભારે ભવ-વ્યાધિ થકી, વૈદ્ય નિરાગી તાર. ૩

જાણો છો સહુ હે ! પ્રભુ, તો પણ વીતક વાત;
કંઈક કહું હું આપને, ભોળા ભાવે તાત. ૪

બાળ બાળલીલા સહિત, દોષ કહે જે હોય;
ભોળા ભાવે તાતની, આગળ ભય સહુ ખોય. ૫

તેમ કહું છું સત્ય હું, મુજ અંતરના ભાવ;
પશ્ચાતાપ વડે ગ્રહી, રાજપ્રભુ, તુજ પાવ. ૬

ના દીધું મેં દાન કે, શીલ ન સેવ્યું શુદ્ધ;
તપ તપીઓ નહીં આ ભવે, થયો ન ભાવ પ્રબુદ્ધ. ૭

ઉત્તમ નર ભવ પામીને, કર્યું ન કરવા જોગ;
ભ્રાન્તિમાં ભમતાં વૃથા, લૂંટાયો મુજ યોગ. ૮

ક્રોધ-લાય લાગી ઊઠી, ડસ્યો લોભરૂપ નાગ;
અભિમાન-અજગર ગળે, નહિ નાઠાનો લાગ. ૯

મુંઝવે માયા-જાળ આ, ઘેરી રહી ચોફેર;
ભય ભંજન ભગવાન તું, ભજું તને કયી પેર ? ૧૦

પરભવનું હિત ના કર્યું, આ ભવમ! ધરી ખંત;
આ ભવમાં સુખ ના દીઠું, શું કહું ? હે ભગવંત. ૧૧

ભવ ભવ ભમવા ભવ ધર્યો, મુજ સમ જગમાં કોણ ?
અધમોદ્ધારણ 'નાથ બિન, બિગરી સુધારે કૌન ?' ૧૨

મનહર વર્તનવંત તું મુખ-શશી અમી સમ વેણ;
અપૂર્વ યોગેં સાંભળી, હર્ષ ઝરે નહિ નેણ. ૧૩

કઠોર મુજ મન હું ગણું, જડ જેવું યે નાંહી;
ચન્દ્રકાન્ત પત્થર છતાં, દ્રવે ચાંદની માંહી. ૧૪

ભવ ભમતાં હું પામીઓ, આપ કૃપાથી સાર
રત્નત્રય દુર્લભ મહા, ભાવ દયા-દાતાર. ૧૫

પ્રમાદરૂપ નિદ્રા વશે, ખોયાં એ ત્રણ રત્ન;
કોને કહું તે હે ? પ્રભુ ? કેવો કરૂં પ્રયત્ન ? ૧૬

વૈરાગ્યરંગે જન ઠગ્યા, દઈ જન-રંજન બોધ;
વાદ કર્યા વિદ્યા ભણી, કરણી હસવા જોગ. ૧૭

પરનિંદા-વિષ્ટા વડે ખરડાયું મુખ પૂર્ણ;
પરનારી નિરખી નયન, અંજાયાં વિષ-ચૂર્ણ. ૧૮

પરનું બૂરૂં ચિંતવ્યે, મન મુજ થયું મલીન;
શીય વલે મારી થશે? દીન-બંધુ હું દીન. ૧૯

કામ-પીડા વશ થઈ, અરે ! વિષય વિષે બની અંધ;
આત્માનો વૈરી થયો, બાંધી કર્મના બંધ. ૨૦

આ કહું આપ સમક્ષ હું, આણી મનમાં લાજ;
વગર કહ્યે જાણો છતાં, સર્વજ્ઞ ગુરૂ રાજ. ૨૧

મંત્ર તંત્ર મિથ્યા ભણ્યો, આત્મ-હિત હણનાર;
તજી 'પરમ ગુરૂ' મંત્ર જે, ઉતારે ભવપાર. ૨૨

કુશાસ્ત્ર વચનો વડે, ઉત્થાપ્યાં સત્શાસ્ત્ર,
આરાધ્યા કુદેવને, મિથ્યા વર્તન માત્ર ! ૨૩

પ્રભુ દર્શન પામ્યો છતાં ભ્રાન્ત-મતિ મોહાંધ,
ચિંતવતો ચંચળ નયન, નારી આંગોપાંગ. ૨૪

મૃગ-નયના નિહાળતાં, લાગ્યો લવ ઉર રાગ;
શાસ્ત્ર-સમુદ્રે મગ્ન મન, તોય તજે નહિ ડાઘ. ૨૫

મળે ન મુજમાં રૂપ, ગુણ, કળા, પ્રભા, પ્રભુતાય;
તો પણ માન મુકાય ના, અહંકાર ઉભરાય. ૨૬

ક્ષણ ક્ષણ જીવન જાય પણ, પાપ બુદ્ધિ નહિ જાય;
વય ગઈ, તોય ન વિષયની, અભિલાષા દૂર થાય. ૨૭

દોડ દવા કરવા કરું, ઢીલ ધર્મમાં થાય;
મહા મોહ મુંઝવે મન, સ્વામી ! કરો સહાય. ૨૮

કેવળજ્ઞાન-રવિ સમા, પ્રગટ દેવ ગુરૂ આપ;
છતાં હું સુણતો ફર્યો, ''નહીં પુણ્ય કે પાપ. ૨૯

નહિ આત્મા, નહિ ભવ વળી,'' વિષયી જનનાં વેણ;
વિષ સમ વિષય વધારતાં, પીધાં મેં જીવ-લેણ. ૩૦

દેવ, પૂજ્ય પૂજ્યા નહીં, ધર્યો ન સાધુ-ધર્મ;
શ્રાવક-વ્રત સેવ્યાં નહીં, ગહન ધર્મનો મર્મ. ૩૧

મનુષ્ય ભવ મોંઘો મળ્યો, ચિંતામણિ સમાન,
અરણ્ય-રુદન સમ ગયો, વહી વ્યર્થ, ભગવાન. ૩૨

કામધેનુ, ચિંતામણિ, કલ્પવૃક્ષના ભોગ;
રટી આર્ત ધ્યાને વહ્યો, કર્યું ન કરવા જોગ. ૩૩

પ્રગટ સુખદ જિન ધર્મથી, રંગાયા નહિ ભાવ;
એ મુજ મૂઢ દશા પ્રભુ ! કહી સંક્ષેપે સાવ. ૩૪

'ભોગ રોગનું બીજ', ના જાણ્યું કરતાં મોજ;
ધનનું ધ્યાન ધરું સદા, મરણ ન સમરું રોજ. ૩૫

સ્ત્રી ચિંતન-ફળ નરક છે, ચિત્ત ન ચેતે તોય;
કૃત્ય અધમ કરતાં નહીં. પાછું વળી જોય. ૩૬

સંતોષ્યું નહિ સંત ઉર, સેવી સાધુ ચરિત્ર;
પરોપકાર કરી નહીં-પામ્યો, સુયશ પવિત્ર. ૩૭

તીર્થોદ્ધારક કાર્યમાં, કર્યો નહિ પુરુષાર્થ;
વ્યર્થ ગુમાવ્યો ભવ બધો, વિસારી આત્માર્થ. ૩૮

સદ્‌ગુરૂનાં વચનો સુણી, જાગ્યો નહિ વૈરાગ્ય;
શાંતિ સેવી ના શક્યો, સુણી દુર્જનનાં વાક્ય. ૩૯

આત્મજ્ઞાનનો લેશ નહિ, મુજમાં હે ! ગુરૂ રાજ !
ભવજળ કેમ તરાય તો ? તું મુજ ધર્મ જહાજ. ૪૦

પુણ્ય કર્યું નહિ પર ભવે; આગળ પણ નહિ થાય;
આ ભવ, ગત ભવ, ભાવી ભવ, ત્રણે નકામા જાય ! ૪૧

શું દેવાધિદેવને, વ્યર્થ કરું મુજ વાત !
ક્યાં ત્રિભુવન-દર્શક પ્રભુ, શી મુજ વાત વિશાત ! ૪૨

તુજ સમ તારક કો નથી, દીન જનતા આધાર;
દયામણો મુજ સમ નહીં, જગમાં જગદાધાર. ૪૩

તો પણ કંઈ પણ યાચના, ના ધનની ધરું ઉર;
કિંતુ યાચું આટલું, કેવળ, કેવલ-સૂર ! ૪૪

રત્નાકર, મંગલનિધિ, બોધિ-રત્ન દે દાન,
ભવ-ભય-ક્ષય જેથી થતાં, પામું મોક્ષ નિદાન. ૪૫

# ખંડ-૪

# સમાધિપ્રેરક સજઝાયો

## (૧) શ્રી અમૃતવેલની સજઝાય

ચેતન જ્ઞાન અજવાલીએ, ટાલીયે મોહ સંતાપ રે;
ચિત્ત ડમડોલતું વાળીયે, પાલીયે સહજ ગુણ આપરે. ચેતન... ૧

ઉપશમ અમૃતરસ પીજીયે, કીજીયે સાધુ ગુણગાન રે;
અધમ વયણે નવિ ખીજીયે, દીજીયે સજ્જનને માન રે. ચેતન... ૨

ક્રોધ અનુબંધ નવિ રાખીયે, ભાખીયે વયણ મુખ સાચ રે,
સમકિતરત્ન રુચિ જોડીયે, છોડીયે કુમતિ મતિ કાચ રે. ચેતન... ૩

શુધ્ધ પરિણામને કારણે, ચારના શરણ ધરે ચિત્ત રે,
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગમિત રે. ચેતન... ૪

જે સમવસરણમાં રાજતાં, ભાંજતાં ભવિક સંદેહ રે,
ધર્મના વચન વર્ષે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે. ચેતન... ૫

શરણ બીજું ભજે સિધ્ધનું, જે કરી કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ શિવનગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે. ચેતન... ૬

સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવપંથ રે;
મૂલ ઉત્તરગુણે જે ભર્યાં, ભવ તર્યાં ભાવ નિર્ગ્રંથ રે. ચેતન... ૭

શરણ ચોથું કરે ધર્મનું, જેહમાં વરદયા ભાવ રે;
જે સુખહેતુ જિનવરે કહ્યું, પાપ જલ તારવા નાવ રે. ચેતન... ૮

ચારના શરણ એ પડીવજે, વલી ભજે ભાવના શુધ્ધિ રે;
દુરિત સવિ આપણા નિંદિયે, જિમ હોય સંવર વૃધ્ધિ રે. ચેતન... ૯

ઈહ ભવ પરભવ આચર્યાં, પાપ અધિકરણ મિથ્યાત્વ રે;
જે જિનાશાતનાદિક ઘણા, નિંદીયે તેહ ગુણઘાત રે. ચેતન... ૧૦

ગુરૂતણા વચન તે અવગણી, ગુંથિયા આપમત જાલ રે;
બહુ પરે લોકને ભોળવ્યાં, નિંદીયે તેહ જંજાલ રે. ચેતન... ૧૧

જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરખિયા, કીધલો કામ ઉન્માદ રે. ચેતન... ૧૨

જેહ ધન ધાન્ય મૂર્ચ્છા ધરી, સેવિયા ચાર કષાય રે;
રાગને દ્વેષને વશ હુઆ, જેહ કિયા કલહ ઉપાય રે. ચેતન... ૧૩

જૂઠ જે આલ પરને દીયા, જે કર્યા પિશુનતા પાપ રે;
રતિ અરતિ નિંદ માયા મૃષા, વલિય મિથ્યાત્વ સંતાપ રે. ચેતન... ૧૪

પાપ જે એહવા સેવીયાં, તેહ નિંદિયે ત્રિહુંકાલ રે;
સુકૃત અનુમોદના કીજીયે, જિમ હોયે કર્મ વિસરાલ રે. ચેતન... ૧૫

વિશ્વ ઉપગાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે;
તે ગુણ તારા અનુમોદિયે, પુણ્ય અનુબંધ શુભ યોગ રે. ચેતન... ૧૬

સિધ્ધની સિધ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણ વન સિંચવા મેહ રે. ચેતન... ૧૭

જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે;
સાધુની જે વળી સાધુતા, મૂલ ઉત્તર ગુણ ધામ રે. ચેતન... ૧૮

જેહ વિરતિ દેશ શ્રાવક તણી, જે સમકિત સદાચાર રે;
સમકિતદષ્ટિ સુર નર તણો, તેહ અનુમોદીયે સાર રે. ચેતન... ૧૯

અન્યમાં પણ દયાયિક ગુણો, જેહ જિન વચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદિયેં, સમકિત બીજ નિરધાર રે. ચેતન... ૨૦

પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નહિ ભવ રાગ રે;
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે. ચેતન... ૨૧

થોડલો પણ ગુણ પર તણો, સાંભલી હર્ષ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજાતમા જાણ રે. ચેતન... ૨૨

ઉચિત વ્યવહાર અવલંબને, એમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધનય ભાવના, પાવનાશય તણું ઠામ રે. ચેતન... ૨૩

દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે. ચેતન... ૨૪

કર્મથી કલ્પના ઉપજે, પવનથી જેમ જલધિવેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દષ્ટિ સ્થિર મેલ રે. ચેતન... ૨૫

ધારતા ધર્મની ધારણાં, મારતાં મોહ વડ ચોર રે;
જ્ઞાનરૂચિ વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે. ચેતન... ૨૬

રાગવિષ દોષ ઉતારતાં, જારતાં દ્વેષરસ શેષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતા, વારતા કર્મ નિઃશેષ રે. ચેતન... ૨૭

દેખીયે માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણછોડતાં ચાલીયે, પામીયે જિમ પરમધામ રે. ચેતન... ૨૮

શ્રી નયવિજય ગુરૂશિષ્યની, શિખડી અમૃતવેલ રે;
એહ જે ચતુર નર આદરે, તે લહે સુયશરંગરેલ. ચેતન... ૨૯

## ૨. શ્રી સહજાનન્દીની સજઝાય

સહજાનન્દી રે આત્મા, સૂતો કાંઈ નિશ્ચિંત રે,
મોહ તણા રસિયા ભમે, જાગ જાગ મતિવંત રે,
લૂંટે જગના જંત રે, નાંખી વાંક અત્યંત રે,
નરકાવાસ ઠવંત રે, કોઈ વિરલા ઉગરંત રે. સહજાનન્દી... ૧

રાગ દ્વેષ પરિણતિ ભજી, માયા કપટ કરાય રે,
કાશ કુસુમ પરે જીવડો, ફોગટ જનમ ગમાય રે,
માથે ભય જમરાય રે, શો મન ગર્વ ધરાય રે,
સહુ એક મારગ જાય રે, કોણ જગ અમર કહાય રે, સહજાનન્દી... ૨

રાવણ સરિખા રે રાજવી, નાગા ચાલ્યા વિણધાગ રે,
દશ માથા રણ રડવડયા, ચાંચ દીયે શિર કાગ રે,
દેવ ગયા સવિ ભાગ રે, ન રહ્યો માન નો છાગ રે,
હરિ હાથે હણ્યો નિરાગ રે, જો જો ભાઈઓના રાગ રે. સહજાનન્દી... ૩

કેઈ ચાલ્યા કેઈ ચાલશે, કેતા ચાલણ હાર રે,
મારગ વહેતો રે નિત્ય પ્રત્યે, જોતા લગ્ન હજાર રે,
દેશ વિદેશ સધાય રે, તે નર એણે સંસાર રે,
જાતા જમ દરબાર રે, ન જુવે વાર કુવાર રે, સહજાનન્દી... ૪

નારાયણ પુરી દ્વારિકા, બળતી મેલી નિરાશ રે,
રોતા રણમાં તે એકલા, નાઠા દેવ આકાશ રે,
કિહાં તરૂ છાયા આવાસ રે, જળ જળ કરી ગયો સાસ રે,
બળભદ્રા સરોવર પાસ રે, સુણી પાંડવ શિવવાસ રે, સહજાનન્દી... ૫

રાજી ગાજીને બોલતાં, કરતાં હુકમ હેરાન રે,
પોઢયા અગ્નિમાં એકલા, કાયા રાખ સમાન રે,

બ્રહ્મદત્ત નરક પ્રયાણ રે, એ ઋદ્ધિ અથિર નિદાન રે,
જેવું પીપળ પાન રે, મ ધરો જૂઠ ગુમાન રે, સહજાનન્દી... ૬

વાલેશર વિના એક ઘડી, નવિ સોહાતું લગાર રે,
તે વિણ જનમારો વહી ગયો, નહિ કાગળ સમાચાર રે,
નહિ કોઈ કોઈનો સંસાર રે, સ્વારથિયો પરિવાર રે,
માતા મરૂદેવી સાર રે, પહોંચ્યાં મોક્ષ મોઝાર રે, સહજાનન્દી... ૭

માત પિતા સુત બાંધવા, અધિકો રાગ વિચાર રે,
નારી આશારી રે ચિત્તમાં, વંછે વિષય ગમાર રે,
જુઓ સૂર્યકાન્તા જે નાર રે, વિષ દીધો ભરતાર રે,
નૃપ જિન ધર્મ આધાર રે, સજજન નેહ નિવાર રે, સહજાનન્દી... ૮

હસી હસી દેતા રે તાલીયો, શય્યા કુસુમની સાર રે,
તે નર અંતે માટી થયા, લોક ચણે ઘરબાર રે,
ઘડતા પાત્ર કુંભાર રે,એહવું જાણી અસાર રે,
છોડયો વિષય વિકાર રે, ધન્ય તેહનો અવતાર રે, સહજાનન્દી... ૯

થાવચ્ચા સુત શિવવર્યા, વળી ઈલાચી કુમાર રે,
ધિક્ ધિક્ વિષયા રે જીવને, લઈ વૈરાગ્ય રસાળ રે,
મેલી મોહ જંજાળ રે, ઘેર રમે કેવળ બાળ રે,
ધન્ય કરકંડૂ ભૂપાળ રે... સહજાનન્દી... ૧૦

શ્રી શુભવિજય સુગુરૂ લહી, ધર્મ રયણ ધરો છેક રે,
વીર વચન રસ સેલડી, ચાખે ચતુર વિવેક રે,
ન ગમે તે નર ધિક રે, ધરતા ધર્મની ટેક રે,
ભવજળ તરીયા અનેક રે, સહજાનન્દી... ૧૧

## ૩. પ્રાણી ! કર્મ સમો નહિ કોય.

દેવ-દાનવ - તીર્થંકર ગણધર, હરિહર નરવર સબળા;
કર્મસંયોગે સુખદુઃખ પામ્યા, સબસે હુઆ મહા નબળા રે,
પ્રાણી, કર્મ સમો નહિ કોય,
કીધાં કર્મ વિના ભોગવીયા. છુટકારો ન હોય રે, પ્રાણી (આંકણી) ૧

આદીશ્વર ને અંતરાય વિટંબ્યો, વર્ષ દિવસ રહ્યા ભૂખે;
વીર ને બાર વરસ દુઃખ દીધું, ઉપન્યા બ્રાહ્મણી કુખે રે, પ્રાણી... ૨

સાઠ સહસ સૂત એક દિન મૂઆ, સામંત શૂરા જૈસા;
સગર હુઓ મહા પુત્રે દુઃખીયો, કર્મ તણા ફળ ઐસા રે, પ્રાણી... ૩

બત્રીસ સહસ દેશનો સાહેબ, ચક્રી સનત કુમાર;
સોલ રોગ શરીરે ઉપન્યાં, કર્મે કીયા તસ ખુવાર રે. પ્રાણી... ૪

સુભૂમ નામે આઠમો ચક્રી, કર્મે સાયર નાંખ્યો;
સોલ સહસ યક્ષે ઉભાં દીઠો, પણ કિણહી નવિ રાખ્યો રે, પ્રાણી... ૫

બ્રહ્મદત્ત નામે બારમો ચક્રી, કર્મે કીધો રે અંધો;
એમ જાણી પ્રાણી વિણ કામે,કોઈ કર્મ મત બાંધો રે. પ્રાણી... ૬

વીશ ભુજા દશ મસ્તક હુંતાં, લક્ષ્મણે રાવણ માર્યો;
એકલડે જગ સહુને જીત્યો, કર્મથી તે પણ હાર્યો રે. પ્રાણી... ૭

લક્ષ્મણ-રામ મહા બળવંતા, વળી સત્યવંતી સીતા;
બારવરસ લગે વનમાંહિ ભમીયાં, વિતક તસ બહુ વિત્યા રે.પ્રાણી... ૮

છપ્પન ક્રોડ જાદવનો સાહેબ, કૃષ્ણ મહાબલી જાણી;
અટવી માંહિ એકલડો મૂઓ, વલવલતો વિણ પાણી રે. પ્રાણી... ૯

પાંચ પાંડવ મહા ઝુઝારા, હારી દ્રૌપદી નારી;
બાર વરસ લગે વન દુઃખ દીઠાં, ભમીયા જેમ ભીખારી રે.પ્રાણી... ૧૦

સતી શિરોમણી દ્રૌપદી કહીયે, પાંચ પુરૂષની નાર;
સુકુમાલિકા ભવે બાંધ્યું નિયાણું, પામી પાંચ ભરતાર રે.પ્રાણી... ૧૧

કર્મે હલકો કીધો હરિશ્ચંદ્ર, વેચી તારા રાણી;
બાર વરસ લગે માથે આણ્યું, ડુંબ તણે ઘેર પાણી રે, પ્રાણી... ૧૨

દધિવાહન રાજાની બેટી, આવી ચંદન બાલા;
ચૌપદની પરે ચૌટે વેચાણી, કર્મતણા એ ચાળા રે. પ્રાણી... ૧૩

સમકિત ધારી શ્રેણિક રાજા, બેટે બાંધ્યો મુસકે;
ધર્મી નરપતિ કર્મે દબાણા, કર્મથી જોર ન કિસકે રે. પ્રાણી... ૧૪

ઈશ્વરદેવ ને પાર્વતી રાણી, કરતા પુરૂષ કહેવાય;
અહો નિશ સ્મશાનમાંહે વાસો, ભિક્ષા ભોજન ખાય રે. પ્રાણી... ૧૫

સહસ કિરણ સૂરજ પ્રતાપી, રાત-દિવસ રહે ભમતો;
સોલકળા શશીહર જગ ચાવો, દિન દિન જાયે ઘટતો રે. પ્રાણી... ૧૬

નળરાજા પણ જુગટે રમતાં, અરથ ગરથ રાજ્ય હાર્યો;
બાર વરસ લગે વન દુઃખ દીઠાં, તેને કર્મે ભમાડયો રે. પ્રાણી... ૧૭

સુદર્શનને શૂલીએ દીધો, મુંજ રાજે માગી ભીખ;
તમસ ગુફા મુખ કોણિક બળીયો, માની ન કોઈની શીખરે.પ્રાણી... ૧૮

ગજ મુનિના શીર ઉપર સગડી, સાગર દત્તે બાળ્યું શીશ;
મેતારજ વાધરે વિંટાણા, ક્ષણ ન આણી રીસ રે. પ્રાણી... ૧૯

પાંચશે સાધુ ઘાણીમાં પીલ્યાં, રોશ ન આણ્યો લગાર;
પૂર્વ કર્મે ઢંઢણ ઋષીને, ષટ્માસ ન મળ્યો આહાર રે. પ્રાણી... ૨૦

ચૌદ પૂરવધર કર્મ તણે વશ, પડયા નિગોદ મોઝાર;
આર્દ્રકુમાર ને નંદિષેણે, ફરી વાસ્યો ઘરવાસ રે. પ્રાણી... ૨૧

કળાવતીના કર છેદાણાં, સુભદ્રા પામી કલંક;
મહાબળ મુનિનું ગાત્ર પ્રજાળ્યું, કર્મ તણા એ વંક રે. પ્રાણી... ૨૨

દ્રૌપદી હેતે પદ્નાભનું, ફોડયું કૃષ્ણે ઠામ;
વીરનાં કાને ખીલાં ઠોકાણાં, પગે રાંધી ખીર તામ રે. પ્રાણી... ૨૩

કર્મથી નાઠા જાય પાતાળે, પેસે અગ્નિ મોઝાર;
મેરૂ શિખર ઉપર ચઢે પણ, કર્મ ન મૂકે લગાર રે. પ્રાણી... ૨૪

એવા કર્મ જીત્યાં નરનારી, પહોંચ્યા શિવપુર ઠાય;
પ્રભાતે ઉઠી નિત નિત વંદો, ભકિતએ તેહના પાય રે. પ્રાણી... ૨૫

એમ અનેક નર ખંડયા કર્મે, ભલ ભલેરા જેસા;
ઋધ્ધિ હર્ષ કરજોડીને કહે, નમો નમ કર્મ મહારાજ રે. પ્રાણી... ૨૬

## ૪. તનનો ભરોસો નથી રે.

તનનો ભરોસો નથી રે, ચેતન તારા તનનો ભરોસો નથી રે;
ચંચલ જલ કલ્લોલ આયુષ્ય છે, ફોગટ રહ્યો છું મથી. ચેતન... ૧

જન્મયા જે નર જગમાંહિ, તે નિશ્ચય મરનાર;
આશા અંબર જેવડી રે, તૃષ્ણાનો નહિ પાર. ચેતન... ૨

છત્રપતિ લખપતિ ગયા રે, ગયા નૃપતિ કેઈ લાખ;
એક હુંકારે લાખ ઉઠતા રે, બાળી કીધા કેઈ રાખ. ચેતન... ૩

ખમા ખમા પરિજન કરે રે, રાવણ સમ અભિમાન;
નામદાર નરવર ગયા રે, ઠામ કર્યા સ્મશાન. ચેતન... ૪

પરિગ્રહને આરંભથી રે, કર્યા કર્મ અપાર;
પાપે પૈસો મેળવી રે, થયો શ્રેષ્ઠ શાહુકાર. ચેતન... ૫

લોકો કહે લખપતિ થયો રે, પણ શું પામ્યો તેહ;
તુજ સાથે શું આવશે રે, તપાસ તાળો મેળવ. ચેતન... ૬

નિજ હાથે જે વાપરે રે, તે પોતાનું થાય;
પણ વધારો જે વધે રે, માલિક બીજો ગણાય. ચેતન... ૭

હજી બાજી છે હાથમાં રે, કરી લે સુકૃત કામ;
પરમાર્થે જે વાપરે રે, પામે અમર નિજ નામ. ચેતન... ૮

ભવનાટકનાં ભવવનમાં રે, ભજવ્યો વિધ વિધ વેશ;
રાય રંક પણ અતિ બન્યો રે, પુણ્ય કરે ન લવલેશ. ચેતન... ૯

આતમ અર્પો નિર્મળો રે, પ્રભુ ચરણે ચિત્ત લાય;
તાપ મિટે પ્રભુ ધ્યાનથી રે, ઉદયરત્ન સુખકાર. ચેતન... ૧૦

## ૫. આ ભવ રત્નચિંતામણી સરિખો

આ ભવ રત્ન ચિંતામણી સરિખો, વારો વાર ન મળશેજી;
ચેતી શકે તો ચેતજે જીવડાં, આવો સમય નહિ મળશેજી. ૧

ચાર ગતિ ચોરાશી યોનિ, તેમાં તું ભમી આયોજી;
પુણ્ય સંયોગે સ્વપ્નની સંગતે, માનવનો ભવ પાયોજી. ૨

વ્હેલો થા તું વ્હેલો રે જીવડાં, લે જિનવરનું નામજી;
કુગુરૂ-કુદેવ-કુધર્મને છંડી, કીજે આતમ કામજી. ૩

જેમ કઠિયારે ચિંતામણી લાધો, પુણ્યતણે સંયોગજી;
કાંકરાની પરે નાંખી દીધો, ફરી નહીં મળવા જોગજી. ૪

તેહની વચ્ચે તું બેઠો જીવડા, કાળ આહેડી નિકાશેજી;
એક કાળે તું આવ્યો જીવડા, એક કાળે તું જાશે જી. ૫

ધન્ય સાધુ જે સંયમ પાળે, સુધો મારગ દાખે જી;
સાચું નાણું ગાંઠે બાંધે, ખોટે દૃષ્ટિ ન રાખે જી. ૬

માત-પિતા-દારા-સુત-બાંધવ, બહુવિદમાં વિરતિ જોડે જી;
તે માંહેથી જો કાજ સરે તો, સાધુ ઘર કેમ છોડેજી. ૭

માયા મમતા વિષય સહુ છંડી, સંવર ક્ષમા એક કીજે જી;
ગુરૂ ઉપદેશ સદા સુખકરી, સુણી અમૃતરસ પીજે જી. ૮

જેમ અંજલીમાં નીર ભરાણું ક્ષણ ક્ષણ ઓછું થાય જી;
ઘડી ઘડી એ ઘડીયાળાં વાજે, ક્ષણ લાખેણી જાય જી. ૯

સામાયિક મન શુધ્ધ કીજે, શિવરમણી ફળ પામીજે જી;
માનવભવ મુક્તિનો કામી, તેમાં ભરોસો શાને લીજે જી. ૧૦

દેવગુરૂ તમે દઢ કરી ધારો, સમકિત શુધ્ધ આરાધોજી;
ષટ્કાય જીવની રક્ષા કરીને, મુકિતનો પંથ સાધો જી. ૧૧

હૈડા ભીતર સમતા રાખો, જન્મ ફરી નવિ મળશેજી;
કાયર તો કાદવમાં ખુંપ્યા, શૂરા પાર ઉતરશેજી. ૧૨

ગુરૂ કંચન ગુરૂ હીરા સરીખા, ગુરૂ જ્ઞાનના દરીયાજી;
કહે અભયરામ ગુરૂ ઉપદેશે, જીવ અનંતા તરિયાજી. ૧૩

## ૬. કોના રે સગપણ કોની રે માયા

કોના રે સગપણ કોની રે માયા, જીવ રહ્યો છે લોભાઈ રે;
અસ્થિર સંસારમાં કોઈ નથી તાહરૂં, સાચી ધર્મ સગાઈ રે. કોના... ૧

શ્રેણિક રાય ને પિંજરામાં પૂર્યો, કોણિકે રાજ્ય લોભાઈ રે;
પુત્રે પિતાને અતિ દુઃખ દીધું, કયાં ગઈ પુત્ર સગાઈ રે. કોના... ૨

ભરત-બાહુબલી રાજ્યને માટે, માંડી મોટી લડાઈ રે;
ચક્ર મૂકયું નિજ ભાઈની ઉપરે, કયાં ગઈ ભ્રાતૃ સગાઈ રે. કોના... ૩

મયણરેહા વશ મોહ્યો મણિરથ, માર્યો યુગબાહુ ભાઈ રે;
વિષય કષાયમાં મસ્ત બનીને, કયાં ગઈ ભાઈ સગાઈ રે. કોના... ૪

બ્રાહ્મણી નિજ પુત્રને વેચે, ધનને અર્થે લોભાઈ રે;
અમરકુમારને મારણ કાજે, કયાં ગઈ પુત્ર સગાઈ રે. કોના... ૫

ગુરૂ ઉપદેશથી રાય પ્રદેશી, સુધું સમકિત પાઈ રે;
સ્વારથ વિણ સૂર્યકાન્તા નારીએ, માર્યો પિયુ વિષ પાઈ રે. કોના... ૬

ચુલણી માતા નિજ પુત્રને બાળે, લાખનું ઘર બનાઈ રે;
વિષયમાં અતિ લંપટ થઈને, કયાં ગઈ માતૃ સગાઈ રે. કોના... ૭

શેઠાણી નિજ શેઠને નાંખે, ઉંડા કુવાની માંહી રે;
કર્મ તણી જોજો વિચિત્રતા, કયાં ગઈ પત્ની સગાઈ રે. કોના... ૮

નિજ અંગજનાં અંગજ છેદે, જુવો રાહુ કેતુ ભાઈ રે;
સહુ સહુને નિજ સ્વારથ વહાલો, કોણ ગુરૂને કોણ ભાઈ રે. કોના... ૯

સુભૂમ પરશુરામ જ દોઈ, માંહો માંહે વેઢ બનાઈ રે;
ક્રોધ કરીને નરકે પહોત્યાં, તો કીહાં રહી તાત સગાઈ રે. કોના... ૧૦

ચાણકયે તો પર્વત સાથે, કીધી મિત્ર ઠગાઈ રે;
મરણ પામી તે મનમાં હરખ્યો, તો કીહાં રહી મિત્ર સગાઈ રે.કોના... ૧૧

આપ સ્વારથ સહુને વ્હાલો, કોણ સજ્જન કોણ માઈ રે;
જમરાજાનો તેડો આવ્યો, ટગટગ જોવે ભાઈ રે. કોના... ૧૨

કોની માતા ને કોના રે પિતા, કોના ભાઈ ભોજાઈ રે;
મહારૂં મહારૂં સૌ કહે છે પ્રાણી, ત્હારૂં કોઈ ન સહાઈ રે. કોના... ૧૩

સ્વજન વર્ગ કોઈ સાથે ન આવે, આવે આપ કમાઈ રે;
વિનય વિજય પંડિત એમ બોલે, જૈન ધર્મ સાચો ભાઈ રે. કોના... ૧૪

## ૭. સુખ દુ:ખ સરજ્યા પામીયે રે

સુખદુ:ખ સરજયા પામીયે રે, આપદ સંપદ હોય;
લીલા દેખી પરતણી રે, રોષ મ ધરજો કોય રે.
પ્રાણી મન નાણો વિખવાદ, એ તો કર્મ તણા પ્રસાદ રે. પ્રાણી... ૧

ફળને આહારે જીવીયા રે, બાર વરસ વન રામ;
સીતા રાવણ લઈ ગયો રે, કર્મ તણાં એ કામ રે. પ્રાણી... ૨

નીર પાખે વન એકલો રે, મરણ પામ્યો મુકુંદ.;
નીચ તણે ઘર જળ વહ્યો રે, શીશ ધરી હરિશ્ચંદ્ર રે. પ્રાણી... ૩

નળે દમયંતી પરિહરી રે, રાત્રિ સમય વનમાંહિ;
નામ ઠામ કુળ ગોપવી રે, નળે નિરવાહ્યો કાળ રે. પ્રાણી... ૪

રૂપ અધિક જગ જાણીયે રે, ચક્રી સનતકુમાર;
વરસ સાતસેં ભોગવી રે, વેદના સાત પ્રકાર રે. પ્રાણી... ૫

રૂપે વળી સુર સારીખા રે, પાંડવ પાંચે વિચાર;
તે વનવાસે રડવડ્યા રે, પામ્યા દુઃખ સંસાર રે. પ્રાણી... ૬

સુર નર જસ સેવા કરે રે, ત્રિભુવન પતિ વિખ્યાત;
તે પણ કર્મે વિટંબીયા રે, તો માણસ કેઈ માત્ર રે. પ્રાણી... ૭

દોષ ન દીજે કેહને રે, કર્મ વિટંબણહાર;
દાનમુનિ કહે જીવને રે, ધર્મ સદા સુખકાર રે. પ્રાણી... ૮

## ૮. આપ સ્વભાવમાં રે

આપ સ્વભાવમાં રે અવધૂ સદા મગનમેં રહના;
જગત જીવ હૈ કર્માધીના, અચરીજ કછુઅ ન લીના. આપ... ૧

તું નહીં કેરા કોઈ નહિ તેરા, કયા કરે મેરા મેરા;
તેરા હૈ સો તેરી પાસે, અવર સભી અનેરા. આપ... ૨

વપુ વિનાશી તું અવિનાશી, અબ હૈ ઈનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આપ... ૩

રાગને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખ કા દિસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈશા. આપ... ૪

પારકી આશા સદા નિરાશા , એ હૈ જગ જન પાસા;
વો કાટનકરો અભ્યાસા, લહો સદા સુખ વાસા. આપ... ૫

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલ કી બાજી. આપ... ૬

શુદ્ધ ઉપયોગ ને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંક કું દૂર નિવારી, જીવ વરે શિવનારી. આપ... ૭

## ૯. આતમ ધ્યાનથી રે.

આતમ ધ્યાનથી રે, સંતો સદા સ્વરૂપે રહેવું;
કર્માધીન છે સહુ સંસારી, કોઈને કાંઈ ન કહેવું. આતમ... ૧

કોઈ જન નાચે કોઈ જન ખેલે,કોઈ જન યુધ્ધ કરંતા;
કોઈ જન જન્મે કોઈ જન રૂવે, દેશાટન કેઈ કરતા. આતમ... ૨

વેલુ પીલીને તેલની આશા, મૂરખ જન મન રાખે;
બાવળીયો વાવીને કેરી, આંબારસ શું ચાખે. આતમ... ૩

રાગીથી તો રાગ ન કીજે, દ્વેષીથી નહીં દ્વેષ;
સમભાવે સહુ જીવને ગણીએ, તો શિવસુખનો લેશ. આતમ... ૪

જૂઠી જગની પુદ્‌ગલ બાજી, તેમાં ન થઈએ રાજી;
તન ધન જોબન સાથ ન આવે, આવે ન માતપિતાજી. આતમ... ૫
ભલભલા પણ ઉઠી ચાલ્યા, જો ને કેઈ ચાલે;
બિલાડીની દોટે ચઢીયો, ઉંદરડો શું મહાલે. આતમ... ૬

કાળ ઝપાટા સહુને વાગે, યોગીજન મન જાગે;
ચિદાનંદ ઘન આતમઅર્થી રહેજો સૌ વૈરાગે. આતમ... ૭

## ૧૦. અહો અહો કર્મ પ્રધાન.

જુઓ ! જુઓ ! કરમે શું કીધું ? અન્ન વરસ ઋષભે ન લીધું રે;
કરમ વશ મ કરો કોઈ ખેદ, મલ્લિનાથ પામ્યા સ્રી વેદ રે. ૧

કર્મે ચક્રી બ્રહ્મદત્ત નડીયો, સુભૂમ નરક માંહિ પડીયો રે;
ભરત બાહુબલી શું લડીયો, ચક્રી હાર્યો રાય જસ ચડીયો રે. ૨

સનત્કુમારે સહ્યા રોગ, નળ દમયંતી વિયોગ રે;
વાસુદેવ જરાકુમારે માર્યો, બલદેવ મોહનીયે ધાર્યો રે. ૩

ભાઈ શબ મસ્તકે વહીયો, પ્રતિબોધ સુરમુખે લહીયો રે;
શ્રેણિક નરકે એ પહોતો, વન ગયા દશરથ પુત્રો રે. ૪

સત્યવંત હરિશ્ચંદ્ર ધીર, ડુંબ ઘરે શિર વહ્યૂં નીર રે;
કુબેરદત્તને કુયોગ બહેન, વલી માતા શું ભોગ રે. ૫

પર હસ્તે ચંદન બાલ, ચઢયું સુભદ્રાને આલ રે;
મયણરેહા મૃગાંક લેખા, દુઃખ ભોગવ્યા તે અનેકા રે. ૬

કરમે ચંદ્ર કલંકયો, રાય રંક કોઈ ન મૂકયો રે;
ઈંદ્ર અહલ્યાશું લુબ્ધો, રત્નાદેવી ઈશ વશ કીધો રે. ૭

ઈશ્વર નારીયે નચાવ્યો, બ્રહ્મા ધ્યાનથી ચૂકાવ્યો રે;
અહો !અહો ! કર્મ પ્રધાન, જીત્યા શ્રી વર્ધમાન રે. ૮

# ૧૧. જબ લગે સમતા ક્ષણ નહીં આવે

જબ લગે સમતા ક્ષણ નહીં આવે, જબ લગે ક્રોધ વ્યાપક હે,
અંતર તબ લગે જોગ ન સોહાવે... ૧

બાહ્ય ક્રિયા કરે કપટ કેલવે, ફીરકે મહંત કહાવે;
પક્ષપાત કબહુ નહી છોડે, ઉનકું કુગતિ બતાવે... ૨

જિન જોગીને ક્રોધ કીયા તે, ઉનકું દુર્ગતિ બતાવે;
નામધારક ભિન્ન ભિન્ન બતાવે, ઉપશમ વિણ દુઃખ પાવે...૩

ક્રોધ કરી ખંધક આચારજ, હુઓ અગ્નિ કુમાર;
દંડકી નૃપનો દેશ પ્રજાળ્યો, ભમીયો ભવ મોઝાર... ૪

સાંબ પ્રદ્યુમ્નકુમારે સંતાપ્યો, દુષ્ટ દીપાયન પાપ;
ક્રોધ કરી તપનો ફલ હાર્યો, કીધો દ્વારીકા દાહ... ૫

કાઉસગ્ગમાં ચઢયો અતિ ક્રોધે, પ્રસન્નચંદ્ર ઋષિરાય;
સાતમી નરક તણાં દલ મેલી, કડવા તે ન ખમાય... ૬

પાર્શ્વનાથને ઉપસર્ગ કીધો, કમઠ ભવાંતર ધીઠ;
નરક તિર્યંચ તણાં દુઃખ પામી, ક્રોધ તણાં ફલ દીઠ... ૭

એમ અનેક સાધુ પૂર્વધર, તપીયા તપ કરી જેહ;
કારજ પડે પણ તે નવી ટકીયા, ક્રોધ તણું બલ એહ... ૮

સમતા ભાવે જે મુનિવરીયા, તેહનો ધન્ય અવતાર;
ખંધક ઋષિની ખાલ ઉતારી, ઉપશમે ઉતર્યો પાર... ૯

ચંડરૂદ્ર આચારજ ચાલતાં, મસ્તકે દીધા પ્રહાર;
સમતા-ખમતા કેવળ પાયો, નવદિક્ષિત અણગાર... ૧૦

સાગરચંદનું શીશ પ્રજાળ્યું, શ્રી નભસેન નરિંદ;
સમતા ભાવ ધરી સુરલોકે, પહોંચ્યાં પરમાનંદ... ૧૧

ક્ષમા કરતા ખરચ ન લાગે, ભાંગે ક્રોડ ક્લેશ;
અરિહત દેવ આરાધક પાવે, વાધે સુજસ પ્રવેશ... ૧૨

# ૧૨. મુંઝ મા મુંઝ મા

મુંઝ મા મુંઝ મા મોહમાં જીવ તું
શબ્દ વર રૂપ રસ ગંધ દેખી,
અથિર તે અથિર તું અથિર તનુ જીવિત
સમજ મન ગગન હરિચાપ પેખી. મુંઝ મા. ૧

લચ્છી સરિચ-ગતિ પરે એક ઘર નવિ રહે
દાખતા જાવ પ્રભુ જીવ લેતી;
અથિર સવિ વસ્તુને કાજ મૂઢો કરે,
જીવડો પાપની કોડી કેની, મુંઝ મા. ૨

ઉપની વસ્તુ સવિ કારમી નવિ રહે
જ્ઞાનશું ધ્યાનમાં જો વિચારી;
ભાવ ઉત્તમ ધર્યા અધમ સબ ઉદ્ધર્યા,
સંહરે કાલ દિનરાતિ ચારી. મુંઝ મા. ૩

દેખ કલિ કૂતરો સર્વ જગને ભખે,
સંહરી ભૂપ નર કોટી કોટી;
અથિર સંસારને થિરપણે જે ગણે,
જાણ તસ મૂઢની બુદ્ધિ ખોટી. મુંઝ મા. ૪

ઋદ્ધિ શું પરિવર્યો,
અંતે સબ ઋદ્ધિ વિસરાલ હોશે;
ઋદ્ધિ સાથે સવિ વસ્તુ મૂકી જતે,
દિવસ દો તીન પરિવાર રોશે. મુંઝ મા. ૫

કુસુમ પરે યૌવનં જલબિંદુ સમ જીવી
ચંચલ નરસુખં દેવભોગો;
અવધિ મન કેવલી સુકવિ વિદ્યાધરા,
કલિયુગે તેહનો પણ વિયોગો. મુંઝ મા. ૬

ધન્ય અનિકાસુતો ભાવના ભાવતો,
કેવલી સુરનદી માંહિ સિદ્ધો;
ભાવના સુરલતા જેણે મન રોપવી,
તેણે શિવનારી પરિવાર રૂદ્ધો. મુંઝ મા. ૭

## ૧૩. ચોથી ભાવના ભવિયણ મન ધરો

ચોથી ભાવના ભવિયણ મન ધરો, ચેતન તું એકાકી રે,
આવ્યો તિમ જાઇશ પરભવ વલી, ઈહાં મુકી સવિ બાકી રે. ૧

મતકર મમતા રે, સમતા આદરો, આણી ચિત્ત વિવેકો રે,
સ્વાર્થીયા સજ્જન સહુએ મલ્યાં, સુખ દુઃખ સહેશે એકો રે. ૨

વિત્ત વહેંચણ આવી સહુએ મલે, વિપતિ સમય જાય નાસી રે.
દવ બળતો દેખી દશ દિશે પુલે, જેમ પંખી તરૂવાસી રે. ૩

ખટખંડ નવ નિધિ ચૌદ રયણ ધણી, ચોસઠ સહસ સુ નારી રે,
છેડો છોડી ચાલ્યા તે એકલા, હાર્યો જેમ જુગારી રે. ૪

ત્રિભુવન કંટક બિરૂદ ધરાવતો, કરતો ગર્વ ગુમાનો રે,
ત્રાગા વિણ નાગા તે સહુ ચલ્યા, રાવણ સરિખા રાજાનો રે. ૫

માલ રહે ઘર સ્ત્રી વિશ્રામિતા, પ્રેત વિના લગે લોકો રે,
ચય લગે કાયા રે આખર એકલો, પ્રાણી ચલે પરલોકો રે. ૬

નિત્ય કલહો બહુ મેલે દેખીઓ, બિહું પણ ખટપટ થાય. રે,
વલિયાની પરે વિહરીશ એકલો, ઈમ બૂઝ્યો નમિરાય રે. ૭

## ૧૪. સંસાર ભાવનાની સજ્ઝાય.

સર્વ સંસારના ભાવ તું, સમ ધરી જીવ ! સંભાર રે,
તે સવે તેં પણ અનુભવ્યા, હૃદયમાં તેહ ઉતાર રે. સર્વ. ૧

સર્વ તનુમાં વસી નિસર્યો, તેં લીયા સર્વ અધિકાર રે,
જાતિને યોનિ સબ અનુભવ્યા, અનુભવ્યા સર્વ આહાર રે. સર્વ. ૨

સર્વ સંયોગ તે અનુભવ્યા, અનુભવ્યા રોગને શોગ રે,
અનુભવ્યો સુખ દુઃખ કાલ તેં, પણ લીયો નવિ જિન યોગ રે. સર્વ. ૩

સર્વજન નાતરા અનુભવ્યા, પહેરિયા સર્વ શણગાર રે,
પુદ્ગલા નેં પરાવર્તીયા, નવિ નમ્યા જિન અણગાર રે. સર્વ ૪

પાપના શ્રુત પણ તેં ભણ્યા, તેં કર્યા મોહના ધ્યાન રે,
પાપના દાન પણ તેં દિયા, નવિ દિયા પાત્રમેં દાન રે. સર્વ ૫

વેદ પણ તીન તેં અનુભવ્યા, તેં ભણ્યા પરતણા વેદ રે,
સર્વ પાખંડ તેં અનુભવ્યા, તિહાં ન સંવેગ નિર્વેદ રે. સર્વ ૬

રડવડ્યો જીવ મિથ્યામતિ, પશુ હણ્યા ધર્મ ને કાજ રે,
કાજ કીધા નવિ ધર્મના, હરખિયો પાપને કાજે રે. સર્વ ૭

કુગુરૂની વાસના ડાકણી, તેણે દમ્યા જીવ અનંત રે,
તિંહાં નવિ મુક્તિ પંથ ઓળખ્યો, તેણે હુવો નહિ ભવ અંત રે. સર્વ ૮

## ૧૫. સંવરભાવનાની સજઝાય

આઠમી સંવર ભાવનાજી, ધરી ચિત્ત શું એક તાર;
સમિતિ ગુપ્તિ સુધી ધરોજી, આપોઆપ વિચાર.
અલુણા ! શાન્ત સુધારસ ચાખ.
વિરસ વિષયફલ ફુલડેજી, અટતો મન અલિ રાખ. અલુણા. ૧

લાભ અલાભે સુખ દુ:ખજી, જીવિત મરણ સમાન,
શત્રુ મિત્ર સમ ભાવતોજી, માન અને અપમાન; અલુણા. ૨

કદિયે પરિગ્રહ છોડશું જી, લેશું સંયમ ભાર;
શ્રાવક ચિંતે હું કદાજી, કરીય સંથારો સાર અલુણા. ૩

સાધુ આશંસા ઈમ કરેજી, સૂત્ર ભણીશ ગુરૂ પાસ,
એકલ મલ્લ પ્રતિમા રહીજી, કરીશ સંલેષણ ખાસ. અલુણા. ૪

સર્વ જીવ હિત ચિંતવેજી, વઈર મ કર જગ મિત્ત;
સત્ય વચન મલખ ભાખીયેજી, પરિહર પરનું વિત્ત. અલુણા. ૫

કામ કટક ભેદન ભણીજી, ધરતું શીલ સન્નાહ;
નવવિધ પરિગ્રહ મૂકતાંજી, લહીએ સુખ અથાહ. અલુણા. ૬

દેવ માણુઅ ઉપસર્ગશુંજી, નિશ્ચલ હોય અધીર;
બાવીશ પરિષહ જીતીયેજી, જીમ જીત્યા શ્રીવીર. અલુણા. ૭

## ૧૬. ધન ધન તે દિન કયારે આવશે ?

ધન ધન તે દિન કયારે આવશે, જપશું જિનવર નામ;
કર્મ ખપાવી રે જે હુવા કેવલી, કરશું તાસ પ્રણામ. ધન૦ ૧

મન વચ કાયા આપણા વશ કરી, લેશું સંયમ યોગ;
સમતા ધરશું રે સંયમ યોગમાં, રહેશું છાંડી રે ભોગ. ધન૦ ૨

વિનય વૈયાવચ્ચ ગુરૂચરણે કરી, કરશું જ્ઞાન અભ્યાસ;
પ્રવચન માતા આઠે આદરી, ચાલશું પંથ વિકાસ. ધન૦ ૩

પરિગ્રહ વસતિ રે વસ્ત્ર પાત્રમાં, આડંબર અહંકાર;
મૂકી મમતા રે લોકની વાંછના, ચાલશું શુદ્ધ આચાર. ધન૦ ૪

તપ તપી દુર્લભ દેહ કસી ઘણું, સહશું શીત ને તાપ;
પુદ્‌ગલ પરિણતિ રંગ નિવારીને, રમશું નિજ ગુણ આપ. ધન૦ ૫

સારસ સાબર મૃગ ને રોઝડા, સુંઘે તનુ મુખ નાસ;
ખોળે મસ્તક મૂકી ઉંઘશે, આણી મન વિશ્વાસ. ધન૦ ૬

પદ્માસન કરી નિશ્ચલ બેસશું; ધરશું આતમ ધ્યાન;
ગુણઠાણાની રે શ્રેણી ચઢી કરી, સાધશું મોક્ષનું કામ. ધન૦ ૭

કરી સંલેખણ અણસણ આદરી, યોનિ ચોરાશી રે લાખ;
મિચ્છામિ દુક્કડં સર્વજીવો પ્રતિ, દેશું સદ્‌ગુરુ શાખ. ધન૦ ૮

મોટા મુનિવર આગે જે હુઆ, સમરી તસ અવદાત;
પરિષહ સહશું રે ધીરપણું ધરી, કરશું કર્મનો ઘાત. ધન૦ ૯

વાધર વીંટી રે ડોલા નિસર્યા, ધન્ય મેતારજ સાધ;
ખંધક શિષ્યો રે ઘાણી પીલીયા, રાખી સમતા અગાધ. ધન૦ ૧૦

માથે પાલી કરી સગડી ધરી, ભરિયા માંહી અંગાર;
ગજસુકુમાલે રે સીર બલતું સહ્યું, તે પામ્યા ભવપાર ધન૦ ૧૧

સિંહ તણી પરે સામા ચાલીયા, સુકોશલ મુનિરાય;
વિરુઈ વાઘણ ધસતી ખાયવા, વોસિરાવી નિજ કાય. ધન૦ ૧૨

દેવ પરીક્ષા કરતાં વલી વલી, ચક્રી સનતકુમાર;
રોગે પીડીયો રે સાતસે વરસ લગે, ન કરી દેહની સાર. ધન ૧૩

નિશ દિન એહવી ભાવનાં ભાવતાં, સરે નિજ આતમ કામ;
મુનિ વિજય બુદ્ધિ બોલે પ્રેમશું; ભાવના ભવોદધિ જહાજ. ધન ૧૪

## ૧૭. વિનાશી આ જગત જાણો

વિનાશી આ જગત જાણો, નથી સ્થિરવાસ વસવાનું;
નહીં કાંઈ સાથમાં આવે, સુંદર એ ભાવના ભાવો ...૧

જનમીયા જે તે મરનારા, ઉગ્યા જે છે તે ખરનારા;
સવારે જે ન તે સાંજે, સુંદર એ ભાવના ભાવો ...૨

મકાનો મહેલ જે દીસે, બધા દિન એક પડી જાસે,
જળે સ્થળ સ્થળ ત્યાં જળ હોસે, સુંદર એ ભાવના ભાવો ...૩

સાયંકાલે જે તરુવર પર, બેઠેલો પક્ષીગણ જોયો,
સવારે તે ન ત્યાં દીસે, સુંદર એ ભાવના ભાવો ...૪

પવન જેમ વાદળાં વેરે, શરીર તેમ કાળથી નાશે,
ધન સુત ધાન્ય દારા પણ, સુંદર એ ભાવના ભાવો ...૫

રહ્યા નહીં રાવ કે રાણા, મૂરખ શાણાં અને કાણાં,
વળી બે આંખ ધરનારા, સુંદર એ ભાવના લાવો ...૬

રહ્યા છે કયા શ્રી તીર્થંકર, વળી ષટ્‌ખંડના ધર્તા,
ત્રિખંડે રાજ્ય કરનારા, સુંદર એ ભાવના ભાવો ...૭

પત્થર જેવા શરીર જેના, પલકમાં ફાટી તે પડયા,
અમારું શું ગજું ત્યાં છે, સુંદર એ ભાવના ભાવો ...૮

અનિત્ય જે ભાવના ભાવે, મુસીબતમાં ન મૂંઝાવે,
કમલવત્ ચિત્ત વિકસાવે, સુંદર એ ભાવના ભાવો ...૯

જેણે આ ન ભાવના પરખી, દશા તેની પશુ સરખી,
નહીં ત્યાં આત્મલબ્ધિ છે, સુંદર એ ભાવના ભાવો ...૧૦

## ૧૮. જગતમાં એકલો આતમ

જગતમાં એકલો આતમ, આવે છે ને વળી જાવે,
નથી કોઈ સાથ કરવાનું, સુંદર એ ભાવના ભાવો ...૧

કરે જીવ એકલો ભોગો, સહે છે એકલો રોગો,
એકાકી જાય પરલોકે, સુંદર એ ભાવના ભાવો ...૨

રહે છે કોઈ અતિ ક્રૂરો, મહાપાપે બને બૂરો,
સ્વયં દુઃખ ભોગ સહવાનો, સુંદર એ ભાવના ભાવો ...૩

નરકનાં દુઃખ એ સહેતો, કદિ નિગોદમાં રહેતો,
સગું નહિ સહાયતા આપે, સુંદર એ ભાવના ભાવો ...૪

કરે કર્મો નથી ડરતો, પછી દુઃખો પડે રડતો,
બચાવો હાય ! હું મરતો, સુંદર એ ભાવના ભાવો ...૫

બધા છે સુખના બેલી, દુઃખોમાં હા મૂકે ડેલી,
કેવી એ કર્મની કેલી, સુંદર એ ભાવના ભાવો ...૬

ન કરશો કોઈ બૂરા કર્મો, કરમ નથી રાખતાં શરમો,
ધનીયા રંક રાજાની, સુંદર એ ભાવના ભાવો ...૭

એકીલો હું ન કોઈ મારું, ન સંબંધ કોઈનો ધારું,
વિચારી એમ વદો સારું, સુંદર એ ભાવના ભાવો, ...૮

એકત્વ ભાવના ભાવે, કમલ જેમ ચિત્ત વિકસાવે,
બને નહીં દીન એ કયારે, સુંદર એ ભાવના ભાવો ...૯

પ્રભુ મહાવીરજી ભાખે, ઉરે એ ભાવના રાખે,
વસે છે આત્મ લબ્ધિ ત્યાં, સુંદર એ ભાવના ભાવો ...૧૦

## ૧૯. દુનિયા દોરંગી દેખી

દુનિયા દોરંગી દેખી, વૈરાગ્ય દિલ જાગે (૨)...

જન્મ મરણ કે જારી, દુઃખ દો લાગે ભારી,
ભવિજન અતિ મુંઝાતે, બુરાં જગત યે લાગે ...૧ દુનિયા...

વિષય બુરા હૈ ભાઈ, કરતા હૈ તેરી તવાઈ,
ચેતન લે ચિત્ત વિચારી, દિલ કયું લગાતે રાગે ...૨

ગુણગ્રાહી બન સદા તું, દોષો પરાયે ત્યજ તું,
સબ ગુણ નહીં કહીં હૈ, સબ ગુણ વીતરાગે ...૩

હર માન માયા બૂરી, અવગુણ કો દે ચૂરી,
કોહ લોહ કો હરા દે, દિલ કો કષાય ત્યાગે ...૪

ઈન્દ્રિયો કર લે કાબૂ, મલ કર્મકો એ સાબૂ,
કર ત્યાગ કી તૈયારી, શિવસુખ બડા હૈ આગે ...૫

આત્મ કમલમેં તેરા, વૈરાગ્ય કા હૈ ડેરા,
લબ્ધિસૂરિ ઈસીસે, કર્મો કા કેર ભાગે ...૬

## ૨૦. શાને કરે તું મારું મારું

શાને કરે તું મારું મારું, જંજાળી જીવડા...

તારું છે તારી પાસે, બીજું ન કાંઈ તારું,
અંતે મૂકીને છે જંવાનું, જંજાળી જીવડા ...૧

હું ને મારામાં મ્હાલ્યો, વિષયાદિકો માં ફાલ્યો,
યોનિ ચોર્યાશી રુલવાનું, જંજાળી જીવડા ...૨

અનાદિની કુટેવો હજી, શાસન પામ્યો છે તોપણ,
ત્યજવી તને નથી ગમતી, જંજાળી જીવડાં ...૩

અંશે ન સુખ સંસારે, મોહ માયામાં મ્હાલે,
મિથ્યાત્વનાં પડલ ખોલ, જંજાળી જીવડાં ...૪

મૂરખ શાને કહેવડાવે, વીરનું સંતાન થઈને,
કર્મો તોડવાને પ્રમાદ છોડ, જંજાળી જીવડાં ...૫

ચિદાનંદ સુખમાં મ્હાલે, દુઃખનો જયાં અંશ ન સાલે,
જિનશાસનની જય જય બોલે, જંજાળી જીવડાં ...૬

## ૨૧. તારી કાળ ઘુઘરી વાગે

ઓ જીવડાં રે, તારી મતિ તું કેમ બગાડે,
નહીં ધર્મપ્રેમ લગાડે, તારી કાળ ઘુઘરી વાગે ... તારી કાળ...૧

ઓ જીવડાં રે તું નરક નિગોદે ફસીયો,
તને ક્રોધ સાપ ડસીયો, નહીં ધર્મધ્યાનમાં વસીયો ... તારી કાળ...૨

ઓ જીવડાં રે... તું વિષાયરસને પીતો, પ્રભુ આગમથી નહીં ખાતો,
તને લાગશે કર્મ પલીતો, તારી કાળ...૩

ઓ જીવડાં રે... કેમ મોહનિંદમાં સૂતાં, દુખઃરૂપ પડે શિર જુતા,
તું બના વિષય કા કુતા, તારી કાળ...૪

ઓ જીવડાં રે... તારા શ્વાસ આવે ને જાવે, પરલોકની વાટ બતાવે,
ધન કણ કંચન રહી જાવે, તારી કાળ...૫

ઓ જીવડાં રે... એક દેહ મુસાફિર ખાના, એક દિન થવું છે રવાના,
તું સમજી લેજે શાણા, તારી કાળ...૬

ઓ જીવડા રે... તું મારું મારું કરી માને, તારું ભાન નહીં ઠેકાણે,
ગફલતમાં રાચે શાને, તારી કાળ...૭

ઓ જીવડાં રે... તને કર્મે નાચ નચાયા, છે નશ્વર કાચી કાયા,
તું છોડ જગતની માયા, તારી કાળ...૮

ઓ જીવડાં રે... તારું ક્ષણ ક્ષણ આયુષ્ય તૂટે, તારુ આતમધન માહ લૂંટે,
અણધાર્યા પ્રાણ તે છૂટે, તારી કાળ...૯

ઓ જીવડાં રે... તું જાગ લાગ પ્રભુ ધર્મે, ન પડ તું ખોટા કર્મે,
કૂટાતા નાહક ભર્મે, તારી કાળ...૧૦

ઓ જીવડાં રે... જોતાં જોતાં કેઈ ચલીયા, જઈ મસાણમાંહી ભળીયા,
થયા રાખ આગથી બળીયા, તારી કાળ...૧૧

ઓ જીવડાં રે... જો આત્મ કમલમાં રમશો, તો ચોર્યાશી નહીં ભમશો,
લબ્ધિ શિવસુખડાં વરશો, તારી કાળ...૧૨

## ૨૨. જંજાળી જીવડા જાગ તું

જંજાળી જીવડા જાગ તું, આયુષ્ય ઓછું થાય રે,
સૂરજ ઉગે ને આથમે તેમ પલપલ આયુ કપાય રે.... જંજાળી...૧

ઘર ઘર સળગતી હોળીને, જોઈ જીવડા કાંઈ વિચાર રે,
ધર્મ વિહોણા જીવડા, પામે દુઃખ અપાર રે... જંજાળી...૨

સમજ સમજ મન માનવી, દીવો લઈ પડે કેમ કૂપ રે,
કરમ ન મૂકે કોઈને, ભલે હોય મોટો ભૂપ રે.... જંજાળી....૩

જગમાં સુખીયો કો નહીં, ઘર ઘર કરજે ખોજ રે,
મતલબિયા સૌ સંસારમાં, લડતાં ઝઘડતાં રોજ રે.... જંજાળી...૪

મા જાણે માહરો દિકરો, કરશે મારી સેવા રે,
દુઃખ વેઠીને મોટો કર્યો, હૈયે ધરતી હેજ રે..... જંજાળી...૫

પુત્ર હરખે પરણાવીયો, વહુવર આવી ઘેર રે,
મતલબ નિજ સરકતાં થકાં, માતપિતા લાગે ઝેર રે ....જંજાળી....૬

ધસમસી ધન ભેગું કર્યું, ન ગણ્યા પુણ્યને પાપ રે,
ને ધનનો માલિક પુત્ર થયો, બાપને આપે તે ખાય રે .....જંજાળી....૭

માતપિતાને લાગ્યા ધમકાવવા, બેસી રહો તુમ હેઠ રે,
ટક ટક કરવાની ટેવ જ પડી, પુત્રવધુનું વધ્યું જોર રે.... જંજાળી....૮

સાસુની સામે ઘૂરકે વહુ, પુત્ર મારવા ધાય રે,
બે આંખે આંસુ સારતાં, માતપિતા અકળાય રે.... જંજાળી....૯

કોઈ માતપિતાની લાડકી, કરી નિત્ય કલ્લોલ રે,
આવી આશાભરી સાસરે, પામીશ સુખ અમૂલ રે..... જંજાળી...૧૦

પણ તેહને પતિ પાપી મલ્યો, ભટકતો ચારે કોર રે,
સીતમ અતિ ગુજારતો, કામ ધંધાનો ચોર રે.... જંજાળી....૧૧

સદ્‌ગુણી સતી વહુ સાંપડી, પણ સાસુ છે વિકરાળ રે,
નિત્ય વહુને સંતાપતી, દેતી ખોટા આળ રે..... જંજાળી....૧૨

ધમપછાડા કરી ધમકાવતી, કરતી શોર બકોર રે,
તાળાકુંચી જ્યાં ત્યાં કરે, વદતી વચન કઠોર રે.... જંજાળી...૧૩

કોઈ ઘેર ભાઈ ભાઈ વચ્ચે, અંતરમાં ઉંડા વેર રે,
એક બીજાનું નિત્ય ખોદતાં, વરતાવે કાળો કેર રે...... જંજાળી....૧૪

દેરાણી જેઠાણીના દિલમાં, ઈર્ષ્યાનો નહિ પાર રે,
પતિ મારે નિજ પત્નીને, અંતરે સળગતી લ્હાય રે ...... જંજાળી...૧૫

કોઈક પુત્ર મારે બાપને, ધન લોભે લલચાય રે,
બાપ મારે નિજ પુત્રને, અંતરે સળગતી લ્હાય રે... જંજાળી....૧૬

કોઈ રોગી કોઈ સોગિયા, કોઈના પેટ ન ભરાય રે,
કોઈ બાઈ વિધવા બાપડી, મુખે મુકતી હાય રે.... જંજાળી....૧૭

આવું સંસાર સ્વરૂપ જાણીને, જીવડા જતન કરી જોય રે,
સૌ સ્વાર્થિયા સંસારમાં, સગું તારું નથી કોય રે.... જંજાળી....૧૮

ક્ષમા ખડ્ગ લઈ હાથમાં, કર્મ કઠીન વિદાર રે,
શ્રી જિનશાસન પામીને, કરી લે આત્મ ઉદ્ધાર રે.... જંજાળી....૧૯

તજ તજ જગ જંજાળને, ભજ ભજ શ્રી ભગવંત રે,
રૂપવિજય કહે જીવને, તો પામીશ ભવનો અંત રે... જંજાળી....૨૦

## ૨૩. કો નવિ શરણં કો નવિ શરણં

કો નવિ શરણં કો નવિ શરણં, મરતાં કુણને પ્રાણી રે;
બ્રહ્મદત્ત મરતો નવિ રાખ્યો, જસ હય ગય બહુ રાણી રે ...૧

માંતપિતાદિક ટગમગ જોતાં, યમ લે જનને તાણી રે,
મરણ થકી સુરપતિ નવિ છૂટે, નવિ છૂટે ઈંદ્રાણી રે ...૨

હય ગય પગ રથ ક્રોડ વીંટીયા, રહે નિત રાણા રાય રે,
બહુ ઉપાય તે જીવન કાજે, કરતાં અશરણ જાય રે ...૩

મરણ ભીતિથી કદાપિ જીવો, જો પેસે પાયાલે રે,
ગિરિ દરી વર અંબુધિમાં જાવે, તો ભી હરીએ કાળે રે ...૪

અષ્ટાપદ જેણે બળે ઉપાડ્યો, સો દશમુખ સંહરીયો રે,
કો જગ ધર્મ વિના નવિ તરીયો, પાપી કો નવિ તરીયો રે ...૫

અશરણ અનાથ જીવહ જીવન, શાંતિનાથ જગ જાણો રે,
પારેવો જેણે શરણે રાખ્યો, મુનિ તસ ચરિત વખાણો રે ...૬

મેઘકુમાર જીવ ગજરાજે, સસલો શ્રણે રાખ્યો રે,
વીરપાસે જેણે ભવ ભય કચર્યો, તપ, સંયમ શું નાખ્યો રે ...૭

મત્સ્ય પરે રોગે તરફડતા, કો નવિ સુખ કરીયો રે,
અશરણ અનાથ ભાવના ભરીયો. અનાથિ મુનિ નિસરિયો...રે

## ૨૪. જુઓ રે જુઓ જૈનો

જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી, કેવા વ્રતધારી આગે થયા નરનારી.
થયા નરનારી તેને વંદના હમારી, વંદના હમારી તેને વંદના હમારી ...૧

જુઓ જુઓ જંબુસ્વામી, બાલ વયે બોધ પામી;
ત્યજી ભોગ ઋધ્ધિ જેણે, ત્યજી આઠ નારી... ત્યજી...૨

ગજસુકુમાલ મુનિ, ધખે શિર પર ધુણી;
અડગ રહ્યા તે ધ્યાને, ડગ્યા ન લગારી... ડગ્યા...૩

કોશાના મંદિર મધ્યે, રહ્યા મુનિ થુલિભદ્રે,
વેશ્યા સંગ વાસો તોયે, થયા ન વિકારી... થયા...૪

સતી તો રાજુલ નારી, જગમાં ન જોડી જેની;
પતિવ્રત માટે કન્યા, રહી તે કુંવારી... રહી...૫

જનક સુતા તે સીતા, બાર વર્ષ વનમાં વીત્યા;
ઘણું કષ્ઠ વેઠયું તોયે, ડગ્યા ન લગારી... ડગ્યા...૬

ધન્ય ધન્ય નરનારી, એવા દૃઢ ટેકધારી;
જીવન સુધાર્યુ તેણે, પામ્યા ભવપારી... પામ્યા...૭

એવું જાણી શૂરા જૈનો, એવા ઉત્તમ આપ બનો;
વીર વિજય ધર્મ પ્રેમે, દીયે ગતિ સારી... દીયે...૮

## ૨૫. જગત હૈ સ્વાર્થકા સાથી

જગત હૈ સ્વાર્થકા સાથી, સમજ લે કોન હૈ અપના.

યે કાયા કાચકા કુંભા, ફોગટ તું દેખકે ફૂલતાં;
પલક મૈ ફૂટ જાયેગા, પત્તા જયું ડાલ સે ગિરતાં, જગત... ૧

મનુષ્ય કી ઐસી જિંદગાની, અભી તું ચેત અભિમાની;
જીવન કા કયા ભરોસા હૈ ? કરી લે ધર્મ કી કરની. જગત... ૨

ખજાના માલ ને મિલ્કત, કરે તું કયું મેરા મેરા;
યહા સબ છોડ જાના હૈ, ન આવે સાથ કુછ તેરા. જગત... ૩

કુટુંબ પરિવાર સુત દારા, સુપન સમ દેખ જગ સારા;
નીકલ જબ હંસ જાયેગા, ઉસી દિન હૈ સભી ન્યારા. જગત... ૪

તરે સંસાર સાગર કો, જપે જો નામ જિનવર કો;
કહે ખાંતિ યહિ પ્રાણી, હઠાવે કર્મ જંજીર કો. જગત... ૫

## ૨૬. રાય સેવક કહે તવ સાધુને

રાય સેવક કહે તવ સાધુને, ખાલડી જીવથી હણશું રે;
અમ ઠાકુરની એહ છે આણા, તે અમે આજ કરશું રે.
અહો ! અહો ! સાધુજી સમતાના દરિયા,
ધ્યાન થકી નવી ચલીયા રે. ૧

મુનિવર મનમાંહિ આણંદ્યા, પરિષહ આવ્યો જાણી રે;
કર્મ ખપાવવાનો અવસર આવો, ફરી નહિ આવે પ્રાણી રે. અહો...૨

એ તો વળી સખાયી મિલીઓ, ભાઈ થકી ભલેરો રે;
પ્રાણી કાયરપણું પરિહરજે, જિમ ન થાય ભવ ફેરો રે. અહો...૩

રાયસેવકને કહે મુનિવર, કઠણ ફરસ મુજ કાયા રે;
બાધા રખે તુમ હાથે થાયે, કહો તેમ રહીયે ભાયા રે. અહો...૪

ચાર શરણા ચતુર કરીને, ભવ ચરમ આવર્તે રે;
શુક્લ ધ્યાન શું તાન લગાયું, કાયાને વોસિરાવે રે. અહો...૫

ચડ ચડ ચામડી તેહ ઉતારે, મુનિ સમતારસ ઝીલે રે;
ક્ષપકશ્રેણિ આરોહણ કરીને, કરમ કઠણ પીલે રે. અહો...૬

ચોથું ધ્યાન ધરંતા અંતે, કેવલ લઈ મુનિ સિધ્યા રે;
અજર અમર પદ મુનિવર પામ્યા, કારજ સઘળા સિધ્યા રે. અહો...૭

# ખંડ-૫

# સમાધિ પ્રેરક આરાધના

## ૧. વીતરાગ સ્તોત્ર શરણ સ્તવ

**સ્વકૃતં દુષ્કૃતં ગર્હન્, સુકૃતં ચાનુમોદયન્ ।**
**નાથ.! ત્વચ્ચરણૌ યામિ, શરણં શરણોજ્ઝિતઃ ॥૧॥**

હે નાથ ! મારા કરેલા દુષ્કૃતની ગર્હા કરતો અને સુકૃતની અનુમોદના કરતો, શરણરહિત, અનાથ દીન એવો હું તમારા ચરણોનું શરણું સ્વીકારૂં છું.(૧)

**મનોવાક્કાયજે પાપે, કૃતાનુમતિકારિતૈઃ ।**
**મિથ્યા મે દુષ્કૃતં ભૂયા-દપુનઃ ક્રિયયાન્વિતમ્ ॥૨॥**

હે પ્રભુ ! મેં આજ સુધી મન વચન કાયાથી કરેલાં કરાવેલાં અને અનુમોદેલાં દુષ્કૃતોનું હવે પછી નહિ કરવાના નિશ્ચય પૂર્વક આપની સમક્ષ મારું મિચ્છામિ દુક્કડં થાઓ. (૨)

**યત્કૃતં સુકૃતં કિંચિદ્-રત્નત્રિતયગોચરમ્ ।**
**તત્સર્વમનુમન્યેઽહં, માર્ગ માત્રાનુસાર્યપિ ॥૩॥**

હે વીતરાગ દેવ ! જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ રત્નો સંબંધી મેં મોક્ષમાર્ગાનુસારી જે કંઈપણ સુકૃત કર્યું હોય તે સર્વનું હું અનુમોદન કરૂં છું.(૩)

**સર્વેષામર્હદાદીનાં, યો યોઽર્હત્ત્વાદિકો ગુણઃ ।**
**અનુમોદયામિ, તં તં, સર્વં તેષાં મહાત્મનામ્ ॥૪॥**

શ્રી અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુના ક્રમશઃ અરિહંતપણું, સિદ્ધપણું, પંચાચારપાલન, સૂત્રપ્રદાન, સાધુક્રિયા, તથા શ્રાવક-શ્રાવિકા, દેવ-દેવી કે બીજા પણ માર્ગાનુસારી વિગેરે જીવો કે જેઓમાં જે જે દેશવિરતિ, સમ્યક્ત્વ કે દાન-શીલ આદિ ગુણો છે, તે તે સર્વગુણોની હું અનુમોદના કરૂં છું. (૪)

**ત્વાં ત્વત્ફલભૂતાન્ સિદ્ધાં સ્ત્વચ્છાસનરતાન્ મુનીન્ ।**
**ત્વચ્છાસનં ચ શરણં, પ્રતિપન્નોઽસ્મિ ભાવતઃ ॥૫॥**

હે ભગવંત ! તમારૂં, તમારા (જીવનના) ફળસ્વરૂપ સિદ્ધોનું, તમારા શાસનના રાગી (આરાધક) સાધુઓનું અને તમારા શાસનનું (આજ્ઞાનું) હું ભાવથી શરણ સ્વીકારૂં છું.(૫)

**ક્ષમયામિ સર્વાન્સત્ત્વાન્ સર્વે ક્ષામ્યન્તુ તે મયિ ।**
**મૈત્ર્યસ્તુ તેષુ સર્વેષુ, ત્વદેકશરણસ્ય મે ॥૬॥**

હે દેવાધિદેવ ! હું આપની સાક્ષીએ સર્વ જીવોને ખમાવું છું, તેઓ પણ સર્વ મને ક્ષમા આપો, તમારા એક શરણે રહેલા મારે તે સર્વ જીવોની સાથે મૈત્રી થાઓ. (૬)

**એકોઽહં નાસ્તિ મે કશ્ચિન્-ન ચાહમપિ કસ્યચિત્ ।**
**ત્વદંઘ્રિશરણસ્થસ્ય, મમ દૈન્યં ન કિંચન ॥૭॥**

હે જિનેશ્વર દેવ !હું એકલો છું, મારૂં કોઈ નથી, અને હું પણ કોઈનો નથી, એમ છતાં આપના ચરણના શરણે રહેલા મને લેશ પણ દીનતા નથી. (૭)

**યાવન્નાપ્નોમિ પદવીં, પરાં ત્વદનુભાવજામ્ ।**
**તાવન્મયિ શરણ્યત્વં, મા મુંચ શરણં શ્રિતે ॥૮॥**

હે તરતારણ પ્રભુ ! તમારા પ્રભાવથી પ્રાપ્ત થનારી પરમપદવીને (મોક્ષને) હું જયાં સુધી પામું નહિ ત્યાં સુધી હે ભગવન્ ! તમારા શરણે રહેલા મને આપ છોડી ન દેશો ! મોક્ષ ન થાય ત્યાં સુધી મારે આપનું જ શરણ છે. (૮)

## ૨. પંચસૂત્ર

**ણમો વીયરાગાણં, સવ્વણ્ણુણં, દેવિંદપૂઈઆણં, જહટ્ઠિઅ વત્થુવાઈણં તેલુક્કગુરુણં અરિહંતાણં ભગવંતાણં**

### મંગલ

હે વીતરાગ, સર્વજ્ઞ ભગવંત ! હે દેવેન્દ્રોથી પૂજિત કૃપાલુ-દેવ !
હે સત્યવક્તા પરમેશ્વર ! હે ત્રણ લોકના પરમગુરુવર !
હે આંતરશત્રુ વિજેતા અરિહંત ! હે સર્વોત્કૃષ્ટ ભાગ્યના સ્વામી ભગવંત !
આપના ચરણોમાં ભાવભર્યા હૈયે હું વંદન કરું છું.

**જે એવમાઈક્ખંતિ, ઈહ ખલુ અણાઈ જીવે, અણાઈ જીવસ્સ ભવે, અણાઈ કમ્મસંજોગનિવ્વત્તિએ દુઃક્ખરુવે, દુઃક્ખફલે, દુઃક્ખાણુબંધે**

### સંસાર-સ્વરુપ

તે પરમકૃપાલુદેવો ફરમાવે છે :
હે ભવ્ય-જીવો ! આ ત્રણ અનાદિ બરાબર ધ્યાનમાં લો.
(૧) જીવ ક્યારેય ઉત્પન્ન થયો નથી, તે અનાદિ છે.
(૨) જીવના આ અનાદિ-સંસારનું કારણ જીવ અને કર્મનો સંબંધ છે. તે અનાદિથી

છે. એટલે કે તેનું જે જગત છે તે અનાદિ છે. અહો! આ સંસાર - (૧) દુઃખમય છે (૨) તેના ભોગવટાનું ફળ દુઃખ છે. (૩) વળી એ દુઃખોની પરંપરા ચાલુ જ રહ્યા કરે છે.

**એઅસ્સ ણં વુચ્છિત્તિ સુદ્ધધમ્માઓ. સુદ્ધધમ્મસંપત્તિ પાવકમ્મવિગમાઓ. પાવકમ્મવિગમો તહાભવ્વત્તાઈભાવઓ.**

જેણે આ દુઃખમય સંસારમાંથી છૂટી જવું હોય તેણે શુદ્ધ ધર્મ (નિશ્ચય-ધર્મ) ની આરાધના કરવી. શુદ્ધધર્મની આરાધના પાપકર્મોના વિનાશથી જ શક્ય છે. પાપકર્મોનો વિનાશ તથાભવ્યત્વ નામના ભાવને પકવવાથી થાય છે.

**તસ્સ પુણ વિવાગસાહણાણિ ચઉસરણગમણં, દુક્કડગરિહા, સુકડાણ સેવણં. અઓ કાયવ્વમિણં હોઉકામેણં સયા સુપ્પણિહાણં ભુજ્જો ભુજ્જો સંકિલેસે તિકાલમસંકિલેસે**

આ તથાભવ્યત્વને પકવવાના ત્રણ રસ્તા છે.

૧. અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ, એ ચારનું શરણ.

૨. પોતે કરેલાં પાપોની ભરપૂર નિન્દા-ગર્હા.

૩. યથાશક્તિ સુકૃત-સેવન અને જગતના સર્વસુકૃતોની ભારોભાર અનુમોદના.

જ્યારે ચિત્તમાં સંક્લેશ હોય ત્યારે આ ત્રણ (સુપ્રણિધાનો) નું વારંવાર સેવન કરવું અને ચિત્તની શાન્ત અવસ્થામાં ય રોજ ત્રણ વાર તો અવશ્ય સેવન કરવું.

**જાવજ્જીવં મે ભગવંતો પરમતિલોગનાહા અણુત્તરપુણ્ણસંભારા ખીણરાગદોસમોહા અચિંતચિંતામણિ ભવજલહિપોઆ એગંતસરણા અરિહંતા સરણં.**

**અરિહંત-શરણ**

હે પરમકૃપાળુ ભગવંત ! હે ત્રણ લોકના સર્વોત્કૃષ્ટ સ્વામી !
ઓ, પ્રચંડ પુણ્યની ખાણ ! ઓ, રાગ, દ્વેષ અને અજ્ઞાનના વિજેતા !
હે અચિન્ત્ય ચિન્તામણિરત્ન ! મારા સંસાર-સાગરની નાવ !
મારા માટે એકાન્ત શરણભૂત ! હે અરિહંત !
હું આપનું ભાવભર્યું શરણ સ્વીકારું છું.

**તહા પહીણજરમરણા અવેઅકમ્મકલંકા પણટ્ઠવાબાહા કેવલનાણદંસણા સિદ્ધિપુરનિવાસી નિરુવમસુહસંગયા સવ્વહા કયકિચ્ચા સિદ્ધા સરણં.**

## સિદ્ધ-શરણ

હે સિદ્ધ ભગવન્ ! કેવા કમાલ છો આપ !
આપે ઘડપણને અને મરણને તો મૂળમાંથી ઉખેડી નાંખ્યાં !
કર્મનું કલંક તો ધોઈને સાફ કરી નાંખ્યું.
આપની તો બધી જ શારીરિક વગેરે બાધાઓ નષ્ટ થઈ ગઈ.
કેવલજ્ઞાન અને કેવલદર્શનના આપ માલિક !
સિદ્ધિનગરીના આપ નાગરિક !
અનુપમસુખના આપ ભોક્તા ! અત્યન્ત કૃતકૃત્ય !
આપના ચરણોમાં મારું મસ્તક ઝુકાવું છું.

**તહા પસંતગંભીરાસયા સાવજ્જ જોગવિરયા પંચવિહાયારજાણગા**
**પરોવયારનિરયા પઉમાઈનિદંસણા ઝાણજ્ઝયણસંગયા**
**વિસુજ્ઝમાણભાવા સાહૂ સરણં**

## સાધુ શરણ

જેમનું ચિત્ત પ્રશાન્ત અને ગંભીર છે,
જેઓ તમામ પાપ-યોગોથી દૂર હટી ગયા છે,
જેઓ પંચાચારના જાણકાર છે, જેઓ પરોપકારમાં પરાયણ છે,
કમલ વગેરેની અર્થગંભીર ઉપમાઓને જેઓ અત્યંત યોગ્ય છે,
ધ્યાન અને અધ્યયનમાં જેમનું જીવન રસતરબોળ છે,
જેમની ભાવશુદ્ધિ સતત ઊછળતી રહે છે,
તે સાધુ ભગવંતો મારું સદા શરણ હો.

**તહા સુરાસુરમણુઅપૂઈઓ મોહતિમિરંસુમાલી રાગદોસવિસપરમમંતો**
**હેઉ સયલકલ્લાણાણં કમ્મવણવિહાવસુ સાહગો સિદ્ધભાવસ્સ**
**કેવલિપણ્ણત્તો ધમ્મો જાવજ્જીવં મે ભગવં સરણં**

## ધર્મ શરણ

હે ધર્મ માતા ! દેવો, અસુરો અને માનવોએ તારી પૂજા કરી.
અજ્ઞાનરુપી અંધકાર માટે તો તું સાક્ષાત્ સૂર્ય જેવી.
રાગ, દ્વેષના કાતિલ ઝેરનો ખાત્મો બોલાવવામાં તું સાક્ષાત્ મન્ત્રશક્તિ
સઘળા ય જીવોના કલ્યાણની તું જનની !
કર્મોના અડાબીડ જંગલને પળમાં જલાવી દેતી તું અગ્નિ દેવી !

સિદ્ધપદની તું દાયિકા ! કેવલી-ભગવંતોના મુખે ચડેલી તું મહામાંગલિકા !
ઓ ભગવતી ! તારી ગોદમાં મારો સદા નિવાસ હો !

**સરણમુવગઓ અ એએસિં ગરિહામિ દુક્કડં જણ્ણં**
**અરિહંતેસુ વા, સિદ્ધેસુ વા, આયરિએસુ વા,**
**ઉવજ્ઝાએસુ વા, સાહૂસુ વા, સાહુણીસુ વા, અન્નેસુ વા ધમ્મટ્ઠાણેસુ**
**માણણિજ્જેસુ પૂઅણિજ્જેસુ**

દુષ્કૃત-ગર્હા

અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મમાતાનો શરણાગત બનેલો હું હવે મારા દુષ્કર્મોની નિંદા કરું છું.

તે આ રીતે :

અરિહંતો, સિદ્ધ-ભગવંતો, આચાર્ય-દેવો,
ઉપાધ્યાયજીઓ, સાધુ અને સાધ્વીજી મહારાજાઓ.
અરે ! બીજા પણ અત્યંત માનનીય અને પૂજનીય ગુણાધિક સજ્જન લોકો.

**તહા**

**માઈસુ વા, પિઈસુ વા, બંધુસુ વા, મિત્તેસુ વા, ઉવયારીસુ વા**
**ઓહેણ વા જીવેસુ મગ્ગટ્ઠિએસુ અમગ્ગટ્ઠિએસુ મગ્ગસાહણેસુ**
**અમગ્ગસાહણેસુ**

વળી

પૂજનીય માતાજી અને પિતાજી, ભાઈઓ અને મિત્રો, મારા ઉપકારી સ્વજનો અને સ્નેહીજનો ! રે ! કેટલાને યાદ કરું !
સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ ઉપર કે તે માર્ગે નહિ ચાલતા સઘળા ય જીવો...
તે માર્ગના સાધનભૂત બનતાં પુસ્તક વગેરે ઉપકરણો અને તે સન્માર્ગના સાધનભૂત નહિ બનતાં તલવાર વગેરે અધિકરણો....

**જં કિંચિ**

**વિતહમાયરિયં અણાયરિઅવ્વં અણિચ્છિઅવ્વં પાવં પાવાણુબંધિ**
**સુહુમં વા, બાયરં વા,**
**મણેણ વા, વાયાએ વા, કાએણ વા,**
**કયં વા, કારાવિઅં વા, અણુમોઈઅં વા,**
**રાગેણ વા, દોસેણ વા, મોહેણ વા ઈત્થ વા જમ્મે જમ્મંતરેસુ વા**

આ તમામ ચેતન અને જડ તત્ત્વો પ્રત્યે મારાથી કાંઈ પણ અવિધિ, આશાતના વગેરે વડે કે દ્વેષાદિ કરવા વડે ન આચરવા જેવું આચરાઈ ગયું હોય, ન ઈચ્છવા જેવું

મનથી વિચારાઈ ગયું હોય, હા.... કોઈ પણ તેવું પાપ-
પોતાની પરંપરાને પેદા કરી દે તેટલું તીવ્ર, નાનું કે મોટું,
મનથી, વચનથી કે કાયાથી, કર્યું હોય કરાવ્યું હોય કે અનુમોદ્યું હોય,
આ જન્મમાં કે મારા અનંતા પૂર્વ જન્મોમાં

**ગરહિઅમેઅં, દુક્કડમેઅં,**
**ઉજ્જિઝઅવ્વમેઅં, વિઆણિઅં મએ કલ્લાણમિત્તગુરુભગવંતવયણાઓ**
**એવમેઅં તિ રોઈઅં સદ્ધાએ અરિહંતસિદ્ધસમક્ખં ગરિહામિ**
**અહમિણં દુક્કડમેઅં ઉજ્જિઝઅવ્વમેઅં**
**ઈત્થ મિચ્છા મિ દુક્કડં, મિચ્છા મિ દુક્કડં, મિચ્છા મિ દુક્કડં.**

એ બધું (પાપ) ખરેખર ધિક્કારવા યોગ્ય છે, એ મારું કુકર્મ છે, એને મારે છોડવું જ જોઈએ.

હા... મારા કલ્યાણમિત્ર ! મારા તરણતારણહાર ગુરુદેવ ! એમના પવિત્ર વચનોથી જ મને આ વાત સમજાઈ છે. હવે તો મારી શ્રદ્ધાથી પણ મને આ વાત બરોબર જચી ગઈ છે. એટલે જ હે અરિહંત દેવ ! હે સિદ્ધ ભગવંત ! હું મારા તે તમામ પાપોની ભારોભાર નિંદા કરું છું. ખરેખર, તે કુકર્મો હતાં ! છોડી જ દેવા જેવા નીચ કૃત્યો હતાં ! અંતરના ય અંતરથી તે પાપોની હું માફી માંગું છું. પુનઃ માફી માંગું છું, ફરી માફી માંગું છું.

**હોઉ મે એસા સમ્મં ગરિહા હાઉ મે અકરણનિયમો, બહુમયં મમેઅં તિ**
**ઈચ્છામો અણુસટ્ઠિં અરિહંતાણં ભગવંતાણં ગુરુણં કલ્લાણમિત્તાણં તિ**
**હોઉ મે એએહિં સંજોગો, હોઉ મે એસા સુપત્થણા**
**હોઉ મે ઈત્થ બહુમાણો, હોઉ મે ઈઓ મુક્ખબીઅં તિ**
**પત્તેસુ એએસુ અહં સેવારિહે સિઆ, આણારિહે સિઆ,**
**પડિવત્તિજુત્તે સિઆ, નિરઈઆરપારગે સિઆ**

મારી આ દુષ્કૃતગર્હા એકદમ સાચી બને તે માટે હું જણાવીશ કે મારી આ પાપ-નિંદા પશ્ચાત્તાપના તીવ્રભાવ સહિત થાઓ. વળી હવે હું કદી પાપ કરુજ નહિ એવી મારામાં શક્તિ પેદા વાઓ. મારે હવે આવી જ સિદ્ધિ જોઈએ છે. આ માટે મને અરિહંત ભગવંતોર્ન  અને મારા કલ્યાણમિત્ર ગુરુદેવની હિતશિક્ષા સતત મળતી રહે તેવી મારી અપેક્ષા છે.

આ માટે મને તે કૃપાલુઓનું સતત સાન્નિધ્ય મળી રહો. તેમના સતત સાન્નિધ્યની મારી આ પ્રાર્થના એકદમ સાચી પ્રાર્થના બની રહો. આ પ્રાર્થના મને ખૂબ જ વહાલી બની રહો. આ પ્રાર્થના મારા આત્મામાં મોક્ષ પામવાના ફળનું બીજ બની

રહો. જેવું મને આ અરિહંત-ભગવંત અને કલ્યાણમિત્ર ગુરુદેવનું સાન્નિધ્ય મળી જશે કે હું તેમની અદ્‌ભુત સેવાને યોગ્ય બનવા તૈયાર થઈશ. તેમની આજ્ઞાઓને ઝીલવાનું સુપાત્ર બનીશ. અને પછી તેમની આજ્ઞાઓને કોઈ પણ અતિચાર વિના સેવીને પાર પામી જઈશ.

**સંવિગ્ગો જહાસત્તીએ સેવેમિ સુક્કડં અણુમોએમિ**
**સવ્વેસિં અરિહંતાણં અણુટ્ઠાણં, સવ્વેસિં સિદ્ધાણં સિદ્ધભાવં,**
**સવ્વેસિં આયરિયાણં આયારં,**

## સુકૃતાનુમોદના

(અત્યંત ભાવવિભોર બનીને આપણા આત્માએ દુષ્કૃતોની ગર્હા કરી. આથી પાપના ભારથી હળવો થઈને પ્રસન્ન બનેલો એ આત્મા હવે જગતના સુકૃતોની અનુમોદનારુપ સેવન કરે છે.)

મોક્ષની અભિલાષાવાળો બનેલો હું હવે મારી શક્તિ લગાવીને જગતના સુકૃતોની અનુમોદના કરવાના સુકૃતને સેવું છું.

હે સકળ અરિહંત દેવો ! આપના ધર્મકથા વગેરે સુકૃતોની હું ભારોભાર અનુમોદના કરું છું.

હે સકળ સિદ્ધ ભગવંતો ! અવ્યાબાધ સ્વરુપ આપના સિદ્ધત્વભાવના સુકૃતની ભરપેટ અનુમોદના કરું છું.

હે નિખિલ આચાર્યદેવો ! આપના પંચાચારપાલનાદિ અનેક સુકૃતોની હું ભાવભરી અનુમોદના કરું છું.

**સવ્વેસિં ઉવજ્ઝાયાણં સુત્તપ્પયાણં, સવ્વેસિં સાહૂણં સાહુકિરિઅં,**
**સવ્વેસિં સાવગાણં મુક્ખસાહણજોગે, સવ્વેસિં દેવાણં, સવ્વેસિં જીવાણં,**
**હોઉકામાણં, કલ્લાણાસયાણં મગ્ગસાહણજોગે**

હે પૂજનીય ઉપાધ્યાયો ! શાસ્ત્રવિધિયુક્ત આપના જ્ઞાનદાનના સુકૃતની હું અંતરના અંતરથી અનુમોદના કરું છું.

હે સકલ સાધુ ભગવંતો ! આપની મોક્ષપ્રાપક તમામ સાધુક્રિયાના સુકૃતની હું અનુમોદના કરું છું.

હે સકળ શ્રમણોપાસક શ્રાવકો અને શ્રાવિકાઓ ! આપના સાધુવૈયાવચ્ચ વગેરે મોક્ષના સાધનભૂત યોગોના સુકૃતોની હું અંતરથી અનુમોદના કરું છું.

હે ઈન્દ્ર વગેરે સકળ દેવો ! હે નિર્મળ ચિત્તવાળા નિકટના મોક્ષગામી સઘળા ય મિથ્યાદષ્ટિ એવા પણ સરળ પરિણામી જીવો ! આપના પણ પરંપરાએ મોક્ષે પહોંચાડનારા તમામ કાર્યોની હું ભાવભરી અનુમોદના કરું છું.

**હોઉ મે એસા અણુમોઅણા સમ્મં વિહિપુવ્વિઆ,**
**સમ્મં સુદ્ધાસયા, સમ્મં પડિવત્તિરુવા,**
**સમ્મં નિરઈઆરા, પરમગુણજુત્તઅરહંતાઈસામત્થઓ**

મારી આ સુકૃતાનુમોદના લુખ્ખી ન બની રહો, પરંતુ સૂત્રાનુસારિણી ભાવભરી બની રહો.

વળી એ સુકૃતાનુમોદના મારા નિર્મળ ચિત્તમાંથી પ્રગટ થાઓ.

ના.... માત્ર ચિત્તના ભાવરૂપ તે અનુમોદના ન બનો, પરંતુ અનુમોદનાભાવને અનુરૂપ કાયિક ક્રિયાથી પણ તે યુક્ત બનો.

આટલું જ નહિ પણ એ મારી અનુમોદના કોઈ પણ જાતના અતિચાર દોષથી અણસ્પર્શી બની રહો.

ના... આવી વિશુદ્ધ સુકૃતાનુમોદના કરવાની મારી કોઈ તાકાત નથી. મારા ભાવથી તે શકય જ નથી. પરંતુ ઉત્કૃષ્ટ ગુણોથી યુકત એવા અરિહંત વગેરે પરમેષ્ઠી ભગવંતોની કૃપાથી તો તેવી વિશુદ્ધ અનુમોદના હું જરૂર કરી શકું છું.

**અચિંતસત્તિજુત્તા હિ તે ભગવંતો વીયરાગા,**
**સવ્વણ્ણુ, પરમકલ્લાણા**
**પરમકલ્લાણહેઉ સત્તાણં**
**મૂઢે અમ્હિ પાવે, અણાઈમોહવાસિએ અણભિન્ને ભાવઓ**
**હિઆહિઆણં અભિન્ને સિઆ, અહિઅનિવિત્તે સિઆ, હિઅપ્પવત્તે સિઆ,**
**આરાહગે સિઆ, ઉચિઅપડિવત્તીએ સવ્વસત્તાણં સ હિઅંતિ**
**ઈચ્છામિ સુક્કડં, ઈચ્છામિ સુક્કડં, ઈચ્છામિ સુક્કડં**

કેમ કે બુદ્ધિ જયાં પહોંચી જ શકતી નથી તેવી અદ્ભુત શક્તિથી તે વીતરાગ, સર્વજ્ઞ, પરમકલ્યાણ સ્વરુપ અરિહંત દેવો, સિદ્ધ ભગવંતો ભરપૂર છે. અરે ! તેમના માર્ગે બરોબર ચાલતા એવા આચાર્ય વગેરે સાધુ ભગવંતો પણ અમારા જીવોના પરમકલ્યાણ સ્વરુપ મોક્ષમાર્ગને અનેક રીતે અમને બતાવીને અમારા પરમકલ્યાણમાં અત્યંત ઉપકારી છે. હું જ કેવો મૂઢ અને પાપી છું : અનાદિકાળના મોહના કુસંસ્કારોથી ખીચોખીચ ભરેલો છું કે આવા સાચા તત્ત્વને અને તે તત્ત્વના પ્રરુપકોને આજ સુધી ઓળખી પણ શક્યો નહિ.

ખર... હું ઈચ્છું છું કે તે પરમકૃપાળુઓના પ્રભાવથી હું મારા હિતનો અને મારા અહિતનો જાણકાર બનું, પછી હું મારું જેમાં હિત છે તેમાં જોડાઈ જાઉં, અને મારું જેમાં અહિત છે તે બધું છોડી દઉં એ રીતે સર્વ જીવરાશિના સંબંધમાં જે જે ઉચિત હોય તેને આચરીને મારું હિત બરાબર આરાધું. બસ, હવે હું આ સુકૃતાનુમોદનરૂપ સુકૃતને જ ઈચ્છું છું, ઈચ્છું છું, ઈચ્છું છું.

**એવમેઅં સમ્મં**
**પઢમાણસ્સ, સુણમાણસ્સ, અણુપ્પેહમાણસ્સ**
**સિઢિલીભવંતિ, પરિહાયંતિ, ખિજ્જંતિ અસુહકમ્માણુબંધા**
**નિરણુબંધે વા અસુહકમ્મે ભગ્ગસામત્થે સુહપરિણામેણં**
**કડગબદ્ધે વિ અ વિસે અપ્પફલે સિઆ**
**સુહાવણિજ્જે સિઆ અપુણભાવે સિઆ.**

## ઉપસંહાર : ફલવર્ણન

અરિહંતાદિ શરણ, દુષ્કૃતગર્હા અને સુકૃતાસેવનના પાઠ રૂપ આ પહેલા પંચસૂત્રને અત્યંત ભાવપૂર્વક જે આત્મા રોજ ભણશે, તેને સાંભળશે, તેની ઉપર ઊંડું મંથન કરશે તેના અનંતા જન્મોના પાપસંસ્કારો ઢીલા પડી જશે. પાપકર્મો ક્ષીણ થઈ જશે. અરે ! સાવ નાશ પામી જશે. વળી જે કાંઈ પણ રસ કસ હીન અશુભ કર્મો બાકી રહી ગયા હશે તે પણ શુભપરિણામોની જોરદાર ધારાથી ભાંગીને તૂટી પડશે. મંત્રશક્તિથી ડંખ ભાગે ગારુડીએ લાવી દીધેલુ અને કડાથી બાંધી દીધેલું વિષ જેમ બળહીન બની જાય તેમ આ કર્મો બળહીન બનીને ખૂબ ઓછા કષ્ટને આપનારા અને સહેલાઈથી દૂર કરી દેવાય તેવા અને પછી કદી ન બંધાય તેવા બની જશે.

**તહા**
**આસગલિજ્જંતિ, પરિપોસિજ્જંતિ, નિમ્મવિજ્જંતિ, સુહકમ્માણુબંધા**
**સાણુબંધં ચ સુહકમ્મં પગિટ્ઠં પગિટ્ઠભાવજ્જિઅં નિયમફલયં**
**સુપઉત્તે વિ અ મહાગએ સુહફલે સિઆ,**
**સુહપવત્તગે સિઆ પરમસુહસાહગે સિઆ**

વળી આ પાઠનું મનન જેમ અશુભ કર્મો અને અશુભ સંસ્કારોને ખતમ કરે છે તેમ શુભ કર્મો અને શુભ સંસ્કારો (અનુબંધો) ને દૂર હોય તો નજીક ખેંચી લાવે છે, તેમને તગડા બનાવે છે, સંપૂર્ણ બનાવે છે.

આ રીતે સાનુબંધ (પુણ્યની પરંપરા ચલાવનાર) બનેલા તે શુભ કર્મો પ્રકૃષ્ટપણાને પામે છે, તેથી જ અશક્ય ફળદાતા બને છે.

કુશળ વૈદ્યે આપેલું વિધિવત ઔષધ કેવું સુંદર શરીર બળ આપે ? તે જ રીતે આ શુભ કર્મો સુંદર ફળો આપે છે. શુભમાં જ પ્રવર્તક બનાવે છે. આ રીતે પાપના અનુબંધો તૂટતા જતાં અને પુણ્યના અનુબંધો મજબુત થતાં તેઓ જીવને પરમસુખના પરમધામે પહોંચાડીને જ જંપે છે.

**અઓ**

**અપડિબંધમેઅં અસુહભાવનિરોહેણં સુહભાવબીઅંતિ**
**સુપ્પણિહાણં સમ્મં પઢિઅવ્વં સમ્મં સોઅવ્વં સમ્મં અણુપ્પેહિઅવ્વંતિ**

**એટલે જ હે પુણ્યવાન આત્માઓ !**

કોઈ પણ જાતની ભૌતિક સુખાદિની આકાંક્ષા રાખ્યા વિના તમે અશુભ અધ્યવસાયોને નબળા કરી દેતાં અને શુભ ભાવનાઓની ધારાઓને આત્મામાં મજબૂત કરતાં જતાં આ પ્રણિધાન સૂત્રનો તમે -

ખૂબ સારી રીતે પાઠ કરજો.
તેને ખૂબ સારી રીતે સાંભળજો.
તેનું ખૂબ સારી રીતે મનન કરજો.

**નમો નમિઅનમિઆણં પરમગુરુવીઅરાગાણં**
**નમો સેસનમુક્કારારિહાણં**
**જયઉ સવ્વણ્ણુસાસણં પરમસંબોહિએ સુહિણો ભવંતુ જીવા**
**સુહિણો ભવંતુ જીવા સુહિણો ભવંતુ જીવા.**

**અંતિમ-મંગલ**

દેવેન્દ્રોથી પણ નમન કરાયેલા પરમગુરુ એવા વીતરાગ દેવોને મારા કોટિ કોટિ વંદન.
સહુના હૈયે રહેલું મોહરાજને પરાજય આપતું સર્વજ્ઞનું શાસન જયવંતું નીવડો.
સર્વ જીવો મિથ્યાત્વ નામના મહાપાપને દૂર કરીને નિર્મળ સમ્યગ્દર્શનને પામીને
સાચા આત્મસુખે સુખી થાઓ : સુખી થાઓ : સુખી થાઓ.

**૧. મૃત્યુની પળો સાવ નજીક આવી જાય ત્યારે ટૂંકામાં ટૂંકી રીતે મિચ્છા મિ દુક્કડં.**

**જં જં મણેણ બદ્ધં જં જં વાએણ ભાસિઅં પાવં**
**જં જં કાએણ કયં મિચ્છા મિ દુક્કડં તસ્સ**

મારા સમગ્ર જીવનમાં :

(૧) નાનામાં નાનાથી માંડીને મોટામાં મોટું જે કોઈ પાપ મનથી ઢગલાબંધ વિચારાઈ ગયું છે (૨) વાણીથી વારંવાર બોલાઈ ગયું છે (૩) અને કાયાથી

અગણિત વાર સેવાઈ ગયું છે તે બદલ હું અંતરથી ફરી ફરીને માફી માંગું છું. ઓ કૃપાલુદેવ ! ખરા ભાવથી માફી માંગુ છું. મને તું માફી આપ. માફી આપ.

(૨) સાંભળ્યુ છે કે આ કાળમાં ભરતક્ષેત્રમાં મનુષ્યપણે પણ ઘણુંખરું તેને જન્મ મળે જે આત્માએ પૂર્વભવોમાં રત્નત્રયી કે તત્ત્વત્રયીમાંથી કોકની પણ ઘોર વિરાધના કરી હોય કે કોઈ જીવને ખૂબ સતાવ્યો હોય અને પછી તે વિરાધનાનું શુદ્ધ પ્રાયશ્ચિત કર્યા વિના તેનું મરણ થયું હોય. આથી જ ઉત્તમ ધર્મસામગ્રીથી ઘેરાયેલો પણ આ જીવ આ ભવમાં વિરાધનાઓના જ અધ્યવસાયોમાં જીવનને બરબાદ કરતો રહે.

તો હવે શું કરવું ?

રોજ સવારે ઊઠવાં અને રાતે સૂતાં નીચે જણાવેલી પ્રાર્થનાનો પાઠ કરવો.

હે પરમકૃપાળુ પરમપિતા પરમાત્મા !

(૧) મારા ભવોભવની તમામ વિરાધનાઓના તીવ્ર અનુબંધો તૂટી જાઓ. મેં જે કાંઈ આરાધના કરી હોય તેના નબળા પણ અનુબંધો હવે તારા પ્રભાવથી મજબૂત બની જાઓ. (૨) મારી ઉપર તારી તમામ આજ્ઞાઓનું અણિશુદ્ધ સામ્રાજ્ય પ્રવર્તે (૩) મને આ ભવે, છેવટે આવતે ભવે પણ સાચું સાધુપણું મળો.

આટલું બોલી **चत्तारि मंगलं, चत्तारि लोगुत्तमा, चत्तारि सरणं पवज्जामि** એ ત્રણ ગાથાઓ એકેકી વાર, મસ્તક નમાવીને, હાથ જોડીને, ભાવભર્યા અંતઃકરણથી બોલવી. તે પછી કલ્પના કરવી કે પરમ કૃપાળુ આપણા માથે હાથ મૂકીને આપણને આશિષ આપે છે. સુવિશુદ્ધ સંયમધર્મના ધારક, મહાગીતાર્થ, કર્મશાસ્ત્ર નિપુણમતિ સ્વ. ગુરુદેવ શ્રીમદ પ્રેમસૂરીશ્વરજી મહારાજ આ પંચસૂત્રનો પાઠ હંમેશ ત્રણ સન્ધ્યાએ ત્રણ ત્રણ વાર-રોજ નવ વાર ભાવવિભોર બનીને કરતા હતા.

આવા મહાન સૂત્રનો પાઠ (છેવટે ગુજરાતીમાં આપણે રોજ એક વાર તો અવશ્ય કરીએ.

## ૩. ચાર ગતિના ખામણાં

જે કોઈ જીવને દુઃખી કર્યા હોય તે સર્વને મન, વચન,
કાયા એમ ત્રિકરણ યોગે ખમાવું છું.

અપાર ભવસમુદ્રમાં ભટકતાં મને ચિંતામણિ રત્ન-સમાન જિનેન્દ્ર ધર્મની પ્રાપ્તિ થઈ તેથી હું ધન્ય છું. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવરૂપ એ ચારે ગતિમાં જન્મથી માંડી મરણ સુધીનાં દુઃખથી ભરપુર એવા ભવમાં ભટકતાં મેં મોહવશથી જે કોઈ જીવને દુઃખ, ત્રાસ,

વેદના, અશાતા આપ્યાં હોય તે સર્વને ત્રિવિધ ત્રિકરણ યોગે અંતઃકરણ પૂર્વક ખમાવું છું.

સાતે નારકીમાં નારકીપણે ઉત્પન્ન થઈ નારકીના જીવને દુઃખ દીધું હોય, પરસ્પર મસળવું, ચુરવું, ફેંકવું, મારવું આદિ ત્રાસ કર્યા હોય તેને હું ખમાવું છું, પરમાધામીના ભવમાં નિર્દયપણે મૂઢ અજ્ઞાની મારા જીવે નારકીના જીવોને હણ્યા હોય, પરમાધામીના ભવમાં મારા જીવે અજ્ઞાન કષાયવશ બની ક્રીડા નિમિત્તે કરવત, તલવાર, ભાલા, હથિયાર, ઘાણ, સાંડચા, દોરડા, ચાબુક, અગ્નિથી છેદન, ભેદન, તાડન, મારણ, યંત્રમાં પીલવું, વૈતરણી નદીમાં તારણ, કુંભીપાચનરૂપ ઘણાં દુઃખો નારકી જીવોને આપ્યા હોય, તેને અત્યારે હું જાણતો નથી, તામસ ભાવથી જે કંઈ દુઃખ દીધું હોય તે સર્વને ત્રિવિધ ખમાવું છું.

તિર્યંચગતિમાં પૃથ્વી, અપ, તેઉ, વાયુ, પ્રત્યેક અને સાધારણ વનસ્પતિકાયના ભવોમાં મેં સ્વ, અન્ય અને સાધારણ વનસ્પતિકાયના ભવોમાં મેં સ્વ, અન્ય અને પરસ્પરના શસ્ત્રથી પૃથ્વીકાયાદિ જીવોનો વિનાશ કર્યો હોય તેને ખમાવું છું.

શંખપ્રમુખ બેઈન્દ્રિય, જુ વગેરે ત્રણ ઈન્દ્રિયવાળા જીવો, માખી વગેરે ચાર ઈન્દ્રિવાળા ભવોમાં મેં જે જે જીવોનું ભક્ષણ કર્યું હોય, દુઃખ કે ત્રાસ આપ્યાં હોય તેને ખમાવું છું.

ગર્ભજ, સંમૂર્છિમ, જલચર પંચેન્દ્રિયના ભવમાં મત્સ્ય, કાચબા, સુંસુમાર આદિ અનેકરૂપને ધારણ કરનાર જીવોનું ભક્ષણ કરી વિનાશ કર્યો હોય, જળચરના ભવમાં મેં બીજા જીવોના ભક્ષણ-છેદન-ભેદન કર્યાં હોય, તેઓને ત્રિવિધ ખમાવું છું.

સર્પ પ્રમુખ ઉરપરિસર્પ, ઘો, વાનર પ્રમુખ ભૂજપરિસર્પ, કૂતરાં, બિલાડાં, વગેરે સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચના ભવોમાં જીવોને છેદી ભેદી દુઃખી કર્યા હોય, ભક્ષણ કર્યા હોય તે સર્વને હું ખમાવું છું. જીવઘાત કરવા રૂપ અશુભ કર્મ કર્યાં હોય. શાર્દૂલ, સિંહ, વાઘ, ચિત્તા, ગેંડા, રીંછ, આદિ હિંસક જાતિમાં ઉત્પન્ન થઈ મારા જીવે જે જીવોને છિન્નભિન્ન કર્યા હોય તેને ખમાવું છું.

હોલા, ગીધ, કુકડા, હંસ, બગલા, સસલા, સારસ, કાગડા, બાજ, કાબર, ચકલા, સંમૂર્છિમ ગર્ભજ, ખેચર પંચેન્દ્રિય ભવોમાં મેં ભૂખવશ થઈ કરમિયાં; કીડા આદિ જીવોનાં ભક્ષણ કર્યા હોય.

મનુષ્યભવોમાં જીભ ઈન્દ્રિયમાં લંપટ બની મૂઢ પારધીની શિકારક્રીડા કરનારા મેં જે જીવોનો શિકાર કર્યો હોય, વળી શરીરની પુષ્ટિ માટે મદિરા, માંસ,મધ, માખણ, અથાણું, વાસી ખોરાક, અભક્ષ્ય ભક્ષણ કરવાથી બેઈન્દ્રિયાદિક જીવોનો વિનાશ કર્યો હોય, તે સર્વને હું ત્રિવિધ યોગે ખમાવું છું.

વળી સ્પર્શેન્દ્રિયમાં લંપટ બની કુંવારી કન્યા, સધવા, વિધવા, પરસ્ત્રી, વેશ્યાદિકનું ગમન કરી જે જીવોનો વિનાશ કર્યો હોય, વળી આંખના વિષયમાં લંપટ બની તથા નાસિકા અને કાનના વિષયમાં આસક્ત બની જે જીવો હણ્યા હોય તે સર્વને ત્રિવિધ ખમાવું છું.

ક્રોધથી અથવા માનભંગ થવાથી બળાત્કારે આજ્ઞા મનાવી હોય, રાજ્યાધિકારીપણામાં અપરાધી કે બિન અપરાધીને બાંધ્યા, ઘાયલ કર્યા, માર્યા, ત્રાસ પમાડ્યા, ભૂખ્યા -તરસ્યા રાખ્યા, કોઈને ખોટું કલંક આપ્યું, ઈર્ષ્યાથી કોઈને ખોટી રીતે ઉતારી પાડેલ હોય, કોઈની ચાડીચુગલી કે નિંદા કરી હોય તે સર્વને ખમાવું છું.

અનેક મ્લેચ્છ અનાર્ય જાતિમાં રૌદ્ર ક્ષુદ્ર સ્વભાવવાળા મેં ધર્મ એવો શબ્દ સાંભળ્યો ન હોય, વળી પરલોકની ઈચ્છાએ ધર્મના બહાને જીવોનો ઘાત કર્યો હોય, બીજા જીવોના દુઃખનો હેતુ બન્યો હોઉં, આર્યદેશમાં કસાઈ, પારધી, ડુંબ, માછીમાર, ફાંસી આપનાર હિંસક જાતિમાં જન્મી જે જે જીવોનો વિનાશ કર્યો હોય, તે સર્વને મન-વચન-કાયાથી ખમાવું છું. તે જીવો મને ક્ષમા આપજો.

ગાઢ મિથ્યાત્વના ઉદયથી યજ્ઞાદિકમાં જીવહિંસાઓ કરાવી હોય, વૃક્ષો વેલડી વગેરેના વનને દવ દેવરાવી જે ત્રસ સ્થાવર જીવોને બાળ્યા હોય, દ્રહ, તળાવ, કૂવા, ટાંકા, જળાશયો શોષાવ્યાં હોય અને તેમાં માછલાં, કાચબા વગેરેનો વિનાશ થયો હોય, તેને હું ખમાવું છું. ઉલંઠપણે કર્મભૂમિ અંતરદ્વીપાદિને વિષે જે જીવોનો નાશ કર્યો હોય, દેવના ભવમાં પણ ક્રીડાના પ્રયોગથી કે લોભબુદ્ધિથી જીવોને દુઃખી કર્યા હોય, ભવનપતિના, વ્યંતર, જ્યોતિષના ભવમાં, તામસભાવમાં નિર્દયપણાથી જીવોને દુઃખી કર્યા હોય, આભિયોગિક દેવપણામાં પારકી રિદ્ધિ સમૃદ્ધિમાં ઈર્ષ્યા કરી, પરાભવ કર્યા તે સર્વ જીવોને હું ખમાવું છું.

ચારે ગતિના કોઈ પણ ભૂતકાળના ભવોમાં, કે આ ભવમાં મેં જીવોને માર્યા હોય, પ્રાણનો વિયોગ જાણતાં-અજાણતાં કર્યો હોય, દુઃખી કર્યા હોય તો તે સર્વને હું ખમાવું છું.

જે જે જીવો પ્રત્યે નાના-મોટા અપરાધો કર્યા. હે જીવો ! મધ્યસ્થ થઈ વેર મૂકી ખમો. હું પણ ખમું છું. આ સંપૂર્ણ જીવલોકમાં મારો કોઈ શત્રુ નથી. હું જ્ઞાન-દર્શન-સ્વભાવ-વાળો છું, એક છું નિત્ય છું. મમત્વરહિત છું. અરિહંત સિદ્ધ, સાધુ અને કેવલીકથિત ધર્મનું મને શરણ હોજો. તે જ માંગલિક હોજો, કર્મક્ષયના કારણ એવા પંચપરમેષ્ઠિનું મને ભવોભવ શરણ હોજો.

આ ખામણાં જીવોને ભાવશુદ્ધિ અને કર્મક્ષયનું મહાન કારણ છે.

# ૪. શ્રી સીમંધર જિન વિનંતિ

સુણ સીમંધર સાહિબાજી, શરણાગત પ્રતિપાલ,
સમરથ જગ જન તારવાજી; કર માહરી સંભાળ.
કૃપાનિધિ, સુણ મારી અરદાસ, હું ભવ ભવ તમારો દાસ,
કૃપાનિધિ તાહરો છે વિશ્વાસ, કૃપાનિધિ, પુરો અમારી આશ. કૃ... ૧

હું અવગુણ નો રાશિ છું, તિલ તુમ નહિ ગુણલેશ,
ગુણીની હોડ કરું સદાજી, એહિ જ સબલ કિલેશ. કૃ... ૨

મચ્છર ભયને લાલચેજી, કરતો ક્રિયા લેશ,
તે પણ પરજન રંજવાજી, ભલો ભજવ્યો વેશ. કૃ... ૩

છઠ્ઠા ગુણઠાણા ધણીજી, નામ ધરાવું રે સ્વામ,
આગમ વયણે જોવતાંજી, ન ગયો કષાય ને કામ. કૃ... ૪

રસના રામા ને રમાજી, એ ત્રણ પાતિક મુલ,
તેહની એક નિશ ચિંતના જો, કરતાં ભવ થયા થુલ. કૃ... ૫

વ્રત મુખમાં હે ઉચ્ચરીજી, દિવસ માંહિ બહુવાર,
તેહ તુરત વિસારતાં જી, નાણી શંકા લગાર. કૃ... ૬

ધુળિતણાં દેઉલ કરીજી, જિમ પાઉસમાં રે બાલ,
ખોભુસા મુખે એક વદેજી, તિમ વ્રતમાં કર્યા આલ. કૃ... ૭

આપ અશુદ્ધ પરને કરુંજી, દઉં આલોયણ શુદ્ધ,
મા સાહસ પંખી પરેજી, પાડુ ફંદે મુદ્ધ. કૃ... ૮

અછતાં ગુણ નિસુણી મનેજી, હરખું અતિ સુવિશેષ,
દોષ છતાં પણ સાંભળીજી, તસ ઉપરે ધરું દ્વેષ. કૃ... ૯

પરિભવ પર પરિવાદનાજી, પરે પરે ભાખું રે આપ,
નિજ ઉત્કર્ષ કરું ઘણોજી, એહિ જ મુજ સંતાપ. કૃ... ૧૦

નિશ્ચય પંથ ન જાણીયોજી, વ્યવહારિયો વ્યવહાર,
મન મસ્તે નિઃશંકથીજી, થાપ્યો અસદાચાર. કૃ... ૧૧

સમય સંઘયણાદિ દોષથીજી, નાવે શુકલ ધ્યાન,
સુહણે પણ નવિ આશ્યાજી, નિરાશંસ ધર્મ ધ્યાન. કૃ... ૧૨

આર્ત રૌદ્ર બહુ અહર્નિશેજી, સેવાકાર ખવાસ,
મિથ્યારાજા જિહાં હોયેજી, તૃષણા લોભ વિલાસ. કૃ... ૧૩

જિનમત વિતથ પરુપણાંજી, કીધી સ્વારથ બુધ્ધ,
જાડચપણાના જોરથીજી, ન રહી કોઈ શુધ્ધ. કૃ... ૧૪

હિંસા અલીક અદત્તશુંજી, સેવ્યા વિવિધ કુશીલ,
મમતા પરિગ્રહ મેળવીજી, કીધી ભવની લીલ. કૃ... ૧૫

અક્રિય સાથે જે કર્યાજી, તે નાવે તિલ માત્ર,
ભેદ અજ્ઞાન ટલે જેહથીજી, તે નહિ જ્ઞાનની વાત. કૃ... ૧૬

દર્શન પણ ફરસ્યા ઘણાંજી, ઉદર ભરણ ને કામ,
પણ તુમ તત્વ પ્રતીતશું જી, ન ધરું દર્શન નામ. કૃ... ૧૭

સુવિહિત ગુરુ બધ્ધે લોકનેજી, હું વંદાવું રે આપ,
આચરણા નહિ તેહવીજી, એ મોટો સંતાપ. કૃ... ૧૮

મિથ્યાદેવ પ્રશંસિયાજી, કીધી તેહની રે સેવ,
અહાછંદાના વયણનીજી, ન ટળી મુજને ટેવ. કૃ... ૧૯

કોરે ચિત્ત ચુના પેરેજી, ધર્મ કથા મેં કીધ,
આપ વંચી પર વંચિયાજી એકો કાજ ન સિધ્ધ. કૃ... ૨૦

રાતો રમણી દેખીને જી, જિમ અણનાથ્યો રે સાંઢ,
ભાંડ ભવૈયાની પરેજી, ધર્મ દેખાડું માંડ. કૃ... ૨૧

ક્રોધ દાવાનલ પ્રબલથી જી, ઉગે ન સમતા વેલ,
માન મહીધર આગળે જી, ન ચલે ગુણ નદી રેલ. કૃ... ૨૨

માયા સાપણ પાપિણીજી, મન બિલ મુકે રે નાંહિ,
કોમલ ગુણને તે દશેજી, લોભ વિલાસ અથાહ. કૃ... ૨૩

વસ્ત્ર પાત્ર જન પુસ્તકેજી, તૃષ્ણા કીધ અનંત,
અંત ન આવે લોભનોજી, કહું કે તો વૃતાંત. કૃ... ૨૪

ધર્મ તણે દંભે કર્યાજી, પૂર્યા અર્થ ને કામ,
તેહ થી ત્રણભવ કરીયાજી, બોધ હોવે વળી વામ. કૃ... ૨૫

કલ્પ્યા કલ્પ્ય વિચારણાજી, રાખી કોઈ ન શંક,
અનેષણીય પરિભોગથીજી, રુલ્યો ચઉગતિ જિમ રંક. કૃ... ૨૬

હવે તુમ ધ્યાન સનાથતાજી, આડો વાળ્યો રે આંક,
કરૂણા કરીને નિરખીયેજી, મત ગણજો મુજ વાંક. કૃ... ૨૭

મુજને કહેતા નાવડેજી, નાણે જે તુજ દીઠ,
હું અપરાધી તાહરોજી, ખમજો અવિનય ધીઠ. કૃ... ૨૮

તુમે જિમ જાણો તિમ કરોજી, હું નવિ જાણું રે કાંઈ,
દ્રવ્ય ભાવ સવિ રોગનાજી, જાણો સર્વ ઉપાય. કૃ... ૨૯

હું એક જાણું તાહરુંજી, નામ માત્ર નિરધાર,
આલંબન મેં તો કર્યુંજી, તિણથી લહું ભવપાર. કૃ... ૩૦

માતા સત્યકી નંદનોજી, રૂક્ષ્મણી રાણીનો કંત,
તાત શ્રેયાંસ નરેસરૂં જી, વિચરંતા ભગવંત. કૃ... ૩૧

ચિત્તમાં તે અવધારશોજી, તો એ કેટલીક વાત,
લહી સહાય તાહરી રે, પ્રગટે ગુણ અવદાત. કૃ... ૩૨

પરમ પુરુષ ! પરમ ગુરુજી, પ્રાણાધાર ! પવિત્ર,
પુરુષોત્તમ હિતકારકો જી, ત્રિભુવન જનના મિત્ર. કૃ... ૩૩

જ્ઞાન વિમલ ગુણથી લહોજી, મારા મનની રે હંસ,
પુરી શિશુ સુખિયો કરોજી, મુજ માનસ સર હંસ. કૃ... ૩૪

## ૫. આલોચના સ્તવન

બે કર જોડી વિનવું જી, સુણ સ્વામી સુવિદિત;
કૂડ કપટ મૂકી કરી જી, વાત કહું આપવીત;
કૃપાનાથ મુઝ વિનતિ અવધાર,
તું સમરથ ત્રિભુવનધણી જી, મુજને દુસ્તર તાર. કૃપા૦ ૧

ભવસાગર ભમતાં થકાં જી, દીઠાં દુઃખ અનંત;
ભાગ્યસંયોગે ભેટિયો જી, ભયભંજણ ભગવંત. કૃપા૦ ૨

જે દુઃખ ભાંગે આપણાં જી, તેહને કહિયે દુઃખ;
પરદુઃખભંજન તું સુણ્યો જી, સેવકને દ્યો સુખ. કૃપા૦ ૩

આલોયણા લીધા વિના જી, જીવ રૂલે સંસાર;
રૂપી લખણા મા સતી જી, એહ સુણો અધિકાર. કૃપા૦ ૪

દૂષમ કાલે દોહિલો જી, શુદ્ધ ગુરુસંયોગ;
પરમારથ પ્રીછે નહીં જી, ગડર પ્રવાહી લોક. કૃપા૦ ૫

તિણ તુંજ આગલ આપણા જી, પાપ આલોવું આજ;
માંય-બાપ આગલ બોલતાં જી, બાલકને નહીં લાજ. કૃપા૦ ૬

જિનધર્મ જિનધર્મ સહુ કહે જી, થાપે આપણી વાત;
સામાચારી જુદી જુદી જી, સંશય પડચાં મિથ્યાત. કૃપા૦ ૭

જાણ અજાણપણે કરી જી, બોલ્યાં ઉત્સૂત્ર બોલ;
રતને કાગ ઉડાવતા જી, હાર્યો જનમ નિંટોલ. કૃપા૦ ૮

ભગવંત ભાખ્યો તે કહાં જી, કિહાં મુઝ કરણી એહ;
ગજ પાખર ખર કિમ સહે જી, સબલ વિમાસણ તેહ. કૃપા૦ ૯

આપ પ્રરૂપ્યું આકરૂં જી, જાણે લોક મહંત;
પણ ન કરૂં પરમાદને જી, માસતુસ દૃષ્ટાંત. કૃપા૦ ૧૦

કાલ અનંતે મેં લહ્યાં જી, ત્રણ રતન શ્રીકાર;
પણ પરમાદે પાડિયા જી, કિહાં જઈ કરૂં પોકાર. કૃપા૦ ૧૧

જાણું ઉત્કૃષ્ટી કરૂં જી, ઉગ્ર કરૂં હું વિહાર;
ધીરજ જીવ ધરે નહીં જી, પોતે બહુ સંસાર. કૃપા૦ ૧૨

સહજ પડે મુજ આપણી જી, ન ગમે ભૂંડી વાત;
પરનિંદા કરતાં થકાં જી, જાયે દિન ને રાત. કૃપા૦ ૧૩

કિરિયા કરતાં દોહિલી જી, આલસ આણે જીવ;
ધરમપખે ધંધો પડચો જી, નરકે કરશે રીવ. કૃપા૦ ૧૪

અણહુંતાં ગુણ કો કહે જી, ત્યાં હરખું નિસદીસ;
કો હિતસીખ ભલી કહે જી, તો મન આણું રીસ. કૃપા૦ ૧૫

વાદ ભણી વિદ્યા ભણી જી, પરરંજણ ઉપદેશ;
મન સંવેગ ધર્યો નહીં જી, કિમ સંસાર તરીશ. કૃપા૦ ૧૬

સૂત્ર સિદ્ધાંત વખાણતાં જી, સુણતાં કરમ વિવાગ;
ક્ષણ એક મનમાંહિ ઉપજે જી, મુઝ મરકટ વૈરાગ. કૃપા૦ ૧૭

ત્રિવિધ ત્રિવિધ કરી ઉચ્ચરૂં જી, ભગવંત તુમ્હ હજુર;
વાર વાર ભાંગુ વલી જી, છૂટક બારી દૂર. કૃપા૦ ૧૮

આપ કાજે સુખ રાચતે જી, કીધી આરંભ કોડ;
જયણા ન કરી જીવની જી, દેવ દયા પર છોડ. કૃપા૦ ૧૯

વચનદોષ વ્યાપક કહ્યા જી, દાખ્યા અનર્થદંડ;
કૂડ કહ્યું બહુ કેલવી જી, વ્રત કીધું સત ખંડ. કૃપા૦ ૨૦

અણદીધું લીજે તરણું જી, તોએ અદત્તાદાન;
તે દૂષણ લાગ્યાં ઘણાં જી, ગણતાં નાવે ગાન. કૃપા૦ ૨૧

ચંચલ જીવ રહે નહીં જી, રાચે રમણી રૂપ;
કામ વિટંબણા શી કહું જી, તું જાણે તે સરૂપ. કૃપા૦ ૨૨

માયા-મમતામાં પડ્યો જી, કીધો અધિકો લોભ;
પરિગ્રહ મેલ્યો કારમો જી, ન ચડી સંયમ શોભ. કૃપા૦ ૨૩

લાગ્યા મુઝને લાલચે જી, રાત્રિભોજન દોષ;
મેં મન મૂકી મોકલું જી, ન ધર્યો ધરમ સંતોષ. કૃપા૦ ૨૪

ઈણભવ પરભવ દુહવ્યા જી, જીવચઉરાસીલાખ;
તે મુઝ મિચ્છામિ દુક્કડં જી, ભગવંત તારી સાખ. કૃપા૦ ૨૫

કરમાદાન પંદર કહ્યાં જી, પ્રગટ અઢારે પાપ;
જે મેં સેવ્યા તે હવે જી, બગસ બગસ માય-બાપ. કૃપા૦ ૨૬

મુઝ આધાર છે એટલો જી, સદ્દહણા છે શુદ્ધ;
જિનધર્મ મીંટઉ મન ગમે જી, જિમ સાકરસું દૂધ. કૃપા૦ ૨૭

રિષભદેવ તું રાજિયો જી, શેત્રુંજે ગિરિ સિણગાર;
પાપ આલોઆં આપણા જી, કર પ્રભુ મારી સાર. કૃપા૦ ૨૮

મર્મ એહ જિનધર્મનો જી, પાપ આલોયાં જાય;
મનસું મિચ્છામિ દુક્કડં જી, દેતાં દૂર પલાય. કૃપા૦ ૨૯

તું ગતિ તું મતિ તું ધણી જી, તું સાહિબ તું દેવ;
આજ્ઞા ધરૂં શિર તાહરી જી, ભવે ભવે તારી સેવ. કૃપા૦ ૩૦

**: કલશ :**

ઈમ ચડિય શેત્રુંજે ચરણ, ભેટ્યા નાભિનંદન જિનતણા,
કર જોડી આદિ જિણંદ આગે, પાપ આલોયાં આપણાં;
જિણચંદસૂર સૂરીશ સદ્ગુરુ, પ્રથમ શિષ્ય સુજસ ઘણે,
ગણિ સકલચંદ સુસીસ, વાચક સમયસુંદર ગુણ ભણે.૩૧

# ૬. સમાધિ વિચાર

આયુ અલ્પ નિજ જાણ કે, સમકિત દષ્ટિવંત;
દાન પૂણ્ય કરણા જીકે, નિજ હાથે કરે સંત. ૩૪૩

મહાવ્રતધારી મુનિવરા, સમ્યગ્જ્ઞાન સંયુક્ત;
ધારક દશવિધ ધર્મના, પંચ સમિતિ ત્રણ ગુપ્ત. ૩૪૪

બાહ્ય અભ્યંતર ગ્રંથિ જે, તેહથી ન્યારા જેહ;
બહુશ્રુત આગમ અર્થના, મર્મ લહે સહુ તેહ. ૩૪૫

એહવા ઉત્તમ ગુરુતણો, પૂન્યથી જોગ જો હોય;
અંતર ખુલી એકાંતમેં, નિશલ્ય ભાવ હોય સોય. ૩૪૬

એહવા ઉત્તમ પુરૂષનો, જોગ કદી નવી હોય;
તો સમકિતદષ્ટિ પુરૂષ, મહા ગંભીર તે જોય. ૩૪૭

એહવા ઉત્તમ પુરૂષ કો, આગે અપની બાત;
હૃદય ખોલ કે કીજીયે, મરમ સકલ અવદાત. ૩૪૮

જો જીવ ઉત્તમ જીકે, ભવભીરૂ મહાભાગ્ય;
એહવો જોગ ન હોય કદા, કહેણે કો નહી લાગ. ૩૪૯

અપના મનમેં ચિંતવે, દુષ્ટ કરમ વશ જેહ;
પાપ કરમ જે હોઈ ગયું, બહુવિધ નિંદે તેહ. ૩૫૦

શ્રી અરિહંત પરમાતમા, વળી શ્રી સિદ્ધ ભગવંત;
જ્ઞાનવંત મુનિરાજની, વલી સુર સમકિતવંત. ૩૫૧

ઈત્યાદિક મહા પુરુષકી, સાખ કરી સુવિશાલ;
વળી નિજ આતમ સાખશું, દુરિત સવે અશરાલ. ૩૫૨

મિથ્યા દુષ્કૃત ભલી પરે, દીજે ત્રિકરણ શુદ્ધ;
એણીવિધ પવિત્ર થઈ પછે, કીજે નિર્મળ બુદ્ધ. ૩૫૩

અવશ્ય મરણ નિજ મન વિશે, ભાસન હુવે જામ;
સર્વ પરિગ્રહ ત્યાગ કે, આહાર ચાર તજે તામ. ૩૫૪

જો કદી નિર્ણય નવી હુવે, મરણ તણો મન માંહી;
તો મરજાદા કીજીયે, ઈતર કાલકી તાહી. ૩૫૫

સર્વ આરંભ પરિગ્રહ સહુ, તીનકો કીજે ત્યાગ;
ચારે આહાર વલી પચખિએ, ઈણવિધ કરી મહાભાગ. ૩૫૬

હવે તે સમકિતદષ્ટિવંત, થિર કરી મન વચ કાય;
ખાટથી નીચે ઉતરી, સાવધાન અતિ થાય. ૩૫૭

સિંહ પરે નિર્ભય થઈ, કરે નિજ આતમ કાજ;
મોક્ષલક્ષ્મી વરવા ભણી, લેવા શિવપુર રાજ. ૩૫૮

જીમ મહાસુભટ સંગ્રામમાં, વૈરી જીતણ કાજ;
રણભૂમિ મેં સંચરે કરતા અતીહ દિગ્ ગાજ. ૩૫૯

ઈણવિધિ સમકિતવંત જે, કરી થિરતા પરિણામ;
આકુળતા અંશે નહી, ધીરજતણું તે ધામ. ૩૬૦

શુધ્ધ ઉપયોગમાં વરતતો, આતમ ગુણ અનુરાગ;
પરમાતમ કે ધ્યાનમેં, લીન ઓર સબ ત્યાગ. ૩૬૧

ધ્યાતા ધ્યેયની એકતા, ધ્યાન કરતા હોય;
આતમ હોય પરમાતમા, એમ જાણે તે સોય. ૩૬૨

સમ્યગ્દષ્ટિ શુભ મતિ, શિવસુખ ચાહે તેહ;
રાગાદિ પરિણામમેં, ખિણ નવિ વરતે તેહ. ૩૬૩

કિણ હી પદારથકી નહી, વાંછા તસ ચિત્ત માંહ,
મોક્ષલક્ષ્મી વરવા ભણી, ધરતો અતિ ઉછાંહ. ૩૬૪

એણી વિધ ભાવ વિચારતાં, કાળ પુરણ કરે સોય;
આકુળતા કીણ વિધ નહી, નિરાકુળ થિર હોય. ૩૬૫

આતમ સુખ આણંદમય, શાંત સુધારસ કુંડ;
તામે તે ઝીલી રહે, આતમવીરજ ઉદંડ. ૩૬૬

આત્મસુખ સ્વાધીન છે, ઓર ન એહ સમાન;
એમ જાણી નિજ રૂપમેં, વરતે ધરી બહુમાન ૩૬૭

એમ આણંદમાં વરતતાં, શાંત પ્રણામ સંયુક્ત;
આયુ નિજ પુરણ કરી, મરણ લહે મતિવંત ૩૬૮

એહ સમાધિપ્રભાવથી, ઈંદ્રાદિકકી ઋધ્ધિ;
ઉત્તમ પદવી તે લહે, સર્વ કારજકો સિધ્ધ ૩૬૯

મહાવિભૂતિ પાયકે, વિચરંતા ભગવાન;
વળી કેવળી મુનિરાજને, વંદે સ્તવે બહુમાન. ૩૭૦

સુરલોકે શાશ્વત પ્રભુ, નિત્ય ભક્તિ કરે તાસ;
કલ્યાણક જિનરાજના, ઓચ્છવ કરત ઉલ્લાસ. ૩૭૧

નંદીસર આદે ઘણા, તીરથ વંદે સાર;
સમકિત નિર્મળ તે કરે, સફળ કરે અવતાર. ૩૭૨

સુર આયુ પૂરણ કરી, તિહાંથી ચવીને તેહ;
મનુષ્યગતિ ઉત્તમકુલે, જનમ લહે ભવિ તેહ. ૩૭૩

રાજ્ય ઋદ્ધિ સુખ ભોગવી, સદ્‌ગુરુ પાસે તેહ;
સંજમ ધર્મ અંગીકરી, ગુરુ સેવે ધરી નેહ. ૩૭૪

શુદ્ધ ચરણ પરિણામથી, અતિવિશુદ્ધતા થાય;
ક્ષપકશ્રેણી આરોહીને, ઘાતીકરમ ખપાય. ૩૬૫

કેવળજ્ઞાન પ્રગટ ભયો, કેવળદર્શન ભાસ;
એક સમય ત્રણ કાલકી, સરવ વસ્તુ પરકાસ. ૩૭૬

સાદિ અનંત થિતિ કરી, અવિચળ સુખ નિરધાર;
વચન અગોચર એહ છે, કિણવિધ લહીયે ન પાર. ૩૭૭

મહિમા મરણ સમાધિનો, જાણો અતિ ગુણ ગેહ;
તિણ કારણ ભવિ પ્રાણિયા, ઉદ્યમ કરીએ તેહ. ૩૭૮

એણિવિધ મરણ સમાધિકો , સંક્ષેપે સુવિચાર;
દુહા ભાસ રચના કરી, નિજ પરને ઉપગાર. ૩૭૯

## ૭. શ્રી અમૃતપદ આરાધના સ્તવન

દુહા પરમ પુરુષ પરમાતમા પરમાનંદ પ્રધાન,
વંદૂ વિનય વિવેકથી વર્ધમાન ભગવાન. ૧

સમરી સારદ શારદા, પ્રણમી સદ્‌ગુરુપાય,
અમૃત પદ આરાધના, દાખું ભવિ હિતદાય. ૨

આલોવો અતિચારને સ્વીકારો વ્રત સાર,
સમભાવે સહુ જીવને, ખામો મૂકી ખાર. ૩

પાપસ્થાન પરિહરો, ચાર શરણ ચિત્તધાર,
નિંદો દુષ્કૃત દોષને, ત્રિકરણ જોગ સમાર. ૪

અનુમોદો સુકૃત સવિ, ભાવો ભાવ ઉદાર,
ઉત્તમ અનશન આદરો, સમરો શ્રી નવકાર. ૫

તરવા આ ભવ તોયધિ, વરવા પદ નિર્વાણ,
એ દશવિધ આરાધના ભાખે શ્રી ભગવાન. ૬

તે માટે ભવિજન તમે આણી મન ઉલ્લાસ,
કરજો એ આરાધના વરજો અક્ષરવાસ. ૭

**(ઢાળ - ૧ : રાગ - પાલીતાણા નગર સોહામણું)**

## (૧) અતિચાર આલોચન

જ્ઞાન દર્શન ચારિત્રને રે શ્રી તપ વીરજ સાર,
એ પાંચે આચારના રે આલોવું અતિચાર હો જીનજી
કિલષ્ટ કરમને કાપજો રે, શાંતિ હૃદયમાં સ્થાપજો રે. ૧

**જ્ઞાન - અતિચાર**

ઉચિત કાલ ઓલંઘીને રે, મૂકી વિનય બહુમાન,
વર ઉપધાન વહ્યા વિના રે, શીખ્યો હું શ્રુત જ્ઞાન. હો. ૨

અધ્યાપક ગુરુ ઓળવ્યા રે વર્ણ અર્થ વિપરીત
તદુભય પણ કૂડાં કહ્યાં રે લોપી જ્ઞાનની રીત. હો. ૩

શ્રુતજ્ઞાની નવિ સેવિયા રે દીધું નહીં તસ દાન
હોંશે કીધી હેલના રે, અથવા કર્યું અપમાન. હો. ૪

પાટી પુસ્તક પાટલી રે ખડીયા લેખણ ખાસ
સાધન જે શ્રુત જ્ઞાનના રે આશાતના કરી તાસ. હો. ૫

મતિ શ્રુતને અવધિ તથા રે મનપર્યવ વર જ્ઞાન
કેવલ જ્ઞાન તણી કરી રે, નિંદા મેં નિદાન. હો. ૬

ઈત્યાદિક અતિચારથી રે, આ ભવ પરભવ જેહ
કીધી જ્ઞાન વિરાધના રે, મિચ્છામિ દુક્કડં તેહ. હો. ૭

શંકા જિન સિદ્ધાંતમાં રે કુમતની કાંક્ષા કીધ
ફલનો સંદેહ સાધુની રે નિંદા દુગંછા કીધ. હો. ૮

મુઢ દષ્ટિપણે મોહિયો રે, દેખી કુમત પ્રભાવ
ગુણિજન ગુણ ગાયા નહીં રે આણી અંતર ભાવ. હો. ૯

સીદાતા સાધર્મિને રે, ધર્મે કર્યા નહીં સ્થિર
પ્રીતિ ભક્તિ પ્રભાવના રે, ન કરી ભવ દવનાર. હો. ૧૦

દેવ ગુરૂ આદિ દ્રવ્યની રે સાર સંભાળ ન લીધ
આશાતના અરિહાદિની રે જાણ અજાણે કીધ હો. ૧૧

ઈત્યાદિક અતિચારથી રે, આ ભવ પરભવ જેહ
સમકિત દર્શન ખંડિયું રે મિચ્છામિ દુક્કડં તેહ. હો. ૧૨

ઈર્યા ભાષા એષણા રે આદાન નિક્ષેપ ચાર
પારિઠાવણિયા પંચમી રે, સમિતિ વિરાધી સાર. હો. ૧૩

ગુપ્તિ મન વચ કાયની રે ખંડિત કીધી ખાસ
આ ભવ પરભવમાં વલી રે મિચ્છામિ દુક્કડં તાસ. હો. ૧૪

સૂરિ માણેક ગુણ ભંડાર રે વર્ધમાન વિશ્વેશ
આલોવું હવે આગલે રે વ્રત અતિચાર વિશેષ. હો. ૧૫

**(ઢાળ - ૨ : રાગ - સુખ દુઃખ સરજ્યા પામીયે)**

વસુધા વારિ વિભાવસુ રે વાયુ વનસ્પતિ જેહ
જીવ એકેન્દ્રિય દુભવ્યા રે મિચ્છામિ દુક્કડં તેહ

**ઓ તારક ત્રિશલાનંદન. તાર ૧**

કીટ કૃમિ ઘુણ કોડિયો રે, શંખ જળો મુખ જેહ,
જીવ બેઈન્દ્રિય પીડીયા રે, મિચ્છામિ દુક્કડં તેહ ઓ. ૨

કાન ખજુરા કુંથુઆ રે, જૂ માંકડ મુખ જેહ,
જીવ તેઈન્દ્રિય ત્રાસિયા રે, મિચ્છામિ દુક્કડં તેહ ઓ. ૩

મચ્છર ડાંસને માખિયા રે વીંછી ભ્રમરમુખ જેહ,
જીવ ચઉરિન્દ્રિય ચૂરિયા રે, મિચ્છામિ દુક્કડં તેહ ઓ. ૪

મીન હરણ કીર કુંડલી રે, નકુલ નરાદિક જેહ,
જીવ પંચેન્દ્રિય પીડીયા રે, મિચ્છામિ દુક્કડં તેહ ઓ. ૫

જુઠ વચન જે જલ્પિયા રે, પરધન હરિયાં જેહ,
મૈથુન સેવ્યા મોહથી રે, મિચ્છામિ દુક્કડં તેહ ઓ. ૬

પરિગ્રહ ભાર ઘણો ભર્યો રે, રાત્રિ જમીયો જેહ
ભૂરિ નિયમ લઈ ભાંગીયા રે, મિચ્છામિ દુક્કડં તેહ ઓ. ૭

ઈત્યાદિક અતિચારથી રે, આ ભવ પરભવ જેહ
ચારિત્રાચાર વિરાધિયા રે, મિચ્છામિ દુક્કડં તેહ ઓ. ૮

તપ વિધિપૂર્વક ના તપ્યો રે, બાહ્ય અભ્યંતર જેહ
તપ આચાર વિરાધીયા રે, મિચ્છામિ દુક્કડં તેહ ઓ. ૯

ધર્મક્રિયામાં ધૈર્યથી રે શક્તિ ન ફોરવી જેહ
વીર્યાચાર વિરાધીયા રે, મિચ્છામિ દુક્કડં તેહ ઓ. ૧૦

પાવન પંચાચારના રે આલોયા અતિચાર
વ્રત સ્વીકાર હવે વદુ રે, જિન માણેક જયકાર. ઓ. ૧૧

## (૨) વ્રત સ્વીકાર
## (ઢાળ - ૩ : રાગ - શ્રી રાજગૃહી શુભ ઠામ)

ધીરજ ધર મુનિવર પંચ મહાવ્રત ધારે રે
નિશા ભોજન અઘ સંચ દૂર નિવારે રે
શ્રદ્ધાપૂર્વક વ્રત બાર શ્રાવક સાધે રે
અરિહંતની આણ ઉદાર જે આરાધે રે. ૧

ધૂર સ્થૂલ પ્રાણાતિપાત વિરતિ ધરતા રે
સવા વિશ્વાની વિખ્યાત દયા અનુસરતા રે
બોલે નહીં પંચ અસત્ય મોટાં બીજે રે
તજતા પર વિત્ત અદત્ત સ્થૂલથી ત્રીજે રે. ૨

ચોથે સ્વસ્ત્રી સંતોષ પરસ્ત્રી ટાળે રે
પરિગ્રહ પરિમાણ અદોષ પંચમે પાળે રે
છઠ્ઠે દશદિશિ માન ગુણ વ્રત સજતા રે
ભોગોપભોગ પરિમાણ સાતમે ભજતા રે. ૩

આઠમે વલી અનરથ દંડ, ચઉ અપહરતા રે
સામાયિક શુદ્ધ અખંડ, નવમે કરતા રે
વ્રત દેશાવકાશિક દશમે વરતા રે
અગિયારમે પૌષધ પ્રેમ ધરી આદરતા રે. ૪

દ્વાદશમે મુનિને દાન ભાવથી દેવે રે
દ્વાદશ વ્રત મોક્ષ નિદાન ઈમ નિત સેવે રે

હું પણ શક્તિ અનુસાર વ્રત સ્વીકારું રે
અંતિમ જિન માણેક આણ શિર પર ધારું રે. ૫

## (૩) સર્વ જીવરાશિ ક્ષમાપન
## (ઢાળ - ૩ : રાગ - નેમિ જિનેસર વંદો રે શ્રી....)

પ્યારા ચેતન પામી પ્રબોધ, સકલ જીવ રાશિ ખમાવો
વ્હાલા વરજી વૈર વિરોધ મૈત્રી ભાવ મન ભાવો. પ્યારા...૧

કાઢી કુત્સિત કામને ક્રોધ લલિત સમતા દિલ લાવો પ્યારા...૨

પૃથ્વીપય વસુ પવનની સાત સાત લખ ધાર
પ્રત્યેક સાધારણ તરૂ દશ, ચઉદશ લાખ વિચાર. પ્યારા... ૩

બિ તિ ચઉરિંદ્રિય જીવની દો દો લાખ પ્રમાણ
ચઉ ચઉ લખ સુર નારકી તિરિ પંચેંદ્રિય તિમ જાણ. પ્યારા...૪

ચૌદ લાખ માનવ તણી ઈમ ચોરાશી લાખ
જીવાયોનિ જાણીયે રે સર્વજ્ઞ સિદ્ધાંત સાખ. પ્યારા...૫

સઘળાએ પ્રાણી વિશે રે હણ્યા હણાવ્યા જેહ
હણતાં જે અનુમોદિયા તુમે ત્રિવિધ ખમાવો તેહ પ્યારા...૬

સંઘ ચતુર્વિધ ખામીયે રે સાધુ સાધ્વી સાર
શ્રાવક શ્રાવિકા સવી રે જિનશાસન આધાર પ્યારા...૭

જનની જનક બાંધવ જની રે પુત્રાદિક પરીવાર
સગાં સંબંધી સર્વને તુમે ખામો તજી તકરાર પ્યારા...૮

સુરિ માણેક મહાવીરના રે પ્રેમે પ્રણમી પાય
કરતાં ઈણ વિધ ખામણાં આતમ આરાધક થાય. પ્યારા...૯

## (૪) અઢાર પાપસ્થાનક પરિહરો
## (ઢાળ - ૫ : રાગ - અરિહંત નમો વલી)

વિનયથી નમી વર્દ્ધમાનને પરિહરો હવે પાપ સ્થાનને
અખિલ જીવ હિંસાથી ઓસરો અનૃત વાક્ય નવ ઉચરો. ૧

વ્યસન ચોરીનું દૂર વારજો, વિષય વાસના ને વિદારજો
સવિ પરિગ્રહારંભ છંડજો, ખચિત ક્રોધ ને માન ખંડજો. ૨

માયા લોભ વૈરી નિવારજો દુઃખદ રાગને દ્વેષ દારજો
કલહ કલેશનું મૂળ કાપજો જુઠું આળ કોને ન આપજો. ૩

પૈશુન્ય મહાપાપને ધમો, રતિ અરતિ દોષને દમો
જરૂર ટેવ નિંદાતણી તજો, બમણો દોષ માયામૃષા તજો. ૪

નિવિડ શલ્ય મિથ્યાત્વ નિર્ગમો, પાપ સ્થાન એ અઢાર વમો
સરસ શીખ માણિક્યની સજો, વીર વિભુ ભજી મોક્ષે વ્રજો. ૫

## (૫) ચાર શરણ સ્વીકાર
## (ઢાળ - ૬ : રાગ - સ્વામીઓ એ વીર જિણંદ)

સિદ્ધિ વરવા તરવા આ સંસાર સમુદ્રથી રે
પાતક હરવા કરવા નિર્મલ મન પરિણામ રે
**ચેતન પ્યારા મ્હારા ચાર શરણ ચિત્તમાં ધરો રે** ૧

આદિ શરણ અરિહંતનું ભજિયે જે ભગવાન
સમવસરણમાં શોભતા મોક્ષ માર્ગ દેશી મહાન
પ્રાણી ઉપર આણી કરુણા ધર્મ પ્રકાશતા ઠામ
ધર્મ ધુરંધર શંકર પરમેશ્વર ગુણ ધામ. ચેતન...૨

સિદ્ધ શરણ બીજું સજો વરિયા જે નિજ રિદ્ધ
ધ્યાન ધનંજયથી ધમી સમસ્ત કર્મ સમિધ
પૂર્ણાનંદી પાવન પ્રભુ અપુનર્ભવ પદ પામ
અજ અજરામર અલખ, અગોચર આતમરામ. ચેતન...૩

ત્રીજું શરણ સાધુતણું કરિયે જે નિર્ગ્રંથ
મૂલોત્તર ગુણમ્હાલતા સાધે શિવપુર પંથ
શોભાગી વૈરાગી ત્યાગી શમ દમના ભંડાર
નિરભિમાની વરજ્ઞાની ધ્યાની નિષ્કામ. ચેતન...૪

ધર્મશરણ ચોથું ધરો, જે જગમાં જયકાર
કેવળ જ્ઞાનીએ કહ્યા ભવ્ય દયા ભંડાર
સંકટ ધાયક દાયક અક્ષય, શિવ સુખ સંપદ ઠામ
આખે ત્રિભુવન માણેક ત્રિશલાનંદન આમ. ચેતન...૫

## (૬) દુષ્કૃત નિંદા
## (ઢાળ - ૭ : રાગ - સંભવ જિનવર)

સિદ્ધારથ સુત સાહિબા રે જગદીશ્વર જિનરાય રે
અરિહા હવે તુમ આગલે નિંદુ દુષ્કૃત નિર્માય રે

જિન સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય રે, મુનિ આશાતના દુખદાય રે
કીધી મે મન વચ કાય રે, શાસન સ્વામી સાંભળો
**નિંદુ દુષ્કૃત નિર્માય રે...** ૧.

આગમ વચન ઉથાપિયારે, વિપરીત દેશના દીધ રે
ભોળા લોકને ભોળવ્યા મેં કુમત કદાગ્રહ કીધ રે
વહી મિથ્યાવાદ વિવિધ રે, અવગણીયા ગુરુગુણ ઈદ્ધ રે
પંથ નવીન કર્યા પ્રસિદ્ધ, શાસન... નિંદુ દુષ્કૃત... ૨

આરંભ કીધા આકરા રે બંધાવ્યા ઘરબાર રે
ખંડણ પીસણ રાંધણે, પ્રાણી વધનો નહીં પાર રે
અતિકુડ કપટ આગાર રે, ન્યાય વિરુદ્ધ વ્યાપાર રે
પોષ્યો નિજનો પરિવાર રે, શાસન... નિંદુ દુષ્કૃત... ૩

ખાંતે ખેતર ખેડિયાં રે, ખોદાવી ખૂબ ખાણ રે
ભૂરિ ભૂધર ભેદિયા પૃથિવીના પીડચા પ્રાણ રે
ઉપજાવ્યા સર ઉદપાન રે, ન્હાવણ ધોવણ નિદાન રે
જલ જીવના લીધા જાન રે, , શાસન... નિંદુ દુષ્કૃત... ૪

ભાડ ભુંજા ભાઠીગર રે, છીંપા સોની લુહાર રે
કુંભકાર ભવમાં કર્યા અગ્નિ આરંભ અપાર રે
ફુંક મારી મુખથી ઘણી રે, સજી વીંજણ ધમણ સંચાર
વાયુ જીવ હણ્યા વિસ્તાર રે, શાસન... નિંદુ દુષ્કૃત... ૫

માળી ભવે મેં રોપિયા રે, વૃક્ષ વિવિધ પ્રકાર રે
પાન ફુલ ફળ ચુંટિયાં, તેલી ભવ તલ સંભાર રે
એરંડા પીલ્યા ધરી પ્યાર રે વન દહન કીધા અપાર રે
હણ્યા વનસ્પતિ હદ પાર રે, શાસન... નિંદુ દુષ્કૃત... ૬

મૂઢ ભવે મેં મારિયા રે, જૂ મુખ જીવ હજાર રે
ગીરોલી ભવમાં ગળી, વળી માખીયો બેસુમાર રે
મંજારી જનમ મોઝાર રે, માર્યા ઉંદર અપરંપાર રે
હણ્યા દેડકા સર્પ ભવે રે, શાસન... નિંદુ દુષ્કૃત... ૭

રીંછ મયુરાદિને ભવે રે હિંસા કરી અસરાલ રે
શાર્દૂલ સિંહતણેભવે, મેં ફાવતી મારી ફાલ રે
કેઈ જીવના આણ્યા કાલ રે, કોટવાળ ભવે વિકરાળ રે
દુઃખ બંદીને દીધાં વિશાળ, શાસન... નિંદુ દુષ્કૃત... ૮

પારધી ભવમાં પીડિયા રે, જંગલમાં મૃગ જાત રે
માછી ભવે મચ્છ મારિયા, ચીડીમાર ભવે દિન રાત રે
સંહાર્યા ચકલા સમૂહ રે, ખાટકીના ભવે પ્રસિદ્ધ રે
ઘણાં જીવના કીધા ઘાત રે, શાસન... નિંદુ દુષ્કૃત... ૯

સુભટ ભવે સંગ્રામમાં રે, માર્યા માણસ વાર રે
ભૂત પિશાચ તણે ભવે નિત સંતાપ્યા નરનાર રે
પરમાધામી ભવ ધાર રે, કરી પુષ્કળ શસ્ત્ર પ્રહાર રે
નારકી પીડ્યા નિરધાર રે, શાસન... નિંદુ દુષ્કૃત... ૧૦

અભક્ષ કંદ આહારિયા રે, કીધાં મદિરા પાન રે
વ્યભિચાર અતિ આચર્યા ગાળ્યા ગર્ભ હણ્યાં સંતાન રે
ધર્યું અહનિશ આરત ધ્યાન રે, કર્યું ઉત્તમ જન અપમાન રે
વાર્યા કેઈ દેતા દાન રે, શાસન... નિંદુ દુષ્કૃત... ૧૧

થાપણ પરની ઓળવી રે, તીવ્ર પડાવ્યા ત્રાસ રે
કૂટ સાખ ભરી કોરટે રે, ખોટા સમ ખાધા ખાસ રે
પર દૂષણ કીધાં પ્રકાશ રે, બાળ્યાં ગામ નગર નિવાસ રે
કર્યા શોક રૂદન કંકાસ રે, શાસન... નિંદુ દુષ્કૃત... ૧૨

ઈર્ષ્યા રાખી અંતરે રે, દીધાં કૂડાં કલંક રે
વિશ્વાસ ઘાત કર્યા વળી, ઉપજાવી અતિ આતંક રે
વિણ વાંક રડાવ્યા રંક રે, નિંદ્યા ધરમી નિઃશંક રે
પરિપૂર્ણ ઉપાર્જ્યા પાપ રે, શાસન... નિંદુ દુષ્કૃત... ૧૩

આ ભવ પરભવ આચર્યા રે, પાપ એમ અનંત રે
દેવ ગુરુ સાખે સવિ, તે નિંદુ ગરહું તંત રે
માટે મહાવીર મહંત રે, કરુણા કરી કરુણા વંત રે
ઉગારો મને અરિહંત રે, શાસન... નિંદુ દુષ્કૃત... ૧૪

માયા મમતા મોહથી રે, હળ મુશળ હથિયાર રે
ધન અધિકરણ ઘડાવિયાં, તે ત્રિકરણ જોગ સમાર રે
વોસિરાવું વારંવાર રે જિન માણેક જગદા ધાર રે
હવે તાર તાર મુજ તાર રે, શાસન... નિંદુ દુષ્કૃત... ૧૫

## (૭) સુકૃત અનુમોદના
### (ઢાળ - ૮ : રાગ - શ્રી વસુપૂજ નરીંદનો રે નંદન)

જિનગૃહ જિનપ્રતિમા જિનઆગમ સંઘ ચતુર્વિધ સાર
ધર્મક્ષેત્રમાં વાવ્યું નિજધન ન્યાયાર્જિત નિરધાર.

કલ્યાણ વિતરણી ધન ધન કરણી તે માહરી
ભવસાગર તરણી ધન ધન કરણી તે માહરી
નિર્વાણ નિસરણી ધન ધન કરણી તે માહરી.

દાન સુપાત્રે જે મેં દીધું પાળ્યું શીલ પ્રધાન
ઈચ્છા રોધે તપ આદરિયો ભાવ્યો ભાવ મહાન. કલ્યાણ...૧

પરમેષ્ઠિ સમરણ જિનપૂજન સાધુ નમન શ્રીકાર
પાવન પ્રવચન શ્રવણ પ્રમુખ જે સેવ્યો શુદ્ધાચાર. કલ્યાણ...૨

નિરુપમ જિનવર સિદ્ધ નિરંજન સૂરિ પાઠક શ્રુતવાન
સંયમી સાધુ સાધર્મિકનું, બહુલ કર્યું બહુમાન. કલ્યાણ...૩

શ્રી શત્રુંજય સમેત શિખર વર, અર્બુદ ગિરિ ગિરનાર
તારંગાજી આદિ તીરથની, જાત્રા કરી જયકાર. કલ્યાણ...૪

ષડ્ આવશ્યક સદ્ગુરુ સેવન, પોષધ વ્રત પચ્ચક્ખાણ
કોડે સામી વચ્છલ કીધાં, દીધાં કુરુણા દાન. કલ્યાણ...૫

ઈત્યાદિક સુકૃત અનુમોદન કરીયે વારંવાર
સૂરિ માણેક મહાવીર સમરીયે, વરિયે સુખ વિસ્તાર. કલ્યાણ...૬

## (૮) શુભ ભાવ ધરણં
### (ઢાળ - ૯ : રાગ - પાલીતાણા નગર સોહામણું)

વસ્તુ સ્વરૂપ વિચારીને રે,
શ્રદ્ધા સંવેગ સુધારીને રે, શુભ ભાવ સજો...

સુખ દુઃખ કારણ કર્મ શુભાશુભ, કહિયે અવર ન કોય
ઈમ જાણી સમતા દિલ આણી, કહિયે સુખ દુઃખ સોય.
વિરુદ્ધ વિકલ્પ વિસારીને રે, શ્રદ્ધા સંવેગ...૧

પુદ્ગલથી ન્યારો તું પ્રાણી, સહજાનંદ સ્વરૂપ
પુદ્ગલ સંયોગે દુઃખ પાવે, ચેત ચેત ચિદ્રુપ
જ્ઞાન વિવેક વધારીને રે, શ્રદ્ધા સંવેગ...૨

કંચુક તજતાં જિમ કંચુકી વિણસે નહીં કોઈ વાર
શરીર તજતાં તેમ શરીરી નો વિણસે નિરધાર
ઉક્તિ એ ચિત્ત ઉતારીને રે, શ્રદ્ધા સંવેગ...૩

ઉપજે વિણસે આપસ્વભાવે, સર્વ વસ્તુ સમુદાય
કર્તા ભોક્તા તેનો નહીં કોઈ, નિશ્ચયથી નિરખાય
માટે મમતા મારીને રે, શ્રદ્ધા સંવેગ...૪

પુણ્ય થકી શુભ ગતિ યુગ પામે, પાપથી દુર્ગતિ થાય
ચાર ગતિ ચૂરે જબ ચેતન, તવ પંચમી ગતિ જાય
જલ્પે ઈમ જિન ગણધારી રે, શ્રદ્ધા સંવેગ...૫

હું મારું જ્યાં સુધી હૈયે, ત્યાં સુધી છે બંધ
મનમાંથી હું મારું મટતાં મુક્તિ વધૂ સંબંધ
એ જિન વચન અવધારીને રે, શ્રદ્ધા સંવેગ...૬

દાન શીલ તપ જ્ઞાન દયાદિ નિયમ ક્રિયા નિઃશેષ
ભાવ વિના શિવ ફળ નવ આપે, જલ્પે વીર જિનેશ
સૂરિ માણેક શિવ સુખકારી રે, શ્રદ્ધા સંવેગ...૭

## (૯) અનશન કરણં
## (ઢાળ - ૧૦ : રાગ : બાબાજી વિતનડી અવધારો)

હવે અમૃત પદ આરાધવા, પામી અવસર પરમ પ્રધાન
વિચારીને વિધાન,અણસણ અવધારીયે... ૧

શુભ ભાવે કરી સંલેખના, પચખીજે ચાર પ્રકાર
સર્વથી સવિ આહાર, અણસણ અવધારીયે... ૨

નિર્જર નર તિર્યંચ નારકી, ગતિ ચારમાં વારંવાર
સુલભ છે આહાર, અણસણ અવધારીયે... ૩

પણ અતિ દુર્લભ છે પ્રાણીને પ્રિય અણસણનો પરિણામ
ધીરજ ગુણનું ધામ, અણસણ અવધારીયે... ૪

જીવે અશન કર્યા મેરુ જેટલાં, પણ તૃપ્તિ ન પામ્યો લગાર
હૃદયની મોઝાર, અણસણ અવધારીયે... ૫

તેથી અશન તણી લાલચ તજી, સજી સમતા જ્ઞાન સુરંગ
અધિક અધિક ઉમંગ, અણસણ અવધારીયે... ૬

ધન્ય ધન્ય ધના શાલીભદ્ર, વળી ખંધક મેઘકુમાર
ઉત્તમ તે તે અણગાર, અણસણ અવધારીયે... ૭

પાળી અણસણ સુરગતિ પામ્યા, એક માનવ ભવ લહી એહ
જશે તે મોક્ષ રૂપ ગેહ, અણસણ અવધારીયે... ૮

જગ માણેક વીર જિણંદને નમી નિર્મલ મન વચ કાય
લલિત લય લાય, અણસણ અવધારીયે... ૯

ઈણ અણસણ જે અવધારે તે વરે અમૃત પદ તાર
આનંદ પામે ઉદાર, અણસણ અવધારીયે... ૧૦

## (૧૦) શ્રી નમસ્કાર મંત્ર સ્મરણ

## (ઢાળ - ૧૧ : રાગ - મંત્ર જપો નવકાર - પ્રાણી મંત્ર)

સર્વ મંત્ર શિરદાર સનાતન અર્હન્ મત આધાર
મહામંત્ર નવકાર સમરીયે મહામંત્ર નવકાર.

કષ્ટ વિદારણ મંગલ કારણ વારણ વિઘ્ન હજાર
દુર્ગતિ દારણ સદ્‌ગતિ ધારણ તારણ ભવ કૂપપાર. સમરીયે ૧

પાપી પ્રાણી પણ મન આણી નિસુણે જો નવકાર
પાતક વામે પ્રાંતે પામે અમર ગતિ અવતાર. સમરીયે ૨

ભીલ ભીલડી પ્રશમાનંદી સમરી શ્રી નવકાર
રાજા રાણી થઈ ગુણ ખાણી વિલસે સુખ વિસ્તાર. સમરીયે ૩

રાયસિંહ નર નાયક સુંદર રત્નવતી તસ નાર
સુરપદ પાવે નર ભવ દાવે મોક્ષ જશે નિરધાર. સમરીયે ૪

અરિહા પાર્શ્વે સેવક મુખે સંભળાવ્યો નવકાર
તારા પ્રભાવે તે સર્પ થાવે ધરણેન્દ્ર ઉદાર. સમરીયે ૫

હસ્તિ મહાવ્રત સુરપદ પાવતા જપતાં શ્રી નવકાર
ઈમ નવકારે ઈણ સંસારે ઉધર્યા પ્રાણી અપાર. સમરીયે ૬

એ આરાધન ભવ દુઃખ બાધન, શિવસુખ સાધન સાર
જલ્પે શ્રીધર વીર જિનેશ્વર, સુરિમાણેક સુખકાર. સમરીયે ૭

(ઢાળ - ૧૨ : રાગ - આવો જમાઈ રાજ જમતા રે)

જય વીતરાગ જગત ગુરુ જિનવર વર્ધમાન ભગવાનજી
પુણ્યે હું તુજ શાસન પામ્યો મોક્ષ સુખ નિદાનજી. ૧

તું મુજ સ્વામી હું તુજ સેવક પ્રાણી ગણ પ્રતિપાલજી
કરુણા કર કરુણા કરી લીજે સેવકની સંભાળજી. ૨

પ્રભુ મુજ હોજો તુજ પ્રભાવે ભવ નિર્વેદ સહાયજી
ધૃતિ શ્રદ્ધા આલ્હાદ જિજ્ઞાસા જ્ઞપ્તિ ધર્મ ઉપાયજી. ૩

અભ્યુત્થાન વિનયને ઓજસ્ સદ્ગુરુ સેવા સારજી
શુદ્ધ પ્રરૂપકતા ગુણ સુંદર આભવ અચલ ઉદારજી. ૪

નિયાણું તુજ સમય નિવાર્યું તો પણ દેવાધિદેવજી
ભવભવ મુજ તુજ ચરણની ભક્તિ હોજો હિત કર હેવજી ૫

ક્લિષ્ટ કર્મ ક્ષય સરસ સમાધિ બોધિ લાભ શિવ બીજજી
એટલું તુજ પદ પ્રણમી યાચું નહીં પર ચીજજી. ૬

સૂરિ માણેક સર્વજ્ઞ શિવંકર, ચોવિશમા જિનચંદજી
માનવ જન્મ કૃતાર્થ હુઓ મુજ, ગાતાં તુજ ગુણ વૃંદજી. ૭

## (૮) પ્રાચીન આરાધના સ્તવન

(આ સ્તવન પાસચંદ મુનીશ્વરનું (સં. ૧૫૯૨ મા) રચેલું છે. તેમાં સમાધિ મરણને આશ્રીને ૧૬ અધિકારોનું વર્ણન છે. પ્રાચીન ગુજરાતીને અહીં વર્તમાન ભાષાનુસાર ગોઠવીને મુકેલું છે. તેમાંથી મહત્ત્વના કેટલાક અધિકાર લીધા છે.)

### ચોપાઈ

શ્રી જિન ચરણ પ્રણમિસુ, સુગુરુ નામ હૃદયે સમરિસુ
કહિસુ સંક્ષેપે આરાધના ભવિક જીવ સુખ સાધના. ૧

ઉત્તમ નર જે કરે ત્રિકાલ, એ આરાધન ગુણ સુવિશાલ
વિનય સહિત બે જોડી હાથ, છળી શકે ન તેહને કાલ. ૨

જીવિતવ્યની મ કરિસ આશ, એ ભગવંતે કહ્યું અસાસ
ક્ષણ ક્ષણ આવે ક્ષણ ક્ષણ જાય, જતન કરંતા સ્થિર નવિ થાય. ૩

જન્મ મરણ અનંતીવાર, કીધાં કાંઈ ન આવ્યું પાર
આરાધન શુદ્ધ નવિ કરી, તેણે ન પામી નિવૃત્તિપુરી. ૪

દુર્લભ લહી માણસ ભવસાર, ઉત્તમ શ્રાવક કુલ અવતાર
જિનધર્મ ગુરૂ મુખ સુણિઓ, તેહથી અવિરતિ પણું ટળીયો. ૫

વિરતિપણાનું એહ પ્રમાણ, મરણ સાધિ સાધુ અવસાણ
એટલું કીધું સફળ સહુ, એહ અધિકસું કહિયે બહુ. ૬

એમ ચિંતવી આરાધના કરું, સુગુરુ વચન નિજ હૃદયે ધરુ
પહેલે કરીએ સંલેખના, ચાર કષાયની પ્રતિષેધના. ૭

## (૨) આલોચના

હવે ગુરૂ ગીતાર્થની સાખી, જિનવર વચને શુદ્ધમન રાખી
આલોવું જે લાગા પાપ, તે મન જાણે આપે આપ. ૧

નિયાણું માયાને મિથ્યાત્વ, શલ્ય કરે તપ સંયમ ઘાત
તે નિઃશલ્ય થઈ ખામીએ, ગુરૂપદ યુગલે સીસ નામીયે. ૨

દંસણ નાણ ચરણ તપ બાર, વીર્ય પંચમના આચાર
અતિક્રમ વ્યતિક્રમ જેહ અતિચાર, આલોવું તે કરી વિચાર. ૩

હણ્યાં પ્રાણ મુખે બોલ્યાં આલ, પરધન પરરમણી બહુ ઢાલ
પરિગ્રહ કારણે કીધા દ્રોહ, પર વંચ્યા કીધો બહુ લોભ. ૪

ગુપ્ત પ્રગટ લાગા અપરાધ, જેહથી ગતિ હુઈ અગાધ
વીસર્યા તણાં જે ન શકું ભાખી, તે આલોવું અરિહંત સાખી. ૫

દુહા પાપ પડિક્કમિ પડિવહુ, ગુરુદત્ત પ્રાયશ્ચિત
એ જલે પ્રક્ષાલિ મલ, કરીશું નિર્મલ ચિત્ત. ૧

વિણ આલોયણ પ્રાણીયા, ન લહે ધર્મસુ ચંગ
શિવપથ ઈમ જીવ તું કહે કિમ લાગે રંગ. ૨

ફલસુ ભૂમિ જીમ કેવટી આપે વાવ્યું બીજ
તિમ શુદ્ધિ આલોયણે સમકિત સફલ સહીજ. ૩

એણે કારણ આલોચી કરી, અજુઆલું સમકિત
શુદ્ધ દેવ ગુરુ ધર્મસું, એહજ ત્રણ છે તત્વ. ૪

## (૪) બાર વ્રત

દુહા હવે અણુવ્રત પંચ કહું શ્રાવક ગુણવ્રત તિન
શિક્ષાવ્રત ચારે મલી બારહ સમરું મન. ૧

સર્વથી પાળે સંયતી, મહાવ્રત તેહ કહાય
દેશ થકી પાળે ગૃહી, પંચ અણુવ્રત થાય. ૨

ગુણવ્રત એહને ગુણ કરે, શિક્ષા ઈત્તર કાલ
પ્રાણી સંબલ પરભવે બારહ વ્રત સંભાલ. ૩

**ઢાળ - (રાગ - જગપતિ નાયક)**

નરવર નિરપરાધ જે થૂલ, સંકલ્પી નિર્દયપણે એ
નરવર અણુવ્રતી દયામૂલ, પહેલે પ્રાણ તે નવિ હરુએ. ૧

નરવર સ્થુલ મૃષા પરિહાર, સ્થુલ અદત્ત નિદારીએ
નરવર શીલ વિચાર પરિગ્રહ નિરતિ તે પંચમે એ. ૨

નરવર છઠ્ઠે દિશિનું માન, સાતમું વ્રત હવે ચિંતવું એ
નરવર ભોજન કર્માદાન, ભોગોપભોગ સંક્ષેપીએ. ૩

નરવર આઠમે અનર્થદંડ, ચાર પ્રકારે એ ટાલીએ રે
નરવર સમતા ભાવે અખંડ, નવમે સામાયિક પાળીએ. ૪

નરવર દશમે ચૌદ નિયમ, દિવસ રાત્રી પ્રતિ ઉચરું એ
નરવર વળી વિશેષે દિશિ સીમ, સંક્ષેપી હિયડે ધરુંએ. ૫

નરવર પૌષધ ચાર પ્રકાર, આહારાદિક આદરીએ
નરવર પર્વે તસ અતિચાર, ટાળું પાળું સંવત્સરીએ. ૬

નરવર પાત્રે શુદ્ધ આહાર, દીજે અવસર ઓળખીએ
નરવર બારમું વ્રત એ સાર, સંવિભાગ આગમે લિખીએ. ૭

નરવર એણી પરે વ્રત બાર સુગુરુ સાખે મે આદરીય
નરવર જાવજ્જીવ આધાર, ભવજલ પડતાં એ ગણીય. ૮

નરવર ચારિત્ર ન શકું પાળી, તેહ તણો રંજ ઘણોએ
નરવર ભાવ અતિ રહ્યા જેહ, અનુમોદન તસ ગુણ તણુએ. ૯

## (૫) ૧૮ પાપસ્થાનક વોસિરાવવા

નરવર પાપસ્થાનક અઢાર, તેહ હવે વોસિરાવસું એ
નરવર જીવને એહજ ભાર, ટાળી હળવા થાઈસું રે. ૧

નરવર હિંસા મૃષા અદત્ત, મેહુણ પરિગ્રહ ક્રોધ માન
નરવર માયા લોભ ચિત્તરાગ, દોષ કલહ પરિહરિયે. ૨

નરવર અભ્યાખ્યાન બહુ દોષ, અરતિરતિ તહ પૈશુનપણું
નરવર પરપરિવાદ મોસ-માયા સહિત એ પાપ ઘણું. ૩

નરવર મિથ્યાત્વ શલ્ય અઢાર, પાપ સ્થાનક વોસિરિયે
નરવર કિમ લહીએ ભવપાર, જો એહસું સંગતિ કરીયે. ૪

નરવર ભમ્યો અનંતીવાર, ભમીભમી ચઉગતિ દુસહીય
નરવર કોઈએ ન કીધી સાર, શ્રી જિણવર આણા રહીય. ૫

નરવર હવે માનવ ભવસાર, કર્મ યોનિ હું પામીયો રે
નરવર શુધ્ધ સમકિતસાર, શીશ ગુરુપદે નામીયો રે. ૬

નરવર અંતરંગિ અઢાર, અઢાર વૈરી મેં જાણીયા એ
નરવર ત્રિવિધે પરિહાર, કરી પહોંચ્યા પ્રાણીયા એ. ૭

## (૬) ચાર શરણ

દૂહા શબલ શત્રુ ગણી ત્રાસવ્યું શુરા શરણે જાય
ભય ટાળી પાર ઈમ પડી, સહી તે સુખીઓ થાય. ૧

તેમ હું અરિથી બીવું, ગિરૂઆ શરણ કરીશ
તેહ તણો ભય ટાળવા, મહામંત્ર સમરીશ. ૨

વજ્રતણે પંજર વસે, તેહને કેવી બીક
એમ જાણીને જીવડા, કર શરણું નરસીહ. ૩

### ચોપાઈ

રાગદોષ અરિહણ અરિહંત, અષ્ટકર્મ અરિહણ અરિહંત
વિષય કષાય અરિહણ અરિહંત, શરણ કરું તે શ્રી અરિહંત. ૧

કેવલ દંસણ કેવલ નાણ, પ્રમુખ અનંત ગુણ તણા નિધાન
જિનશાસન નાયક જયવંત, શરણ કરું તે શ્રી અરિહંત. ૨

વિજયવંત સીમંધર સ્વામ, જાય પાપ જસ લીધે નામ
કર્મખપી કરસે ભવ અંત, શરણ કરું તે શ્રી અરિહંત. ૩

કુમત મતંગજ સીહ સમાન, જેણે ઝટ જીત્યું અભિમાન
ત્રિભુવન એહ સમ કોઈ ન સંત, શરણ કરું તે શ્રી અરિહંત. ૪

કેવલ સિધ્ધિ જે જીવસરૂપ, તિહાં ન કાંઈ રેખ ન રૂપ
અકલ અલક્ષભેદ જેહતણું, મુઝને શરણ તે સિધ્ધ તણું. ૫

લોકાગ્રે જેહની સ્થિતિ કહી, કર્મખપી ઉત્તમ ગતિ લહી
આવાગમન નહીં જેહ તણું, મુઝને શરણ તે સિધ્ધ તણું. ૬

વર્ણ ગંધ રસ સ્પર્શ સંસ્થાન, પાંચ-બે-પાંચ-આઠ પંચ પ્રમાણ
જે સ્ત્રી-નર-નપું એક નવિ ગણું, મુઝને શરણ તે સિધ્ધ તણું. ૭

નવિ કાયા નવિ પુનરવતાર, સંગ તણો નવિ કોઈ પ્રકાર
વિસ્તાર પ્રવચને જેહનો ઘણો, મુઝને શરણ તે સિધ્ધ તણું. ૮

એણીપરે ભાખ્યા ગુણ એકત્રીશ, જોગી નામ જપે સુજગીશ
અનંત સુખનું ઠામ જે ભણું, મુઝને શરણ તે સિધ્ધ તણું. ૯

મૂળ નિકંદે ભવ દુઃખ કંદ, એમ જે પામ્યા પરમાનંદ
જેહનું નામ ભવભંજણતણું, મુઝને શરણ તે સિધ્ધ તણું. ૧૦

ત્રિભુવન આધારણ ખંભ, દુર્લભ લંભ જસ સુલહ સુબંભ
પંચમંગલ પરિપદ જે તણું, મુઝને શરણ તે સિધ્ધ તણું. ૧૧

દુર્ધર પંચમહાવ્રત ભાર, ચાલે તપ કરવતની ધાર
ચરણ કરણ ગુણ નિધિ જેહ, શરણ કરું તે હું શ્રી સાધુ. ૧૨

નિર્મલ જસ નવ કલ્પ વિહાર, અઢાર સહસ શીલાંગના ધાર
નવિ લગાડે જે અપરાધ, શરણ કરું તે હું શ્રી સાધુ. ૧૩

ચૌદ પૂર્વને અંગ અગ્યાર, ભણે જે પાલે પંચાચાર
ટાળે જીવતણી આબાધ, શરણ કરું તે હું શ્રી સાધુ. ૧૪

ક્ષીરાસવ મહુઆસવ સાર, પ્રમુખ લબ્ધિ સાગર અણગાર
ગંભીર એમ ગુણ જલધિ અગાધ, શરણ કરું તે હું શ્રી સાધુ. ૧૫

જે જગે આચારજ ઉવઝાય, આપ સમાન રખે છ કાય
સાધુ સરણ સહ સાહુણી લીધ, શરણ કરું તે હું શ્રી સાધુ. ૧૬

કેવલિ ભાષિત કરૂણા મૂલ, ઉપશમ કુમત તણું પ્રતિફળ
તેહનો આદિશ સમકિત મર્મ, શરણ કરું તે શ્રી જિનધર્મ. ૧૭

ઉત્તમ મંગલ ત્રિભુવન એહ લોકમાંહે ઉત્તમ પણ એહ
એહ થકી ત્રુટે સવિ કર્મ, શરણ કરું તે શ્રી જિનધર્મ. ૧૮

અકિરિય કિરિય વિનય અન્નાણ, ત્રણસેત્રેસઠ પાખંડી ઠાણ
એહ થકી જ સુમોટુ મર્મ, શરણ કરું તે શ્રી જિનધર્મ. ૧૯

શુદ્ધ અનુત્તર સા ચઉપંથ, નૈયાયિક પ્રવચન નિર્ગ્રંથ
જાસે જસ વજ્રમય વર્મ, શરણ કરું તે શ્રી જિનધર્મ. ૨૦

સુરનરના સુખ સહુ એ લહે, જે તે ધર્મક્રિયા મન વહે
જસ આદરાણે સહી શીવશર્મ, શરણ કરું તે શ્રી જિનધર્મ. ૨૧

દુહા ચાર શરણ એમ મેં કર્યા, તો હવે હુવો નચિંત
સહુ વૈરી ભય ટાળીયાં આવ્યા ભવ દુઃખ અંત. ૧

એણે અવસર જઈએ રે, જો પામી શરણા ચાર
તો બહુ ભવ દુઃખ અંત લહી, ભમીએ નહીં સંસાર. ૨

હવે જે મેં દુષ્કૃત કર્યા, આ કે પૂર્વ જન્મે
નિંદુ ગર્હુ તે સહુ ચિત્ત લગાડી ધર્મે. ૩

## (૭) દુષ્કૃત ગર્હા
## (રાગ : નારે પ્રભુ નહીં માનુ)

ભવેભવે ભમતે એણી પ્રાણીએ સબલ કર્મ એ બંધી તાણીએ
કર્યા કર્મ જે કે તે નિંદીયે, કરીય મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૧

તજી સુદેવ કુદેવ આરાધીયા કુગુરુ સેવી સુગુરુ વિરાધીયા
કુમત ભાખ્યા તે મે નિંદીએ, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૨

મેં અજાણપણે શ્રુત અવગણ્યા, વચનકેવલી છદ્મસ્થ સમભણ્યા
કલ્પ વૃક્ષ સમા જિનાગમ નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૩

તજી સંવર આશ્રવ આદર્યા, સુકુન જોઈને આરંભ બહુ કર્યા,
ધનુષ કામ કુશાસ્ત્ર તે નિંદીયે, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૪

ભરત નાટક લક્ષણ ગુણ ગ્રહ્યા, ઈમ ભણી ત્રિગારવ બહુ વહ્યા
ત્રિવિધ ત્રિવિધ તે મેં નિંદીયે, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૫

ચાર ભેદે સંઘ નિંદા કરી, વિવિધ ભણ્યો અવગુણ મન ધરી
જે મેં ભોળપણે તે નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૬

જીનઘર જીનબિંબ વિરાધના, કળશ પુસ્તક વિક્રય સાધના
કીઓ અનાદર તે મેં નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૭

કરી પ્રમાદ અસૂત્રજી ભાષીઓ, અલિક કીધું વિણ સાખીઓ
વિધિ ઉત્થાપી તે મેં નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૮

ચરણ દંશણ નાણ અતીચર્યા, નવિ આલોઈ હલૂયા પણ કર્યા
શઠ પણે તે સવિ મે નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૯

વિતથ ભાવ ઈમ ધર્મની મતીએ, અધર્મ કીધ અસાધુ સંગતિએ
નવિ જે સંભરીય તે નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૧૦

કરભ હય ગય ગો વૃષભ નરા, તેહતણા વસ્ત્ર ધન મંદિરા
મેં ભજ્યા અધિકરણ તે નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૧૧

નગર ગ્રામ જે આગર પટણા, નિગમ ખંડ મડંબ જે ઘણાં
જેહ કરી પ્રભુતા તે નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૧૨

તરુ તંબ સીસગ હેમના, રજત આગર ધમીયા લોહના
વિવિધ કીધા વેપાર તે નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૧૩

શણ ગુલી કણ કરસણ વાવીયા, વળી વાડ બહુ દ્રુમ રોપાવીયા
કીધા લોભ મેં તે એમ નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૧૪

સર તલાગ સભા પવસારણી, કર્યા દ્રિકૂ અરહર પુક્ખરણી
બહુ જે કર્મ તે વળીવળી નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૧૫

હળ કોસ કોદાળી દંતાળિયા, મૂસલ ઉખલ નીસા ઘરંટીયા
લોઢણી, કોલ્લૂ ઘાણી નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૧૬

છુરી ચૂલ ને વળી કરરણી, અસી કટારી તોમર નહરણી
કર્મ એહતણું તે નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૧૭

ઘણ સીગિણી કુંત સુભાથડી, ફરીય ખેડા ઉડણ લાકડી
પ્રમુખ આયુધ તે મેં નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૧૮

રથ સુખાસન સીકરી વાહિણી, વેલ લંધીય સેજવાળી ઘણી
વિવિધ આસન કર્મ તે નિંદીય, કરી મિચ્છામિ દુક્કડં ગરહિયે. ૧૯

દુહા નદી જલધિ જલલંઘી વા, કીધા પ્રવહણ નાવ
ડુંબી કોઢી વા ષરક, પ્રમુખ જે વાહણ ભાવ. ૧

ખાધ સજલી વિપુલ જલ, પઉલિ દુર્ગ પ્રકાર
યંત્ર વિવિધ વલી ઢીંકલી, સૂલી બહુલી પ્રકાર. ૨

સિલ ગોલા ગોફણ પ્રમુખ, કરી પ્રાણ વધ કીધ
તેહ પાપનું ગુરુ સક્ખિય મિચ્છામિ દુક્કડં દીધ. ૩

**ઢાળ (રાગ - સંભવ જિનવર)**

વળી અધિકરણ સંભારી જીવડાં, પાખર પશુ પલ્લાણ તે કર્યા એ
અંબાડી ઢાલ ટોપ રંગાવલી, અંગરખી સંભારીયાએ.
જે જગે અવર સનાહ તેહથી જે, મુઝ લાગા પાપ તે નિંદીયે
સમરી જગનાથ દુઃખ ભવ સંચિત, જાસુ નામ છિંદીયે એ. ૧

વાજીંત્ર ચિહું તત ધન સુષિરજી, આહત શ્રવણ સુખે કર્યા એ
વીણા તાલ સુવંસ મદલ પ્રમુખ તે અનુક્રમે નાદ રસે ભર્યાએ
તાર મદ્ર વલિ ઘોર ઈમ મિલિ બારહ તૂર વિષય જે અનુભવ્યાએ
તેહના કર્મ કઠોર નિંદીય, ગરહિય વાયુ જીવ જે દુહવ્યાએ. ૨

ફરશી કોશ કોદાલ કવંકસ કુટીઅ અધિરણ મોગરવી ઘણાએ
વંસોલા કરવત ઘણ તિસંડાસીય, તરઘર ત્રસ આયુધ ઘણાએ
વાગુર ભખલી જાલપાસ ગલાઈ, યવડી સવર તહડિ સંકલાએ
નોલ અટ્ઠીલ જંજીર તાળા ભોગળ, વોસિરાવી કરી વેગળાએ. ૩

લોહકર સોનાર જાલી માલીય તેલી નાવી વાઘરીએ
કંસારા ઠંઠાર ત્રંબહડ ધોબી, ગાંછા છીપા ગજધરીએ
સૂત્રહાર વણકર પશુ કષાય, કુંભકાર વિસને રસ્યાએ
ચોર ચરડ વટપાડ વલીય અનેરા તસ કર્મ મન વસ્યાએ. ૪

તે સહું વોસીરાવિરે જીવ, પરભવ ઈણભવ કીધા કાખ્યાએ
અનુમોદ્યા સંભારી જિનમત વિણ, સહી ફોક જિનમતે ભાખ્યાએ
સવિ સ્મરણ કરી આજ તે દુષ્કૃત ખમાવી ભાવી ભાવનાએ
જેમ સીઝે સવિ કાજ નિજ, ભજી એકચિત્ત શિવસુખે આસનાએ. ૫

## (૮) સુકૃત અનુમોદના

દુહા હવે હું અનુમોદું સુકૃત ઈણભવ પરભવ કીધ.
સાચી જિન આણા સહિત, જિનમત તણું ફળ લીધ. ૧

શ્રી જિન સિદ્ધ આયરિય, ઉવજ્ઝાય શ્રી સાધ
શ્રાવક દંસણ વિરતિધર, બેઉ પ્રકારે લાધ. ૨

તેહના ગુણ અનુમોદીશું પહિલું ગિરુઆ એહ
ત્રિભુવન તારક જાણવા ઈહાં ન હુવે સંદેહ. ૩

## ચોપાઈ

જિનવરના અતિશય ચોત્રીશ, વાણીના જસ ગુણ પાંત્રીશ
તિર્થ પ્રવર્તન ધર્મ તણું કહેવું જન સંશય ભંજણું. ૧

રાગ દ્વેષ દોસ ટાળવો, આપ સરીખો જીવ પાળવો
કેવળજ્ઞાન તે અનુમોદણું, અરિહંતનું એ અરિહંતપણું. ૨

દંશણ નાણને સુખ અનંત, કર્મ ખપાવી કીધો ભવ અંત
સિદ્ધપણું જે ગુણ એકત્રીશ, તે અનુમોદું આણિ જગીશ. ૩

જ્ઞાન પ્રમુખ જે પંચાચાર, છત્રીસે છત્રીસે (૧૨૯૬) પ્રકાર
ગુણના બોલ્યા પ્રવચન માંહી, શ્રોતા જનને કરે સમાધિ. ૪

શુદ્ધ સૂત્ર અર્થ ભાખવું, શુદ્ધ મારગનું દાખવું
નિપુણપણું આચારજતણું અનુમોદું આચારજપણું. ૫

પૂરવ ચૌદ અગિયાર જ અંગ ચંગ રંગ જે બાર ઉપાંગ
ભણે ભણાવે જેહ તણું અનુમોદું ઉવજ્ઝાયપણું. ૬

સમિતિ ગુપ્તિ મહાવ્રત ધારવું, એ ગુણ સ્વ-પર તારવું
સત્તર સંયમ દશવિધ યતિધર્મ અઢાર ભેદ બ્રહ્મનો મર્મ. ૭

તેહતણા ગુણ સત્તાવીસ, કલ્પાચાર છે અઠાવીસ
સાધુ તણું જે શુદ્ધ ચરિત્ર, તે અનુમોદું ગુણ સુપવિત્ર. ૮

અણુવ્રત પાંચ ગુણવ્રત ત્રણ, ચાર શિક્ષાવ્રત ધરે જે મન
આવશ્યકનું કરવું સદા, અનુક્રમે આપે શિવસંપદા. ૯

જીનપ્રતિમા સાધર્મિ ભક્તિ, મુનિ જન દાને જે શક્તિ
દેશ વિરતિ જે શ્રાવક તણી તે અનુમોદું ભક્તે ઘણી. ૧૦

સાધુ જેમ ગુણ સાહુણી તણા, અનુમોદું તે જાણું ઘણા
શ્રાવક પરે ગણી શ્રાવિકા અનુમોદું જીનમત ભાવિકા. ૧૧

અવિરતિ જે છે સમકિત ધાર, માનવ સુરના ઘણા પ્રકાર
ચઉવિધ જે છે જગે દેવતા, તે સુણીએ જીનવર સેવતા. ૧૨

સાધુ-સાધ્વી શ્રાવક શ્રાવિકા, સુકૃતગેહ નિર્મલ દીપિકા
હિતસુખ તાસુ પથ ચિંતવે તેહને ન ક્લેસ એક પરભવે. ૧૩

જીન સરખી પ્રતિમા જીન તણી, આશાતન ટાળે તેહ ઘણી
ધર્મપ્રશ્ન સુર જિનમુખ કહે, મિથ્યામતિ દૂરે પરિહરે. ૧૪

વેયાવચ્ચ વિનય ખામણા, આલોયણ, નિંદણ ગર્હણા
ધર્મનિમિત્ત કરે પરિતાપ, આપે બોધિ ઘણું દુરાપ. ૧૫

સુરનું સમકિત અનુમોદીએ, જેહથી શુદ્ધ મન પરમોદીએ
જીનવર તીરથ માંહી ગણું, શ્રુત ધર્મી તે સાધર્મિ ભણું. ૧૬

ચારિત્ર ધર્મી અને સાહમ્મી જેહ, જે મિથ્યા દૃષ્ટિ હુઈ તેહ
તેહની પ્રશંસા કરીએ કેમ, અનુમોદન પણ દીજે કેમ. ૧૭

આણ વિના બહુ પાળી દયા, આરાધક તો એ નવિ થયા
તેણે કારણ જિનાજ્ઞા પ્રમાણ, વળી વળી અનુમોદુ તે ઠાણ. ૧૮

દેશવિરતિ પાળે તિર્યંચ, સમરે નિત પરમેષ્ઠી પંચ
અંતકાળે સંલેખના કરે, ઉત્કૃષ્ટે આઠમે કલ્પ અવતરે. ૧૯

જાતી સમરણ તણું એ પ્રમાણ, શ્રાવક તેહ અસંખ વખાણ
તેહનું દેશવિરતિધરપણું, અનુમોદું સમકિત ઘણું ઘણું. ૨૦

નરકનિવાસી સમકિત લગ, પામે એહ જે છે દુર્લભ
એ અનુમોદું નારક તણું કર્મજોગે યદ્યપિ દુઃખ ઘણું. ૨૧

પૃથ્વી પાણી વનસ્પતિકાય, એહથી આવી સિદ્ધે જાય
ચાર ચાર પૃથ્વી પાણી, તેઉ-વાઉ શિવગામી નથી. ૨૨

વનસ્પતિથી આવ્યા છ સિદ્ધિ, પામે એક સમય મન શુદ્ધિ
એક ભવનો એહને અવતાર, અનુમોદું જે લહે ભવ પાર. ૨૩

બીજા જીવ જે સંસાર મોઝાર, તેહનું સુકૃત કર્મ વિચાર
દાન તણી રૂચી વિનય સુહાય, સહજ છે જે અલ્પ કષાય. ૨૪

દીનદયાલપણું દાક્ષિણ્ય પ્રિય બોલ્યા પ્રમુખ જે પુણ્ય
એમ અનુમોદું ભદ્રકપણું, તેહ જીવનું સંભારણું. ૨૫

એણીપરે પર સુકૃત સંભારું, હવે સ્વ-સુકૃત મનમાં ધારુ
તે અનુમોદું જીનગુરુ સાખ, આ ભવ પરભવે નિજમુખ ભાખ.

આ ભવે છે શ્રાવકનો ધર્મ, પરભવે પાળિયો ચારિત્ર ધર્મ
બેઉ ધર્મનું અનુમોદન કરું, ભવસાગર એમ હેલે તરૂં. ૨૭

શુદ્ધ દર્શન-નાણ ચારિત્ર, જે મેં પાળ્યા ગુણ સુપવિત્ર
સાધી ચરણ કરણ સત્તરી, સમકિતમતિ નિરતી આદરી. ૨૮

રતનાદિક ગુણરત્ન નિધાન, ગ્છનાયક સંપ્રદાપ્રધાન
તેહના પ્રવચને આઠ પ્રકાર, આચારજ તારે સંસાર. ૨૯

ઉવજ્ઝાય વાચક ગણિ શીસ સ્થવીર ગ્લાન ક્ષપક સુજગીસ
ગચ્છ પ્રવર્તક પ્રમુખ સુસાધ સવિ સાધર્મિ રચિત અગાધ. ૩૦

વેયાવચ્ચ વિનય તેહનું, કીધુ લીધુ ફલ દેહનું
સમિતિ ગુપ્તિ મળી પાળી આઠ, ગુરુ ઉપદેશે જે ઉત્કૃષ્ટ. ૩૧

શુદ્ધ સંયમ સત્તર ભેદ, પાળ્યો આણી અસંયમે ખેદ
સામાયિક ચારિત્ર ઉચ્ચરી, પંચ મહાવ્રત ક્રમે આદરી. ૩૨

કાલગ્રહણ ચિહું કાળે ચાર, સજ્ઝાય પરઠવી શ્રુત અનુસાર
વાયણા લઈ આગમ ભણીયો, સૂત્ર અર્થથી ગુરૂમુખે સુણીયો. ૩૩

અંગ બાહિર વળી અંગપ્રવિષ્ટ, કાલિક ઉત્કાલિક નિર્દિષ્ટ
આવશ્યક તેહથી વ્યતિરિક્ત, એણીપરે છવ્વિહ ભણીયું સૂત્ર. ૩૪

વાચના પૃચ્છના પરિવર્તના, પ્રેક્ષા ધર્મકથા દેશના
પાંચ ભેદે કીધો સ્વાધ્યાય, પરિહરી પંચપ્રકારે પ્રમાદ. ૩૫

દુહા પડિલેહણ પ્રમાર્જના અધિક હીન પણ ટાળી
ઉભયકાલ પૂરી કરી જયણા સહિત એ કાળે. ૧

આવશ્યક નિરતિ કર્યા, જે પ્રવચન અનુસાર
સામાચારી સાધુની દશવિધ નિરતિચાર. ૨

ભવિયણ જન પ્રતિબોધીને આણ્યા શુદ્ધ એમ પંથે
કુમત ઉત્સૂત્ર દૂરે કર્યાં મનન કર્યુ બહુ ગ્રંથે. ૩

અભિનવ ગ્રંથ જે મેં ભણ્યા, પામ્યો તેહના મર્મ
ઉત્તમ પૂર્વ ઋષિએ કર્યા, શુદ્ધ ભણ્યો જિનધર્મ. ૪

## ઢાળ (સામીઓ એ વીર....)

સિદ્ધાંત મેં શિષ્ય જે કે ભણાવ્યા, તેહના અર્થ સમા સુણાવ્યા
પંચમ જે સૂત્ર જીનેન્દ્ર ભાખ્યા, તે સાંભળી નિજ ચિત્તે રાખ્યા. ૧

સૂત્ર અર્થ નિર્યુક્તિ ગ્રંથ જે જાણ્યા, સંગ્રહણી પંચમભેદે આણ્યા
એ પંચ જે સભા સન્મુખ થાપ્યા, સાધર્મીને સવિશેષ આપ્યા. ૨

જે ઉગ્રભાવે નવકલ્પસાર, દેશ વિદેશે કરી વિહાર
પરિષહ દુસ્સહ બાવીસ, સહ્યા તિહાં ચિત્ત ધરી જગીસ. ૩

ગ્રહ્યા ચારે ભેદે અભિગ્રહ, પાલન કીધા તે દુર્લભ
દીધી જે આલોયણ સૂત્ર શુદ્ધ, કીધી જે આપે ત્યજી વિરુદ્ધ. ૪

સમસ્ત દ્રવ્યે પ્રતિબંધ ટાળીયો, નીરાગ જલે મલ જે પખાલ્યો
આહારના દોષ સવે નિવારી, જે ગોચરી હુઈ તે વિચારી. ૫

તપ જેમ એ દુષ્કર બારે ભેદ, ધર્યા તને થયો તે ન કર્યો ખેદ
જે નાહણ અને ધોવણ વસ્ત્ર કેરું, ટાળીયુ સંભારી ભવમાંહી ફેરૂ. ૬

શય્યા ધરિત્રી તહ પીઢ પાટ, પલંગ છાંડી રમણીય ખાટ
વસ્યા સદા ગુરુકુલે નિત્યવાસ, નિઃસંગથી ન પડિયો આસપાસ. ૭

જેમ કહ્યો ઈંગિની તેમ લોચ શીશે કર્યો ઈન્દ્રિયનો સંકોચ
ઈત્યાદિ શુદ્ધ યતિમાર્ગ સાધીયો, જેણે ભવે સંયમ ન વિરાધ્યો. ૮

વ્યવહારે ચારિત્ર પવિત્ર ઠાણ, જીહાં જિનાજ્ઞા તે હોજો પ્રમાણ
અનુમોદના તેહ તણી કરીજે, સુકૃત ભંડાર ભલુ ભરીજે. ૯

આ ભવે હું પામ્યો જૈન ધર્મ, ગૃહી છતે કીધા તે સુકર્મ
અનુમોદી તે હવે સ્વામી આગે, જેહથી પાપે રતી ન લાગે. ૧

ગુરૂ પ્રસાદે એમ સુણી જિનવાણી, જે ભાખી સૂત્રે સુધા સમાણી
જાણ્યાજી જીવાદિક નવતત્વ, સમ સદ્દહી સમકિત લધ તત્ ૨

જે સાચવ્યા આવશ્યક બેઉકાલે, રાત્રિ અને દિવસને વિચાલે
શુદ્ધ ક્રિયા આગમ સાખે કીધી, પ્રવાહ કેડે નવિ બુદ્ધિ દીધી. ૩

પાળ્યા જે ભાવે વ્રત બાર પૂરા, વળી પ્રશંસ્યા જિન ધર્મે સૂરા
જેમ જેમ શ્રાવક કામદેવ, પરખી કરી દેવે જસ સેવ. ૪

ધરી અરી છ' કરી જે તીર્થયાત્રા, દયા પાળી કીધા પવિત્ર ગાત્ર
શ્રી વીતરાગ પ્રતિમા જુહારી, જીહાં તિહાં જાનુ ચિત્ત વારી. ૫

ભણી સ્તુતિ મંગળ ભાવ આણી, અંતક્રિયા કારણે સૂત્રે જાણી
નિશ્ચય વિચારી અરિહંત એહ, વ્યવહારે ચૈત્ય ગણ્યું તેહ. ૬

પ્રાણ અનુકંપાદિ પરોપકાર, સંસાર માનિયો મનથી અસાર
દીધું સુપાત્ર દાન તે વિચાર, ભાવ વળી ભાવ્યો વારંવાર. ૭

દુહા : કુંવર સુબાહુ ઉદાયણે ભાવી ભાવના તેમ
વર્ધમાન જીનવર તણી સેવા પામી જેમ. ૧

ઉત્તમ દેશના સાંભલી ચારિત્ર પામ્યું સાર
ઉત્તમ સંગતિ પામીએ દુસ્તર ભવનો પાર. ૨

માત પિતા સુત ધૂઅ બહુ અવર બહૂલ પરિવાર
ચારિત્ર અનુમતિ માંગતાં તાસ ન કીધ નિવાર. ૩

અનુમોદ્યા ગુણ તેહના એહજ જગ ધન ધન્ન
સફળ જનમ જગે એહનો એહજ પુરુષ રત્ન. ૪

આગમ પુસ્તક વાચતા અનુમોદ્યા મેં સાધ
એહ ધન્ય તારણ તારણ, નિરતિ મારગ લાધ. ૫

વગ્ગ પયર ઘણ શ્રેણી તપ; પ્રમુખ જે ભણ્યા અનેક
તે માંહી મેં જે કર્યા આણી ચિત્ત વિવેક. ૬

અહનિસિ સામાયિક કર્યા પર્વે પૌષધ લીધ
ઉચિતકરણ અવસર સરસ ગુણ અનુરાગ જે કીધ. ૭

પક્ષ ગ્રહ્યો ધર્મી તણો, અવગુણસું રહ્યો ઉદાસ
ઈત્યાદિક અનુમોદના નિજકૃત કર્મપ્રકાર. ૮

## ઢાળ (રાગ - વિમલ કુલ કમલના)

જીનવર વચન અનુસાર તો બહુ વળી સુકૃત અનુમોદીએ હિયલડે રળી
પંદર કર્મભૂમિયે જે કેવલી, તીર્થંકર નમું કર જુગલ કરી અંજલી. ૧

ગણધર મનહર સાધુને સાધ્વી, શ્રાવક શ્રાવિકા પર્ષદા જીનતણી
દેવ દેવીય જે સમકિત ધારણી, જીનમત ભકત જીન ધર્મહિત કારણી. ૨

કાળ ત્રણ હુઆ - હોવે - હોશે વળી, સુગતિ પામીયા - પામે વળી પામશે
તેહ સવિ તણી કરું હું અનુમોદના, થાય જેમ દુર દુખ દુરિત રીપુ નોદના. ૩

## (૯) વિષય છંડો

પંચઈદ્રિય તણા વિષય જે ભોગવ્યા, ગન્ધ રસ સ્પર્શ સ્વર રૂપ મન ભોગવ્યા
જીવડાં તું સદા નેહ તજી તેહનો સુણીય કસી ગુરુવચન આગમ સુણેઈ. ૧

એક એક ઈન્દ્રિય મોકલે દુઃખ સહી જીવ એકેક ઈમ સર્વમલિ સુખ કહી
ગંધ ભમરૂ રસે મીન સ્પર્શે કરી, શબ્દે મૃગ રૂપે પતંગ એ ચિત્તધારી. ૨

શલ્ય વિષ વિસહર થકીયે અધિકા ગણી, વિષયને છંડવા જીવ બહુ ગુણ ભણી
પૂર્વના નિંદીયે આગલા પરિહરે, શુદ્ધ જીન નામનું ધ્યાન ચિત્ત ધરે. ૩

## (૧૦) ચતુર્વિધશ્રી સંઘ ખામણા

જીનતણી આણ જીમ પ્રાણ નિરતી ધરે, અસુરસુર નારિનર જાસ સંસ્તવ કરે
કલ્પતરુ સુરમણિ કામઘટ સારિખો, ચઉવિધ સંઘ સુરધેનુ જા મલિ કર્યું. ૧

સંઘ કહિ કિમ કરું એહની ઉપમા, એહ ચારે નહીં મહીય કિણહી સમા
એહ ઈહ ભવ તણું ફળ દીએ સવિ મલી, પરભવે સંઘથી સહુઅ પૂજે રલી. ૨

સંઘ ભવ જલધિ જલતારણ પ્રવહણો, સંઘ અપવર્ગ ઘર શિખર આરોહણો
જાણી નિસરણીસમ સંઘ કરુણાગરો, સંઘ સવિ કુગતિ નિવારણ કારણો. ૩

સંઘ સંસાર કંતાર ઉતારવા, સાર્થવાહ જે આધારધર ધારિવા
સંઘ સુરધરણીધર જેમ નવિ ડોલીએ, સંઘ ગંભીર જેમ જલધિ સમતોલ એ. ૪

તેહ શ્રી સંઘસુ વચન તન મન કરી, કાંઈ વિરાધન કાળ ત્રિહું આચરી
તેહ ખમાવીએ શીશ નામી સવે, તે પણ મુઝ ખમુ સુપ્રસન્ન ભવિ ભવે. ૫

## (૧૧) સર્વજીવ ખામણા

નારકી સાતના ભેદ ચૌદ ભણું, તિરિયજાતિસુ અડતાલીસ વળી ગણું
અધિક ત્રિહું ત્રણ સય ભેદ માનવતણા, એક સો અડ નેવું સુર વર ગણા. ૧

(નારક-૧૪+તિર્યંચ-૪૮+માનવ-૩૦૩+દેવ-૧૯૮=૫૬૩)

પાંચસેત્રેસઠ એ સવિ મિલિયા, ચારગતિ માંહેના જીવ સવિ સંતપ્યા
તેહનું વિવરણ ગ્રંથ ગૌરવ ભણી, ન લીખ્યુ જાણજો ગુરુ તણે મુખ સુણી. ૨

અભિહયા પ્રમુખ દશઠાણ ઈરિયાવહી, સૂત્ર જે ભાખીયા જીણવરે તે સહી
છસય ત્રિસાધિકા-સહસપણ અણુંસરું, એટલા તેહસું મિચ્છામિ દુક્કડં કરું. ૩

(૫૬૩ x ૧૦ = ૫૬૩૦)

દુહા : રાગ દોષ બંધન ગણ્યા, તે થયા સહસ અગ્યાર
બસે સાઠ વળી આગળા તેહના એહ પ્રકાર. ૧

ત્રણ યોગ મન-વચ-તનુ ગુણીયા સહસ તેત્રીશ
સત્તસય અસીયા થયા ઈમ ખામું નિશદિશ. ૨

ત્રિકરણ ગુણીયા એકલખ, એક સહસશત તિન
ચાલીશ ઈમ ખામણા, સંભારું દિન દિન. ૩

અતિત અનાગત સંપ્રતિ, ત્રણે કાળ અંતરાલે
જીવને હુઈ વિરાધના, ત્રણ ત્રિગુણા કરી ટાલે. ૪

લાખ ત્રણને સહસચાર, વીસ અધિક એમ જાણી
સુર જીન સિદ્ધ સાધુ ગુરુ, આત્મસાક્ષિ છ વખાણી. ૫

તે છગુણા કરીને કર્યા લાખ અઢાર પ્રમાણ
સહસ ચોવીસ એક શત વીસ, મિચ્છામિ દુક્કડં ઠાણ. ૬

(જીવભેદ ૫૬૩૦ x રાગદ્વેષ=૧૧૨૬૦ x ત્રણયોગ
= ૩૩૭૮૦ x ત્રણકરણ = ૧૦૧૩૪૦ x ત્રણકાળ
= ૩,૦૪,૦૨૦ x ૬ સાક્ષી = ૧૮,૨૪,૧૨૦)

ચાર ગતિ જીવ ખમાવીએ, એણી પેરે આણી ભાવ
સરળ વક્ર હૃદય તણું ઈહાં સાક્ષી જીનરાય. ૭

**ઢાળ - (ઢાળ અને ત્રુટક)**

રત્નાદિકરે પૃથ્વી સાતે દુઃખ ઘણાં, એ ફળ છે રે પરભવે કીધાં કર્મ તણા
તિહાં ક્ષેત્રની રે વેદન સઘળી છે સહી, ત્રણ નરક લગે પરમાધામીની કહી. ૧

કહે કેને તવ સહે વેદન, કરી માહોમાહીલી
પ્રતરણ પંચ જીવ સુણીયે, ક્રિયા કીધી નવિ ભલી
જે વિવિધ કુંભી માંહી બહુ પરિપાક કરી દેહનું
કરવત દારૂણ તિક્ષ્ણ સૂળી-રોહણ વળી તેહનું.

વેતરણી રે તટને નીરે તારીય, અગન પુતલી રે તન આલિંગન કારીય
કુટ સામલી તરૂ શિખરે હીંચોલઈ, આઘાપાછા રે કર્મવસે ધંધો લઈ. ૨

ઢોળીય મસ્તક તત્ત તરુઆ, તબ લોહજી ગાળીયા
અણગણ પાણી પીધ સર નદી, દ્રહે દેહ પખાલીયા

તે પાપ પોતે છતું કીધું, ઉદય એમ તે ભોગવે
ત્રિખ તને ત્રપુ વાચે વાળ્યું, કર્મ કીધાં જોગવે.

અતિગ્રીષ્મ રે કહતાં અસિવન છે જીહાં, એ સાર રે નારક નિવાસી લેઈ તિહાં
વાયુ પ્રાણી રે પડતે પાને ભેદીયે, ચરણાદિકરે નાક કાન તે છેદીય. ૩

જે દીધું કોઈને અગ્નિનું દુઃખ ભાડભુંજા પણે ભજી
ક્લંબ રેતી તાપે દાઝી, ઉછળે થાનક ત્રિજી
બહુ ભાર વહ્યો લોભ કરીય, બહુ કુહાડે છેદીય
કાતરે કાપી ખંડ કીજે દુષ્ટ વચને ત્યજીય.

તન છેદી રે જલત માંસ ખવાડે રે, વને ત્રાસત રે સુણહે મૃગ જીમ વાડી રે
સીતોષ્ણીરે એહથી અનંતગુણીસહી, નિમેષંતરરે માત્ર જીહાં શાતા નહીં. ૪

જીહાં નહીં શાતા કિંચી જેહ, તે ભવ અનંત ભમંત એ
કાય કરી બાંધ્યા અંગ તેહના, દુરિત દોષ દમંત એ
તે સહુ ખામું મિચ્છામિ દુક્કડં, કરીય નરકે જે વસે
હવે તિરિયની ગતિ સવિ ખમાવું, રોમ મુઝ ભય ઉલસે જી. ૫

## ચોપાઈ

તે કહીયે હવે પંચ પ્રકાર, એગ બિ તિ ચુ પંચ વિચાર
એગીંદીય બે ભેદ જાણી, સુક્ષ્મ બાદર વિવિધ વખાણી. ૧

પૃથ્વી પાણી અગ્નિને વાયુ, વનસ્પતિ સૂક્ષ્મ લોગ લગી ઠાઉં
પજ્જતા અપજ્જતા તેહ, બેઉ ભેદે ભાખ્યા શ્રુતે જેહ. ૨

યદ્યપિ તેહનો ઘાત ન હોઈ, અમ થી કાયા ને વલી જોઈ
તો પણ ચિત્તે વચને કરી, બાધા ખમાવું જે આચરી. ૩

હવે બાદર પૃથ્વી મીટ્ટીય તૂરી ખડી ઓસ આભૂસ
વન્ની ગેરુ લવણ અનેક સીંધવ સંચલ પ્રમુખ વિવેક. ૪

રૂપુ સોનુ અંબ ત્રપુ સીસ, જસત લોહએ ધાતુ સીસ
અરણેટો ગોપી ચંદણુ સિલપ પલેવ ભેદ મણિતણુ. ૫

રયણ ફલિહ પારદ હરિતાલ, હિંગુલ મણસિલ જાતિપ્રવાહ
સોવિરંજણ લેણુ પહાણ, પ્રમુખ જે પૃથ્વીકાય વિહાણ. ૬

મેં ભવિ ભમટે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામું સવે
તેહસું મિચ્છામિ દુક્કડં કરું, મૈત્રી ભાવ સદા અનુસરું. ૭

ક્ષીરોદક ગગનોદક હીમ હરતણું મહીયા ત્રેહ સુસીમ
કરગ ઘનોદધિ સૂક્ષ્મ સનેહ, અપ્કાય બાદર જગે જેહ. ૮

મેં ભવિ ભમતે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામું સવે
તેહસું મિચ્છામિ દુક્કડડં કરું, મૈત્રી ભાવ સદા અણુસરું. ૯

ઉક્કા અસણ કણગ વિજળી, અંગારા ગણ જ્વાલા વળી
અર્ચિ યોગ કંબલ રોમરાય, એ પ્રમુખ જાણો તેઉકાય. ૧૦

મેં ભવિ ભમતે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામું સવે
તેહસું મિચ્છામિ દુક્કડં કરું, મૈત્રી ભાવ સદા અણુસરું. ૧૧

ઉબ્ભામગ ઉક્કલિવાત, ઘણતણું મંડલ પ્રમુખ વિખ્યાત
ગુંજા શુધ્ધ સામુદ્રિક વાય, દિવાદીક એહનું બહુઠાય. ૧૨

મેં ભવિ ભમતે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામુંસવે
તેહસું મિચ્છામિ દુક્કડં કરું, મૈત્રી ભાવ સદા અણુસરું. ૧૩

વનસ્પતિ બે ભેદે કહી, સાધારણ પ્રત્યેક તે ગ્રહી
એક શરીરે જીવ અનંત તે સાધારણ જાણો ભંત. ૧૪

મૂળ ગાજર ભૂઅખલ્લ, કંદજાતિ સઘળી જે અલ્લ
અલ્લ હલદી સૂરણ કંદ, લસણ વજ્ર લોઢાદિક કંદ. ૧૫

વંસ કરેલા ઢંક કુંઆરી, સતાવરી થોહરી વિચારી
થિરસૂઆ વિરાહીય ગલો, વિરાલી કોમલ આંબલી જોઈ. ૧૬

અદ્રક અલ્લક ચરૂ ચાણ, અમૃત વેલી મોથ મન આણ
એવમાદિ સાધારણ ભણ્યા, સુગુરુ તણે વચને તે સુણ્યા. ૧૭

મેં ભવિ ભમતે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામું સવે
તેહસું મિચ્છામિ દુક્કડં કરું, મૈત્રી ભાવ સદા અણુસરું. ૧૮

હવે સંભારું જે પ્રત્યેક એક શરીરે જીવ પણ એક
કહું ભેદ કેઈ તેહના આગામી નામ કહ્યા જેહના. ૧૯

ખયર પલાસ જંબૂ વડ અંબ, સાલ તમાલ અશોકને નીંબ
ચંપગ ધવ પુન્નાગ સુચંગ, દાડમ બીજ પરસ પ્રયંગ. ૨૦

સીસમ પીપલ ઉંબર બકુલ, સામલ બભીતક આમલ અમલ
એવમાદિ વનસ્પતિ પ્રત્યેક વળી અનેરી છે અનેક. ૨૧

મેં ભવિ ભમતે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામું સવે
તેહસું મિચ્છામિ દુક્કડં કરું, મૈત્રી ભાવ સદા અણુસરું. ૨૨

ચંદાણગ વલાગ કૃમિપુરા, કંડોલા અલસગ નહસ
જલો કવડગ સીપને સંખ, કહેવા ન ગીના વે સંખ. ૨૩

ઈંદ્ર ગોપ ઈયળ આસંગ, વંતરીયા ગડર બહુભંગ
જીવ બેઈંદ્રી કહી એહ, બાર વરસ આઉખુ જેહ. ૨૪

મેં ભવિ ભમતે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામું સવે
તેહસું મિચ્છામિ દુક્કડં કરું, મૈત્રી ભાવ સદા અણુસરું. ૨૫

હવે તેઈંદ્રી જીવ વિચાર, લોકમાંહિ તે ઘણે પ્રકાર
ચૂડ ઈલ્લ કીડી કુંથુઆ, ઘીયલ ગદ્દહમંકણ જુઆ. ૨૬

પિસૂઆ લીંખ ઉદ્દેહી ધન્ન, છગણ ચોરકીડા પ્રછન્ન
કન્ન સીયાલી ઈલીમિલી, અવરજાતિ તેઈંદ્રિય વલી. ૨૭

મેં ભવિ ભમતે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામું સવે
તેહસું મિચ્છામિ દુક્કડં કરું, મૈત્રી ભાવ સદા અણુસરું. ૨૮

વિંબૂ કોલીય સલભ પંતગ, ખજ્જુઅ નિસિ દીપે જે અંગ
માખી દંસ મસગ કૂંતીય, ભમર કંસારી ચઉરીંદીય ૨૯

મેં ભવિ ભમતે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામું સવે
તેહસું મિચ્છામિ દુક્કડં કરું, મૈત્રી ભાવ સદા અણુસરું. ૩૦

હવે પંચેદ્રિય તિરીય વખાણું, જલચર થલચર ખેચર જાણું
ઉરપરિસર્પને ભૂજ પરિસર્પ, એ પંચેદ્રિય પંચવિકલ્પ. ૩૧

એ પંચ બેઉ ભેદે કહ્યા ગર્ભજ સંમૂર્છિમ તે લહ્યા
દદ્દર સંસુમાર કાછબા, પીઠ તિમિંગલ તિમિ માછલા. ૩૨

ગ્રાહક તંતુ નક્કને ચક્ક, મગર પ્રમુખ જલચર કુલ ચક્ક
વસે સદા તે જલ ને વાસ, પડે કર્મવાસ તે પણ પાસ. ૩૩

મેં ભવિ ભમતે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામું સવે
તેહસું મિચ્છામિ દુક્કડં કરું, મૈત્રી ભાવ સદા અણુસરું. ૩૪

ચિત્રક રોઝ સંબર ને સિંહ, રહે સદા લીલી વનમાંહિ
હરણ શિયાળ રીંછ સસજાતિ, સુવર વિરહી છે બહુ જાતિ. ૩૫

હય ગય વસહ કરહ ખર મેખ, મહિષ છાગ કૂતરા અલેખ
મંજારી સુરહી એ જાણી, થલચર જીવ જીનેસર વાણી. ૩૬

મેં ભવિ ભમતે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામું સવે
તેહસું મિચ્છામિ દુક્કડં કરું, મૈત્રી ભાવ સદા અણુસરું. ૩૭

કોયલ મોર સાલહી ભારંડ, લાવગ તીત્તર બગ કારંડ
દુર્ગા ભયરવ સારસ ગિદ્ધ, હંસ કપિંજલ કાક પ્રસિદ્ધ. ૩૮

કૂકડ ઢિંક ચકોર સિંચાણ, જીવં જીવક તે બહુઠાણ
મનુષ્ય લોક બાહર ભાખીયા, સમુગ્ગ પંખી વિતત પંખીયા. ૩૯

ખેચર જીવ અનેક પ્રકાર, તેહ તણુ નહિ લહિયે પાર
ગગન મંડલ ઉડતા ભમે, હંસા કરી સુકૃતને ગમે. ૪૦

મેં ભવિ ભમતે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામું સવે
તેહસું મિચ્છામિ દુક્કડં કરું, મૈત્રી ભાવ સદા અણુસરું. ૪૧

કૃષ્ણ ધવલ રાતા કાબરા, ઉરપરિસર્પ ગોણસ અજગરા
કંકહી પીયણી પુમ નાગણી એવમાદિ અહિજુઈ ગીણી. ૪૨

મેં ભવિ ભમતે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામું સવે
તેહસું મિચ્છામિ દુક્કડં કરું, મૈત્રી ભાવ સદા અણુસરું. ૪૩

ઉંદર ઉલસંડ ષડહિલા બંભણી સરડા ઘર કોઈલા
ભૂજ પરિસર્પ એ જાતિ કહી પ્રવચનમાંહી ગુરુ વચને લહી. ૪૪

મેં ભવિ ભમતે અનંતે ભવે, જે દુભવ્યા તે ખામું સવે
તેહસું મિચ્છામિ દુક્કડં કરું, મૈત્રી ભાવ સદા અણુસરું. ૪૫

દુહા : હવે માનવસું ખામીયે તેહના બેય પ્રકાર
સંમુચ્છિર્મ ગર્ભજ અવર, મુખ્યે કરું વિચાર. ૧

સમયક્ષેત્રમાંહે જીવકે આયુ સંખ અસંખ
જેહ નર ના તનનો મેલ ઉપજે અસંખ. ૨

વીર્યવંત સંધાણ મળ, મૂત્ર રૂધિર પલ સંગ
વિકૃત ક્લેવર નગરને શ્રોત્રિ અશુચિ બહુ ભંગ. ૩

પુર નિદ્ધમણી ઉપજે સંમૂચ્છિર્મ નર તેહ
અસંખ ભાગ અંગુલતણું એણે પ્રમાણે દેહ. ૪

અંતર મુહુરત આઉખું મિથ્યા દષ્ટિ અસન્ન
મિચ્છામિદુક્કડં હું કરું તેહસું ચિંતવી મન્ન. ૫

**ઢાળ (રાગ - મનાજી તું તો)**

અસિ મસિ કસિ વાણિજ કરીને, ધન ઉપાર્જી આણી
ભોગ જોગ મનરંગે જોગવી, સંતોષે નિજ પ્રાણીરે
જીવડા ગુરુદત્ત શીખ સંભાલ
નિઃશલ્ય મિચ્છામિ દુક્કડં કરજે, ક્રોધ માયા મદ ટાલી. જીવડા...૧

એહવા માણસ જીહાં ઉપજે, કર્મભૂમિ તે કહીયે
ભરત ઐરાવત વિદેહ મિલિને, એ નરક્ષેત્ર ઈમ લહીયે. જીવડા...૨

એહવા મનુજને દુઃખ ઉપજાવ્યું, મન વચ તને કાંઈ
ઈણભવ પર ભવ તેહ ખમાવે, જીવ તુઝ દુઃખ ન થાય રે. જીવડા...૩

હેમવંત હરિવંસજી રમ્યક હૈરણ્યવંત એ નામ
છ દેવ ઉત્તર કુરુ પંચ ગણી એ ત્રીસ અકર્મભૂમિ ઠામ રે. જીવડા...૪

હિમવંત શિખરે કુલગિરિ બેઉ, દિસિ મિલી આઠ દાઢ
સાત સાત એક એકની ઉપરે જલ નવિ ધરણીએ ગાઢ રે. જીવડા...૫

ત્રણે અંતર દ્વિપ કહીયે, છહ અધિકા પચાસ (૫૬)
ત્રીસને છપ્પન મિલિ થયા છયાસી, યુગલ ધર્મનરવાસ રે. જીવડા...૬

ગર્ભજ ક્ષેત્ર એક શતને એક બમણાં સંમૂર્છિમ કેરા
ત્રણ શતનેત્રણ (૩૦૩) ભેદે જે દુભવ્યા ભવ કરત હે ફેરા. જીવડા...૭

પરમાધામી પંદર ભેદે ભવનપતિ દશ જાણ્યા
સોળ વ્યંતર ને ચર સ્થિર જ્યોતિષ દશ વખાણ્યા રે. જીવડા...૮

જીન પ્રતિબોધક નવલોકાંતિક, કિલ્બીષી ત્રણ વિમાસી
બાર કલ્પ અને નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વાસી રે. જીવડા...૯

તીર્યંક્જૃંભક દશવિધ આવે જીનવર ગર્ભે જે વારે
બહુવિધિનિધિને ધન પ્રિતે ઘેર આણી હરખે ભારે. જીવડા...૧૦

એવંકારે એ ભેદ નવાણું પજ્જતા ને અપજ્જતા,
એણીપરે શતઅઠાણું પ્રવચન ચઉવિધ સુરજીને ભાખ્યા રે. જીવડા...૧૧

બાળ અધર્મી સૂત અવિરત, અસંયતિ એમ ભાખ્યા
દોષતણે બલ કુગુરુ સુસંગતિ ગુણવંત અવગુણ દાખ્યા રે. જીવડા...૧૨

દુહા : જીવ ખમાવ્યા મેં જીકે તેહ જેને ભવે આવી,
પાપ સ્થાન જે જે કર્યા વચન કાય મન ભાવી. ૧

મિચ્છામિ દુક્કડં તેહસું કરું સ્વામી તુમ સાખે,
તારવા તરવૈયા સમ, ભવજલ પડતાં રાખે. ૨

સફલ કરો એ વિનંતી કહીએ વારંવાર,
સબળ સ્વામી વિના ભવકૂપે, કીમ લહીએ દુઃખપાર. ૩

**ઢાળ (રાગ - અનંતવિરજ અરિહંત)**

માનવનો ભવ પામી એકચિત્તે ન નમ્યો, સ્વામી કામીય કામ વિવિધ ઈંદ્રીતણા એ.
રાગ દોષ નવિ છોડયા, ત્રણ દંડે જીવ દંડયા, માંડયા આદર ત્રણે ગારવે ઘણાં એ.૧

દર્શન ચરણ વિરાધના, ભજી ત્યજી આરાધના, સાધના સમકિતની હવે કીમ કરું એ
નીંદા કીધી પારકી વાટ એહ સંસારકી, નારકી થઈ હવે ભવજલ કીમ તરું રે. ૨

યંત્રમંત્ર મહિમા ઘણો સાર પંચ પરમેષ્ઠી તણો, નવિ ગણી ઈમ મુઝ પડીયું પાત્ર એ
સ્વર્ગલોકને ભૂતલ, જાચુ સોવન પીતળ, સમતુલ એ માની નવી ગણિયું આંતરી એ. ૩

જેહ નવિ કોઈ પરમાર્થ દુઃખ ટાળવા સમર્થ, સ્વાર્થ કોઈ ન સીઝે રે એમ મુણીએ
તોય કુટુંબ મમતા કરી, સમતા ન આદરી કાંદરી સેવી રે ગિરીવર તણી રે. ૪

શુદ્ધ મતથી પડીયો, મિથ્યામતે હું ચડયો, દોડયો વાહરે તેહની તો હું ડુબીયો રે
પરની આપત્તિ નીરખી હૃદયે હું હસ્યો, હરખ્યો પરખી આપે આપને જોઈને રે. ૫

વળી મેં દીયા આલ, જસ ફળ લહ્યું તત્કાલ, સમકાલે એહ ઉદય જસ આવશે રે
તવ જીવ જાણશે જેવું, ભોગવતા ફળ એ જી કહેવું કેમે એહ નવિ જાશે રે. ૬

પૈશુનપણું ઘણું કર્યું, એમ પાપ પીંડ ભર્યું, મન ધર્યો મેં દ્રોહ પંચ સંચ્યુ સહી એ
વિશ્વાસી તે નર હણ્યા, પર અવગુણ સુણ્યા, મુખે ભણ્યા તેહનો પાર નવિ લહુ એ. ૭

બાળક સ્ત્રી ઋષિ ગાય, પાપ ઘણું હણે થાય સમજાવે તે કોણ જાણે એ કેવળી રે
દેશ અનાર્ય જે અવતરી, અનાચાર બહુ કરી આકરી પાપ રાશી બહુ મેળવી રે. ૮

દેશ ગ્રામ આગર નગર, વન ત્યાં બહુ તરુ જીવ રે, દવ દઈ તિહાં દાહ મેં ઉપજાવ્યો રે
સર તડાવ નદી દ્રહ કુવા જલ સોસીયા મનમાં રોષ જે ચિરકાલ ઠાવીયો રે. ૯

વસીકરણ કામણ જેહથી પામે જરમરણ સમરણ અહનિસ એવા પ્રભુ મેં કર્યા રે
જોતિષ ગ્રહ ગોચર કહી, કુસ્વપ્ન જે લહીય તે ગ્રહી હૃદયે હું બહું ધ્રુજીયો રે. ૧૦

નૃપતણો થઈ અધિકારી, દુઃખી કર્યા નરનારી ભારે આકરા કર મેં બહુ કર્યા એ
પાપ પાર હું નવિ લહું પ્રભુ આગળ કેમ કહું બહુ પાપ જલે ભવ સાગર મેં ભર્યા રે.૧૧

દુહા : અનાભોગ આભોગ વસ, જે પ્રમાદ વળી કીધ
મિચ્છામિ દુક્કડં તેહનું સુગુરે શાખે મેં દીધ. ૧

એમ જે મેં જીવ દુભાવ્યા ત્રસ સ્થાવર છ કાય
તેહ ખમાવું ત્રિવિધે હું તે પણ મુઝ ખમાય. ૨

શ્રી જિનવર જાણે સહું કીધા કરિસું કરાઈ
વળી વળી પ્રભુ આગળ કહું કાયા નિર્મલ થાય. ૩

## (૯) પદ્માવંતીની આરાધના

હવે રાણી પદ્માવતી, જીવરાશિ ખમાવે;
જાણપણું જુગતે ભલું, ઈણ વેળા આવે... ૧

તે મુજ મિચ્છામિ દુક્કડં, અરિહંતની શાખ;
જે મેં જીવ વિરાધીયા યોનિ ચઉરાશી લાખ... તે...૨

સાત લાખ પૃથ્વીતણા, સાતે અપકાય,
સાત લાખ તેઉ કાયના, સાતે વળી વાય... તે...૩

દસ લાખ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ;
બી ત્રિ ચઉરિદ્ધિ જીવના, બે બે લાખ વિચાર... તે...૪

દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી;
ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોર્યાશી... તે...૫

ઈણ ભવ પરભવે સેવીયા, જે પાપ અઢાર;
ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરું, દુર્ગતિના દાતાર... તે...૬

હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ,
દોષ અદત્તાનના, મૈથુન ઉન્માદ... તે...૭

પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ;
માન માયા લોભ મેં કીયા, વળી રાગને દ્વેષ... તે...૮

કલહ કરી જીવ દુહવ્યાં, દીધાં કૂડા કલંક;
નિંદા કીધી પારકી, રતિ અરતિ નિશંક... તે...૯

ચાડી કીધી ચોતરે, કીધો થાપણમોસો;
કુદેવ, કુગુરુ, કુધર્મનો, ભલો આણ્યો ભરોસો... તે...૧૦

ખાટકી ને ભવે મેં કીયા, જીવ નાનાવિધ ઘાત;
ચીડીમાર ભવે ચરકલાં, માર્યાં દિન રાત... તે...૧૧

કાજી મુલ્લાંને ભવે, પઢી મંત્ર કઠોર;
જીવ અનેક ઝબ્ભે કીયાં, કીધાં પાપ અઘોર... તે...૧૨

માછી ને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ;
ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડયા પાસ... તે...૧૩

કોટવાળને ભવ મેં કીયા, આકરા કર દંડ;
બંદીવાન મરાવીયા, કોરડા છડી દંડ... તે...૧૪

પરમાધામી ને ભવે, કીધાં નારકી દુઃખ;
છેદન ભેદન વેદના, તાડન અતિ તિખ્ખ... તે...૧૫

કુંભાર ના ભવે મેં કીયા, નીભાડા પચાવ્યા;
તેલી ભવે તલ પીલિયા, પાપે પિંડ ભરાવ્યા... તે...૧૬

હાલી ભવે હળ ખેડીયા, ફાડયાં પૃથ્વીનાં પેટ;
સૂડ નિદાન ઘણાં કીધાં, દીધાં બળદ ચપેટ... તે...૧૭

માળીને ભવે રોપિયાં, નાના-વિધ વૃક્ષ;
મૂળ પત્ર ફલફૂલનાં, લાગ્યાં પાત તે લક્ષ... તે...૧૮

અધોવાઈઆ ને ભવે, ભર્યા અધિકા ભાર;
પોઠી પૂંઠે કીડા પડયા, દયા નાણી લગાર... તે...૧૯

છીપાને ભવે છેતર્યા, કીધાં રંગણ પાસ;
અગ્નિ આરંભ કીધાં ઘણાં, ધાતુવાદ અભ્યાસ... તે...૨૦

શૂરપણે રણ ઝુંઝતાં, માર્યાં માણસ વૃંદ;
મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂળને કંદ... તે...૨૧

ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં;
આરંભ કીધાં અતિ ઘણાં, પોતે પાપ જ સંચ્યા... તે...૨૨

કર્મ અંગાર કીયા વળી, વનમેં દવ કીધાં;
સમ ખાધા વીતરાગનાં, કુડા કોસ જ કીધાં... તે...૨૩

બીલ્લી ભવે ઉંદર લીયા, ગરોલી હત્યારી;
મૂઢ ગમાર તણે ભવે, મેં જૂ લીખ મારી... તે...૨૪

ભાંડ ભુજા તણે ભવે, એકેન્દ્રિય જીવ;
જવારી ચણા ગહુ શેકીયા, પાડંતા રીવ... તે...૨૫

ખાંડણ પીસણ ગારના, આરંભ કીધાં અનેક;
રાંધણ ઈંધણ અગ્નિનાં, કીધાં પાપ અનેક... તે...૨૬

વિકથા ચાર કીધી વળી, સેવ્યા પાંચ પ્રમાદ;
ઈષ્ટ વિયોગ પાડયા ઘણા, કીયા રુદન વિષવાદ... ૨૭

સાધુ અને શ્રાવક તણાં, વ્રત લઈને ભાંગ્યાં;
મૂળ અને ઉત્તર તણાં, મુજ દૂષણ લાગ્યાં... તે...૨૮

સાપ વીંછી સિંહ ચિતરાં, શકરા ને સમળી;
હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબળી... તે...૨૯

સુવાવડી દુષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા;
જીવાણી ધોળ્યાં ઘણાં, શીળ વ્રત ભંજાવ્યાં... તે...૩૦

ભવ અનંત ભમતાં થકાં, કીધાં દેહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, તીણશું પ્રતિબંધ... તે...૩૧

ભવ અનંત ભમતાં થકાં, કીધાં પરિગ્રહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, તીણશું પ્રતિબંધ... તે...૩૨

ભવ અનંત ભમતાં થકાં, કીધાં કુટુંબ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, તીણશું પ્રતિબંધ... તે...૩૩

ઈણી પરે ઈહ ભવે પર ભવે, ભવિ કરશે જેહ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, કરૂં જન્મ પવિત્ર... તે...૩૪

એણી વિધે એ આરાધના, ભવિ કરશે જેહ;
સમય સુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ... તે...૩૫

રાગ વેરાગી જે સુણે, એહ ત્રીજી ઢાલ;
સમય સુંદર કહે પાપથી, છૂટે તત્કાળ... .તે...૩૬

## ૧૦. સમાધિ સ્તોત્ર

હે ભાગ્યશાળી ! આ ક્ષણે તું સાવધાન બની રહે,
બાહોશપણું કરી જાણવાને આ સમય આવ્યો અરે;
તું ખેદ મનમાં જરીય કર ના, અન્ય કો કારણ નહિ,
પોતે કરેલા કર્મના, પરિણામથી દુઃખો અહીં... ૧

જેના વડે કર્મો બંધાયા આ ભવે કે પરભવે,
તેના વિપાકો તે અનુભવે બીજા માત્ર નિમિત્ત હુવે;
સમભાવથી સહ તેથી જો તું રોષ શત્રુ પર કરે,
તો બગડશે પરલોક તારો તેનું નહિ બગડે અરે !... ૨

તું ભેગું કરી લે ધર્મભાતું, તન-વચન-ને મન થકી,
અને જે કર્યા દુષ્કૃત્ય તેની, ગર્હણા કર સંપ્રતિ;
હોય મિત્ર કે દુશ્મન વળી, સ્વજન કે પરજન ભલે,
ખમાવજે તે સર્વને તું હૃદયના ભાવે ભલે... ૩

તિર્યંચગતિમાં હતો ત્યારે, પ્રાણીઓને જે પીડયા,
નારક પણામાં નારકીઓ, સાથ જે બહુ બહુ લડયા;
તિમ દેવને વળી મનુજને સંતાપીયા દુઃખે કરી,
તે સર્વને ત્રિવિધે ખમાવો મૈત્રીભાવ હૃદય ધરી... ૪

પ્રિયનો સમાગમ જીવન યૌવન રૂપને લક્ષ્મી બધું,
પવન પ્રકંપિત જલધિના મોજા સમું ચંચલ કીધું;
વ્યાધિ-જરા-મૃત્યુ-જનમથી ગ્રસ્ત છે પ્રાણી સવિ,
તેને જિનોદિત ધર્મ વિના શરણ બીજું કો નવિ... ૫

સર્વે જીવો સ્વજનો થયા ને તે થયા દુશ્મન વળી,
તો પછી તે જીવો પ્રતિ કરે કોણ ? રાગ લળી લળી;
જન્મે છે આત્મા એકલો ને એક મૃત્યુ પામતો,
સુખો અનુભવે એકલો ને દુઃખ તેમ નભાવતો... ૬

ધન કણ સ્વજન ને તન વગેરે જીવથી સહુ ભિન્ન છે,
પણ મૂર્ખ તેમાં મ્હાલતો ને માનતો કે અભિન્ન છે;
ચરબી - રુધિર - મલ મૂત્ર - અસ્થિ માંસથી ભરપૂર આ,
અશુચિ ખાણ સમા શરીરમાં ચતુરને અનુરાગ ના... ૭

ટુંક સમયમાં પડે છોડવો આ દેહ ભાડું ઘર સમો,
લાલન કરો પાલન કરો પણ છે નશ્વર સમજો તમો;
કાયર બને કે ધીર પણ મરવું પડે સહુ જીવને,
તો મરે તેમ ચતુર જેથી ફરી ન મરવું ભવને... ૮

અરિહંત - સિધ્ધ - સુસાધુને કેવલી પ્રરૂપિત ધર્મ જે,
આ શરણદાયક ચાર તત્વોના શરણ સ્વીકારજે;

જિનધર્મને ગણો માત સરીખો, તાત સમ સદ્ગુરૂ વળી,
સોદર સમા સુસાધુઓ સાધર્મિકો સ્વજનો વળી... ૯

પ્રાણાતિપાત-અસત્ય-ચોરી મૈથુન ને પરિગ્રહ તણો,
પરિત્યાગ કર તું ત્રિવિધ-ત્રિવિધે ભાવ ધરી મનમાં ઘણોઃ
હિંસાદિ પાપ અઢાર છે, તેનાથી પાછો ફર હવે,
અરિહંત આદિ પંચ પરમેષ્ઠિને વન્દન કર હવે... ૧૦

સહુ જીવને વન્દનિક રૂષભ જિણંદ આદિ ભદંતને,
કર વંદના વળી ભરત - ઐરાવત-વિદેહ જિણંદને;
ભગવંત " તીર્થંકર " પ્રભુને નમન જે ભાવે કરે,
તે નમન કરતા બોધિ પામે શીઘ્ર ભવજલધિ તરે... ૧૧

ધ્યાનાગ્નિથી જેણે જલાયા કર્મ ક્રોડો ભવતણાં,
ભગવાન તે શ્રી " સિદ્ધ " ને વંદો અહો ભાવે ઘણા;
પ્રવચન સુકાની પંચવિધ આચાર પાલન રત સદા,
"આચાર્ય" વંદો તેહ જે કાપી રહ્યા ભવઆપદા... ૧૨

ધારણ કરે સવિ સૂત્રને આપે વળી નિજશિષ્ય ને;
વન્દન કરો ભાવે ભલે તે "ઉપાધ્યાય" ભગવંત ને;
વન્દન કરો "સુસાધુ" ને શીલ-વ્રત થકી જે શોભતા,
જે ક્ષમા મંડળમાં રહ્યા મુકિત તણી કરે સાધના... ૧૩

પરમેષ્ઠિ પાંચ ને વંદતા જે મૃત્યુ મંગલ પામતાં,
પામે નહીં તે મોક્ષ તો પણ દેવ વૈમાનિક થતાં;
સવિ પાપના વ્યાપાર ને અને પરિગ્રહને તિમ સવે,
તું વોસિરાવ ત્રિવિધ ત્રિવિધે જીવન અંત સુધી હવે... ૧૪

આહાર ચારનો ત્યાગ કર તું, જીવન અંતિમ ક્ષણ સુધી,
આ દેહને પણ ચરમશ્વાસે વોસિરાવ હે સુધી ! ;
કર ત્યાગ તું ધન-સ્વજન ને ઘરબારની મમતા તણો,
અંતે સહુ અહીં રહી જશે એક ધર્મ ને સાથી ગણો... ૧૫

દુષ્કૃત્યની ૧ ગર્હા અને સવિ જીવ સાથ ક્ષમાપના ૨,
ચતુઃશરણ ૩ પરમેષ્ઠીનમન ૪ અનશન ૫ તથા શુભભાવના ૬;
આરાધના એ ષટ પ્રકારે કરાવી નિજસ્વામીને,
પછી ધીર બુદ્ધિ મદનરેખા ઉચ્ચરે ઈમ વાણીને... ૧૬

ઉપર કહેલી વાત ને મહાભાગ !મનમાં તું લહી,
ને યાદ કરીને નરકની મહાવેદનાઓ જે સહી;
સુખ-રાગ કે દુઃખદ્વેષ મનમાં લાવતો નહીં તું જરા,
આવી પડયા આ કષ્ટને સહી સાધી લે તું નિર્જરા... ૧૭

માનવપણું - જિનધર્મ અને આ યોગ સવિ દુર્લભ કહ્યો,
તેથી સમાધિમય બની તેના સફલ ફલને ગ્રહો;
સમાધિ રંગતરંગના આ સ્રોતમાં ઝીલી સહુ,
''પદ્મપરાગ'' કહે તમે વરજો સહુ મુક્તિ વહુ... ૧૮

## ૧૧. શ્રી સમાધિદર્શન રાસ

(ઢાળ ૧ લી રાગ-માલકોષ)

સ્વામી ! માંગુ સમાધિ મરણં,
સમાધિ મરણં સમાધિ મરણં;
તારું ભવોભવ શરણં શરણં. માંગુ. ૧

ભવો ભવ કરીયા અનંતા મરણં; પામ્યો નહિ તવ શાસન શરણં. માંગુ. ૨

રૂલીયો સંસાર વિણ તુજ શરણં, સમાધિ મરણે તારણ તરણં. માંગુ. ૩

આશ ધરી હવે આવ્યો શરણં, અશરણ શરણ દેહ શુભ મરણં. માંગુ. ૪

(દુહા)

સમાધિ મરણ ચાહના, પ્રભુ તુજ શરણ ધરૂં;
કરમ અનંતા કાપીને, શિવસુખ શુભ વરૂં. ૧

ત્રિલોકમાં મૃત્યુ થકી, મુક્ત નથી કોઈ જીવ;
જન્મે તે પામે મરણ, ન પામે જીવ શિવ. ૨

તે માટે ચઉ શરણને, ધરૂં ચિત્ત મોઝાર;
અરિહંત સિદ્ધ સુસાધુજી, કેવલી ધર્મ સુખકાર. ૩

(ઢાળ ૨ જી રાગ- શાસ્ત્રીય : ભેટ્યો ભેટ્યો)

હોજો હોજો ચાર જ શરણાં, મુજ આતમ હિતકારીજી;
અરિહંત સિદ્ધ સુસાધુ શરણં, જિનધર્મ સુખકારીજી. હો૦ ૧

ચારગતિનો ચૂરો કરવા, એ શરણાં ચિત્ત ધારોજી
પૂરવે અનંતા મુનિવર હુવા, ગ્રહ્યાં શરણ સુખકારોજી. હો૦ ૨

મહા ભયંકર એ સંસારે, શરણાં એ શુભકારોજી;
આતમ નિર્મલ કરવા કાજે, ભવિજન એ અવધારોજી. હો૦ ૩

લાખ ચોરાશી યોનિ ખમાવો મન ધરી વિવેક અપારોજી;
મિચ્છામિ દુક્કડં આપી ત્રિવિધે, જિનવચને ચિત્ત ધારોજી. હો૪

પૃથ્વી અપ તેઉ વાઉ યોનિને, ખમાવો સાત સાત લાખજી;
દસ લાખ યોનિ પ્રત્યેક વનની, ખમાવી ભવ કરો રાખજી. હો ૫

સાધારણ વન નરની યોનિ, ચૌદ લાખ ચિત્ત લાવોજી;
ષટ્ વિકલ સુર તિરિ નારક, ચાર ચાર ખમાવોજી. હો ૬

એમ સહુ જીવને ત્રાસ જ દીધાં, હવે તે પાપ પખાળોજી;
એ જીવાયોનિ મનમાં સદ્દહો, મિત્રપણે સંભાળોજી. હો ૭

(દુહા)

હિંસા જૂઠ ચોરી અને, મૈથુન પરિગ્રહ ખાસ;
ક્રોધ માન માયા લોભને, રાગ દ્વેષ નિવાસ. ૧

કલહ અભ્યાખ્યાનને, રતિ અરતિ નહિં સાર;
પરપરિવાદ માયા મૃષા, મિથ્યાત્વ શલ્ય પરિહાર. ૨

એહ અઢારે પાપને, આલોવ ! જીવ તું ખાસ;
અરિહંત સિદ્ધની સાક્ષીયે, જેથી ન હોયે ત્રાસ. ૩

મન વચ કાયાએ કર્યા, એ સવિ પાપ અઢાર;
મિચ્છામિ દુક્કડં તેહને, આપી કર ભવપાર. ૪

(ઢાળ ૩ જી રાગ-પ્રથમ જિન તુમ દરિશન)

હો જિનવર ! ધન્ય ધન્ય તે દિન ક્યારે હોશે, ધન્ય ધન્ય૦

અવિરતિની ખાણ ત્યજીને ક્યારે પામીશું દીક્ષા,
પૂરવઋષિ પંથે ક્યારે વિચરશું, પામી અપૂરવ શિક્ષા. હો. ૧

અંતપ્રાંત ભિક્ષા ગોચરીયે, ક્યારે અમે નિસરશું;
ઘોર ભયંકર વન વગડામાં, ક્યારે કાઉસ્સગ્ગ કરશું હો. ૨

શત્રુ અને મિત્રોની ઉપર, સમભાવ ક્યારે ધરશું;
આશ્રવ રોધી સંવર શોધી, ક્યારે વિરતિ વરશું. હો. ૩

મૃત્યુને મહોત્સવ બનાવવા, ક્યારે થશે તૈયારી,
સમાધિ સુલભ સદ્ગતિ નિશ્ચિત, જીવન ધન્ય કે'વારી. હો. ૪

ભયંકર ભવ સંકટમાંથી, ક્યારે છૂટીશ જિન ! પ્યારા;
જન્મ મરણની જંજટમાંથી, પામીશ ક્યારે ભવપારા. હો. ૫

## ૧૨. ચઉસરણ-પયન્ના-સુવાસ.

(ઢાળ ૨ જી રાગ-શાસ્ત્રીય અથવા માંડયો નાટારંભ)

અશરણ આ સંસાર જીવડા ! અશરણ આ સંસાર,
ધાર શરણ સુખકાર, જીવડા, અશરણ આ સંસાર;
ચાર શરણ ચિત્ત ધાર જીવડા ! પાપતણી કર નિંદા,
સુકૃતની અનુમોદના કરી, ટાળજે ભવભય ફંદા. જીવડા૦ ૧

મોક્ષના ખાસ કારણભૂત, એ ત્રણે અવધાર;
માટે નિરંતર ક્ષણ ક્ષણ પલ પલ, ઉપાસના દિલ ધાર. જીવડા૦ ૨

અરિહંત સિદ્ધ સુસાધુ અને, કેવલી કથિત ધર્મ સાર;
એ જ અપૂરવ સુખ આપે, એ જ શરણ હિતકાર. જીવડા૦ ૩

ચાર ગતિનો ચૂરો કરે એ, પંચમગતિ દાતાર;
માટે એ શરણાં છે સુખદાયી, ભાગ્ય લહે નરનાર. જીવડા૦ ૪

ભાગ્યવંત નર જિનભક્તે કરી, મસ્તકે જોડી હાથ;
આનંદ સાગરના હેલે ચડીને, કહે એ રીતે વાત. જીવડા૦ ૫

(દુહા)

રાગદ્વેષ અરિ વળી, કર્મશત્રુ હણનાર;
તે અરિહંતનું શરણ હો, વિષય કષાય જીતનાર. ૧

રાજપાટ સવિ ત્યાગિને, દુષ્કર તપ કરનાર;
તે અરિહંતનું શરણ હો, જેણે લીધું કેવલ સાર. ૨

સ્તુતિ અને વંદનતણી, યોગ્યતા જે ધરનાર;
તે અરિહંતનું શરણ હો, ઇંદ્ર ચક્રીથી પૂજનાર. ૩

શાશ્વત સુખને પામવા, વળી જે યોગ્ય ગણાય;
તે અરિહંતનું શરણ હો, અન્ય મન વાત જણાય. ૪

યોગીશ્વર મહેન્દ્રને, ધ્યાન કરવા યોગ્ય;
તે અરિહંતનું શરણ હો, જેને અક્ષય સુખ ભોગ્ય. ૫

સવિ જીવની કરૂણા કરે સત્ય વચન પાળનાર;
તે અરિહંતનું શરણ હો, બ્રહ્મગુપ્તિ ધરનાર. ૬

ચોત્રીસ અતિશય યુક્ત છે, દેશના દે સુખકાર;
તે અરિહંતનું શરણ હો, બેઠાં સમવસરણ મોઝાર. ૭

એકે વચને પ્રાણીનાં, સંદેહને હણનાર;
તે અરિહંતનું શરણ હો, જે શિક્ષાના દાતાર. ૮

વચનામૃતથી વિશ્વની, શાંતિતણા કરનાર;
તે અરિહંતનું શરણ હો, જે ગુણમાં સ્થાપનહાર. ૯

જીવલોકને ઉદ્ધારતાં, અદ્ભુત ગુણ ભંડાર;
તે અરિહંતનું શરણ હો, શાશ્વત સુખ દાતાર. ૧૦

યશરૂપ ચંદ્રના કિરણથી, દશ દિશ સોહાવનાર;
તે અરિહંતનું શરણ હો, ઉતારે ભવપાર. ૧૧

જરા મરણ જેને નથી, વળી જન્મતણા હણનાર;
તે અરિહંતનું શરણ હો, અશરણના આધાર. ૧૨

દુઃખ પીડિત સવિ પ્રાણીને, અશરણના દાતાર;
તે અરિહંતનું શરણ હો, ત્રણ જગતને હિતકાર. ૧૩

(ઢાળ ૩ જી રાગ-મન મંદિર આવો રે)

શરણ હો મુજ સિદ્ધ ભગવંત, જે ગુણના દરિયા;
સિદ્ધાલયે કરી ભવનો અંત; બિરાજે સુખ વરીયા,
એવા સિદ્ધ પ્રભુનું શરણ હો, ભવોદધિ જે તરીયા. એવા.૧

અરિહંત શરણથી જીવ, કર્મમલ શુદ્ધિ કરી;
હવે પામ્યા જે શુદ્ધ સ્વરૂપ, તેનું શરણ ધરી. એવા.૨

તને જાગ્યું સિદ્ધિમાં બહુમાન, એવો તું ગુણભર્યો;
જોડી શિરપર હસ્તકમલ, શરણ વદ હર્ષવર્યો. એવા.૩

દુષ્ટ ભાવશત્રુ જે આઠ, જેણે નાશ કર્યાં;
સમૃદ્ધિ જ્ઞાન દર્શનતણી, સ્વાભાવિક જેહ વર્યા. એવા.૪

વળી સર્વ અર્થતણી, લબ્ધિઓ સિદ્ધ થઈ;
એવા સિદ્ધપ્રભુ નમતા, ભવભવની ભીતિ ગઈ. એવા.૫

ત્રણ ભુવન શિર રહીયા, પરમપદમાં વસીયા;
વળી અચિંત્ય સામર્થ્યવંત, અનંત સુખ રસીયા. એવા.૬

જેહ મંગલસિદ્ધિ પદે, રહ્યા સુખ થોક ભોગે;
રાગદ્વેષ ઉખેડ્યા વૈરી, મન વય કાય યોગે. એવા. એવા.૭

સુખાસ્વાદને જોઈ રહ્યા, શ્રી કેવલી ભગવંત;
એવા ઉત્કૃષ્ટમોક્ષવાળા, સિદ્ધોનું શરણ મુજ ખંત. એવા.૮

રાગાદિનો કરીઓ જેણે, અંતરથી તિરસ્કાર;
વળી ભવરૂપ બીજ અશુદ્ધ, ધ્યાનાગ્નિએ બાળનાર. એવા. ૯

યોગીસરને આશ્રયરૂપ, ભવ્ય સ્મરણ લાયક;
ઝળહળે ઝગમગ જ્યોતિ સ્વરૂપ, ત્રણ ભુવન નાયક. એવા.૧૦

પરમાનંદને જે લૂંટનાર, ગુણતણાં સાર વળી;
નાશ કર્યો ભવરૂપનો કંદ, કેવલ લક્ષ્મી ભલી.. એવા.૧૧

પામ્યા ઉત્કૃષ્ટ જ્ઞાન ભલું; મેળવીયો દુર્લભ લાભ;
છોડ્યા વિવિધ સમારંભો; ભોગવે સુખ અમાપ. એવા.૧૨

ત્રણ ભુવનરૂપ ગૃહમાં જેહ, સુંદર સ્થંભ સમાન;
આરંભ રહિત વળી ભગવાન, તેનું મને ઘણું બહુમાન. એવા.૧૩

(દુહા)

સાધુતણા ગુણ દેખીને ઉપજ્યો છે અનુરાગ;
તસ શરણું સ્વીકારવા, અંતર પ્રગટ્યો રાગ. ૧

શિરપર અંજલિને કરી, એવો ભવિ આ જીવ;
સિદ્ધશરણ ગ્રહીને કહે, પામવાને વરશિવ. ૨

મહા ભગ્યવાન જે, જીવલોકના બંધુ;
તે સાધુનું શરણ હો, તારે કુગતિસિંધુ. ૩

જ્ઞાનાદિકે કરી મોક્ષના, સુખને જે સાધનાર;
તે સાધુનું શરણ હો, જગજનને હિતકાર. ૪

કેવલીને વિપુલમતિ, પરમાવધિ જ્ઞાનવંત;
તે સાધુનું શરણ હો, જે હોય શ્રુતધરસંત. ૫

જિન શાસનમાં હોજે, આચારજ ઉવજ્ઝાય;
તે સાધુનું શરણ હો, વળી જે મનઃપર્યાય. ૬

(ઢાળ ૪ થી રાગ-શાસ્ત્રીય, પ્રભુ તારૂં દ્વાર)

હો મુજ સાધુભદંતનું શરણ, શરણ ગ્રહી યાચું સમાધિમરણં;
એવા સાધુ ભદંતનું શરણ, જે હોય સાધુ ચૌદપૂર્વિ,
દસપૂર્વી વળી નવ પૂર્વી બાર-અગીયાર અંગ ધારણહાર.એવા૦ ૧

જિનકલ્પી યથાલંદિક શુધ્ધ, પરિહારવિશુધ્ધિવંત જે બુધ્ધ;
ક્ષીરાશ્રવ મધ્વાશ્રવલબ્ધિ ધરનારા. એવા૦ ૨

સંભિન્નશ્રોત જે લબ્ધિવાળા; વળી કોષ્ઠ બુધ્ધિવાળા.
ચારણમુનિ ધરૂં હ્રદય મોજારા. એવા૦ ૩

વૈક્રિય લબ્ધિવંત જે ગુણી, પદાનુસારી હોય જે મુનિ;
તજીયા વૈર વિરોધ અમારા. એવા૦ ૪

શાંત મુદ્રાવંત અદ્રોહી, ગુણાનુરાગી અમાની અકોહી;
મોહરિપુનો વિજય કરનારા. એવા૦ ૫

તોડ્યા છે જેણે સ્નેહના બંધન, રમે આતમમાં તોડી ફંદન;
નિર્વિકારી સ્થલે રહેનારા. એવા૦ ૬

અવિકારી સુખના જે કામી, ત્યાગી વૈરાગી મુક્તિના ગામી;
સજ્જન મન આનંદ કરનારા. એવા૦ ૭

દૂર કર્યા જેણે વિષય કષાય, ઘરઘરણી સુખના ત્યાગને પાય;
હર્ષ પ્રમાદ શોક નહિ ધરનારા. એવા૦ ૮

કરૂણાધારક હિંસાના વારક, સ્વયંભૂરમણ જેવી બુધ્ધિના ધારક;
અજરામર મોક્ષપંથે જનારા. એવા૦ ૯

મેળવીયું અતિશય પુન્યધન, કામવિટંબના રહિત જીવન;
પાપતિમીર દલને તોડનારા. એવા૦ ૧૦

પાપરજનું કારણ કરે જે અહિત, એ ચોરી મૈથુન દોષ રહિત;
સાધુગુણ રત્નની કાંતિ વરનારા. એવા૦ ૧૧

સાધુપણામાં જેને વિશેષ ગ્રહ્યા છે,
એવા આચાર્યાદિ સાધુ કહ્યા છે;
તેવા સાધુનું શરણ ઉદારા.
એવા સાધુ ભદંતનું શરણ. એવા૦ ૧૨

(દુહા)

સાધુ શરણ સ્વીકારીને, હર્ષવંતો જીવ;
જિન ધરમ શરણું ગ્રહે, વરવાને વરશિવ. ૧

રોમાંચના બખ્તરે કરી, વદતો પુન્યવંતઃ
કેવલી પ્રરૂપિત ધર્મનું, લહું શરણ શુભવંત. ૨

ઉત્કૃષ્ટ પુન્યે પામીયા, ન પામ્યા કેઈ લોક;
તે કેવલીના ધરમનું, શરણ પામું થોક. ૩

ધરમ ન પામ્યા પામીયા, સુરનર સુખ અથાગ;
તે કેવલીના ધરમનું, શરણ હો મુજ રાગ. ૪

મોક્ષસુખ જેથી મલે, જાણે, કલ્પતરૂ છાંય;
તે કેવલીના ધરમનું, હોજો શરણ સદાય. ૫

(ઢાળ ૫ મી રાગ-આ સંસાર અસાર છે)

જયવંતો એ ધરમ જગમાં, કેવલી પ્રરૂપિત સારઃ
શુભ શરણું તેનું સ્વીકારી; કેઈ વરીયા શિવનાર ને. (૨)
મારે પણ તે ધરમ શરણું; હોજો સદા સુખકાર. ૧

મલીન કરમ પણ તેથી દળાયા, શુભ જનમ દાતાર;
અધર્મ જેણે દૂર કરાવ્યો, તરાવે અથિર સંસાર રે. (૨) ૨

આદિ અને પરિણામમાં સુંદર, એવો જે જિન ધર્મ;
શાશ્વત સુખડાં તે તો આપે, કાપે અનાદિનાં કર્મ રે. (૨) ૩

ત્રાણે કાળમાં જે અક્ષય છે, અમૃત સમ લાગે પ્યાર;
જન્મ જરા મરણો ને વ્યાધિ, તેનો શમાવણહાર રે. (૨) ૪

કામતણો ઉન્માદ જે ધગતો, શાંત તસ કરનાર;
દશ્યાદશ્ય પદારથોમાં, નહિ વિરોધ ધરનાર રે. (૨) ૫

મોક્ષસુખ ફલને દેવામાં, એજ સફલ પૂરવાર;
તે માટે અંગીકાર કરૂં છું, જે ભવ તારણહાર રે. (૨) ૬

નરકગતિનો જેહ નિવારણ,ગુણગણનો ભંડાર;
અન્યવાદિથી ન પામે ક્ષોભ, કામ સુલભ હણનાર રે. (૨) ૭

દેદીપ્યમાન ઉત્તમ શબ્દોથી, સ્તવાયો જે અત્યંત;
સુંદર રચના જેની શોભન, જગમાંહે મૂલ્યવંત રે. (૨) ૮

વધે મોટાઈ તેહને સેવે, અજ્ઞાન દરિદ્ર દળનાર;
તે માટે સ્વીકાર કરૂં છું, મુજ આતમ સુખકાર રે. (૨) ૯

મારે પણ તે ધરમ શરણું, હો જો સદા સુખકાર.

(દૂહા)

ચાર શરણા અંગી કરી, સુકૃત કરીયું સાથ;
વિકસ્વર રોમરાજીથી, પાપ નિંદા કરૂં નાથ. ૧

અશુભ કરમ ક્ષય ચાહતો, એવો આતમરાય;
બોલે શુદ્ધ ભાવથી, સુણજો ત્રિભુવનરાય. ૨

ઈહભવ પરભવમાં કર્યું, પ્રવર્તન જે મિથ્યાત;
તે રૂપ અધિકરણે કરી, બાંધી હોય અશાત. ૩

નિષેધ્યું જિનશાસન વિષે, એવું દુષ્ટ જે પાપ;
ગર્હું ગુરૂસાક્ષી વડે, જાયે ભવ સંતાપ. ૪

મિથ્યાત્ત્વ અંધકારથી, સેવ્યા અવર્ણવાદ;
જે અરિહંતાદિકમાં, નિંદુ છું કરી યાદ. ૫

શુદ્ધ ધર્મ સંઘ સાધુમાં, રાખ્યો શત્રુભાવ;
તે પાપોને નિંદીને, દૂર કરૂં વિભાવ. ૬

બીજા પણ જે પાપનાં, સ્થાનક સેવ્યા હોય;
તે પાપોને નિંદતો, દુઃખ સ્વરૂપને જોય. ૭

મૈત્રી અને કરૂણાતણા, જે વળી હોય પાત્ર;
તે જીવને દુભાવીયા, માનીને અપાત્ર. ૮

તે સહુ પાપની નિંદના, હમણાં કરતો ખાસ;
ભાવ ગુરૂ સાક્ષી વડે, વરવાને શિવવાસ. ૯

મન વચન કાયે કરી, ધર્મ થકી વિરૂદ્ધ;
કર્યું કરાવ્યું અનુમોદીયું, જેહ પાપ અશુદ્ધ. ૧૦

એ અશુભ આચારને, સેવ્યા અપરંપાર;
ફરી ફરીને નિંદના, કરતો વારંવાર. ૧૧

(ઢાળ ૬ ઠ્ઠી રાગ-ઋષભ જિનરાગ મુજ)

કરૂં અનુમોદના પુન્ય સુકૃતતણી, શ્રી જિનવચનમાં દિલ જોડી,
નિંદા દુષ્કૃતની કરી બહુ તાપથી, મોહ મમતા સવિ રાગ તોડી. કરૂં૦ ૧

અનુમોદું અરિહંતની અરિહંતતા, સિદ્ધની સિદ્ધતા દિલ આણું;
આચાર આચાર્યનો જિનશાસન વિષે, તેહને નિશદિન હું વખાણું. કરૂં૦ ૨

શ્રી ઉપાધ્યાયમાં જે ઉપાધ્યાયતા, અનુમોદું સાધુનું સુચરિત્ર;
દેશવિરતિપણું શુદ્ધ શ્રાવકતણું, સમકિતીનું સમકીત પવિત્ર. કરૂં૦ ૩

અનુસરી શ્રી વીતરાગનાં વચનને, જે કરી હોય ત્રિકાળ કરણી;
ત્રણ પ્રકારે કરૂં તે અનુમોદના, જેહ છે ભવજલપાર તરણી. કરૂં૦ ૪

શુભ પરિણામી જે આતમા શરણની, પ્રાપ્તિથી પુન્ય પ્રકૃતિ બાંધે;
વળી અશુભ બંધની હોય જે પ્રકૃતિ, શુભ અનુબંધ કરી તેહ સાધે. કરૂં૦ ૫

શુભમંદ રસતણી બાંધી હોય પ્રકૃતિ, તીવ્ર રસવાળી જીવ તેહ કરતો;
સાનુબંધ રહિત અશુભ રસને કરે, તીવ્રરસવંતને મંદ ધરતો. કરૂં૦ ૬

એહ માટે નિત પંડિતજનતણે, કરવું સંક્લેશમાં શુભભાવેઃ
વિણ સંકલેશ ત્રણ કાળ રૂડી રીતે, જેહ ગણે તે સુકૃત ફળ પાવે. કરૂં૦ ૭

ચાર પ્રકારનો ધર્મ નવિ આચર્યો, દાન શીલ તપને ભાવ વાર્યો;
અરિહંતાદિકનું શરણ નવિ ધારીયું, ઉત્તમ મનુષ્યભવ તેહ હાર્યો. કરૂં૦ ૮

ઈણીપરે જીવડા પ્રમાદ દૂરે કરી, ત્રણ સંધ્યાએ જો ધ્યાન ધારે;
મોહનૃપ તો મરે મોક્ષપદ તો વરે, પહોંચે તું શિવવધૂ મહેલ દ્વારે. કરૂં૦ ૯

એહ અધ્યયન છે વિશ્વમંગલકરૂં, જે ગણે તેહ શુભદર્શ પાવે,
વળી લહે અક્ષય સુખડાં શાશ્વતાં; એમ ભાવે કરી હર્ષ ગાવે. કરૂં. ૧૦

## ૧૩. આઉર પચ્ચક્ખાણ પરિમલ

(ઢાળ ૧ લીઃ ઋષભ જિનેશ્વર પ્રીતમ)

ભવિ તુમે સેવો સમાધિ ચિત્ત ભલી રે, જે દુઃખ ટાલણહાર;
શ્રી જિનવરનાં શાસનને વિષે રે, જે સમકિતી જીવ.
છકાય જીવહિંસા દેશે પરિહરે રે, તે મરણ લહે સુશિવ. ભવિ૦ ૧

બાલપંડિત મરણ તેને કહ્યું રે, જેણે ઉચ્ચર્યા વ્રત બાર,
તે દેશવિરતિને મનમાં ગ્રહી રે, પામે મરણ સુખકાર. ભવિ૦ ૨

શીઘ્ર મૃત્યુ થયે જીવિતવ્યની રે, આશા ન તૂટી લગીર;
સંલેખના કરવાની અનુમતી નહિ રે, પણ પાપ આલોવે ધીર. ભવિ૦ ૩

શલ્ય રહિત થઈ સંથારો કરે રે, દેશવિરતિ રહે પાસ;
તે મરણને બાલપંડિત કહ્યું રે, ત્રિભુવન નાથે ખાસ, ભવિ૦ ૪

વિધિ ઉત્તમ એહનો બતાવિયો રે, ભક્ત પરિજ્ઞામાંય;
તેહ બાલપંડિત મરણ વિષે રે, યથાયોગ્ય કહાય. ભવિ૦ ૫

તે ઉપજે વૈમાનિક લોકમાં રે, નિશ્ચયથી સુર થાય;
સાતમા ભવ વિષે ઉત્કૃષ્ટથી રે, સિદ્ધિગતિયે જાય ભવિ૦ ૬

એણીપરે શ્રી જિન સિદ્ધાંતે કહ્યું રે, મરણ બાલપંડિત;
હવે પંડિત મરણને વર્ણવું રે, સંક્ષપે અંકિત. ભવિ૦ ૭

(દૂહા)

પ્રભુ તારાં ચરણે પડી, પાપ ખમું ભગવંત;
સાંભળજે તું મન ધરી, કરજે ભવનો અંત. ૧

અનશન માટે હે પ્રભુ, ઊભો તારી પાસ;
પણ સામાન્યપણે વિભુ, પ્રતિક્રમું અઘ તાસ. ૨

ત્રણ કાળનાં પાપને કરાવ્યાં પણ જે હોયઃ
તે સર્વને પડિક્કમું, કાઢી રાગ દ્વેષ દોય. ૩

અનુમોદેલું પાપ જે, વળી મિથ્યાત્ત્વ પાસ;
અવિરતિ કષાય પડિક્કમું; પાપ વ્યાપાર પણ ખાસ. ૪

મિથ્યાદર્શનના જે થયા, હોય વળી પરિણામ;
આલોક પરલોકને વિષે, ચિંતવ્યા અશુભ કામ. ૫

સચિત્ત અચિત્તને વિષે, પાપો લાગ્યા લાખ;
દુષ્ટ ઈન્દ્રિયના વિષયને, પડિક્કમતો જિન સાખ. ૬

અજ્ઞાનને શુભ માનીયું, ચિંતવ્યો જૂઠ આચાર;
મિથ્યા દર્શન સારૂં માન્યું, પડિક્કમતો વારવાર. ૭

(ઢાળ ૨ જી: ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ)

મિચ્છામિ દુક્કડં મન ધરી ખંત, આપું છુ હે ભગવંત;
કરવા મુજ ભવનો અંત, વરવા સુખ અનંત. ૧

ક્રોધ માન- માયા લોભે ચિંતવીયું, રાગદ્વેષને વશ થઈ લોભાવીયું
આ પંથે પડી વશ, લેવા દુનિયાનો યશ. મિચ્છામિ. ૨.

પુદ્ગલ પદાર્થનો બની રાગી, મિથ્યાદષ્ટિપણે મમતા લાગી,
મૂર્ચ્છાવશ ચિંતવીયું જે પાપ, ભારે થયો આતમ આપ. મિચ્છામિ. ૩.

અન્યમતની મે તો વાંછા કરી, ઘર વિષે પણ ચિંતવના ધરી; ઈચ્છા
બીજાની વસ્તુ પામવા; ભરી દિલ પાપ હવા. મિચ્છામિ. ૪.

લાગી તરસને આર્તધ્યાન ધર્યું; સામાન્ય- વિષમ પંથે ચાલી ધ્યાન હર્યું;
નિદ્રા નિયાણું બાંધે થકે,સ્નેહવશે ચિંતવતે થકે. મિચ્છામિ. ૫.

(દૂહા : રાગ-સોરઠીયો ભણ્યા ભણ્યા પણ)

કર્યા વિચારો વિકારના ને, ચિત્ત ડોળાવ્યું અતિ ઘણું;
ક્લેશ કરાવ્યો બહુ અને, વળી પાપ બાંધ્યું ઘણું ઘણું. ૧

સામાન્ય મહાયુદ્ધ વિષે વળી, પાપ સંગ ચિંતવે થકે;
સંગ્રહ ઈચ્છા ઘણી કરીને, રાજ્યમાં ન્યાય ચિંતવે થકે. ૨

ખરીદ કરવા વેચવા માટે, અનર્થદંડ પાપે પડી;
ઉપયોગ અનઉપયોગે ચિંતવી, તર્ક વિતર્ક પંથે ચડી. ૩

હિંસા હાસ્ય રોષે ભરીને, કઠોર પાપો ચિંતવ્યા;
રૂપ પ્રશંસા ચિંતવીને, અન્ય નિંદામાં પડ્યા. ૪

નિંદા ગર્હા ચિંતવીને, ધન પરિગ્રહ મેળવવા;
અન્યનો ચિંતવીયો જે ક્લેશ, વળી દૂષણ ચડાવવા. ૫

વિષયતણી તીવ્ર અભિલાષા, આરંભ પણ ચિંતવી;
પાપ કરમની અનુમોદના, વળી દિલડામાં ઠવી. ૬

જીવહિંસાનાં સાધનોને, વિચાર્યા રાગે ધરી;
અસમાધિએ મરવું છે એમ, ગાઢ કરમ ઉદયે વરી. ૭

ઋદ્ધિતણો ગારવ કરીને, સુભોજનના અભિમાન કર્યા;
અવિરતિ સારી એમ ચિંતવી, ભવસુખના અભિલાષ ધર્યા. ૮

એ સર્વે પાપો વિચાર્યાં, અજ્ઞાનવશપણે કરી;
તે પાપોનું મિચ્છામિ દુક્કડં, આપું હું તો ચિત્ત ધરી. ૯

(ઢાળ ૩ જીઃ- રાગ : હૈયાની ગાગર છલકાણી.)

રૂડી ને રઢીયાળી અંતરમાં, શુભ સમાધિ યાચું. અંતરમાં (૨)
અંત સમય પ્રભુ હોજો સમાધિ, તે વિણ બીજું કાચુંઅં (૨)૧

દિન રાત સંબંધી સૂતાં ને જાગતાં, અતિક્રમ વ્યતિક્રમ આચર્યા;
સેવ્યા જે અતિચાર અનાચાર, એમ પાપે વિચર્યા,
મિચ્છામિ દુક્કડં દેઈ. અંતરમાં. ૨

વર્ધમાન સ્વામી અને ગણધરને, વળી સર્વ જિન પ્રણમી;
એમ હિંસા જૂઠ ચોરી મૈથુન, પરિગ્રહ પાપથી વિરમી,
પચ્ચક્ખું પાપ એમ કેઈ. અંતરમાં. ૩

સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવ, કોઈ સાથે નથી મુજ વૈર;
સર્વ વાંછાઓનો ત્યાગ ભાવ,નથી મનમાં કંઈ ઝેર,
એમ શાન્તિ મનમાં લેઈ, અંતરમાં. ૪

સર્વ આહાર-સંજ્ઞા-ગારવનો, ત્યાગ કરૂં હું રાગે;
તેમજ સર્વ કષાય મમતાને, પરિહરૂં અનુરાગે,
સર્વને ક્ષમાપના દેઈ અંતરમાં. ૫

જો મારા આયુકેરો હોવે, આ અવસરીયે જાવો,
તો આ પચ્ચક્ખાણથી મારા આતમને; વિસ્તૃત આરાધના થાવો;
એ ભાવે આલંબન લેઈ. અંતરમાં. ૬

સર્વ દુઃખો જેનાં ક્ષય થયાં, એવા સિદ્ધોને અરિહંત પ્રણમી;
જિનેશ્વરદેવે કહેલાં તત્ત્વની, શ્રદ્ધા કરૂં પાપને ક્રમી,
એમ સમતાં વરીયા કેઈ અંતરમાં. ૭

(દુહા)

કર્મક્ષયે ક્ષયા સિદ્ધ જે, તેને હો નમસ્કાર;
વળી મહાૠષિઓને નમી, કરૂં સથારો સાર; ૧

કેવલીએ દર્શાવીઓ, તે કરતો અંગીકાર;
મન વચ કાયાએ કરી, વોસિરાવું પાપ અઢાર. ૨

સર્વ આગાર વિના કરૂં, સામાયિક ત્રણ પ્રકાર;
જ્ઞાન શ્રદ્ધા કિરિયા કહી, આગમગ્રંથ મોજાર. ૩

બાહ્ય અભ્યંતર ઉપધિ, શરીરાદિ ભોજન પાસ;
વોસિરાવું છું ભાવથી, મન વચ કાયથી ખાસ. ૪

એમ સર્વારંભ અસત્યને, ચોરી મૈથુન પરિહાર;
વળી પરિગ્રહ જંજાળને, ત્યાગું વારંવાર. ૫

સર્વ પ્રાણીને વિષે, વર્તે મૈત્રીભાવ;
નથી વૈર મુજ કોઈનું, સર્વ ઈચ્છા અભાવ. ૬

કર્મબંધના હેતુભૂત, મુખ્ય રાગ-દ્વેષ દોય;
હર્ષપણું. રાંકપણું, વળી ચપલપણું ભય જોય. ૭

શોક રતિ ને અરતિ, વોસિરાવું છું પ્યાર;
સમતા સહિતપણે કરી, મમતાનો પરિહાર ૮

અવલંબન છે આતમા, ક્ષણમાંહે સો વારઃ
પદાર્થો સૌ વોસિરાવીને, લહું સમાધિ સાર. ૯

(ઢાળ ૪ થી રાગ : આવી રૂડી ભગતિ.)

આવી રૂડી સમાધિ મેં પહેલા ન જાણી.
પહેલા ન જાણી રે સ્વામી પહેલા ન જાણી;
અસમાધિ માયામાં મેં વલોવ્યું પાણી. ૧.

જ્ઞાનમાં દર્શનમાં ચારિત્રે,પચ્ચક્ખાણ યોગમાં, આતમ અવલંબન પાયો, સંયમ જોગમાં; જીવ એકલો આવ્યો. જાયે સુણો કહાણી. આવી. ૨.

મરણ પણ એકલો પામે, એકલો ભવ ભમાય; સકલ કર્મક્ષય કરીને, સિદ્ધાલય માં જાય,તારી વાતો મેં તો પ્રભુ, હવે પિછાણી. આવી. ૩.

જ્ઞાન દર્શન સહિત મારો, શાશ્વત આતમ એક; બાકી સર્વે બાહ્ય પદાર્થો. સંબંધ સ્વરૂપ અનેક એવી, તારી અનુપમ દિવ્ય છે વાણી. આવી. ૪.

સંયોગ જેનું મૂળ એવી દુઃખ પરંપરા;જીવ પામ્યો જેથી ભવમાં,
સુખ ના જરા, તેથી સંબંધો વોસિરાવું, ચિત્ત આણી. આવી. ૫.

મૂળગુણો ને ઉત્તરગુણો, જે મેં વિરાધ્યા, તે સર્વની નિંદા કરૂં છું,
જે ન આરાધ્યાઃ ભાવિ કાલની વિરાધનાથી હઠું દિલ જાણી. આવી. ૬.

ભય મદ સંજ્ઞા ગારવ, આશાતના તેત્રીસ; વળી રાગદ્વેષ એ યોદ્ધા,
ગર્હું છુ જગદીશ, તારા શાસનની એ રીતિ આજ પિછાણી. આવી. ૭.

જીવ અજીવમાં સર્વમમમતાને, નિંદું, અવિરતિ, મિથ્યાત્વઃ વળી તેં જે ભાખ,
નિંદું ગર્હું ગુરૂવર સાખ; નિંદા ગર્હા યોગ્યને નિંદું, જેહ દુઃખખાણી. આવી. ૮.

સર્વ અભ્યંતર બાહ્ય ઉપાધિ, પાપ આલોવું; સરળ બાળક પરે માયા-છોડી
આલોવું, કર્યું સુખતણાં રાગે જીવન ધૂળધાણી. આવી. ૯.

(દૂહા)

જ્ઞાન દર્શન તપમાં અને, વળી ચારિત્ર જાણ;
એ ચારેમાં અચલતા, હોય જે આગમ ખાણ. ૧

ધીર વીર ને ગંભીરા, કુશળતા વરનાર;
ગુપ્ત પાપો અન્યને, નહિ કદા કહેનાર; ૨

એવા સુગુરૂ સમીપમાં, આલોયણા લેવાય;
શુદ્ધ આતમ તો બને, ભવજલધિથી તરાય. ૩

રાગ દ્વેષ અકૃતજ્ઞપણે, વળી પ્રમાદભાવ ભરી;
જે અહિત તુમતણું અન્યને, કહ્યું હોય રોષ ધરી. ૪

મન વચ કાયાએ કરી, તેહ ખમાવું પાપ;
છોડાવો ભવ કૂપથી, દુઃખડાં કાપો આપ. ૫

(ઢાળ ૫ મી રાગ : જિન તેરે ચરનકી)

ઓ જીવડા ! એહ સંસાર અસાર તેમાં સમાધિ સાર, ઓ જીવડા !

ત્રણ પ્રકારના મરણ કીધાં, આગમ ગ્રંથ મોઝાર;
બાળમરણ બાળપંડિત મરણ, પંડિત મરણ અવધાર. ઓ૦ ૧

શ્રેષ્ઠ પંડિત મરણ જ પામે, શ્રી કેવલી સુખકાર,
તે મરણને મનથી પ્રશંસી, ઉતરૂં હું ભવપાર. ઓ૦ ૨

બુદ્ધિ નાશ બની છે જેની, વક્રતા ધરનાર,
આઠ મદોને જે અનુસરતા, અસમાધિયે મરનાર. ઓ૦ ૩

આરાધક નથી કહ્યા તેને, શ્રી ભગવંતે સાર;
નિશ્ચયથી તે હોય વિરાધક, ડૂબી રહે સંસાર. ઓ૦ ૪

મરણ વિરાધે દેવભવમાં, દુર્ગતિનો ધરનાર,
દુર્લભ થાયે સમકિત રત્ન, વળી અનંત સંસાર. ઓ૦ ૫

દેવદુર્ગતિકઈ ? અબોધિ શું છે ? શાથી મરણ વારંવાર ?
ક્યા કારણથી ? જીવડો ભવમાં, ભટકે અનંતીવાર. ઓ૦ ૬

મરણ વિરાધ્યે કંદર્પકિલબિષીયાં, દેવયોનિ ધરનાર;
ચાકર-દાસ-સંમોહ દેવ એ, પંચ કુગતિ વિચાર ઓ૦ ૭

જે હોય મિથ્યાદર્શન રક્ત, નિયાણું બાંધનાર;
કૃષ્ણ લેશ્યાવંત જીવો, નહિ બોધિ પામનાર. ઓ૦ ૮

સમ્યગ્દર્શનમાં જે અંકિત, નહિ નિયાણું કરનાર;
શુક્લ લેશ્યાવંત તે નર, પામે બોધિ સુસાર. ઓ૦ ૯

ગુરૂ ઉપર શત્રુતા ધરતા, મોહપાશે પડનાર;
અસમાધિયે કુશીલ મરતો, થાયે અનંત સંસાર. ઓ૦ ૧૦

જિનવચનનો હોય રાગી, ગુરૂ વચન પાલનાર;
દૂષણ ને સંક્લેશ રહિતનો, પરિત હોય સંસાર,
ઓ જીવડા ! એહ સંસાર અસાર. ૧૧

(દુહા)

જિનવચન નહિ જાણતો, તે દીન વારંવાર;
પામે બાલ મરણને, ઈચ્છા રહિત દુઃખકાર. ૧

શસ્ત્રગ્રહણ વિષભક્ષણ, અને બળી મરનાર;
ડૂબી મરવું પાણીમાં, અનાચાર સેવનાર. ૨

વળી અધિક ઉપકરણને, જેહ નહિં છોડનાર;
જન્મ મરણ પરંપરા, તેહ વધારણહાર. ૩

ત્રણલોકમાં જીવે કર્યાં, દુઃખરૂપ બાલમરણ;
હવે દર્શન જ્ઞાન સંયુક્તથી, વરૂં પંડિત મરણ. ૪

હે જીવ તું સંભારને, ઉદ્વેગની કરનાર;
જન્મ મરણને નરકની, વેદના અપરંપાર. ૫

તેને યાદ કરી હવે, રાખ સમાધિ સાર;
પંડિત મરણને વરી, પામ તું સુખ અપાર. ૬

જો તુજને દુઃખ ઉપજે, તો વિચાર સંસાર;
સ્વભાવથી તસ ઉત્પત્તિ, શું દુઃખ ન પાયો અસાર. ૭

વળી સંસાર ચક્રમાં, ભોગવ્યા પુદ્ગલો અપાર;
પરિણમાવ્યા તે છતાં, તૃપ્તિ ન પામ્યો લગાર. ૮

તરણા ને કાષ્ઠે કરી, જેમ અગ્નિ ન થાયે તૃપ્ત;
હજારો નદીએ કરી, સાગર પણ અતૃપ્ત. ૯

તેમ કામભોગોએ કરી, જીવ કદી તૃપ્ત બન્યો નથી;
એહવા આ સંસારમાં, કદી સુખ તું પામ્યો નથી. ૧૦

આહારના કરી કારણે, તંદુલીયા મચ્છો ઘણાં,
દુઃખ ભયંકર પામીયા, તે સાતમી નારકતણાં. ૧૧

માટે સચિત્ત આહારનો, જીવડા ! કર તું ત્યાગ;
મનથી પણ નવિ ઈચ્છિએ, જો હોય શિવ અનુરાગ. ૧૨

(ઢાળ ૬ ઠી રાગ-ભરતને પાટે ભૂપતિ રે)

પંડિતમરણે તું આતમા રે, શીઘ્ર થઈ તૈયાર ....સલૂણા૦
એ ઉત્તમ મરણું વરી રે, સાધ સમાધિ સાર ....સલૂણા૦
જેમ જેમ સમાધિ ભેટીએ રે, તેમ તેમ પાપ પલાય ....સલૂણા૦ ૧

અભ્યાસથી તૈયાર બની રે, થઈ નિયાણા રહિત; સ૦
મતિ અને બુદ્ધિયે કરી રે, પામ તું તારૂં હિત. સ૦ ૨

સવિ કષાયો ક્ષય કરીને, સ્વીકારૂં શુભ મરણું; સ૦
અંગીકાર કરૂં છું હું તો, પામી તારૂં શરણું. સ૦ ૩

અભ્યાસ વિના અકાળે અણસણ, કર્મ પ્રભાવે જો થાય; સ૦
તો તે આતમ પાછો પડીને, દુર્ગતિ માંહી જાય. સ૦ ૪

તે માટે રાધાવેધ પરે રે, પ્રયત્ન કરો નરનાર. સ૦
સાધવા અક્ષય માર્ગને રે, જ્ઞાનાદિ ધરો સુસાર. સ૦ ૫

ઈણે અવસરીયા વિષે રે, ખૂબ બની સાવધાન; સ૦
પૌદ્ગલિક વ્યાપાર તજી રે, ભાવ સ્વરૂપનું ધ્યાન. સ૦ ૬

એ રીતે શુભ ભાવ ધરીને, સાધનાએ દિલ જોડ, સ૦
દિલડું જોડી મોહને મોડી, અશુભ શરીરને છોડ. સ૦ ૭

અંતે રાગ દ્વેષ હણીને, અષ્ટ કરમ કર નાશ; સ૦
તો જન્મ-મરણની રેંટમાળ, ભેદાશે તુજ ખાસ સ૦ ૮

વળી ભવસાગરથી મુક્તિ, તારી થાશે નિરધાર; સ૦
તો તું શ્રદ્ધાભાવને રાખી, પંડિત મરણ સ્વીકાર. સ૦ ૯

(દૂહા)

એણીપરે સવિ જીવનાં, કલ્યાણને કરનાર;
પાર પમાડે મોક્ષનો, તે જિનવર સુખકાર. ૧

ઉપદેશ તેણે બતાવીયો, સદ્દહું છું વારંવાર;
મન વચન કાયે કરી, શ્વાસમાંહે સો વાર. ૨

જે હોય અતિ સમર્થ પણ, તે અવસરે અન્ય યોગ;
શ્રુતસ્કંધ બાર અંગરૂપ, ગણવા ન બને જોગ. ૩

જેણે કરી વૈરાગ્ય પામીયે, તે પદ વારંવાર;
તે પદે મરવું યોગ્ય છે, કહ્યું શાસ્ત્ર મોઝાર. ૪

તે માટે જે પુરૂષ એ, અવસરે બની સાવધાન;
એક શ્લોક પણ ચિંતવે, બને આરાધક સ્થાન. ૫

ઉપયોગવંત અપ્રમાદી તે, રૂડો તસ આચાર;
મરણ પામે તે સુંદરૂં, થાયે જયજયકાર. ૬

ઉત્કૃષ્ટથી ત્રીજે ભવે, પામે શિવપદ લ્હાણ;
શિવસુંદરીના મહેલમાં, મ્હાલે સુખની ખાણ. ૭

પહેલા તો હું શ્રમણ છું, સંયમથી અંકિત;
તેથી સર્વ વોસિરાવું છું, કહું સંક્ષેપે મિત. ૮

(ઢાળ ૭ મી રાગ-ગાવો ગાવોને)

પામી પામી આગમના તત્ત્વને, હું તો સમાધિભાવ ધરૂં;
અમૃત સરિખું તત્ત્વ પામીને, નવિ મરણથી ડરૂં....(હું તો)
પંચમ ગતિનો પંથ ગ્રહ્યો મેં, પ્રભુ શાસનને પામી; (૨)
તેથી ન ડરૂં મૃત્યુ સમયથી, જાણજે અંતરજામી. (૨)
એણીપરે શુભભાવ વરીને, નવિ મરણથી ડરૂં. ૧

મરવાનું સૌને આ પૃથ્વીમાં, કાયર હોય કે ધીર, (૨)
તો ધીરપણે મરવું સુંદર, વિચાર થઈ ગંભીર; (૨)
એણી પરે શુભભાવ વરીને, નવિ મરણથી ડરૂં. ૨

શીલરહિત કે શીલસહિત, અવશ્ય મરણ થનારૂં; (૨)
તો નિશ્ચયે કરી શીલસહિત, મરણ પામવું સારૂં; (૨)
એણીપરે શુભભાવ વરીને, નવિ મરણથી ડરૂં. ૩

જ્ઞાન દર્શન સમ્યક્ત્વમાં, ચારિત્ર સહ જે રહેશે; (૨)
વળી સાવધાન પણે જે વરતે, તે શિવસુખડાં વરશે; (૨)
એણીપરે શુભભાવ વરીને, નવિ મરણથી ડરૂં. ૪

બ્રહ્મચર્યનું સેવન કર્યું જેણે, સિદ્ધિગતિમાં જાય; (૨)
સર્વ ક્લેશોનો નાશ અનુક્રમે, કરીને શાશ્વત થાય; (૨)
એણીપરે શુભભાવ વરીને, નવિ મરણથી ડરૂં. ૫

જે હોય દાંત અને શૂરવીર, તેનું પચ્ચક્ખાણ હોય શુદ્ધ; (૨)
સંસારથી ભયભ્રાંત બનીને, થાયે સિદ્ધ ને બુદ્ધ; (૨)
એણીપરે શુભભાવ વરીને, નવિ મરણથી ડરૂં. ૬

મરણ અવસરે ધીરને સ્વસ્થ, જે પચ્ચક્ખાણ આ કરશે; (૨)
તે લટકાળી શિવવધૂની, શુભ વરમાળા વરશે; (૨)
એણીપરે શુભભાવ વરીને, નવિ મરણથી ડરૂં. ૭

ત્રિશલાનંદન ધીર ગંભીર, કેવલદ્ધિકે સોહંત; (૨)
ત્રિભુવને ઉદ્યોત કરનારા; વીર જિણંદ શોભંત, (૨)
એવા વીરજિણંદ નમીને, શિવવરમાળા વરૂં. ૮

એવા વીર જિનેશ્વર પ્યારા, સવિ દુઃખોનો ક્ષય કરો; (૨)
દર્શન તારૂં શાસન તારૂં, ગમે છે પાપ હરો; (૨)
અષ્ટ કરમનો ક્ષય કરવાને; હર્ષ હૈયામાં ધરી. ૯

## ૧૪. પર્યન્તઆરાધના સૌરભ

વીરજિણંદ પ્રણમી કરી, વંદી નિજ ગુરૂ પાય;
પર્યંત આરાધના વર્ણવું, સરસ્વતી માત પસાય. ૧

ગ્લાન માનવ નમન કરી, કહે સૂણો ભગવંત;
અવસર ઉચિત કહો મને, જેમ આવે ભવ અંત. ૨

ઉપકારી ગુરૂવર વદે, કરો આરાધના સાર;
અંતિમ આ છે સાધના, સફલ કરો અવતાર. ૩

આલોવો અતિચારને, ઉચ્ચરો વ્રત સુખકાર;
ક્ષમા આપો સવિજીવને, વોસિરાવો પાપ અઢાર. ૪

ચાર શરણા ગ્રહી કરી, કરો નિંદા દુષ્કૃત,
પરમેષ્ઠિ નમી ભાવથી, અનુમોદો સુકૃત. ૫

અણસણ કરવું જોઈએ, તો જીવ સુખ લહંત,
લાગ્યા અતિચાર આચારમાં, આલોવો મન ધરી ખંત. ૬

(ઢાળ ૧ લી રાગ-અમૃત ભરેલું અંતર જેનું)

ભવોભવ કેરાં પાપ ખપાવું, પ્રણમી શ્રી જિનરાજ;
અતિચારો આલોવીને, ખમું સવિ જીવ આજ,
મિચ્છામિ દુક્કડં આપું, જુગજુગના પાપ કાપું. ૧

શક્તિ છતાંયે જ્ઞાનીઓને, ન આપ્યા વસ્ત્ર ને અન્ન,
કરી હોય જો અવજ્ઞા, દુભાવ્યું હોય જો મન. મિ૦ ૨

જ્ઞાનની કરી હોય જો નિંદા, વળી કર્યો ઉપહાસ;
અથવા ઉપઘાત થયો હોય, ખમાવું દિલથી ખાસ. મિ૦ ૩

જ્ઞાનોપગરણ પાટી પોથી કેરી આશાતના;
શંકા રાખી નવિ કીધી સમકિતની પાલના. મિ૦ ૪

જિન અને જિનપ્રતિમાની, ભાવથી ન કરી પૂજ;
અથવા કરી હોય ભાવ વિનાની, માન્યા હોય દેવ દૂજ. મિ૦ ૫

દેવદ્રવ્યને જો વિણસાડ્યા, અથવા ઉવેખ્યા;
આશાતના કરે જે જિનગૃહે, નવિ નિષેધ્યા. મિ૦ ૬

અષ્ટ પ્રવચન માતાને મેં, રૂડી ના પાળી;
ચારિત્ર પાળ્યું નવિ પ્રેમે, આણા સંભાળી. મિ૦ ૭

પૃથ્વી અપ તેઉ વાઉ વણની, હિંસા કરી જો હોય;
એમ એકેન્દ્રિય જીવ દૂભવ્યા, દયા ન રાખી સોય. મિ૦ ૮

કીડા શંખ છીપ પૂરા, અળસીયા બેઈન્દ્રિય;
કંથુઆ માંકડ જુ ને લીખો, માર્યા હોય તેઈન્દ્રિય. મિ૦ ૯

વીંછી માખી ભમરા તીડો, જીવો જે ચઉરિન્દ્રિય;
જલચર સ્થલચર ખેચરને મેં, દુભવ્યા જે પંચેન્દ્રિય. મિ૦ ૧૦

ક્રોધ લોભ ભય હાસ્યના દ્વારા, બોલ્યા અસત્ય વચન;
કપટ કળાથી અન્યને ઠગી, ચોરી લીધું હોય ધન;
મિચ્છામિ દુક્કડં આપું, જુગજુગના પાપ કાપું ૧૧

(દૂહો)

આત્મસાક્ષીએ નિંદીને, ગુરૂ સમક્ષ પણ ખાસ;
ગર્હા કરૂં તે સર્વની, કરવા ભવનો નાશ. ૧

(ઢાળ ૨ જી રાગ : સુણો સૈયર મોરી)

પાપતણી નિંદા કરૂં ગર્હા કરૂં, અંતરથી જિનરાજ;
દેવમનુષ્ય તિર્યંચ સંબંધી, જે સેવ્યા અનાચાર;
ધન ધાન્ય સુવર્ણ નવ પ્રકારે, કરી મમતા અપાર રે. પાપ૦ ૧

રાત્રિભોજન ત્યાગના નિયમે, જે બની હોય ભૂલ;
છતી શક્તિએ તપ નવિ કીધો, નિંદાવ્યુ હોય કુલ રે. પાપ૦ ૨

મોક્ષયોગ જે સાધ્યપદ, તેમાં ન ફોરવ્યું શૌર્ય;
મન વચન કાયાએ કરી, ન વિકસાવ્યું વીર્ય રે. પાપ૦ ૩

બાર વ્રતોમાં થયો હોય ભંગ, તે તું હવે જણાવ;
સર્વ જીવોને ક્ષમા આપી, મૈત્રીભાવ બનાવ રે. પાપ૦ ૪

પ્રાણાતિપાત મૃષાવાદ, મિથ્યાત્વાદિ જે પાપ;
મોક્ષમાર્ગમાં એ વિઘ્નભૂત, દુર્ગતિકારણ કાપ રે. પાપ૦ ૫

(દૂહા)

ચોત્રીસ અતિશય યુક્ત છે, જે અરિહંત ભગવાન;
પરમાર્થ જાણ્યો જ્ઞાનથી, જે ત્રણ ભુવન મહાન. ૧

રચે સમવસરણ સુરવરા, તે અરિહંતનું ખાસ;
શરણું હો મુજ જીવને, છોડવા કરમના પાસ. ૨

અષ્ટ પ્રાતિહાર્ય શોભતા, પાંત્રીસ વાણી ગુણવંત;
આઠે મદ જેણે પરિહર્યા, તેનું શરણ હો ખંત. ૩

સંસારરૂપી ક્ષેત્રમાં, ફરી જેનો ઉદય નથી;
તે અરિહંતનું શરણું હો, જેને ભાવ શત્રુઓ નથી. ૪

ત્રણ જગતમાં પૂજનીય, ઉપાસ્ય સેવ્ય એ પ્રભુ;
તે અરિહંતોનું નિત્ય શરણું, કાપો ભવકંદ હે વિભુ. ૫

(ઢાળ ૩ જી)

(રાગ-શાસ્ત્રીય ભીમપલાસઃ અથવા વાસુપૂજ્ય જિન અંતરજામી)

શરણું હોજો ભવોભવ મુજને, સિદ્ધપ્રભુનું પ્યારૂં રે;
ભવજલથી તે પાર ઉતારે, તસ પ્રણમું સો વારૂં રે શરણું હોજો. ૧

જે દુઃખરૂપી લહરીઓ ભર્યો, તરી ગયાં સંસાર રે;
તે સિદ્ધોનું શરણું હોજો, ભોગવે સુખ શ્રીકાર રે. ૨

તપ મુદ્‌ગરથી ભારે કરમની. બેડી તોડી દુઃખકાર રે;
તે સિદ્ધોનું શરણું હોજો, જેણે લીધું મોક્ષ જ સાર રે. ૩

સકલ કર્મમળ જેણે બાળ્યાં, ધ્યાન અગ્નિસંયોગે રે;
તે સિદ્ધોનું શરણું હોજો, મુજને ત્રિકરણ યોગે રે. ૪

સુવર્ણમય બન્યો જેનો આતમ, જન્મ મરણને વાર્યા રે;
તે સિદ્ધોનું શરણું હોજો, રાગ દ્વેષ તસ હાર્યા રે. ૫

જેને વિષય કષાયો નથી, વળી ચિત્તતણો ઉદ્વેગ નથી;
તે સિદ્ધોનું શરણું હોજો, આવાગમન જેનું ભવમાં નથી. ૬

અનુપમ અનુત્તર સિદ્ધાલયમાં, કીધો સાદિ નિવાસ રે;
તે સિદ્ધોનું શરણું હોજો, ભવભવ એ મુજ પ્યાસ રે. ૭

(દૂહા)

નિર્મળ સાધુ ભગવંત જે, સંયમ શું બહુ પ્યાર;
દોષ રહિત આહાર લે, તાસ શરણ સુખકાર. ૧

ઈન્દ્રિયો જેણે વશ કરી, નહિ મોહ માન લગાર;
તપતા બ્રહ્મચર્ય તેજથી, તાસ શરણ સુખકાર. ૨

પંચસમિતિ યુક્ત જે, મહાવ્રત પાલણહાર;
પંચમ ગતિની ચાહના. તાસ શરણ સુખકાર. ૩

સકલ સંગ જેણે પરિહર્યો, મોક્ષમાર્ગ સાધનાર;
શત્રુ મિત્ર જે સમ ગણે, તાસ શરણ સુખકાર. ૪

કેવલજ્ઞાને દિવાકરૂ. તસ પ્રરૂપિત ધર્મ જ સાર;
સર્વ જીવને હિત કરૂ, તાસ શરણ સુખકાર. ૫

કલ્યાણને મંગલ કરૂ, અનર્થ ને હરનાર;
જીવદયા જેમાં રહી, તાસ શરણ સુખકાર. ૬

દુર્ગતિ રૂપી કુપથી, જે ધારણ કરનાર;
જે જયવંતો વિશ્વમાં, તાસ શરણ સુખકાર. ૭

મોક્ષનગર જતા જીવને, સાર્થવાહ હિતકાર;
સંસાર વન વટાવી દે, તાસ શરણ સુખકાર. ૮

અરિહંત સિદ્ધ સાધુ ધર્મની, સમક્ષ કરી સ્વીકાર;
વિરક્ત ચિત્તવાળો બની, નિંદું પાપાચાર. ૯

(ઢાળ ૪ થી : રાગ : ભેટચો ભેટચો )

આનંદ આનંદ આજ અંતરીયે, મલ્યું શાસન ઉપકારી રે;
મહા પુન્યોદય મારો પ્રગટચો, સમજ્યો વાત હું તારી રે, આનંદ૦ ૧

ચારે શરણાં દુષ્કૃત નિંદા, સુકૃતને અનુમોદું રે;
તારાં વચનો દિલમાં ધારી, કર્મ કટકને ભેદું રે. ૨

મિથ્યાત્ત્વથી મોહ પામી ભમતાં, અન્ય મતોને સેવ્યા હોય;
જિનસાક્ષીયે નિંદા કરૂં છું, મન વય કાયાથી સોય રે. ૩

જિનધર્મ માર્ગ પાછળ પાડયો, અથવા અસત્ય પ્રગટ કર્યો રે;
તે સર્વની નિંદા કરૂં છુ, અન્યને પાપ નિમિત્ત બન્યો રે. ૪

સર્વ જીવોને દુઃખ દેનારાં, કર્યા જે તૈયાર હથિયારો;
તે સર્વની નિંદા કરૂં છું, તરવા આ સંસાર અસારો. ૫

જો કર્યું હોય પાપી કટુંબનું ભરણપોષણ મેં મોહ સંયોગે;
તે સર્વના નિંદા કરૂં છું ત્રિવિધ ત્રિવિધ યોગે રે. ૬

(દૂહા)

જિનભવન પ્રતિમા અને, પુસ્તક ચઉવિધ સંઘ;
તે સાતક્ષેત્ર ધનબીજ, વાવ્યું હોય ઉમંગ. ૧

તે સુકૃત અનુમોદના, કરતો વારંવાર;
તરવા એ ભવજલનિધિ, વરવા શિવવધૂ સાર. ૨

રત્નત્રયી જે સુખકરૂં, જે કર્યું સત્યપાલન;
તે સુકૃત અનુમોદના, કરૂં તન મન વચન. ૩

પંચપરમેષ્ઠિ સાધર્મિક, અને શ્રી સમ્યગ્જ્ઞાન;
તે સુકૃત અનુમોદના, જો કર્યું હોય બહુમાન. ૪

ષટ્ આવશ્યક માંહી મેં, જે કર્યો હોય ઉદ્યમ;
તે સુકૃત અનુમોદના, સંસાર કરવા કમ. ૫

(ઢાળ ૫ મી રાગ : શંખેશ્વર સાહિબ સાચો)

આતમને શ્રી શાસન મળીયું, તેનું દુરિત અનાદિનું ટળીયું;
શુભ કારજ આજે ફળીયું, મનડું શુભ ભાવે વળીયું રે.
શુભ ભાવ હૃદયમાં રાખો; જેથી જાયે પાપ જ લાખો રે. શુભ૦ ૧

પૂરવ કરેલા પુન્ય ને પાપ, એ જ સુખદુઃખના સંતાપ;
એમ સમજ આતમ! તું આપ, શ્રદ્ધા રાખી કરને કાપ રે. શુભ૦ ૨

પૂર્વે નહિ ભોગવાયેલાં કર્મ, ભોગવ્યા વિણ નથી શર્મ;
એહ જિનશાસન મર્મ; એમ જાણી આરાધો ધર્મ રે. શુભ૦ ૩

ભાવ વિના ચારિત્ર શ્રુત તપ, દાન શિયળ ને વળી જપ;
આકાશ પુષ્પની જેમ ગપ, એમ જાણી ભાવનો કરો ખપ રે. શુભ૦ ૪

નરક ભોગવ્યું તીક્ષ્ણ દુઃખ, કોણ ભાંગતું તારી ભૂખ;
ત્યારે કોણ મિત્ર હતો? તુજ, એક ધર્મ શરણ સાચું સુખ રે.
શુભ ભાવ હૃદયમાં રાખો, જેથી જાય પાપ જ લાખો રે. શુભ૦ ૫

(દૂહા)

મેરૂપર્વત જેટલો, કર્યો આહાર બહુ રાગ;
પણ નહિ સંતોષ્યો કર, ચઉવિધ આહાર ત્યાગ. ૧

આહાર સુલભ મનુષ્યને, અન્ય ગતિયે અથાગ;
પણ દુર્લભ છે વિરતિ, કર આહારનો ત્યાગ. ૨

કોઈ જીવના વધ વિના, નહિ આહારનો લાગ,
માટે ભ્રમણ મિટાવવા, કર આહારનો ત્યાગ. ૩

હસ્ત તલે સુખ ઈન્દ્રનું, કર ત્યાગનો અનુરાગ;
મોક્ષ પણ સુલભ બને, કર આહારનો ત્યાગ. ૪

(ઢાળ ૬ ઠ્ઠી રાગ : મારા જીવનના આધાર)

જીવડાં! કર નવકાર સ્મરણ, મનમાં રાખ તેનું તું રટણ;
જે હોય જીવ પાપ પરાયણ, તે પણ જો નવકાર;
સ્મરણ કરે અંત સમયમાં, પામે સુર અવતાર. જી૦ ૧

ઈંદ્રપદ સુલભ સ્ત્રી પણ સુલભ, રાજ્ય પણ મલવું સુલભ;
પણ નવકારમંત્ર પામવો, એ તો અતિ દુર્લભ. જી૦ ૨

એક ભવમાંથી બીજા ભવમાં, જતાં એ મંત્ર સહાય;
પરભવમાં મનવંછિત સુખો, એને અવશ્ય પ્રગટાય. જી૦ ૩

જે નર ભાવથી નવકાર મંત્રના, નિશદિન ગુણલાં ગાય;
ભવરૂપ સાગર ગાય ખરી સમ, તેનો બને સુખદાય. જી૦ ૪

પર્યંતારાધના સાંભળીને, સકલ પાપ વોસિરાવ;
સદ્ગુરૂની ઉપદેશેલી, એ મનમાંહે જચાવ. જી૦ ૫

પરમેષ્ઠી પદે લીનતા પામ્યો, રાજસિંહ કુમાર;
મરણ પામી પાંચમા કલ્પે, ઈંદ્ર ભુવન અવતાર. જી૦ ૬

તસ રાણી શ્રી રત્નાવતીએ, તે જ આરાધના સાર;
પાંચમા કલ્પે સુરપણું પામી, ત્યાંથી હોય શિવદ્વાર. જી૦ ૭

સંવેગકારી રચી આરાધના, સોમસૂરીશ્વરે ખાસ;
જે રૂડી રીતે એ અનુસરશે, તે પહોંચશે શિવવાસ. જી૦ ૮

પર્યંતારાધનાની પદ રચના, સમ્યગ્દર્શનને કાજ;
વળી શાશ્વત ધામ મેળવવા, હર્ષ ગાવે છે આજ.. જી૦ ૯

## ૧૫. સમાધિમય મૃત્યુ મહોત્સવ

(ઢાળ ૧ લી : રાગ : અખીયનમેં અવિકારા)

ચાહું શરણ હું ભવોભવ પ્યારૂં, આપજો જિનવર તારૂં રે;
માંગુ મરણ સમાધિ ભગવાન, લાગે શાસન સારૂં રે. ૧

અંધશ્રદ્ધાએ મરણ મેં કરીયા, તે કુમરણ કહાયા રે;
દેહનાશથી જીવનાશ સમજી, સંક્લેશ ચિત્ત લગાયા રે. ૨

જન્મ મરણ રહિત થયો તું, મારે પણ તે થાવું રે;
તે માટે હું પ્રાર્થું જિનવર, શરણ તમારૂં લગાવું રે. ૩

અવિનાશીનું ધ્યાન લગાવી, સંક્લેશ રહિત બનાવું રે;
વીતરાગ તારૂં શરણ ગ્રહીને, મુજ આતમ સમજાવું રે. ૪

નિશદિન જીર્ણભાવને ધરતાં, એ દેહની કેમ મમતા રે ?
પિંજર એ તો ક્ષણવિનાશી, ભય નહિ, ધાર તું સમતા રે. ૫

હાડ માંસ રૂધિર ભરી એ, દુર્ગંધિત છે કાયા રે;
એહ વિનાશી તું અવિનાશી, રાખે કેમ તસ માયા રે. ૬

તો એહવી કાયાના મોહે, ભય મરણ કેમ મનમાં રે;
વીતરાગ વચનો અવધારી, મોહ ન રાખ તું તનમાં રે. ૭

(દૂહા)

હે આતમ ! તુજ ઘટ વિષ, અનંત જ્ઞાન દરશન;
અનંત સુખ પણ તુજમાં, અનંત વીર્ય ફરશન. ૧

નિશ્ચયથી તું જ્ઞાની, પરમાનંદી પણ તુંહી,
તો શાને મૃત્યુ ભય અરે ? આત્માનંદી પણ તુંહી. ૨

એ અવસર ઉત્સવતણો, તો કેમ લગાવે શોક;
નુકશાન નહિ મહાલાભ છે, તો ભય કરવો ફોક. ૩

જેમ કોઈ નરની ઝુંપડી, હોય ખંડેર સમાન;
તે છોડી મહામહેલને, પામે જો અસમાન. ૪

તો તેને આનંદ ઘણો, માને ઉત્સવ ખાસ;
તેમ તારી દેહ ઝુંપડી, ગયે ઉત્સવ વિલાસ. ૫

માટે ઓળખ ઉત્સવ અવસર, ન કોઈ છે નુકશાન;
પરને મારું માન્યા વિના, જા તું ઉત્તમ સ્થાન. ૬

(ઢાળ ૨ જી રાગ : ચલી જા ! ચલી જા !)

ધરી લે ધરી લે ધરી લે, શુભ સમતા, મૂકી મમતા ધરી લે;
પૂરવકાળે થયા બહુએ, ઉત્તમ ગણધર મુનિપ્રવરો;
સજી સમતા, તજી મમતા, પાયા તે સુખશ્રેય કરો. ધરી૦ ૧

કરણી સુંદરનું ફળ સુંદર, તો જીવડાં ભય શા માટે ?;
મિત્રસમ ઉપકારી મૃત્યુ, નહિ કોઈ આ જગ વાટે. ધરી૦ ૨

અહીં આ દેહ પિંજરમાં, દુઃખો ભોગવતાં જો દુર્ધ્યાન;
પરિણામે અપધ્યાને, તિર્યંચ નરકાદિ ગતિયે પ્રયાણ. ધરી૦ ૩

મહાભયાનક દિલદ્રાવક, તેવાં દુઃખો તિહાં પડશે;
માટે ધર ના ભય મનમાં, સહનશીલ થા સિદ્ધિ મલશે. ધરી૦ ૪

ચિંતામણી કલ્પવૃક્ષ સમાન, સમાધિ મરણને સાધો;
કુમરણ છોડી મમતા મોડી, આતમની ઋદ્ધિને વાધો. ધરી૦ ૫

(દૂહા)

કર્મ રૂપ મહાશત્રુએ મુજ આતમ બંદી કર્યો,
ગર્ભ જનમ અને મરણના, ત્રાસ ઘણેરાં સહી રહ્યો. ૧

ક્ષુધા તૃષાની વેદના, અહર્નિશ દુઃખ આપે ઘણું;
વળી શ્વાસોશ્વાસ ખીંચવા, અને બહાર કાઢવાપણું. ૨

ભારે ભૂતાવળ રોગની, ભોગવી ના ભોગવાય;
ઉદર ભરણાદિ કારણે, મોટા ક્લેશ ખમાય. ૩

કઠોર વચન અપમાન સહવા, ધન નૃપ કુટુંબ આધીન;
રહેવું સદા ભયભીત અને, જીવ બને બહુ દીન. ૪

આવા ભયંકર બંદીગૃહ સમ, પિંજરમાંથી હે પ્રભુ !;
સમાધિ મરણસમ બળવાન વિણ, છોડાવનાર કોણછે વિભુ. ૫

લાલન કરો પાલન કરો પણ, દેહ દગો આપે ખરો;
આત્મ સ્વરૂપ ભૂલાવી દે, માટે સમાધિ મૃત્યુ શરણ વરો ૬

સમાધિ મૃત્યુ રૂપ નૃપનું, એ જીવ શરણ ધરાય;
તો દેહ ના ધરવો પડે, અપમૃત્યં દૂર પલાય. ૭

(ઢાળ ૩ જી રાગ - જિન તેરે ચરનકી)

જિન તારા ચરણનું શરણ ધરૂં, સમાધિ મરણ વરૂં; જિન૦
સંપદા સઘળી તુજ પ્રભાવે, મળે એ દિલ ધરૂં;
કારણ તેમાં અજબ સમાધિ, તસ ઉપકાર વરૂં. જિન૦ ૧

આ કાયાથી ભિન્ન ભિન્ન દુઃખો, રોગ ભોગવીને મરૂં;
ન રહે સમાધિ તો તિરિ નરકે, કાળ અનંતો ભરૂં. જિન૦ ૨

શરણદાતા સમાધિદાતા, તિહાં કોઈ ના ધરૂં;
તો કુમરણથી અટકું કેમ ? સમાધિ કેમ વરૂં ? જિન૦ ૩

અબ કોઈ પુણ્યયોગે નરભવને, પામ્યો છું કલ્પતરૂ;
તારૂં આગમ સંત સદાગમ, અપૂર્વ શ્રદ્ધા ધરૂં. જિન૦ ૪

પરિગ્રહ પરિજન મમતા ત્યાગી, આત્મ સ્વરૂપ ધરૂં;
ભયરહિત ચાર શરણ આરાધી, પંડિત મરણ વરૂં. જિન૦ ૫

ત્રણ ભુવનમાં ત્રિકાળમાં તું, શરણ હિતકરૂં;
સમાધિમરણ નામ મિત્ર જગમાં, એક જ ઉપકરૂં. જિન૦ ૬

(દૂહા)

સમાધિ કલ્પવૃક્ષને, પામી ન સાધો સિદ્ધિ;
તો જીવડો ભવકૂપમાં, પડશે પામે ન રિદ્ધિ. ૧

આ ભવમાં સમાધિ (મરણ)નો, સંયોગ જેહ છે ખાસ;
તે સાક્ષાત્ કલ્પવૃક્ષસમ, વાંછિત ફળ લ્યો તાસ. ૨

જ્ઞાન સહિત નિજભાવને, ધરીશ ચેતનરાય;
તો આરાધના સહિત તું, લઈશ મૃત્યુ સુખદાય. ૩

સુરમંદિર ઈંદ્ર નિવાસમાં, ચક્રી જિન પણ થાવ;
અંતે નિર્વાણ પામશે, તે કલ્પવૃક્ષ પસાય. ૪

એ દાતા મલીયા પછી, વાંછે જો વિષયકષાય;
તો નરક નિગોદમાં ભટકશે, મૃત્યુ બગડી જાય. ૫

માટે નીચ પુરૂષની ચાકરી, છોડી દે સુખદાય;
એક વાર સમતા આદરી, મરવું ઉચિત જણાય. ૬

(ઢાળ ૪ થી : રાગ આવ્યા આવ્યા રે હરખ...)

આવ્યા આવ્યા રે હર્ષ ભર્યા રે, વાલાજી અમે આવ્યા રે હર્ષ ભર્યા;
જ્ઞાની પુરૂષને મૃત્યુ મહોત્સવ, જાણે હર્ષના પગર ભર્યા;
જીર્ણદેહથી છૂટી નવીન ધારણમાં, શાતાનો ઉદય વર્યા રે. વાલાજી૦ ૧

કાયાતણાં પ્રદેશો સઘળાં, સમયે સમયે વિખર્યાં;
દેવશરીરના બલ તેજ કાંતિ, તેહ પણ વિઘટ્યા રે. વાલાજી૦ ૨

સ્પર્શ કઠોર ચામડી લડથડે, નેત્રના તેજ ઘટ્યાં;
હાડકાના બંધન પડે ઢીલા, માંસાદિક ગાત્ર ગળ્યા રે. વાલાજી૦ ૩

અનેક એ જીર્ણ કાયાના દોષો, ચેતનરાય વર્યાં;
લાંબા સમય સુધી ભોગવવું પડતે, તેનાથી છૂટા કર્યાં રે. વાલાજી૦ ૪

તેથી ઉપકારક મૃત્યુ સુરતરૂ, નવીન વસ્ત્ર ધર્યાં;
સમર્થ કોણ છે તેથી છોડાવવા, દુઃખડાં દૂર હર્યા રે. વાલાજી૦ ૫

સમયગ્જ્ઞાનીને મૃત્યુ પ્રાપ્તિમાં, આનંદ સાગર ઉછળ્યા;
બંધન અશાતાના થયા છૂટા, જાણે શાતાને વર્યા રે. વાલાજી૦ ૬

(દૂહા)

સ્થિતિ અશાશ્વત દેહમાં, કરતો આતમલાલ;
ભોગવતો સુખ દુઃખ સર્વ ને, કાઢે અનાદિકાલ. ૧

જન્મે છે જીવ એકલો ને, પરલોક એકલો જાય;
તો તુજને પરમાર્થથી, મૃત્યુ ભય શે થાય ? ૨

હું સુખી હું દુઃખીયો, અજ્ઞાની વદે ખાસ;
પણ જ્ઞાની માને નહિ, માને કર્મ વિલાસ. ૩

દેહ વિનાશી અવિનાશી, આતમ મુજ જરૂર;
રૂપી કાય અરૂપી હું. અખંડ મારૂં નૂર. ૪

જ્ઞાતા દૃષ્ટા આતમા, જ્ઞાયક તસ સ્વભાવ;
પરભાવમાં બુદ્ધિ રચે, એ મિથ્યાત્વ વિભાવ. ૫

એક ઘરથી બીજા ઘરે, જેમ પ્રવેશ જ થાય;
તેમ કાયા પિંજર છોડવું, તો ભય કોને જણાય ? ૬

(ઢાળ ૫ મી રાગઃ આતો પંખીડાનો મેળો)

જેને હોય સંસારની પ્રીતિ, તેને મરણની ભીતિ....જેને...

સંસારકેરા પદાર્થોમાં જેનું ચિત્ત લોભાય;
આસકત્ત ભાવે જે નિત્ય રહેતો તે ભયભીત જણાય. જેને૦ ૧

ખાવું પીવું જેને ગમતું, ભોગાદિક નવિ છૂટે;
તેહને મરણતણાં ભય મોટાં, દુઃખ આપદ નવિ તૂટે. જેને૦ ૨

ભય છે તેને મર્યા પછી એવા, સુખોની સેજ કયાં મલશે ?
કરી નથી જરી પુન્યની કરણી, દુઃખ ગરણી કેમ ટળશે જેને૦ ૩

મરણ પછી કયાં જવાનું ? હોય તેનો અજાણ;
કેવી રીતે આવશે મૃત્યુ, તેની નહિ પણ જાણ. જેને૦ ૪

આ કુટુંબ પરિવારનો સંયોગ, સર્વસ્વ મૂકી જવાનું;
હાય ! હવે મને કોનું શરણું ? થવાનું તે તો થવાનું. જેને૦ ૫

મરણ કેરા પંજામાંથી,મુજથી કેમ છૂટાય;
એમ મહા સંક્લેસ કરીને, મરણ શરણ ધરાય. જેને૦ ૬

પણ જે આતમજ્ઞાની આતમ, તે તો રહે તૈયાર;
સમય મૃત્યુનો પિછાણી, કરે ઉત્તમ વિચાર. જેને૦ ૭

પરાધીન એવો આ સંસારે, પ્રચંડ ભોગવીયા દુઃખ;
અતૃપ્તિનો દરિયો ભરીયો, ક્ષણ ન પામ્યો સુખ. જેને૦ ૮

ઈષ્ટવિયોગ અનિષ્ટ સંયોગ, સહ્યા અનેરા ક્લેશ,
તો હવે એહથી છૂટવા જલ્દી, અરિહંત શરણ ધરેશ. જેને૦ ૯

અજન્મા બનવાને માટે, જન્મ મરણને છોડું;
સુખદાયક ઉપકારી સમાધિ, માંહે ચિત્તને જોડું. જેને૦ ૧૦

સંસારવાસ કેવલ દુઃખરૂપ, સમાધિ શરણરૂપ;
ચાર ગતિમાં અન્ય શરણ નહિં, ભમીયો બહુ ભવકૂપ. જેને૦ ૧૧

માટે હે જિન ! અનાસક્તભાવે, વિરક્તભાવે વિચરૂં;
ભવોભવ શરણ હોજો સમાધિ, ભવસમુદ્ર તરૂં. જેને૦ ૧૨

(દૂહા)

આયુ પૂર્ણ થયે છતે, પરલોકે કરવું પ્રયાણ;
શરીર ધન પરિવાર સહુ, અશરણના એ સ્થાન. ૧

જેને કાજે મમતા કરી, કર્યાં ઘણેરાં પાપ;
સમર્થ નહિ કોઈ રોકવા, લાગે મરણ ઉત્તાપ. ૨

માટે શ્રેષ્ઠ ને શ્રેયસ્કર, ધર જિનશરણ તું ખાસ;
ઉલ્લાસ ને આનંદ ધરી, કર તું ચરણમાં વાસ. ૩

ચાર શરણ ચિત્ત ધારીને, સમાધિમાં મન રાખ;
તો ઉત્તમ મરણું થશે, અભિનંદન લાખ લાખ. ૪

(ઢાળ ૬ ઠ્ઠી. રાગ : દેખણ દે રે સખી...)

દેખણ દે રે સખી ! મને દેખણ દે; સમાધિનૃપ મુખ ચંદ. સખી મને....
ટાળે દુઃખનાં દંદ. સખી મને.... આપે સુખનાં કંદ. સખી મને....

રાગ મોહ મમતા કરી, સખી. વિષયો સેવ્યા અપાર. સખી૦
સમાધિ નરવર મુખડું, સખી. જોયું ન ક્યાંય લગાર. સખી૦ ૧

જ્યારથી જીવે જનમ લહી, સખી. દેહમાં કર્યો નિવાસ; સખી૦
ત્યારથી તન્મય તે રહ્યો, સખી. મમતા કરી ઘણી ખાસ. સખી૦ ૨

મહાસુખ માન્યું દેહમાં, સખી. અન્ય ન લાગ્યું સાર; સખી૦
પણ જ્યારે રોગ દુઃખડાં, સખી. ઉપજ્યાં ત્યારે એ અસાર સખી૦ ૩

શરીર ઘર છે રોગનું, સખી. જ્વર શ્વાસ ખાંસી શૂલ; સખી૦
વાતપિત્ત આદિ ઉપજે, સખી. સહ્યા સહુ પ્રતિકૂલ. સખી૦ ૪

જાણપણું સાચું સદેહે, સખી. જે સતપુરૂષ હોય; સખી૦
પછી દેહનું મમતાપણું, સખી. દિન દિન ઘટતું જોય. સખી૦ ૫

દેહ મમત્વ યોગથી, સખી. ગયો અનંતોકાળ; સખી૦
રોગ સંતાપ બહુ દુઃખ સહ્યા, સખી. હવે ન ફસું મોહજી. સખી૦ ૬

જો કાયા રોગી નહિ સખી. તો મોહ ઉપજે અપાર. સખી૦
પણ રોગ ઉપજે એહમાં, સખી મોટો તસ ઉપકાર. સખી૦ ૭

અહર્નિશ ધર્મના કાર્યમાં, સખી. આતમ બને સાવધાન; સખી૦
અશરણ જાણ્યું શરીરને, સખી. એક શરણ ભગવાન. સખી૦ ૮

કિંચિત્ શાતા ઉદયથી, સખી. ઉપશમ થાવે એક બે રોગ; સખી૦
પણ અન્ય રોગની વેદના, સખી. સહવી આવે મરણ યોગ. સખી૦ ૯

અસહ્ય પીડાથી સંભવિત છે, સખી. આર્ત અને રૌદ્રધ્યાન; સખી૦
એહથી કુમતિ ઉપજે, સખી. માટે કર સમતા પાન. સખી૦ ૧૦

રોગ તો તારો મિત્ર છે, સખી. કરમ ક્ષય કરવા ખાસ. સખી૦
રાગબંધન કરમબંધથી, સખી. છોડાવે તારા પાસ. સખી૦ ૧૧

દેહ બળવાથી આત્મનો, સખી. નાશ ન થાયે વિચાર; સખી૦
અગ્નિ બાળે જેમ ઝૂંપડી, સખી પણ બાળે ન આકાશ લગાર. સખી૦ ૧૨

તું અવિનાશી આતમા, સખી. કાયરપણું તુજ છોડ સખી૦
મરવું અવશ્ય બે રીતે, સખી. તો ધૈર્યમાં મન જોડ સખી૦ ૧૩

જો બને કાયર રોગથી, સખી. તો નરકે ભોગવીયા અપાર સખી૦
તળાયો સેકાયો ફાડીયો, સખી. અહીં ન અંશ લગાર. સખી૦ ૧૪

કરૂણ પોકારો કર્યા કુગતિ, સખી દીન હીન પણે મર્યો ત્યાંય; સખી૦
કોઈએ ન શરણું આપીયું, સખી સમજ્યો આ નરભવ આય. સખી૦ ૧૫

એમ સમાધિભૂપ મુખડું, સખી જોવા દે ક્ષણ ક્ષણ ખાસ; સખી૦
પલ પલ શરણું એહનું, સખી. કરવો શિવમંદિર વાસ. સખી૦ ૧૬

(દૂહા)

અવનીમાં મૃત્યુતણાં, તાપથી જન ગભરાય;
જ્ઞાન રહિત અજ્ઞાન નર, પામે દુઃખ સમુદાય. ૧

સમ્યગ્ જ્ઞાની આતમા, ગણે અમૃત સમાન;
દુઃખ દોહગ સવિ અપહરી, પામે પદ નિર્વાણ. ૨

કાચો ઘડો માટી તણો, જલ ભરવા અસમર્થ;
પણ જો અગ્નિમાં પકે, તો ભરવા સમર્થ. ૩

તેમ મૃત્યુના અવસરે, જીવ ધર સમતા ભાવ;
નિર્વાણ પદની પાત્રતા, પામીશ નિજ સ્વભાવ ૪

અજ્ઞાની કરે આક્રંદતા, ક્યાં જાવું હું શું કરીશ ?
રક્ષા કરશે કોણ મુજ ? કેમ જ હું તો જીવીશ ? ૫

સંકલ્પ વિકલ્પને ઈણીપરે, કરતો બહુ સંતાપ;
સમ્યગ્ દૃષ્ટિ આતમા, વિચારે પુન્ય પાપ. ૬

આયુકર્મના બંધથી, જીવ કરે ધારણ દેહ;
તે સ્થિતિ પુરી થયે, ચાલે પરલોક તેહ. ૭

હું અવિનાશી આતમા, અવિનાશી જ્ઞાન સ્વભાવ;
જીર્ણ છે દેહ પીંજરૂં, તે પુદ્ગલનો ભાવ. ૮

(ઢાળ ૭ મી. રાગ : મારા જીવનના આધાર)

જીવડાં ! ચિત્તમાં સમાધિ રાખ, નહિંતર ભમશે ચોરાશી લાખ;
ચેતન ! સમતા સુખડી ચાખ, નહિંતર ભમશે ચોરાશી લાખ. ૧

મૃત્યુ અવસરે થોડો પણ કાળ, વર્તે જો શુભ ધ્યાન;
આર્ત રૌદ્ર બે ધ્યાનને છોડે, તો શુભ ગતિ પ્રયાણ. જી૦ ૨

સંસાર ભમતા મોટા મોટા, કષ્ટોને વેઠ્યા અપાર,
પણ વ્રત ધારણમાં જે કષ્ટો, તેનું ફળ નિરધાર જી૦ ૩

પંચ મહાવ્રત ઘોર તપસ્યા, તે પદ આપે સુસ્થાન;
તે જ પદનું જો રટણ થાયે, મૃત્યુ સમય સાવધાન. જી૦ ૪

કુટુંબાદિકની મમતા છોડી. ભય રહિત બની ખાસ;
ચાર આરાધના શરણ ગ્રહીને, ભજ વીતરાગનો પાસ. જી૦ ૫

શુદ્ધ સ્વભાવનું લઈ અવલંબન, મરણ જો તારૂં થાય;
તો પરિણામે સુકુલે જન્મી, રત્નત્રયીને પાય. જી૦ ૬

સુરવર ઈન્દ્રાદિક મહાપદવી, પામે ઉત્તમ સ્થાન;
અનુક્રમે પામે નિર્વાણપદને, જ્યાં અમૃતરસ લ્હાણ. જી૦ ૭

(દૂહા)

મરણ સમય જે જીવને, રાગ દ્વેષ ન હોય;
શાંતિ હોયે ચિત્તમાં, દુઃખપરિણામ ન હોય. ૧

નિયમથી તે જીવડો, તિરિનરકે નવિ જાય,
સ્વર્ગલોકમાં ઈન્દ્ર હોય, અથવા મહર્દ્ધિક થાય. ૨

હે ઉત્તમ મહાપુરૂષ ! તું, જાણી સમય સાવધાન;
સમાધિમરણ શરણ લઈ, જા તું સુંદર સ્થાન. ૩

જો તું મરણના સમયમાં, ભયભીત બની જનાર;
પરિગ્રહમાં મમતા ધરી, તો કુગતિ નિરધાર. ૪

માટે અવસર ચૂક ના, ફરી ન મળે વારવાર;
મરણ તો છોડવાનું નથી, ધૈર્યતા દિલમાં ધાર. ૫

(ઢાળ ૮ મી. રાગ : નયરેસર માહણકુંડમાં)

જિનવચનો અવધાર તું જીવડાં ! જિનવચનો અવધાર
પામ સમાધિ સાર હો જીવડાં ! તો સુંદર અવતાર. ૧

કામકુંભ ચિંતામણી સરીખી, જીવ ! સમાધિ સ્વીકાર.
સુખશાંતિને આનંદ દાયક, પ્રભુ વચનો અવધાર. (૨) ૨

તપ જપ ને વળી વ્રતનું પાલન, શ્રુત પઠન શુભ ધ્યાન;
એ સકલનું ફળ સમાધિ, કર આતમ સાવધાન (૨) ૩

દેહની મમતા રહિત તેં કરીયા, અનશનાદિ તપ સાર;
અહિંસા સત્ય અચૌર્યને પાળ્યા, વળી બ્રહ્મવ્રત સુખકાર (૨) ૪

પરિગ્રહની જડ મૂળથી ત્યાગી, આરંભના પચ્ચક્ખાણ;
શત્રુમિત્રમાં સમભાવ રાખ્યો, વર્ત્યો ધર્મ ને ધ્યાન. (૨) ૫

એહ આલંબન લીધું તે જીવડાં, સમાધિ મરણને કાજ;
પણ હવે જો તું મરણ સમયે, તેહ ન રાખીશ ચેતનરાજ. (૨) ૬

તો રાગદ્વેષ મમતા માયા, મૂકશે ન તને લગાર;
ફોગટ થશે તો વ્રતપાલન, કેમ પામીશ ફળ સાર? (૨) ૭

(દૂહા)

જગતમાં એક સામાન્ય છે, કહાણી ભલી સાર;
જે વસ્તુ અતિશય ગમે, પછી ન રૂચે લગાર. ૧

સમયે સમયે અનાદરપણું, પ્રિય અપ્રિય બનનાર;
નવીનમાં પ્રીતિ ઉપજે, જીર્ણમાં અરૂચિ નિરધાર. ૨

માટે જીવ આ શરીર પણ, જીર્ણ થયું છે ખાસ;
લાંબા સમયથી સેવતો, થશે તેહનો નાશ. ૩

બલરહિત કાંતિરહિત, બન્યું પીંજરૂં એહ;
અવસર નજીક વર્તાય છે, પામશે ઉજ્જ્વલ દેહ. ૪

નવીન લાભ થશે તને, તો ભય શો ધરનાર;
સમજ સમજ તું આતમા, ભય ન રાખ લગાર. ૫

એહ શરીર જનાર છે, વેલું મોડું જરૂર;
તો એમાં મમતા ધરી, કાં બગાડ આતમ નૂર. ૬

(ઢાળ ૯ મી : રાગ પ્રભુ તારું દ્વાર ખુલ્યું ને સુરજ ઉગ્યો)

અહા કેવું ભાગ્ય ખુલ્યું ને જિનવર મળીયો, (૨)
સમાધિ કલ્પતરૂ આજે જાણે ફલીયો. ભાગ્ય૦

ભય રહિત બની શરણ સ્વીકારૂં; સમાધિ મરણમાં ઉલ્લાસ ધારૂં,
કરી સાધના ભવ મારો ટળીયો. ભાગ્ય૦ ૧

રાખે સમાધિ તો સ્વર્ગ વિમાન, પામે ઉત્તમ જીવ સુખનિધાન;
પુન્યે સુકુલ જન્મ ગર્વ જાય ગળીયો. ભાગ્ય૦ ૨

સુંદર ભોગો ભોગી સંયમ ગ્રહતો, આનંદ ઉપજાવી દેહને તજતો;
પામે નિર્વાણ જાણે દહાડો વળીયો. ભાગ્ય૦ ૩

મૃત્યુ મહોત્સવ રચ્યો સુખદાયી, સમાધિ દર્શન કીજે, મંગલદાયી,
હર્ષનો ભવ જાણે આજે ફળીયો. ભાગ્ય૦ ૪

# ૧૬. પર્યન્તારાધના

## (ચાર શરણા - દુષ્કૃત ગર્હા - સુકૃત- અનુમોદના - અઢાર પાપસ્થાનક વોસિરાવવા.)

માંદો મનુષ્ય નમસ્કાર કરીને આ પ્રમાણે કહે છે કે, હે ભગવાન ! હવે અવસરને ઉચિત ફરમાવો, ત્યારે ગુરૂ છેવટની આરાધના આ પ્રમાણે કહે છે. ૧

અતિચારને આલોવવા જોઈએ, વ્રતો ઉચ્ચરવા જોઈએ; જીવોને ક્ષમા આપવી જોઈએ, અને ભવ્ય આત્માએ અઢાર પાપ સ્થાનક વોસિરાવવા જોઈએ. ૨

ચાર શરણ ગ્રહણ કરવા જોઈએ, દુષ્કૃત (પાપ) ની નિંદા કરવી જોઈએ, સારા કામની અનુમોદના કરવી જોઈએ, અનશન કરવું જોઈએ, અને પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવા જોઈએ. ૩

જ્ઞાનમાં , દર્શનમાં, ચારિત્રમાં, તપમાં, વીર્યમાં, એ રીતે પંચવિધ આચારમાં લાગેલા અતિચારો આલોવવા જોઈએ. ૪

સામર્થ્ય છતાં પણ જ્ઞાનીઓને વસ્ત્ર અન્ન વગેરે ન આપ્યું હોય અથવા તેમની અવજ્ઞા કરી હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૫

પાંચ પ્રકારનાં જ્ઞાનની નિંદા કરી હોય, ઉપહાસ (મશ્કરી) કર્યો હોય, અથવા ઉપઘાત કર્યો હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૬

જ્ઞાનના ઉપકરણ પાટી પોથી વગેરેની જે કોઈ આશાતના થઈ હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૭

નિઃ શંકા વિગેરે આઠ પ્રકારના ગુણ સહિત જે સમ્યક્ત્વ રૂડા પ્રકારે મેં પાલ્યું ન હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૮

જિનેશ્વરશ્રીદેવની યા જિન પ્રતિમાની ભાવથી પૂજા કરી ન હોય અથવા અભક્તિથી પૂજા કરી હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૯

દેવદ્રવ્યનો મેં જો વિનાશ કર્યો હોય અથવા બીજાને નાશ કરતો જોઈ ઉપેક્ષા કરી હોય તો મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૦

જિનેન્દ્ર મંદિર વગેરેમાં આશાતનાં કરનારને પોતાની શક્તિ છતાં ન નિષેધ્યો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૧

પાંચ સમિતિ સહિત અથવા ત્રિગુપ્તિ સહિત નિરંતર ચારિત્ર ન પાળ્યું હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૨

કોઈ પણ રીતે પૃથ્વીકાય ,અપકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિ કાયાદિ એકેન્દ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૩

કીડા, શંખ, છીપ, પુરા, જલો, અળસીયા વગેરે બેઈન્દ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૪

કંથુઆ, જુ, માંકડ, મંકોડા, કીડી વગેરે તેઈન્દ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૫

વિંછી, માખ, ભ્રમર વગેરે ચઉરિન્દ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૬

પાણીમાં વસનાર, જમીન ઉપર વસનાર કે આકાશમાં ઉડનાર કોઈ પણ પંચેન્દ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૭

ક્રોધથી, લોભથી, ભયથી હાસ્યથી અથવા પરવશપણાથી મેં મૂઢ થઈને જે અસત્ય વચન કહ્યું હોય તે હું નિંદું છું. તેની ગર્હા કરૂં છું. ૧૮

કપટકળાથી બીજાને છેતરીને થોડું પણ નહિ આપેલું ધન મેં ગ્રહણ કર્યું હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૯

રાગ સહિત હૃદયથી દેવતા સંબંધી, મનુષ્ય સંબંધી, તિર્યંચ સંબંધી મૈથુન મેં આચર્યું હોય તેની હું નિંદા ગર્હા કરૂં છું. ૨૦

ધન, ધાન્ય, સુવર્ણ વગેરે નવ પ્રકારનાં પરિગ્રહ સંબંધમાં મમત્વ ભાવ મેં ધારણ કર્યો હોય તેની હું નિંદા-ગર્હા કરૂં છું. ૨૧

જુદી જુદી જાતના રાત્રિભોજન ત્યાગનાં નિયમોમાં મારાથી જે ભૂલ થઈ ગઈ હોય તેની હું નિંદા-ગર્હા કરું છું. ૨૨

જિનેશ્વર ભગવંતો એ કહેલો બાહ્ય અને અભ્યંતર બાર પ્રકારનો તપ જે મારી શકિત પ્રમાણે ન કર્યોહોય તેની નિંદા ને હું ગર્હા કરૂં છું. ૨૩

મોક્ષપદને સાધવાવાળા યોગમાં મન વચન અને કાયાથી સદા જે વીર્ય ન ફોરવ્યું હોય તેની હું નિંદા ગર્હા કરૂં છું. ૨૪

પ્રાણાતિપાત વિરમણ વ્રત વગેરે બાર વ્રતોનો સમ્યગ્ વિચાર કરી જયાં જયાં ગ્રહણ કરેલામાં ભંગ થયો હોય તેનું મિચ્છમિ દુક્કડં આપું છું. કોપ રહિત થઈને સર્વ જીવોને ક્ષમા આપું છું અને પૂર્વનું વેર દૂર કરીને સર્વેને મિત્રો હોય તેમ ચિન્તવું છું. ૨૫

હે ચેતન ! પ્રાણાતિપાત - મૃષાવાદ - મિથ્યાત્વશલ્ય, આ મોક્ષમાર્ગની સન્મુખ જતાં વિઘ્નભૂત અને દુર્ગતિનાં કારણભૂત અઢાર પાપ સ્થાનકોનો ત્યાગ કર. ૨૬

જે ચોત્રીસ અતિશય યુક્ત છે. અને જેમણે કેવળજ્ઞાનથી પરમાર્થને જાણ્યા છે અને દેવતાઓએ જેમનું સમવસરણ રચ્યું છે એવા અર્હંતોનું મને શરણ હોજો. ૨૭

જે ચાર કર્મથી મુકત છે, જેમની આઠ મહાપ્રતિહાર્યોએ શોભા કરી છે અને આઠ પ્રકારના મદના સ્થાનકોથી જે રહિત છે, તે અર્હંતોનું મને શરણ હોજો. ૨૮

સંસાર રૂપી ક્ષેત્રમાં જેમણે ફરી ઉગવાનું નથી, ભાવ શત્રુઓને નાશ કરવાથી અરિહંત બન્યા છે, અને ત્રણ જગત ને પૂજનીય છે એ અર્હંતોનું મને શરણ હોજો. ૨૯

ભયંકર દુઃખરૂપી લાખો લહેરીઓથી દુઃખે કરી તરી શકાય એવો સંસારસમુદ્ર જે તરી ગયા છે, અને જેઓને સિદ્ધિસુખ મળ્યું છે તે સિદ્ધોનું મને શરણ હોજો. ૩૦

તપરૂપી મુદ્‌ગરથી જેમણે ભારે કર્મરૂપી બેડી તોડી નાંખી મોક્ષસુખ મેળવ્યું છે તે સિદ્ધો નું મને શરણ હોજો. ૩૧

ધ્યાનરૂપી અગ્નિનાં સંયોગથી સકળ કર્મરૂપ મળ જેમણે બાળી નાંખ્યો છે અને જેમનો આત્મા સુવર્ણમય થયો છે, તે સિદ્ધોનું મને શરણ હોજો. ૩૨

જેમને જન્મ નથી, જરા નથી, મરણ નથી તેમજ ચિત્તનો ઉદ્‌વેગ નથી, ક્રોધાદિ કષાય નથી તે સિધ્ધોનું શરણ હોજો. ૩૩

બેંતાલીસ દોષ રહિત ગોચરી કરીને જ અન્નપાણી લે છે, તે મુનિઓનું મને શરણ હોજો. ૩૪

પાંચ ઈન્દ્રિયોને વશ રાખવામાં તત્પર, કામદેવના અભિમાનનો પ્રચાર જીતનારા બ્રહ્મચર્યને ધારણ કરનારા મુનિઓનું મને શરણ હોજો. ૩૫

જે પાંચ સમિતિઓના સહિત છે. પાંચ મહાવ્રતોનો ભાર વહન કરવાને જે વૃષભ સમાન છે અને જે પંચમગતિ ના અનુરાગી છે. તે મુનિઓનું મને શરણ હોજો. ૩૬

જેમણે સકળ સંગનો ત્યાગ કર્યો છે, જેમને મણિ અને તૃણ, મિત્ર અને શત્રુ સમાન છે. જે ધીર છે અને જે મોક્ષમાર્ગને સાધવાવાળા છે તે મુનિઓનું મને શરણ હોજો. ૩૭

કેવળ જ્ઞાનને લીધે દિવાકર સરખા તીર્થંકરોએ પ્રરૂપેલ અને જગતનાં સર્વજીવોને હિતકારી એવા ધર્મનું શરણ હોજો. ૩૮

કરાડો કલ્યાણને ઉત્પન્ન કરનારી અને અનર્થ રચનાનો નાશ કરનારી જીવદયાનું જેમાં વર્ણન થાય છે, એવા ધર્મનું મને શરણ હોજો. ૩૯

પાપના ભારથી દબાએલા જીવને કુગતિ રૂપી કૂવામાં પડતો જે ધારણ કરી રાખે છે, તેવા ધર્મનું મને શરણ હોજો. ૪૦

સ્વર્ગ અને મોક્ષરૂપ નગરે જવાના માર્ગમાં ગૂંથાએલા લોકોને સાર્થવાહરૂપ છે. અને સંસારરૂપ અટવી પસાર કરાવી આપવામાં સમર્થ છે તે ધર્મનું શરણ હોજો. ૪૧

આ પ્રમાણે ચાર પ્રકારનાં શરણને ગ્રહણ કરનાર અને સંસારનાં માર્ગથી વિરકત ચિત્તવાળા મેં જે કાંઈ દુષ્ટ કર્યું હોય તેની હમણાં આ ચાર (અરિહંત, સિધ્ધ, સાધુ અને સર્વજ્ઞ ભાષિત ધર્મ) ની સમક્ષ નિંદા કરૂં છું. ૪૨

મિથ્યાત્વથી વ્યામોહ પામીને ભમતા મેં મન, વચન કે કાયાથી કુતીર્થ (અસત્ય મત) નું સેવન કર્યું હોય તે સર્વની અત્રે હમણાં નિંદા કરૂં છું. ૪૩

જિન ધર્મ માર્ગને જો મેં પાછળ પાડયો હોય અથવા તો અસત્ય માર્ગને પ્રગટ કર્યો હોય અને જો હું બીજાના પાપનાં કારણભૂત થયો હોઉં તો તે સર્વની હમણાં હું નિંદા કરૂં છું. ૪૪

જન્તુઓને દુઃખ આપનારાં હળ, સાંબેલું વિગેરે જે મેં તૈયાર કરાવ્યા હોય અને પાપી કુટુંબનું મેં ભરણપોષણ કર્યું હોય તે સર્વની હમણાં હું નિંદા કરૂં છું. ૪૫

જિનભુવન, પ્રતિમા, પુસ્તક અને (ચતુર્વિધ) સંઘરૂપ સાતક્ષેત્રમાં જે ધનબીજ મેં વાવ્યું હોય તે સુકૃતની હું અનુમોદના કરૂં છું. ૪૬

આ સંસારરૂપી સમુદ્રમાં વહાણસમાન જ્ઞાન, દર્શન અને ચારિત્ર જે સમ્યગ્ રીતે પાલ્યા હોય તે સુકૃતની હું અનુમોદના કરૂં છું. ૪૭

અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધર્મિક અને જૈન સિદ્ધાંતને વિશે જે બહુમાન મેં કર્યું હોય તે સુકૃતની અનુમોદના કરૂં છું. ૪૮

સામાયિકમાં ચતુર્વિંશતિ સ્તવ (ચોવીસ ભગવાનની સ્તુતિ) અને છ આવશ્યકમાં જે મેં ઉદ્યમ કર્યો હોય તે સર્વ સુકૃતની હું અનુમોદના કરૂં છું. ૪૯

આ જગતમાં પૂર્વે કરેલા પુણ્યપાપ એ જ સુખ દુઃખનાં કારણો છે. બીજું કોઈ પણ કારણ નથી. એમ જાણીને શુભ ભાવ રાખો. ૫૦

પૂર્વે નહિ ભોગવાયેલા કર્મનો ભોગવવાથી જ છુટકારો થાય છે પણ ભોગવ્યા વિના છુટકારો નથી, એમ જાણીને શુભ ભાવ રાખો. ૫૧

જે ભાવ વિના ચારિત્ર, વ્રત, તપ, દાન, શીલ વગેરે સર્વ આકાશનાં ફૂલની માફક નિરર્થક છે, તેમ માનીના શુભ ભાવ રાખો. ૫૨

મેં નરકનું નારકીપણે તીક્ષ્ણ દુઃખ અનુભવ્યું તે વખતે કોણ મિત્ર હતો? તેમ માનીને શુભ ભાવ રાખો. ૫૩

સુરશૈલ (મેરૂ પર્વત) નાં સમૂહ જેટલો આહાર ખાઈને પણ તને સંતોષ ન વળ્યો. માટે ચતુર્વિધ આહારનો ત્યાગ કર. ૫૪

દેવ, મનુષ્ય, તિર્યંચ, અને નારક આ ચાર ગતિમાં મનુષ્યને આહાર સુલભ છે, પણ વિરતિ દુર્લભ છે. એમ માનીને ચતુર્વિધ આહારનો ત્યાગ કર. ૫૫

કોઈ પ્રકારનાં જીવ સમુદાયનો વધ કર્યા વગર આહાર થઈ શકે નહિ. તેથી ભવમા ભ્રમણ કરવા રૂપ દુઃખનાં આધારભૂત ચારે પ્રકારના આહારનો ત્યાગ કર. ૫૬

જે આહારનો ત્યાગ કરવાથી દેવોનું ઈન્દ્રપણું પણ હાથનાં તળિયાંમાં હોય તેવું થાય છે અને મોક્ષસુખ પણ સુલભ થાય છે તે ચાર પ્રકારનાં આહારનો ત્યાગ કર. ૫૭

જુદા જુદા પ્રકારનાં પાપ કરવામાં પરાયણ એવો જીવ પણ નમસ્કાર મંત્રને અંત સમયે પણ પામીને દેવપણું પામે છે તે નમસ્કારને મનની અંદર સ્મરણ કર. ૫૮

સ્ત્રીઓ મળવી સુલભ છે, રાજ્ય મળવું સુલભ છે, દેવપણું પામવું સુલભ છે, પણ દુર્લભમાં દુર્લભ નવકારમંત્ર પામવો તે છે. તેથી મનની અંદર નવકારમંત્રનું સ્મરણ કર. ૫૯

એક ભવમાંથી બીજા ભવમાં જતાં ભાવિકોને જે નવકારમંત્રની સહાયથી પરભવને વિષે મનોવાંછિત સુખ સંભવે છે, તે નવકારમંત્રનું સ્મરણ કર. ૬૦

જે નવકાર મંત્રને પામવાથી ભવરૂપ સમુદ્ર ગાયની ખરી જેટલો થાય છે, અને જે મોક્ષનાં સુખને સત્ય કરી આપે છે, તે નમસ્કારમંત્રને મનની અંદર તું સ્મરણ કર. ૬૧

આ પ્રકારની ગુરૂએ ઉપદેશેલી પર્યન્તારાધના સાંભળીને સકલ પાપ વોસરાવીને આ નમસ્કાર મંત્રનું સેવન કર. ૬૨

પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરવામાં તત્પર એવો રાજસિંહ કુમાર મરણ પામીને પાંચમાં દેવલોકમાં ઈંદ્રપણું પામ્યો. ૬૩

તેની સ્ત્રી રત્નવતી પણ તેજ પ્રકારે આરાધીને પાંચમાં કલ્પને વિષે સામાનિક દેવપણું પામી, ત્યાંથી ચ્યવીને બન્ને મોક્ષે જશે. ૬૪

આ સંવેગ ઉત્પન્ન કરનાર સોમસૂરિએ રચેલી આ પર્યન્તારાધના જે રૂડી રીતે અનુસરશે તે મોક્ષસુખ પામશે. ૬૫

## ૧૭. મરણ વખતે સમાધિ પ્રાપ્ત થાય તે માટે કરવાનો જાપ

**''ૐ અંબરાય કિત્તિય વંદિય મહિયા,**
**જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા આરુગ્ગ બોહિલાભં, સમાહિ વર મુત્તમં દિંતુ''**

સ્થિર આસને બેસીને, મારા ઉપર દૃષ્ટિ સ્થાપીને, હોઠ ફફડાવ્યા વિનાં ૧૫૦૦૦ વાર કે છેવટે ૧૫૦૦ વાર આ મંત્રનો જાપ કરીને પછી રોજ એક માળા ગણવાથી મરણ વખતે સમાધિની પ્રાપ્તિ થાય છે.

## ૧૮. પુણ્ય પ્રકાશનું સ્તવન

સકળ સિદ્ધિદાયક સદા, ચોવીસે જિનરાય;
સદ્‌ગુરૂ સ્વામીની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય; ૧

ત્રિભુવનપતિ ત્રિશલાતણો, નંદન ગુણ ગંભીર;
શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. ૨

એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ. ૩

મુકિત મારગ આરાધીએ, કહો કિણ પરે અરિહંત;
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪

અતિચાર આલોઈએ, વ્રત ધરીએ ગુરૂ શાખ;
જીવ ખમાવો સયલ જે, યોની ચોરાસી લાખ. ૫

વિધિશું વળી વોસરાવીએ, પાપ સ્થાનક અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર. ૬

શુભ કરણી અનુમોદિએ, ભાવ ભલો મન આણ;
અણસણ અવસર આદરી, નવપદ જપો સુજાણ. ૭

શુભગતિ આરાધના તણા, એ છે દસ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવપાર. ૮

### ઢાળપહેલી

### (રાગ : જ્યોતસે જ્યોત જગાકે ચલો.)

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વિરજ, એ પાંચે આચાર,
એહ તણા ઈહભવ પરભવના આલોઈએ અતિચાર રે...
પ્રાણી, જ્ઞાન ભણો ગુણખાણી, વીર વદે એમ વાણી રે પ્રા૦ (૧)

ગુરુ ઓળવીએ નહીં ગુરુ વિનયે, કાળે ધરી બહુમાન;
સૂત્ર અર્થ તદુભયકરી સુધાં, ભણીએ વહી ઉપધાનરે પ્રા૦ (૨)

જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નવકારવાલી;
તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભક્તિ ન સંભાળી રે પ્રા૦ (૩)

ઈત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ;
આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે પ્રા૦ (૪)

સમકિત લ્યો શુદ્ધજાણી, વીર વદે એમ વાણી રે.... પ્રા૦
જિન વચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાષ;
સાધુતણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખરે પ્રા૦ (૫)

મૂઢપણું છંડો પરશંસા-ગુણવંતને આદરીએ;
સાહમ્મીને ધર્મે કરી સ્થિરતા, ભક્તિ પ્રભાવના કરીએ રે પ્રા૦ (૬)

સંઘ ચૈત્ય પ્રાસાદતણો જે, અવર્ણવાદ મન લેખ્યો;
દ્રવ્યદેવકો જે વિણસાડ્યો, વિણસંતા ઉવેખ્યોરે પ્રા૦ (૭)

ઈત્યાદિક વિપરીતપણાથી સમકિત ખંડ્યું જેહ;
આભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહ રે પ્રા૦ (૮)

ચારિત્ર લ્યો ચિત્તઆણી, વીરવદે એમવાણી રે... પ્રા૦
પાંચસમિતિ ત્રણગુપ્તિ વિરાધી, આઠે પ્રવચનમાય,
સાધુતણે ધર્મે પ્રમાદે, અશુદ્ધ વચન મન કાય રે પ્રા૦ (૯)

શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાળી;
જે જયણાપૂર્વક એ આઠે, પ્રવચનમાય ન પાલી રે પ્રા૦ (૧૦)

ઈત્યાદિ વિપરીતપણાથી, ચારિત્ર ડહોલ્યું જેહ,
આભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહ રે પ્રા૦ (૧૧)

બાર ભેદે તપ નવિ કીધો, છતે યોગે નિજ શકતે;
ધર્મે મન વચ કાયા વિરજ, નવિ ફોરવીયું ભગતે રે પ્રા૦ (૧૨)

તપ વીરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યા જેહ,
આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહ રે પ્રા૦ (૧૩)

વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઈએ
વીરજિણેસર વયણ સુણીને, પાપ મલ સવિ ધોઈએ રે પ્રા૦ (૧૪)

## ઢાળ બીજી

## (સંભવ જિનવર)

પૃથ્વી પાણી તેઉ વાઉ વનસ્પતિ, એ પાંચે થાવર કહ્યાએ;
કરી કરસણ આરંભ, ખેત્ર જે ખેડીયાં, કુવા તલાવ ખણાવીયાં એ (૧)

ઘર આરંભ અનેક, ટાંકાં ભોયરાં, મેડી માળ ચણાવીયાં એ;
લીંપણ ગૂંપણ કાજ, એણીપરે પરે, પૃથ્વીકાય વિરાધીઆ એ (૨)

ધોયણ નાહણ પાણી, ઝીલણ અપકાય, છોતી ધોતી કરી દુહવ્યા એ,
ભાઠીગર કુંભાર, લોહ સોવનગરા, ભાડભુંજા લીહાલાગરા એ (૩)

તાપણ શેકણ કાજ, વસ્ત્ર નિખારણ, રંગણ રાંધણ રસવતીએ;
એણીપરે કર્માદાન, પરે પરે કેલવી, તેઉ વાઉ વિરાધીયા એ (૪)

વાડી વન આરામ, વાવી વનસ્પતિ, પાન ફળ ફુલ ચુંટીયાં એ;
પોંક પાપડી શાક, શેક્યાં સુકવ્યાં, છેંદ્યાં છુંદ્યાં આથીયાં એ (૫)

અળશીને એરંડ, ઘાણી ઘાલીને, ઘણા તિલાદિક પીલિયાએ,
ઘાલી કોલુ માંહે પીલી સેલડી, કંદમૂળ ફળ વેચીયાંએ (૬)

એમ એકેદ્રિય જીવ, હણ્યા હણાવીયા, હણતાં જે અનુમોદિયાએ;
આ ભવ પરભવ જેહ, વલી રે ભવોભવે, તે મુજ મિચ્છામિ દુક્કડં એ (૭)

કૃમી કરમીયા કીડા, ગાડર ગંડોલા, ઈયલ પોરા અલશીયાં એ,
વાળા જળો ચુડેલ, વિચલિત રસતણા, વળી અથાણાં પ્રમુખનાંએ (૮)

એમ બેઈંદ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ,
ઉધેહી જુ લીખ, માંકડ મંકોડા, ચાંચડ કીડી કંથુઆ એ (૯)

ગદ્ધેહિઆં ધીમેલ, કાનખજુરડા, ગીંગોડા ધનેરીયાં એ,
એમ તેઈંદ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ (૧૦)

માખી મત્સર ડાંસ, મસા પતંગિયાં, કંસારી કોલિયાવડા એ;
ઢીકણ વિંછુ તીડ, ભમરા ભમરીઓ, કુંતા બગ ખડમાંકડીએ (૧૧)

એમ ચૌરિંદ્રિયજીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ;
જળમાં નાખી જાળ, જળચર દુહવ્યા, વનમાં મૃગ સંતાપીયા એ (૧૨)

પીડ્યા પંખી જીવ, પાડી પાસમાં, પોપટ ઘાલ્યા પાંજરે એ;
એમ પંચેંદ્રિયજીવ, જે મેં દુહવ્યા તે મુજ મિચ્છામિ દુક્કડં એ (૧૩)

## ઢાળ ત્રીજી

## (વાણી વાણી હિતકારીજી-એ દેશી)

ક્રોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યાં વચન અસત્ય,
કૂડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્ત રે;
જિનજી, મિચ્છામિ દુક્કડં આજ, તુમ સાખે મહારાજ રે,
જિનજી, દેઈ સારું કાજરે, જિનજી મિચ્છામિ દુક્કડં આજ (૧)

દેવ મનુષ્ય તિર્યંચના જી, મૈથુન સેવ્યાં જેહ;
વિષયારસલંપટપણે જી, ઘણું વિડંબ્યો દેહ રે જિનજી૦ (૨)

પરિગ્રહની મમતા કરીજી, ભવ ભવ મેલી આથ,
જે જીહાંની તે તિહાં રહીજી, કોઈ ન આવે સાથ રે જિનજી૦ (૩)

રયણી ભોજન જે કર્યાં જી, કીધાં ભક્ષ અભક્ષ;
રસના રસની લાલચે જી, પાપ કર્યાં પ્રત્યક્ષ રે જિનજી૦ (૪)

વ્રત લેઈ વિસારીયાંજી, વળી ભાગ્યાં પચ્ચક્ખાણ;
કપટ હેતું કિરિયા કરી જી, કીધાં આપ વખાણ રે જિનજી૦ (૫)

ત્રણ ઢાલ આઠે દુહેજી, આલોયા અતિચાર;
શિવગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકાર રે જિનજી૦ (૬)

## ઢાળ ચોથી

## (સાહેલડીની દેશી)

પંચમહાવ્રત આદરો, સાહેલડીરે, અથવા લ્યો વ્રત બાર તો;
યથાશક્તિ વ્રતઆદરી, સા૦ પાળો નિરતિચાર તો (૧)

વ્રત લીધાં સંભારીએ, સા૦ હૈડે ધરીએ વિચાર તો;
શિવગતિ આરાધન તણો સા૦ એ બીજો અધિકાર તો (૨)

જીવ સર્વે ખમાવિએ, સા. યોનિ ચોરાશીલાખ તો;
મન શુદ્ધે કરી ખાંમણાં સા૦ કોઈશું રોષ ન રાખ તો (૩)

સર્વ મિત્ર કરી ચિંતવો સા૦ કોઈ ન જાણો શત્રુ તો;
રાગદ્વેષ એમ પરિહરો, સા૦ કીજે જન્મ પવિત્ર તો (૪)

સ્વામી સંઘ ખમાવીએ, સા૦ જે ઉપની અપ્રીત તો;
સજ્જન કુટુંબ કરી ખામણાં, સા૦ એ જિનશાસન રીત તો (૫)

ખમીએ ને ખમાવીએ, સા૦ એહજ ધર્મનો સાર તો;
શિવગતિઆરાધન તણો, સા૦ એ ત્રીજોઅધિકાર તો (૬)

મૃષાવાદ હિંસા ચોરી, સા૦ ધન મૂર્ચ્છા મૈથુન તો;
ક્રોધ માન માયા તૃષ્ણા, સા૦ પ્રેમ દ્વેષ પૈશુન્ય તો (૭)

નિંદા કલહ ન કીજીએ, સા૦ કૂડાં ન દીજે આળ તો,
રતિ અરતિ મિથ્યા તજો સા૦ માયામોસ જંજાળ તો. (૮)

ત્રિવિધ ત્રિવિધ વોસિરાવિએ, સા૦ પાપસ્થાનઅઢાર તો,
શિવગતિ આરાધન તણો, સા૦ એ ચોથો અધિકાર તો (૯)

## ઢાળ પાંચમી

### (શાસન નાયક વીરજી)

જનમ જરા મરણે કરીએ, આ સંસાર અસાર તો;
કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો (૧)

શરણ એક અરિહંતનુ એ, શરણ સિદ્ધભગવંત તો;
શરણ ધર્મ શ્રી જિનનો એ સાધુ શરણ ગુણવંત તો. (૨)

અવર મોહ સવિ પરિહરીએ, ચાર શરણ ચિત્ત ધાર તો;
શિવગતિ આરાધનતણો એ, એ પાંચમો અધિકાર તો (૩)

આ ભવ પરભવ જે કર્યાં એ, પાપ કર્મ કેઈ લાખ તો;
આત્મ સાખે તે નિંદીએ એ, પડિક્કમિએ ગુરુસાખ તો (૪)

મિથ્યામતિ વર્તાવિયા એ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો;
કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉથાપ્યાં સૂત્ર તો (૫)

ઘડ્યાં ઘડાવ્યાં જે ઘણાં એ, ઘરંટી હળ હથિયાર તો;
ભવ ભય મેલી મૂકીયાં એ, કરતાં જીવસંહાર તો (૬)

પાપ કરીને પોષિયા એ, જનમ જનમ પરિવાર તો;
જનમાંતર પોહોત્યા પછી એ, કોઈએ ન કીધી સાર તો (૭)

આ ભવ પર ભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો;
ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ એ, આણી હૃદયવિવેક તો (૮)

દુષ્કૃતનિંદા એમ કરી એ, પાપ કરો પરિહાર તો;
શિવગતિ આરાધનતણો એ, એ છટ્ઠો અધિકાર તો (૯)

## ઢાળ છટ્ઠી

### (વિમલાચલની તુ વંદિએ)

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ;
દાન શીયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કૃતકર્મ. ધ૦ (૧)

શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર;

જુગતે જિનવર પૂજીયા, વળી પોષ્યાં પાત્ર. ધ૦ (૨)

પુસ્તક જ્ઞાન લખાવીયાં, જિણહર જિનચૈત્ય;
સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ક્ષેત્ર. ધ૦ (૩)

પડિકમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન;
સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધાં બહુમાન. ધ૦ (૪)

ધર્મ કાજ અનુમોદિએ, એમ વારોવાર,
શિવગતિ આરાધનતણો, એ સાતમો અધિકાર. ધ૦ (૫)

ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ;
સમતા ભાવે ભાવિએ, એ આતમરામ. ધ૦ (૬)

સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય;
કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. ધ૦ (૭)

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યનું કામ,
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામણ. ધ૦ (૮)

ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર;
શિવગતિ આરાધનતણો, એ આઠમોઅધિકાર. ધ૦ (૯)

## ઢાળ સાતમી

### (રૈવતગિરિ હુઆં, પ્રભુનાં ત્રણ કલ્યાણક-એ દેશી)

હવે અવસર જાણી, કરી સંલેખન સાર,
અણસણ આદરીએ, પચ્ચક્ખી ચારે આહાર;
લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ;
એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ (૧)

ગતિ ચારે કીધાં, આહાર અનંત નિઃશંક,
પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીયો રંક;
દુલહો એ વળી, અણસણનો પરિણામ,
એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ (૨)

ધન ધન્ના શાલિભદ્ર, ખંધો મેઘકુમાર,
અણસણ આરાધી, પામ્યા ભવનો પાર;
શિવમંદિર જાશે, કરી એક અવતાર,
આરાધન કરો એ નવમો અધિકાર (૩)

દશમે અધિકારે, મહામંત્ર નવકાર,
મનથી ન વિ મુકો, શિવસુખ ફલ સહકાર;
એ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર,
સુપરે એ સમરો, ચૌદ પુરવનો સાર (૪)

જનમાંતરજાતાં, જો પામે નવકાર,
તો પાતિક ગાળી, પામે સુર અવતાર;
એ નવપદ સરીખો, મંત્ર ન કોઈ સાર,
આ ભવને પરભવે, સુખ સંપત્તિ દાતાર (૫)

જુઓ ભીલ ભીલડી, રાજારાણી થાય,
નવ પદ મહિમાથી, રાજસિંહ મહારાય;
રાણી રત્નવતી, બેહુ પામ્યાં છે સુરભોગ,
એક ભવ પછી લેશે, શિવ વધુ સંજોગ (૬)

શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તત્કાલ,
ફણીધર ફીટીને, પ્રગટ થઈ ફૂલમાળ,
શિવકુમરે જોગી, સોવન પુરિસો કીધ,
એમ એણે મંત્રે, કાજ ઘણાંનાં સિદ્ધ (૭)

એ દશ અધિકારે, વીર જિણેસર ભાખ્યો,
આરાધન કેરો વિધિ, જેણે ચિત્તમાંહિ રાખ્યો;
તેણે પાપ પખાળી, ભવ ભય દૂરે નાખ્યો,
જિન વિનય કરંતાં, સુમતિ અમૃતરસ ચાખ્યો (૮)

## ઢાળ આઠમી

## (નમો ભવિ ભાવશું એ-એ દેશી)

સિદ્ધારથ રાય કુળતિલોએ, ત્રિશલામાત મલ્હાર તો;
અવનીતળે તમે અવતર્યા એ, કરવા અમ ઉપગાર.જયો જિનવીરજીએ(૧)

મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતા ન લહું પાર તો;
તુમચરણે આવ્યા ભણીએ, જો તારો તો તાર. જયો૦ (૨)

આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો;
આવ્યા ને ઉવેખશોએ તો કેમ રહેશે લાજ. જયો૦ (૩)

કરમ અલુંજાણ આકરાં એ, જન્મ મરણ જંજાળ તો;
હું છું એહથી ઉભગ્યો એ, છોડાવ દેવ દયાલ. જ્યો૦ (૪)

આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલ તો;
તુઠ્યો જિન ચોવીશમો એ, પ્રકટ્યાં પુન્યકલ્લોલ. જ્યો૦ (૫)

ભવે ભવે વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો;
દેવ દયા કરી દીજીએ એ, બોધિ બીજ સુપસાય.જ્યો૦ (૬)

## કળશ

ઈહ તરણ તારણ, સુગતિ કારણ, દુઃખ નિવારણ, જગ જયો;
શ્રી વીર જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલટ થયો (૧)

શ્રીવિજય દેવ સૂરીંદ પટ્ટધર તીરથ જંગમ એણી જગે;
તપગચ્છપતિ શ્રી વિજય પ્રભસૂરિ, સૂરિ તેજે ઝગમગે (૨)

શ્રી હીરવિજયસૂરિ શિષ્ય વાચક, શ્રીકીર્તિ વિજય સુરગુરુ સમો;
તસ શિષ્ય વાચક વિનયવિજયે, થુણ્યો જિનચોવીશમો (૩)

સયસત્તર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચોમાસ એ;
વિજયદશમી વિજય કારણ, કીયો ગુણ અભ્યાસ એ (૪)

નરભવઆરાધન સિદ્ધિસાધન, સુકૃત લીલવિલાસ એ;
નિર્જરાહેતે સ્તવન રચીયું, નામે પુન્યપ્રકાશ એ (૫)

# ખંડ - ૬

# અંતિમ સાધના

## ૧. અન્તિમ આરાધના

શ્રીજિનકથિત જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા વીર્યની આરાધનામાં તત્પર મારો અન્તરાત્મા એક જ છે, એ જ મારો છે, આ સિવાય અન્ય સર્વને મેં ત્યજી દીધાં છે. રાગ, દ્વેષ, મહામોહ અને કષાયરૂપ કારમા મળને ધોઈને, હું અત્યારે નિર્મળ બન્યો છું. આ કારણે હું સાચો સ્નાતક થયો છું. વળી સર્વજીવો, મને ક્ષમા આપો. કારણ કે હું સર્વ જીવોને ખમાવું છું. મારો આત્મા હાલ શાન્ત છે. મારે કોઈની પ્રત્યે વૈર વિરોધ નથી. જે કોઈ કાલે વાસ્તવિક રીતે મારા ચેતનસ્વરુપ આત્માની સાથે સંબંધ રાખી શકે તેમ નથી એવી પરવસ્તુઓને મેં અત્યાર સુધી મારી નજીકની માની લીધી; પોતાપણાની બુદ્ધિથી મેં એ વસ્તુઓને જાણી હતી. તે પૌદ્ગલિક પરવસ્તુઓને હું વોસરાવું છું.

ત્રિલોકનાથ મહાત્મા શ્રીતીર્થંકરદેવો; પાપમલથી સર્વથા રહિત શ્રી સિદ્ધભગવન્તો, તથા શ્રી જિનેશ્વર પ્રણીત ધર્મ; અને શ્રી સાધુપુરૂષો; મને મંગલરુપ બનો. ત્રણેય લોકમાં આજ ચાર વસ્તુઓ શ્રેષ્ઠતમ છે. આ ચાર તત્ત્વો જ શરણસ્થાન છે. આથી ભવના ભ્રમણોથી ડરેલો હું આના શરણને સ્વીકારૂં છું.

હું અત્યારે સર્વ લાલસાઓથી નિવૃત્ત છું. મનમાં દુષ્ટ વિકલ્પોને મેં તદ્દન રોકી લીધાં છે. હાલ હું જગતના સર્વ પ્રાણીવર્ગને બંધુરુપ ગણુ છું. સર્વ સ્ત્રીઓ મારે મન માતા સમાન છે, હું તેઓનો પુત્ર છું. સર્વ પ્રકારના યોગોનો નિરોધ કરનાર હું શુદ્ધ સામાયિકમાં હાલ રહું છું. વળી સર્વ ચેષ્ટાઓને ત્યજી દેનારા મને, હે સિદ્ધભગવન્તો કરૂણાદષ્ટિથી નિહાળો.

આ ભવમાં કે અન્ય ભવોમાં, મેં જે કાંઈ દુષ્કૃતને, આચર્યું હોય તે સર્વ દુષ્કૃતને, સંવેગભાવથી ભાવિત એવો હું, આ અવસરે વારંવાર નિન્દું છું. સર્વપ્રકારના પરિગ્રહને મૂકીને હું વિશુદ્ધ બન્યો છું. મારી મનોવૃત્તિ અત્યારે આ છે. મારી વર્તમાનસ્થિતિના તત્ત્વને શ્રી કેવલજ્ઞાનીભગવન્તો સાક્ષાત્ જાણી શકે છે.

કેવળ મોક્ષની જ એક ઈચ્છાથી હું સંસારના સર્વ સંબંધોથી અળગો બન્યો છું. જન્મ મરણરુપ મહાદુઃખોનો નાશ કરનારા શ્રી જિનેશ્વરદેવોના શરણે મેં મારા

આત્માને સોંપી દીધો છે. આ કારણે : તે કરૂણાસાગર મહાત્માપુરૂષો, સદ્ભાવપૂર્વક અર્પિત થયેલા મારાં સઘળાયે કર્મોનો નાશ પોતાની શક્તિથી આ વેળાયે કરો.

## ૨. સાગારી અણસણ

**જઈ મે હુજ્જ પમાઓ, ઈમસ્સ દેહસ્સિમાઈ રયણીએ;**
**આહારમુવહિ-દેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૪**

જો આ મારા દેહનું આ રાત્રિએ જ મરણ થાય તો મેં આહાર, ઉપકરણ અને દેહને મન, વચન અને કાયાથી(અત્યારે)વોસિરાવ્યાં છે.

### મંગલ, ઉત્તમ અને શરણ.

**ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં;**
**સાહૂ મંગલં કેવલિ-પન્નત્તો ધમ્મો મંગલં. ૫**

**ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા;**
**સાહૂ લોગુત્તમા, કેવલિ-પન્નત્તો ધમ્મો લોગુત્તમો. ૬**

**ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ;**
**સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ;**
**કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ. ૭**

ચાર પદાર્થો મંગલ છે.(૧) અર્હંતો મંગલ છે,(૨) સિદ્ધો-મંગલ છે,(૩) સાધુઓ મંગલ છે અને (૪)કેવલિપ્રરૂપિત ધર્મ મંગલ છે.

ચાર પદાર્થો લોકોત્તમ છે. (૧) અર્હંતો લોકોત્તમ છે.(૨) સિદ્ધો લોકોત્તમ છે. (૩) સાધુઓ લાકોત્તમ છે અને (૪) કેવલિ-પ્રરૂપિત ધર્મ લોકોત્તમ છે. (૬)

(સંસારના ભયથી બચવા માટે ) હું ચારનું શરણ સ્વીકારું છું. (૧) અરિહંતોનું શરણ સ્વીકારું છું, (૨) સિદ્ધોનું શરણ સ્વીકારું છું. (૩) સાધુઓનું શરણ સ્વીકારું છું, અને (૪) કેવલિ-પ્રરૂપિત ધર્મનું શરણ સ્વીકારું છું.

### અઢાર પાપસ્થાનકોનો ત્યાગ.

**પાણાઈવાયમલીઅં, ચોરિક્કં મેહુણં દવિણ-મુચ્છં;**
**કોહં માણં માયં, લોહં પિજ્જં તહા દોસં. ૮**

**કલહં અબ્ભક્ખાણં, પેસુન્નં રઈ-અરઈ-સમાઉત્તં;**
**પર-પરિવાયં માયા-મોસં મિચ્છત્ત-સલ્લં ચ. ૯**

**વોસિરિસુ ઈમાઈં મુક્ખ-મગ્ગ-સંસગ્ગ-વિગ્ઘ-ભૂઆઈં;**
**દુગ્ગઈ-નિબંધણાઈં, અઠ્ઠારસ પાવઠાણાઈં. ૧૦**

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ-અરતિ, પર-પરિવાદ, માયા-મૃષાવાદ, અને મિથ્યાત્વ શલ્ય, એ અઢાર પાપ-સ્થાનકો મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં વિઘ્નભૂત અને દુર્ગતિનાં કારણ હોઈને તજવાં ઘટે(તેથી હું તેનો ત્યાગ કરું છું.) ૮-૧૦

## આત્માનુશાસન.

એગોહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ;
એવં અદીણમણસો, અપ્પાણ, મણુસાસઈ. ૧૧

એગો મે સાસઓ અપ્પા, નાણ-દંસણ-સંજુઓ;
સેસા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગ-લક્ખણા. ૧૨

સંજોગ-મૂલા જીવેણ, પત્તા દુક્ખ-પરંપરા;
તમ્હા સંજોગ-સંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૧૩

'હું એકલો છું, મારું કોઈ નથી અને હું પણ કોઈનો નથી.' એવું અદીન મનથી વિચારતા થકા આત્માને સમજાવવો. ૧૧

જ્ઞાન અને દર્શનથી સંયુક્ત એક મારો આત્મા જ શાશ્વત છે અને બીજા બધા સંયોગ થી ઉત્પન્ન થયેલા બહિર્ભાવો છે. ૧૨.

મારા જીવે દુઃખની પરંપરા કર્મ-સંયોગને લીધે જ પ્રાપ્ત કરેલી છે. તેથી એ સર્વ કર્મ-સંયોગને મેં મન વચન અને કાયાથી વોસિરાવ્યા છે. ૧૩

## સમ્યક્ત્વની ધારણા.

**અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહૂણો ગુરૂણો;**
**જિણ-પન્નત્તં તત્તં, ઈઅ, સમ્મત્તં મએ ગહિઅં. ૧૪**

હું જીવું ત્યાં સુધી અરિહંત મારો દેવ છે, સુસાધુ મારા ગુરુ છે. અને શ્રીજિનેશ્વર ભગવંત કથિત ધર્મને હું તત્વ માનું છું. આ જાતનું સમ્યક્ત્વ મેં અંગીકાર કર્યું છે. ૧૪

## ક્ષમાપના.

**ખમિઅ ખમાવિઅ મઈ ખમહ, સવ્વહ જીવ-નિકાય;**
**સિદ્ધહ સાખ આલોયણ, મુજ્ઝહ વઈર ન ભાવ. ૧૫**

**સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ-રાજ ભમંત;**
**તે મે સવ્વ ખમાવિઆ, મુજઝ વિ તેહ ખમંત, ૧૬**

**જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિઅં પાવં;**
**જં જં કાએણં કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ. ૧૭**

હે જીવ સમૂહ ! તમે સર્વે ખમત ખામણાં કરીને મારા પર ક્ષમા કરો. હું સિદ્ધોની સાક્ષીએ આલોચના કરું છું કે મારો કોઈ પણ જીવ સાથે વૈરભાવ નથી. ૧૫

સર્વે જીવો કર્મવશ હોઈને ચૌદરાજલોકમાં ભ્રમણ કરે છે. તે સર્વે મેં ખપાવ્યા છે. તેઓ પણ મને ક્ષમા કરો. ૧૬

મેં જે કંઈ પાપ મન વડે બાંધ્યું હોય, વચન વડે ઉચ્ચાર્યું હોય, અને કાયાથી કર્યું હોય તે સર્વ મારૂં દુષ્કૃત્ય મિથ્યા થાઓ. ૧૭.

## ૩. સાધુ-સાધ્વીજી માટે અંતિમ-સાધના વિધિ.

પ્રાચીન સમાચાર દ્વાર-૧૯ માં સાધુ-સાધ્વીજીને અંતિમ આરાધના માટે નીચે મુજબ વિધિ જણાવી છે.

(ખાસ કરીને લાંબી બિમારીવાળા ગ્લાન કે અતિ નાજુક સ્થિતિ જણાતી હોય ત્યારે સભાન અવસ્થામાં આ વિધિ ખાસ કરાવવી.)

(૧) ગુરુભગવંત બીમારને મસ્તકે મંત્રિત વાસ (ચૂર્ણ) ક્ષેપ કરે.

(૨) ગુરુમહારાજ ચતુર્વિધ શ્રી સંઘ સહિત ગ્લાન સાથે જિનપ્રતિમાજી સન્મુખ રહીને જે પ્રભુજી હોય તેની સ્તુતિ બોલવા પૂર્વક ચૈત્યવંદન કરે (કરાવે).

(૩) ચૈત્યવંદન બાદ નીચે મુજબ કાયોત્સર્ગ કરે (કરાવે).

(૧) શ્રી શાન્તિનાથ આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં કહી - વંદણવત્તિયાએ... અન્નત્થ..... (સાગરવર ગંભીરા સુધી) એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે. કાઉસગ્ગ પારી નમોઽર્હત્ બોલી થોય કહે -

**શ્રી શાન્તિઃ શ્રુતઃશાન્તિઃ પ્રશાન્તિકોસાવશાન્તિમુપશાન્તિં**
**નયતુ સદા યસ્ય પદાઃ, સુશાન્તિદાઃ સન્તુ સન્તિ જને.**

(૨) શ્રી શાસન દેવતા આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં કહી - અન્નત્થ - એક નવકારનો કાઉ. - પછી નમોઽર્હત્ પૂર્વક થોય -

**ઉપસર્ગ વલયવિલયનનિરતા, જિનશાસનાવનૈકરતાઃ**
**દ્રુતમિહ સમીહિતકૃતે સ્યુઃ, શાસનદેવતા ભવતામ્.**

(૩) શ્રી ક્ષેત્રદેવતા આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં કહી - અન્નત્થ - એક નવકારનો કાઉ. - પછી નમોઽર્હત્ પૂર્વક થોય -

**યસ્યાઃ ક્ષેત્રં સમાશ્રિત્ય, સાધુભિઃ સાધ્યતે ક્રિયાઃ**
**સા ક્ષેત્ર દેવતા નિત્યં, ભૂયાન્નઃ સુખદાયિની.**

(૪) શ્રી ભવનદેવતા આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં કહી - અન્નત્થ - એક નવકારનો કાઉ. - પછી નમોઽર્હત્ કહી, થોય -

**જ્ઞાનાદિ ગુણ યુતાનાં, નિત્યં સ્વાધ્યાય સંયમરતાનાં**
**વિદધાતુ ભવન દેવી, શિવં સદા સર્વ સાધૂનામ્.**

(૫) સમસ્ત વેયાવચ્ચગરાણં સંતિ..., કરેમિ કાઉસ્સગ્ગં કહી - અન્નત્થ - એક નવકારનો કાઉ. - પછી નમોઽર્હત્ કહી, થોય -

**સંઘેઽત્ર યેગુરગુણૌઘનિધે, સુવૈયાવૃત્યાદિકૃત્ય કરણૈક નિબદ્ધ કક્ષાઃ**
**તે શાન્તયે સહ ભવન્તુ સુરા સુરીભિઃ સદ્દષ્ટયો નિખિલ વિઘ્ન વિઘાત દક્ષાઃ**

આ રીતે પાંચ કાયોત્સર્ગ કર્યા બાદ -

(૪) નમુત્થુણં બોલે - પછી - (૫) અજિત શાન્તિ સ્તવન બોલે, - પછી -

(૬) આરાધનાની અધિષ્ઠાયિકા દેવીનો કાઉ. કરે (કરાવે)

શ્રી આરાધના દેવતા આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં - અન્નત્થ - ચાર લોગસ્સ (સાગરવર ગંભીરા સુધી) નો કાયોત્સર્ગ કરે.

- કાઉ. પારીને આ પ્રમાણે સ્તુતિ કહે.

**યસ્યાઃ સાંનિધ્યતો ભવ્યા, વાંછિતાર્થપ્રસાધકાઃ**
**શ્રીમદારાધના દેવી, વિઘ્નવ્રાતાપહાઽસ્તુ વઃ**

આટલી વિધિ કર્યા બાદ નીચે મુજબ "અંતસમયની આરાધના" કરાવે......

(૧) આસને બેસીને ગુરુમહારાજ ગ્લાન (બિમાર)ની પાસે તેણે બાલ્યકાળથી સેવેલા અતિચારો - પાપોની આલોચના કરાવે.

નોંધ : *(વિસ્તારથી અતિચાર આલોચના પૂર્વે દશ અધિકારમાં આપેલી છે. તે રીતે ન કરાવી શકાય. તેમ હોય તો સંક્ષેપમાં આલોચના કરાવવા માટે સમાચારીમાં આપેલી આ ગાથા મુજબ આલોચના કરાવવી)*

**જે મે જાણંતિ જિણા, અવરાહા જેસુ જેસુ ઠાણેસુ**
**તેઽહં આલોએઉં, ઉવટ્ઠિઓ સવ્વ ભાવેણં**

મારા તે તે વિષયમાં થયેલા અપરાધોને શ્રી જિનેશ્વરો જાણે છે. તેને હું અપ્રમત્તભાવે આલોચું છું. (પ્રગટ કરું છું).

**છઉમત્થો મૂઢ મણો, કિત્તિય મિત્તંપિ સંભરઈ જીવો**
**જં ચ ન સંભરામિ અહં, મિચ્છા મે દુક્કડં તસ્સ**

છદ્‌મસ્થ-મૂઢ મનવાળો કેટલું માત્ર સંભારે તેથી જે મને સ્મરણમાં નથી તેનું પણ મારે મિચ્છામિ દુક્કડમ્ થાઓ. (મારું તે દુષ્કૃત મિથ્યા થાઓ)

**જં જં મણેણ બદ્ધં જં જં વાયાએ ભાસિઅં પાવં**
**કાયેણ ય જં ચ કયં મિચ્છામિ દુક્કડં તસ્સ**

જે પાપ મનથી બાંધ્યું (કર્યું) હોય, જે જે પાપ વચનથી બોલાયું હોય અને કાયા વડે જે-જે પાપ કર્યું હોય તે સર્વનું મિચ્છામિ દુકકડમ્ થાઓ

**હા દુટ્ઠુ કયં હા દુટ્ઠુ કારિઅં અણુમયંપિ હા દુટ્ઠં**
**અંતો અંતો ડજ્ઝઈ હિયયં પચ્છાણુ તાવેણં**

હા હા ! મેં જે દુષ્ટ વર્તન કર્યું, હા ! બીજા દ્વારા જે મેં દુષ્ટ કરાવ્યું, હા ! મેં જે દુષ્ટ કાર્યને અનુમોદન આપ્યું તે પાપ પશ્ચાતાપથી મારા હૃદયને અંતરમાં (વચ્ચે વચ્ચે) બાળે છે. (મને તેનો પશ્ચાતાપ થાય છે).

**જં ચ સરીરં સુદ્ધં કુટુંબ ઉવગરણ રુવ વિન્નાણં**
**જીવો વધય જયણં સંજાયં તંપિ નિંદામિ**

મારા જે-જે શરીર, ધન, કુટુંબ, ઉપકરણ, રૂપ, વિજ્ઞાન-જીવની હિંસા વગેરે કરાવનારાં થયા તે સર્વેને પણ હું નિંદું છું.

**ગહિઊણ ય મુક્કાઈ, જમ્માણમરણેસુ જાઈં દેહાઈ**
**પાવેસુ પસત્થાઈ, વોસિરિઆઈ મએ તાઈ**

ભૂતકાળના અનંતા જન્મ-મરણોનાં જે જે શરીરોને ગ્રહણ કરીને મેં છોડી દીધાં તે પાપમાં વપરાતાં સર્વ શરીરોને હું વોસિરાવું છું. (હવે તે શરીર કે અધિકરણ સાથે મારે કોઈ સંબંધ નથી.)

આ રીતે આલોચના-દુષ્કૃતગર્હા - શરીર કે અધિકરણ વોસિરાવવા વગેરે કરાવ્યા બાદ સંઘ અને સર્વ જીવ ખામણા કરાવવા.

## (૨) ખામણાં (ક્ષમાપના કરાવવી)

**સાહૂણ સાહુણીણ ય, સાવય સાવીણ ચઉવિહો સંઘો**
**જં મણ વય કાએહિં, સાઈઓ તં પિ ખામેમિ**

સર્વ સાધુઓની - સા્ધ્વીઓની, શ્રાવક-શ્રાવીકાઓની, એમ ચતુર્વિધ શ્રી સંઘની મન-વચન અને કાયા વડે જે જે આશાતનાઓ કરી હોય તે (સર્વે) ને હું ખમાવું છું.

'આયરિય ઉવજ્ઝાએ....' સૂત્ર પૂરું.

આચાર્ય, ઉપાધ્યાય, શિષ્યો, સાધર્મિકો, કુલ અને ગણ એ સર્વ પ્રત્યે મેં જે-જે કષાયો કર્યા હોય કે કરાવ્યા હોય તેને ત્રિવિધે (મન-વચન-કાયાથી) ખમાવું છું.

વળી-શ્રમણ જેમાં મુખ્ય છે તે ભાગ્યવાન્ શ્રી સંઘને બે હાથથી મસ્તકે અંજલિ કરીને સહુની હું ક્ષમા માંગુ છું અને હું પણ ક્ષમા કરું છું.

ભાવપૂર્વક મારા ચિત્તને ધર્મમાં સ્થિર કરીને જગતના સર્વે જીવો (જીવ માત્રની) પાસે ક્ષમા માંગું છું અને હું પણ ક્ષમા કરું છું.

**ખામેમિ સવ્વ જીવે સવ્વે જીવા ખમંતુ મે**
**મિત્તિ મે સવ્વ ભુયેસુ વેરં મજ્ઝ ન કેણઈ**

હું સર્વ જીવોને ખમાવું છું. સર્વ જીવો પણ મને ક્ષમા કરો. મારે સર્વ જીવો સાથે મૈત્રી છે. કોઈની સાથે મારે વેર નથી.

નોંધ : *(તે સાધુ-સાધ્વીને વ્યક્તિગત રીતે પણ પૂર્વ સંબંધ યાદ કરી મનોમન ક્ષમાપના કરી લેવા - સૂચવવું.)*

(આ પ્રમાણે આલોચના - દુષ્કૃત ગર્હા-વોસિરાવવું અને યથાયોગ્ય ક્ષમાપના કર્યા-કરાવ્યા બાદ ફરીથી સમ્યક્ત્વપૂર્વક સામાયિક અને વ્રત ઉચ્ચરાવવાનો વિધિ છે.

આ કાળનું સંયમ સાતિચારી છે. જીવનમાં પાળેલા વ્રતોમાં કેટલાંય અતિચાર લાગેલા હોય. પરંતુ છેવટની ઘડીયે પણ નિરતિચાર ચારિત્રની ભાવના આવી જાય અને થોડો સમય પણ શુદ્ધ ચારિત્ર પળાઈ જાય તો મહા કલ્યાણકારી બને. થોડાં સમયમાં ઘણું હિત સાધી જનાર થાય.)

## (૩) સમ્યક્ત્વ ઉચ્ચરાવવું

(નવકાર સહિત નીચેની ગાથા ત્રણ વખત સંભળાવીને સમ્યક્ત્વ ઉચ્ચરાવવું)

**અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો;**
**જીણ પન્નત્તં તત્તં, ઈય સમ્મત્તં મએ ગહિયં.**

"જાવજ્જીવને માટે અરિહંત મારા દેવ છે, સુસાધુ મારા ગુરુ છે - જીનેશ્વરે પ્રરૂપેલ તત્ત્વ મારો ધર્મ છે", એ રૂપ સમ્યક્ત્વ હું અંગિકાર કરું છું.

## (૪) સર્વ વિરતિ સામાયિક ઉચ્ચરાવવું

(ત્રણ વખત નવકાર મંત્ર અને કરેમિ ભંતે બોલી સર્વવિરતિ સામાયિક ઉચ્ચરાવવું)

કરેમિ ભંતે ! સામાઈયં, સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં, મણેણં વાયાએ કાએણં, ન કરેમિ, ન કારવેમિ, કરંતં પિ અન્નં ન સમણુજાણામિ. તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

## (૫) વ્રત ઉચ્ચરાવવા

(પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત એ છ વ્રતોના આલાવા પક્ખિસૂત્રમાંથી નવકાર મંત્ર બોલવાપૂર્વક ત્રણ ત્રણ વખત ઉચ્ચરાવવા ત્યાર પછી

નવકારમંત્રપૂર્વક નીચેના આલાવો ત્રણ વખત કહેવો.)

ઈચ્ચેઈયાઈ પંચમહવ્વયાઈ, રાઈભોયણ વેરમણ છઠ્ઠાઈ; અત્તહિઅટ્ઠયાએ ઉવસંપજ્જિતાણં વિહરામિ.

નિત્થારગ પારગાહોહ એ પ્રમાણે ગુરુ ભગવંત આશીર્વાદ આપે.

નોંધ : *(ગ્લાનની પરિણતિ અને બીજા સંયોગો જોઈ વ્રતના આલાવાના અર્થ કહેવા માટે સમય - ઉચિત નિર્ણય કરી લેવો.)*

## (૬) ચાર શરણ ગ્રહણ કરાવવા

**ચત્તારિ મંગલં અરિહંતા મંગલંલ સિદ્ધા મંગલલં સાહૂ મંગલં**
**કેવલિપન્નતો ધમ્મો મંગલં**
**ચત્તારિ લોગુત્તમા**
**અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા**
**સાહૂ લોગુત્તમા, કેવલિ પન્નતો ધમ્મો લોગુત્તમો**
**ચત્તારિ શરણં પવજ્જામિ**
**અરિહંતે શરણં પવજ્જામિ, સિદ્ધે શરણં પવજ્જામિ**
**સાહૂ શરણં પવજ્જામિ, કેવલિ પન્નંત્તં ધમ્મ શરણં પવજ્જામિ.**

## (૭) અઢાર પાપસ્થાનક વોસિરાવવા.

**સવ્વં પાણાઈવાયં, સવ્વં મુસાવાયં, સવ્વં અદિન્નાદાણં, સવ્વં મેહુણં, સવ્વં પરિગ્ગહં, સવ્વં કોહં, સવ્વં માણં, સવ્વં માયં, સવ્વં લોભં, પિજ્જં, દોસં,**

**કલહં, અભક્ખાણં, પેસુન્નં, અરઈ-રઈ, પરપરિવાયં, માયામોસં, મિચ્છાદંસણ-સલ્લં ચ, ઈચ્ચેઈઆઈ અટ્ઠારસ પાવઠાણાઈ જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં - વાયાએ - કાએણં, ન કરેમિ ન કારવેમિ કરંતંપિ અન્નં ન સમણુજાણામિ તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ, ગરિહામિ અપ્પાણં વોસિરામિ.**

સર્વપ્રાણાતિપાત, સર્વમુષાવાદ, સર્વઅદત્તાદાન, સર્વમૈથુન, સર્વપરિગ્રહ, સર્વક્રોધ, સર્વમાન, સર્વમાયા, સર્વલોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ-અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય આ અઢારે પાપસ્થાનકોને યાવજ્જીવ (જીવું ત્યાં સુધી) ત્રિવિધે ત્રિવિધે હું વોસિરાવું છું. (એમ બોલી વોસિરાવવા).

### (૮) અનશન (આહાર ત્યાગ)

નોંધ : *(વર્તમાન કાલે વિશિષ્ટ જ્ઞાની પુરુષોનો અભાવ વર્તે છે. ગ્લાનાદિ પણ સંથારો લેવા માટે તેવા પ્રકારના સંઘયણ-સામર્થ્ય ધરાવતા નથી માટે સાગારી અનશન કરાવવું. ''અમુક'' સમય માટે ત્રણ કે ચાર આહારનો ત્યાગ કરાવતાં જવું અથવા મુઠ્ઠિસહિયં પચ્ચક્ખાણ કરાવતાં રહેવું. જેથી ચારે આહારના ત્યાગરૂપ અનશનનો લાભ મળી શકે.)*

ગ્લાનની સ્થિતિ મુજબ સુકૃત અનુમોદના દુષ્કૃત ગર્હા - શુભ ભાવના કરાવવી.

અવસરોચિત વૈરાગ્યાદિનો ઉપદેશ આપવો અથવા ભાવવાહી સ્તવન-સજ્ઝાયાદિ સંભળાવવા.

### (૯) છેલ્લે નવકારમંત્ર સંભળાવવો ચાલુ રાખવો.

આ પ્રમાણેની વિધિ સમાચારી પ્રતમાં જણાવેલી છે. તે સાધુ-સાધ્વીજી મહારાજોને અંતિમ આરાધના માટે ખાસ ઉપયોગમાં લેવી.

છતાં તદ્દન અભાન અવસ્થા કે શુદ્ધિ ન હોય ત્યારે આ વિધિ ન કરાવતાં માત્ર નવકાર મંત્ર સંભળાવવો ચાલુ રાખવો. થોડો પણ ઉપયોગ ભાગ્ય યોગે રહે તો તે આત્મા પંચ પરમેષ્ઠીના સ્મરણપૂર્વક દેહનો ત્યાગ કરી શકે.

નોંધ : *(ગમે તે કારણે આ સમાચારીમાં સુકૃત અનુમોદના તથા શુભ ભાવના અધિકાર નથી તે માત્ર ખ્યાલ રાખવું)*

## ૪. શ્રાવક-શ્રાવિકા માટે અંતિમ સાધના વિધિ

શ્રાવક-શ્રાવિકાને લાંબા સમયની બિમારી હોય કે અન્ય કોઈ કારણોસર અતિ ગ્લાન થઈ ગયા હોય ત્યારે અંતિમ સાધના કરાવવાની વિધિ પણ સમાચારીમાં

જણાવી છે તે આ પ્રમાણે છે :-

(૧) પૂજ્ય ગુરુ મહારાજની ઘેર પધરામણી કરાવી - યોગ્ય આસને બિરાજમાન કરાવે.

(૨) શક્તિ અનુસાર જ્ઞાન પૂજન, ગુરુ પૂજન કરે - વંદન કરે.

(૩) ગુરુ ભગવંતને આ પ્રમાણે વિનંતી કરે

"હે ભગવન્ ! મારે આ અવસરે શું કરવા યોગ્ય છે ? કૃપા કરીને ફરમાવો."

એકાંતે ઉપકારની ભાવનાથી ભરેલા સંત પુરુષો અંતઃ સમયની આરાધના કરવાનું ફરમાવે છે :-

નોંધ : *(સમાચારી મુજબ તો "સાધુ ભગવંત જેવી જ વિધિ શ્રાવકને માટે સમજવી" તેમ લખ્યું છે, પણ અહીં તે વિધિ સમજી શકય, અને વર્તમાનકાલે આચરી શકાય - તે રીતે છૂટી પાડી ને સંક્ષિપ્ત મુદ્દાઓમાં જણાવી છે.)*

(૧) જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યના જે કાંઈ અતિચાર લાગ્યા હોય તેનું મિચ્છામિ દુક્કડમ્ દેવડાવે.

(૨) સર્વ જીવરાશિ અને સકલ શ્રીસંઘ સાથે ક્ષમાપના કરાવે.

(૩) તેણે સેવેલા ૧૮ પાપ સ્થાનકોનું ભાવપૂર્વક પ્રતિક્રમણ કરાવે - મિચ્છામિ દુક્કડમ્ અપાવે.

(૪) ચાર શરણા અંગીકાર કરાવે.

(૫) શાસન, ચારિત્ર, મોક્ષ વગેરે માટે શુભ ભાવના કરાવે.

(૬) બને તેટલા નવા નવા પચ્ચક્ખાણો કરાવે. વ્રત નિયમ કરાવે. જેથી છેલ્લી વખતે વિરતિવાળું જીવન થઈ જાય.

વધારે યોગ્ય અને પરિણત શ્રાવક હોય તો ફરીથી સમકિત ઉચ્ચરાવી શકિત મુજબ શ્રાવકના ૧ થી ૧૨ વ્રત લેવડાવે.

(૭) જમીન, મકાન-પરિગ્રહ, કુટુંબ સંબંધ આદિ વોસિરાવે.

(૮) છેલ્લે ચૌદ પૂર્વના સાર રૂપ એવા નમસ્કાર મહામંત્ર નું વારંવાર સ્મરણ અને શ્રવણ કરાવે. જેથી આરાધના યુક્ત પંડિત મરણને પામી શકે.

આ અવસરે શ્રાવક શ્રાવિકાની સમાધિ ટકી રહે તે રીતે અવસરોચિત્ત ઉપદેશ આપે અને સમાધિ વધારનાર સ્તવન સજ્ઝાય સુંદર રાગથી સંભળાવે.

# ૫. જૈનેતર માટે અંતિમ સાધના વિધિ

જો કોઈ અન્યધર્મી ગૃહસ્થને છેલ્લી અવસ્થામાં આરાધના કરાવવા જવાનો પ્રસંગ બને તો તે ગૃહસ્થની સ્થિતિ અને આસપાસનું વાતાવરણ જોઈ વિવેકપૂર્વક આ રીતે આરાધના કરાવી શકાય.

(૧) સર્વ પ્રથમ એક નવકાર મંત્ર ધીમે ધીમે સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક બોલવો.

(૨) જેમને આરાધના કરાવતા હોઈએ તે ગૃહસ્થને તેમના ઈષ્ટદેવ પરમાત્માનું સ્મરણ કરવા જણાવવું.

(૩) નીચે મુજબના શબ્દો ગોઠવી ક્ષમાપના કરાવવી :

જગતના જે કોઈ જીવને મેં મનથી વચનથી કાયાથી કંઈ દુઃખ પહોંચાડ્યું હોય, મારી કોઈ કરણી કે વાણીથી, બીજા કોઈ જીવે કંઈ દુઃખ અનુભવ્યું હોય તો તે બધા જીવોની હું માફી માંગુ છું. તે જીવો પણ મને માફ કરે.

બીજા કોઈ જીવે મારૂં કંઈ અહિત કર્યું હોય, અહિત વિચાર્યું હોય તો તે બધાં જીવોને પણ હું માફી આપું છું.

હવે પછીના ભવોમાં આ કોઈ જીવો જોડે મારે વૈરની પરંપરા ન વધે અને મિત્ર ભાવ રહે તેવી હું પરમાત્માને પ્રાર્થના કરું છું.

(૪) **માનવભવ પામીને...**

* મેં જે કોઈ જીવની હિંસા કરી હોય તે પાપની હું માફી માંગુ છું.
* હું જે કાંઈ જુઠું બોલ્યો હોઉં તે પાપની હું માફી માંગુ છું.
* મેં જે કાંઈ ચોરી કરી હોય તેન પાપની હું માફી માંગુ છું.
* મેં જે કાંઈ પરસ્ત્રી (પુરુષ) સેવ્યા હોય તે પાપની હું માફી માંગુ છું.
* મે માલ-મિલકત ચીજ વસ્તુ પરિવાર સંબંધો આદિમાં જે કાંઈ મમતા મૂર્છા કરી તે મારા પાપની હું માફી માગું છું.
* ક્રોધ કરવાથી મેં મારા જીવને કે બીજા જીવને કંઈ ત્રાસ પહોંચાડ્યો હોય તે પાપની હું માફી માંગુ છું.
* અભિમાન ઘમંડ કરવાથી મેં મારા જીવને કે બીજા જીવને કંઈ દુઃખ પહોંચાડ્યું હોય તે પાપની હું માફી માંગું છું.
* કપટ છેતરપીંડી કરીને મેં મારા કે બીજાના જીવને જે સંતાપ ઉપજાવ્યો હોય તે પાપની હું માંફી માંગુ છું.

* લોભ કરવા વડે મેં મારા કે બીજા જીવને જે કંઈ વિડંબણા પમાડી હોય તે પાપની હું માફી માંગુ છું.
* રાગ-દ્વેષ ઉત્પન્ન થવાથી. કરવાથી જે કંઈ પાપ બાંધ્યું તેની હું માફી માંગુ છું.
* ઝઘડા કંકાસ-કજીયા કરી જે પાપ બાંધ્યું તેની હું માફી માંગુ છું.
* કોઈ ઉપર ખોટા આળ ચઢાવીને, નીંદા-ટીકા, ચાડી-ચુગલી કરીને મેં જે પાપ બાંધ્યું હોય તેની હું માફી માંગું છું.
* સંસારના સુખ દુઃખમાં હર્ષ શોક અનુભવી મેં જે પાપ બાંધ્યું તેની હું માફી માંગુ છું.

આ પ્રકારે જે કોઈ પાપ કર્યા કે કરાવ્યા હોય તે સર્વની પરમાત્મા સાક્ષીએ માફી માંગુ છું.

(૫) જન્મ મરણ છોડાવીને મોક્ષ પ્રાપ્ત કરાવે તેવા દેવ-ગુરુ-ધર્મનું મને શરણું પ્રાપ્ત થાઓ.

(૬) મન-વચન-કાયાથી મેં જે કાંઈ પાપ આચરણ, અપરાધ, ખોટા કામ - દુષ્ટ કૃત્યો વગેરે કર્યા હોય તે મારા સર્વે દુષ્કૃત્યોની હું માફી માંગુ છું.

(૭) મને મળેલ વાણી શરીર મન-ધન વગેરે સામગ્રીથી મેં જે કંઈ બીજાનું ભલું કર્યું હોય કે કોઈ સારા કાર્યો કર્યા હોય તો મારા તે કાર્યોની હું પ્રશંસા કરું છું. મારાથી આવાને આવા સારા કાર્યો થતા રહે તેવી પરમાત્માને પ્રાર્થના કરૂં છું.

(૮) છેલ્લે સ્પષ્ટ ઉચ્ચારણપૂર્વક ધીમે ધીમે એક નવકાર કહેવો.

## ૬. પશુ-પંખીને માટે અંતિમ સાધના વિધિ

મુખ્યતયા તો નવકાર મંત્ર સંભળાવવો એજ વર્તમાનકાલે કરાવી શકાય તેવી આરાધના છે.

છતાં તે જીવને છેલ્લી વેદનામાં શાતા શાંતિ ઉપજાવી શકાય તેમ હોય તો દ્રવ્ય અનુકંપા માટે ગૃહસ્થને પ્રેરણા કરવી અને જાતે નવકાર મંત્ર બોલવા.

ગૃહસ્થો તો તે તિર્યંચને માથે-શરીરે વહાલથી હાથ ફેરવીને સાંત્વન આપી શકે. હાથ કે મુખના હાવભાવ વડે તેને શાતા વળે, આનંદ થાય તેવો અભિનય કરી શકે. આંખોમાં કરુણા વહાવીને સહાનુભૂતિ બતાડી શકે. પરમાત્માના ફોટાના દર્શન કરાવી શકે. સતત નવકાર મંત્ર પણ સંભળાવવા.

# જ્ઞાનપ્રસાર અભિયાન


પૂજ્યપાદ પંન્યાસશ્રી મેઘદર્શનવિજયજી મ. સાહેબની અત્યંત સરળ શૈલીથી તૈયાર કરાયેલ સાહિત્યનો રસથાળ :

| ક્રમ | પુસ્તકનું નામ | નકલ |
|---|---|---|
| ૧. | જૈનધર્મનો મૌલિક પાઠ્યક્રમ ભાગ-૧ | ૯,૦૦૦ |
| ૨. | જૈનધર્મનો મૌલિક પાઠ્યક્રમ ભાગ-૨ | ૯,૦૦૦ |
| ૩. | સમાધિપંચક | ૧,૦૦૦ |
| ૪. | સમાધિ સોપાન | ૧,૦૦૦ |
| ૫. | પર્વાધિરાજ | ૫,૦૦૦ |
| ૬. | જૈનધર્મનો મૌલિક પાઠ્યક્રમ - પ્રવેશિકા | ૯,૦૦૦ |
| ૭. | જૈનધર્મનો મૌલિક પાઠ્યક્રમ - પ્રવેશિકા | ૯,૦૦૦ |
| ૮. | જૈનધર્મનો મૌલિક પાઠ્યક્રમ - પ્રવેશિકા | ૬,૦૦૦ |
| ૯. | જ્ઞાનદીપક પ્રગટાવો ભાગ-૧ | ૧૦,૦૦૦ |
| ૧૦. | ચાલો ચાલો સિદ્ધગિરિ જઈએ રે... | ૨૫,૦૦૦ |
| ૧૧. | જ્ઞાનદીપક પ્રગટાવો ભાગ-૨ | ૧૦,૦૦૦ |
| ૧૨. | પ્રભુમિલન | ૨,૫૦૦ |
| ૧૩. | જ્ઞાનદીપક પ્રગટાવો ભાગ-૩ | ૧૦,૦૦૦ |
| ૧૪. | શ્રાવકજન તો તેને રે કહીએ ભાગ-૧ | ૧૦,૦૦૦ |
| ૧૫. | તારક તત્ત્વજ્ઞાન | ૧૦,૦૦૦ |
| ૧૬. | કર્મનું કોમ્પ્યુટર ભાગ-૧ | ૨૦,૦૦૦ |
| ૧૭. | સૂત્રોના રહસ્યો ભાગ-૧ | ૧૦,૦૦૦ |
| ૧૮. | બારવ્રત અને શત્રુંજય લઘુકલ્પ | ૨૭,૦૦૦ |
| ૧૯. | શ્રાવકજન તો તેને રે કહીએ ભાગ-૨ | ૧૦,૦૦૦ |
| ૨૦. | સૂત્રોના રહસ્યો ભાગ-૨ | ૧૦,૦૦૦ |
| ૨૧. | કર્મનું કોમ્પ્યુટર ભાગ-૨ | ૨૦,૦૦૦ |
| ૨૨. | પ્રસન્ન રહેતાં શીખો | ૧૦,૦૦૦ |
| ૨૩. | આદિશ્વર અલબેલો રે... | ૧૦,૦૦૦ |
| ૨૪. | વ્રતધરીએ ગુરુ સાખ ભાગ-૧ | ૧૦,૦૦૦ |
| ૨૫. | કર્મનું કોમ્પ્યુટર ભાગ-૩ | ૨૦,૦૦૦ |
| ૨૬. | વ્રત ધરીએ ગુરુ સાખ ભાગ-૨ | ૧૦,૦૦૦ |
| ૨૭. | તત્ત્વઝરણું | ૭,૦૦૦ |
| ૨૮. | શત્રુંજય આરાધના | ૧૭,૦૦૦ |
| ૨૯. | જિનરાજ કું સદા મોરી વંદના | ૨,૦૦૦ |
| ૩૦. | હું મને ઓળખું | ૨,૦૦૦ |
| ૩૧. | કલ્યાણમિત્ર | ૫,૦૦૦ |
| ૩૨. | જ્ઞાનદીપક ભાગ ૧-૨-૩ | ૧૨,૦૦૦ |
| ૩૩. | જ્ઞાનદીપક પ્રગટાવો ભાગ-૪ | ૨,૦૦૦ |


**પુસ્તક પ્રાપ્તિસ્થાન :** જ્ઞાનપ્રસાર અભિયાન, સી-૪, બીજો માળ, ઝલક કોમ્પ્લેક્સ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.

ફોન : ૯૪૨૬૦ ૫૦૫૩૦


## જયપાદ પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.ના શિષ્યરત્ન
## પૂ. પંન્યાસશ્રી મેઘદર્શનવિજયજી મ. સાહેબ
## લિખિત પુસ્તકો





સંયમજીવન સ્વીકારવાની
મન્ના સાથે સાચા શ્રાવક બનવા
માટે ૧૨ વ્રતોને સરળ ભાષામાં
સમજાવતું પુસ્તક
(ભાગ : ૧ અને ૨)





જૈનધર્મની પાયાની
તમામ વાતોની
સરળભાષામાં વિસ્તારથી
સમજણ આપતું પુસ્તક




સૂત્રો, અર્થો તથા રહસ્યો જણાવીને
જિનશાસનની આરાધનાઓને
જીવંત રાખતું પુસ્તક
(ભાગ : ૧ અને ૨)




જીવન જીવવાની કળા
શીખવતું પુસ્તક




જૈનશાસનની વિશ્વને
અદ્ભૂત ભેટ કર્મવિજ્ઞાનને
સમજાવી જીવન જીવવાની
કલા શીખવતું પુસ્તક
(ભાગ : ૧/૨/૩)




આદીશ્વર ભગવાનના
જીવન રહસ્યો દ્વારા
આપણા જીવનને આબાદ
બનાવતું પુસ્તક

# હે પરમપિતા પરમાત્મા !

તારા તો વિચારો–વાણી અને વર્તન, બધું જ જગતના કલ્યાણ માટે બન્યું છે. તારા જીવનની ચ્યવન–જન્મ–દીક્ષા–કેવળજ્ઞાન અને મોક્ષની પળો તો ચૌદે રાજલોકના નરક સહિતના તમામ જીવોના કલ્યાણ માટે બની હતી. માટે તો કલ્યાણક શબ્દથી પ્રસિદ્ધિ પામી છે. તારું નામ, તારી પ્રતિમા, તારા જીવનની ઘટનાઓ, બધું જ જાણે કે જીવોના કલ્યાણ અર્થે. અરે ! મોક્ષે પહોંચ્યા પછી પણ હજુ ય તું બધાનું સતત કલ્યાણ કયાં નથી કરતો ? તારા જેવું સર્વજીવ કલ્યાણકર જીવન મારું તો કયારે બનશે ? પણ તારા આલંબને મારે શકયતઃ વધુ જીવોના કલ્યાણમિત્ર તો બનવું જ છે.

જીવનના વિવિધ પ્રસંગોએ થાકેલા, ત્રાસેલા, હારેલાં, સંક્લેશ પામેલાં કે અંતિમ સમયની પાસે પહોંચેલા જીવોને સંક્લેશમુક્ત બનાવીને સમાધિયુક્ત પ્રસન્ન બનાવનારા કલ્યાણમિત્ર બનવાનું સદ્‌ભાગ્ય તારી કૃપાએ મને મળે તેવી તને પ્રાર્થના કરું છું.

પરમાત્મન્ !

આશિષ વરસાવ.

તારી કૃપાથી બધું જ સારું થશે તેવો વિશ્વાસ છે.